
શ્રી શશીકાંત કીરચંદ મહેતા

# અધ્યાત્મરવિની પિતૃછવિ



ભારતી દિપક મહેતા

॥ अनन्यो आनंदरूपो अनंतरूपोहम् ॥



જે ધ્યેય છે ને શ્રેય છે, શ્રદ્ધેય ને વળી ગેય છે...
શિરતાજ છે ત્રણ લોકનો, ગુણ જેહના અમેય છે,
વળી હેય એવા ભવ-વને, જે મંત્ર સાચો જ્ઞેય છે;
એવા મહાનવકારને, ભાવે કરું હું વંદના.





શ્રી શશીકાંત કીરચંદ મહેતા

# અધ્યાત્મરવિની પિતૃછવિ

ભારતી દિપક મહેતા

- Adhyatma Ravi Ni Pitru Chhavi –
  The distance-less journey of my shining,
  spiritual father-in-law.
  By Bharti Deepak Mehta


- © Bharti Deepak Mehta



82, Gautam Buddha apts.,
opp. Shastri medan,
Shri Kanji Swami marg,
Rajkot - 360001.
+91 98252 15500
bharti@mindfiesta.com



- Publishers :

thinkFiesta PUBLICATION
team@mindfiesta.com
+91 9925500030

- Design :

fiesta designs SIMPLIFY | INNOVATE | CREATE
www.fiestadesigns.in
team@fiestadesigns.in

- First edition :
  August - 2014

- eBook available on :
  www.navkarday.com
  www.fiestaflip.com

- Printers :
  Printwell, Rajkot.

# અર્પણ

મારા પૂજ્ય સસરાજીની
સહજ અધ્યાત્મસંપદાઓનો
સાક્ષાત્કાર કરાવતી આ કથનકૃતિ
સાદર વંદનો સહ
અર્પણ કરું છું
મુજ પિતાતુલ્ય મામા
**શ્રી સી. કે. મહેતા**
તથા
**પૂજ્ય મહેન્દ્રકાકાને.**



# नवकारमंत्र

Navkarmantra

**नमो अरिहंताणं**

*Namo Arihantanam: I bow down to Arihantas*

**नमो सिद्धाणं**

*Namo Siddhanam: I bow down to Siddhas*

**नमो आयरियाणं**

*Namo Ayariyanam: I bow down to Acharyas*

**नमो उवज्झायाणं**

*Namo Uvajjhayanam: I bow down to Upadhyayas*

**नमो लोए सव्वसाहूणं**

*Namo Loe Savva-Sahunam: I bow down to Sadhus*

**एसो पंच नमुक्कारो**

*Eso Panch Namukkaro: This five-fold salutation*

**सव्वपावप्पणासणो**

*Savva Pavappanasano: Destroys all sins*

**मंगलाणं च सव्वेसिं**

*Mangalam Cha Savvesim: And amongst all auspicious things*

**पढमं हवई मंगलं**

*Padhamam Havai Mangalam: Is the most auspicious one*

# ધન્યજીવનની પગદંડી

– પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈ દેસાઈ

પરમપાવન ત્રિવેણી સંગમમાં સ્નાન કરીએ અને ભીતર-બાહ્ય પરમ આધ્યાત્મિક ઉલ્લાસનો અનુભવ થાય, એવી મન:સ્થિતિ શ્રીમતિ ભારતીબેન મહેતાનાં 'અધ્યાત્મરવિની પિતૃછવિ'ની શબ્દયાત્રા કરતા થાય છે, કારણકે જેમનાં જીવન ચરિત્રનું આલેખન કર્યું છે એ વ્યક્તિ સ્વયં અધ્યાત્મમૂર્તિ હતા. જરા તમે કોઈ ઉચ્ચ આધ્યાત્મિક સાધકની પ્રતિમા કંડારવાનો વિચાર કરો, જેના હૃદયમાં પરમાત્માનું પ્રતિબિંબ ઝીલાયેલું હોય, જેની વાણીમાં વિવેકપૂર્ણ માધુર્ય રેલાતું હોય, જેની આંખમાં સતત પરહિતચિંતા પ્રગટતી હોય અને ચિત્તમાં કોઈ મહામંત્રનું અવિરત ગુંજન ચાલતું હોય. આવી મૂર્તિનું સર્જન કરીએ એટલે આપોઆપ મારા આત્મીય સ્વજન અને મુરબ્બી શ્રી શશીકાન્તભાઈ મહેતાની જીવન પ્રતિમા રચાઈ જશે.

અહીં બીજી સરિતા મળે છે આ પિતૃછબીને અનેક રંગોથી આલેખતા ભારતીબેન દીપકભાઈ મહેતાની. ભારતીબેન પાસે એક એવી કલમ છે કે જે આધ્યાત્મિક વિચારના અસ્ખલિત પ્રવાહને એની ઉચ્ચ ભૂમિકા જાળવીને પ્રગટ કરવા માટે સક્ષમ છે. સામાન્ય રીતે જીવનચરિત્રના આલેખનમાં પહેલા ચરિત્ર આવે અને પછી એ વ્યક્તિ વિશેના વિચારો આવે. અહીં વ્યક્તિની જીવનકથાની સાથોસાથ એમના વિચારોનું આકલન થતું જાય છે. તેને પરિણામે લેખિકાએ આલેખેલી ચિત્રછબી ભાવકના ચિત્તમાં ધીરે ધીરે સમગ્ર આકાર ધારણ કરે છે.

એનું એક અન્ય કારણ છે કે શશીકાન્તભાઈના જીવનમાં વ્યવહાર અને ધર્મ બંને અભિન્નરૂપે જોડાયેલા હતા. એમની મુલાકાતમાં કોઈ સામાન્ય વાત થતી હોય,

તો પણ એમાંથી એમનો ધર્મવિચાર કે ધર્મભાવના સહજપણે પ્રગટ થતા હતા. કોઈ અઘટિત ઘટના બનતી હોય તો એના પર કશીય ટીકાટીપ્પણ કરવાને બદલે હૃદયભીના અવાજે થોડા દીર્ઘ સૂરમાં 'નમો અરિહંતાણં' બોલીને એ વાતની તત્ક્ષણ સમાપ્તિ કરી દેતા. પરિણામે ભૌતિક જીવનમાં જોવા મળતી અશુદ્ધિ ઓગળી જતી અને વાતાવરણ અધ્યાત્મભાવથી સુવાસિત થઈ જતું.

સાચા હૃદયની લાગણીની સાથે એમની સૌરાષ્ટ્રની સહેજ લહેકાભરી વાણી સાંભળીએ, ત્યારે કાન અને હૃદય બંનેને સંતોષ અને આનંદ થતો. કોઈ સારી ઘટના બનતી હોય, તો એને જાણવાની બાળસહજ જિજ્ઞાસા એમનામાં હતી. જ્યારે નવકારની આરાધનાની વાત કરે કે કાયોત્સર્ગની શિબિરની વાત કરે, ત્યારે એમની આંખોમાં એક સ્વપ્ન ઊડીને આવતું હતું. એમની કોઈ ઈચ્છા હોય તો એ નવકારની આરાધનાની હોય, જે એમના રોમેરોમમાં વ્યાપેલો હતો. એવો નમસ્કાર મહામંત્ર વ્યાપક જનસમૂહને પ્રાપ્ત થાય એવી એમની પ્રબળ ભાવના હતી.

છેલ્લા કેટલાક વર્ષોમાં એમનું સ્વાસ્થ્ય બરાબર નહોતું, પરંતુ ક્યારેય એમની પાસેથી સ્વાસ્થ્ય અંગે કોઈ વાત સાંભળી નથી. ફરિયાદ તો ક્યાંથી હોય? એમનાં ચરણ પરંપરાની ધરતી પર હતાં, પણ એમનું ચિત્ત વૈશ્વિક દર્શન ધરાવતું હતું. જૈનધર્મની વૈજ્ઞાનિકતા દર્શાવતી વખતે એમનાં હૃદયનાં ભાવોમાં એક પ્રકારનો ઉત્સાહ પ્રગટતો હતો, એમની સૂત્રાત્મક વાણી હૃદયને સ્પર્શી જતી હતી. નમસ્કાર મહામંત્રના પ્રત્યેક શબ્દના હાર્દમાં લઈ જઈને સાધકના હૃદયમાં થતા પરિવર્તનની ઓળખ આપતા હતા. એમની વિચારધારામાં ક્યારેય કોઈ નકારાત્મકતા નહીં, પરંતુ એટલી જ પોઝિટિવ ભાવના કે સાધકના હૃદયમાં મંત્રચૈતન્ય પ્રગટે અને પરમાત્મા સાથે એકાત્મકતા સાધે.

ભારતીબેનને ચોત્રીસ વર્ષ સુધી એમના શ્વસુર એવા પિતા સમાન શશીકાન્તભાઈનો પ્રત્યક્ષ પાવન પરિચય થયો. એમણે એ પરિચય ઝીલવાની સાથોસાથ

શશીકાન્તભાઈના જીવનની ઘટનાઓને પુસ્તકમાં માંજેલા ગદ્ય દ્વારા આલેખી છે. યાત્રા, આરાધના કે નવપદની ઓળીમાં શશીકાન્તભાઈને સદાય સાથ આપનાર અનુપમાબેનની પ્રતિભા પણ યોગ્ય રીતે ઉપસાવી છે.

આમાં આવતા કેટલાક વર્ણનો ભારતીબેનનો કલમી કસબ બતાવે છે. શશીકાન્તભાઈના દેહવિલય પ્રસંગનું આલેખન અત્યંત હૃદયદ્રાવક છે. શ્રી શશીકાન્તભાઈ મહેતા આધ્યાત્મિકતાનું મહાવિદ્યાલય હતા. પરમાત્મસમર્પિત જીવન જીવનાર પરમ સાધક હતા. પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મહારાજની કૃપાનું એક કિરણ હતા અને હૃદયમાં અરિહંતને રાખીને પ્રત્યેક શ્વાસે નમસ્કાર મહામંત્રનું રટણ કરીને જીવનની પ્રતિક્ષણ ગાળનાર હતા. આવા અધ્યાત્મરવિની પિતૃછબીને એક ધર્મપરાયણ સંવેદનશીલ પુત્રવધુએ આપેલી આ ઉચિત ભાવાંજલી તો છે જ, પરંતુ ક્ષણે ક્ષણે અનુભવવા મળેલા પિતૃવાત્સલ્યની ધારામાંથી નીકળેલી નવકારના કલકલ નિનાદે વહેતી આધ્યાત્મિક ભાગીરથીનો આ ગ્રંથમાં અનુભવ થાય છે.

આ ગ્રંથનો સુશ્લિષ્ટ વણાટ અને પ્રવાહી શૈલીનો ભાવકને પૂર્ણ આસ્વાદ મળે, તે માટે એમાંથી દ્રષ્ટાંતો આપવાને બદલે એવી ભાવના સેવું છું કે આ અધ્યાત્મજગતમાં પ્રવેશીને પ્રત્યેક વ્યક્તિ ધન્યજીવન માટેની પગદંડી પર એક ડગલું આગળ પ્રયાણ આદરે !

**અમદાવાદ**

**૨૨ જુલાઈ, ૨૦૧૪**

# ઋણસ્વીકાર

પૂજ્ય ભાઈ સમા પરમાર્હત્ શ્રાવકની
પૂર્ણત્વને પામવાની અદ્‌ભૂત
આધ્યાત્મિક જીવનયાત્રાના
આંતર-અસબાબને
ઉજાગર કરતા પદ્મશ્રી મૂર્ધન્ય સાક્ષર
**ડૉ. કુમારપાળભાઈ દેસાઈના**
પ્રસ્તાવિક સંવેદનો
આ કથનકૃતિમાં રહેલ 'વસ્તુ અમુલખ'ને
વધુ મહામૂલી બનાવે છે.

તેમનો ઋણસ્વીકાર કરતા ગદ્‌ગદિત બનું છું.

**ભારતી દિપક મહેતા**
રાજકોટ

॥ आ नो भद्रा क्रतवो यन्तु विश्वतः ॥

દરેક દિશાએથી શુભ અને સુંદર કાર્યોની પ્રાપ્તિ થાઓ.

## ...અજવાળાની એક વારસ હું પણ !

જૂન ૧૯૮૦માં જ્યારે મારી સગાઈ થઈ ત્યારે દિપક સમા જીવનસખા મળ્યાના આનંદ સાથે જ આવા પૂજનીય સસરાજી (પૂજ્ય ભાઈ)ના ગુણરત્નોના અજવાળાની એક વારસદાર હું પણ બનીશ તેનો હર્ષ મને તે દિવસે દ્વિગુણીત હતો.

સંસ્કૃતમાં 'રાજર્ષિ'ની વ્યુત્પત્તિ સામાન્યથી કેમ થાય તે શાળામાં શીખ્યું હતું કેઃ
आदौ राजा पश्चादृषिः इति राजर्षि ।
અર્થાત્ જેઓ ગૃહસ્થપણામાં રાજા હતા અને સંન્યાસ લઈને ઋષિ થયા તે 'રાજર્ષિ'.
પરંતુ આ ભગવદ્પ્રાપ્તિનાં પથિક માટે તો ઉપરોક્ત વ્યુત્પત્તિ મને એમ કરવી ગમે કેઃ
राजा चासौ ऋषिश्च इति राजर्षि ।
એટલે કે જેઓ રાજા હોવાની સાથે-સાથે જ ઋષિ જેવા છે તે 'રાજર્ષિ'.

અનેકવિધ સાધનાઓ એવં સિદ્ધિમાંથી પસાર થયેલા, ઉત્કૃષ્ટ સત્વવાન, દેવ-ગુરુ-ધર્મ પરત્વે પરમ અહોભાવયુકત અને શ્રી નમસ્કાર મહામંત્ર તથા કાયોત્સર્ગ ધ્યાનનાં દિવ્ય રહસ્યજ્ઞાતા એવા આ રાજર્ષિના જીવન-કવનનું રસદર્શન કરાવવાનો અલ્પપ્રયાસ હું કેમ ન કરી શકું એવો વિચાર આવતા જ એક રવિપુષ્ય નક્ષત્રમાં મેં કલમ ઉપાડી અને આ અનોખા અધ્યાત્મરવિની પિતૃછવિ આલેખવાની શરૂ કરી.
દાદીમા પૂજ્ય તારાબા, પૂજ્ય સાધ્વીજી મૃગાવતીશ્રીજી તથા શ્રી શિવાનંદ અધ્વર્યુજીની પ્રારંભિક ધર્મપ્રેરણા અને ત્યાર બાદ પ્રમુખ ધર્મપ્રહરી રૂપે વીસમી સદીનાં શુક્રતારક સમા અધ્યાત્મયોગી પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ થકી જ સાધના માર્ગે વળીને સ્થિર રહયા છે તેવું તેઓ દ્રઢ રીતે માને છે.

આમાં લખતી વેળાએ જાણે મેં અતીતની મૌલિક સ્મૃતિયાત્રા કરી. એક એવા તો તરલ તેજથી સમગ્રપણે આવરાઇ ગઇ જેમાં આ સ્વાધ્યાયપોથીમાં આકારાયેલા દરેક પ્રકરણો પરમ આનંદ બની મને જ અજવાળતા રહ્યા! માણેલા સમયની એ પ્રશાંત પળોમાં મને સૌથી વધુ યાદ આવ્યા હોય તો ધન્યનામજન્મા પૂજ્ય મમ્મીજી. ખરે જ અનુપમ હતા તેઓ અને આ દંપતિનું સાયુજ્ય પણ હતું તેવું જ અનુપમ!

પરંપરાને આદરથી સેવનારા અને એકવીસમી સદીના આધુનિક અભિગમને પણ વ્હાલથી વધાવનારા એવા પૂજ્ય ભાઈનો આંતર-અસબાબ મને આ રીતે ખોલવા મળ્યો તેની ગરિમાનુભૂતિ છે મને. છેલ્લા ૩૪ વર્ષોથી પૂજ્ય ભાઈની નિશ્રામાં રહેતા-રહેતા તેમના ચૈતન્યસાગરમાંથી મારી ઠે...ઠ અંદર સુધી વિરામ પામેલી થોડી જળશિકરો આ લેખન દ્વારા વહેતી કરવી ખૂબ ગમી છે મને.

૨૭ જૂન, ૨૦૧૪ના પૂજ્ય ભાઈના પંચ્યાસીમાં જન્મદિવસે મારો આ સ્વાધ્યાય સરપ્રાઈઝ ગીફટ તરીકે હસ્તસંપૂટમાં મૂકીને તેમના મુખ ઉપરના આનંદાશ્ચર્ય અને અચરજના અંકિત થયેલા ભાવો જોવા હું અધીરી હતી ત્યાં જ એકાએક ૧૧ જૂન, ૨૦૧૪ના પરમ સમાધિપૂર્વક પૂજ્ય ભાઈ વિદેહી થઇ નવકારમાં શાશ્વત લીન થયાં.

શરૂનાં પ્રકરણો તેઓની હયાતિમાં અને છેલ્લા ચાર પ્રકરણો એક મહીના પછી કળ વળતા લખાયેલા છે. ઊંડા આઘાતમાં સરીને જીવનના નવા વળાંકે જાણે ઊભી રહી હજુ રોજ વાટ જોઉં છું એ સાંભળવા કે: ભારતી, તારા આત્માનું સદા કલ્યાણ થાઓ. પ્રાંતે, આ પિતૃછવી આકારવામાં કોઈપણ સંદર્ભે મારા અજ્ઞાન કે અણસમજથી રહી ગયેલી દરેક ક્ષતિઓની હું ત્રિવિધે ક્ષમા યાચું છું.

**ભારતી દિપક મહેતા**

જુલાઈ, ૨૦૧૪

# અ નુ ક્ર મા વ લિ


| ક્રમાંક | પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|---|
| ૦૧ | જન્મભૂમિ રંગૂનથી વતન વાંકાનેર | ૦૨ |
| ૦૨ | કાગળની દુનિયામાં આગળ ને આગળ... | ૦૮ |
| ૦૩ | હિમાલય - સાધનાનો પરમાનંદ | ૧૨ |
| ૦૪ | નવકારના રણકાર | ૨૦ |
| ૦૫ | જિનશાસનનું ઉપનિષદ - કાયોત્સર્ગ | ૨૪ |
| ૦૬ | વાણીની સરવાણી | ૩૦ |
| ૦૭ | નવપદજીનો નવોન્મેષ | ૩૮ |
| ૦૮ | મંત્ર મૈત્રીનો | ૪૨ |
| ૦૯ | પ્રાર્થના - આપણું ઉર્જાઘર | ૫૦ |
| ૧૦ | અનુપ્રેક્ષાનું અમૃત | ૫૬ |
| ૧૧ | શું આપણે સૌ નિરક્ષર? | ૬૨ |
| ૧૨ | સર્વમાં શિવત્વ | ૬૬ |
| ૧૩ | અપૂર્વશ્રુત જ્ઞાનયાત્રા | ૭૨ |
| ૧૪ | સાયુજ્યની સંનિધિ | ૭૮ |
| ૧૫ | અક્ષરબ્રહ્મથી પરબ્રહ્મ | ૮૬ |
| ૧૬ | ભદ્રંકર વીરાદ્વય | ૯૨ |
| ૧૭ | અંતર વિનાની અંતરયાત્રા | ૯૮ |
| ૧૮ | આગળ પણ અળગા | ૧૦૨ |
| ૧૯ | હૃદયકુંજમાં સેલ્ફી | ૧૦૮ |
| ૨૦ | ઝગમગતા ૨૪ હીરા | ૧૧૨ |
| ૨૧ | ચિંતનની પોટલી | ૧૧૮ |
| ૨૨ | પ્રવચનથી પ્રયોગ તરફ... | ૧૨૪ |
| ૨૩ | મહામંત્રનો અનસ્ત સૂર્ય | ૧૩૦ |
| ૨૪ | પ્રભુનો બુલાવો | ૧૩૮ |
| ૨૫ | ભવવિરહ તરફ... | ૧૪૨ |
| ૨૬ | ગુણાંજલિમાં 'નવકાર ડે' | ૧૪૮ |
| ૨૭ | આત્મમિલનની અનુભૂતિઓ | ૧૫૪ |



● અહંથી પ્રલય આવે, અર્હંમાં લય પમાય.

नाणेण जाणई भावे दंसणेण य सद्दहे ।
चरित्तेण न गिण्हाई तवेण परिसुज्जई ॥
–उत्तराध्ययन सूत्र, २८-३५

મનુષ્ય જ્ઞાનથી પદાર્થને જાણે છે, દર્શનથી તેના ઉપર શ્રદ્ધા રાખે છે, ચરિત્રથી નિગ્રહ કરે છે અને તપથી પરિશુદ્ધ થાય છે.
–ઉત્તરાધ્યયન સૂત્ર, ૨૮–૩૫

ઋજુતા ને દ્રઢતાના યોગ્ય સમન્વય સમા પૂજ્ય ભાઈની પશ્ચાદ્ભૂમાં ભાતીગળ રંગો જોવા મળે છે. વીસ વર્ષથી બ્રિટીશ ઓઈલ કંપની, રંગૂનમાં કાર્યરત પિતા કીરચંદભાઈ તથા માતા તારાબેનના મંગલગૃહે ૨૭ જૂન,૧૯૨૯ના દિને પુત્રરત્ન શશીકાંતનો જન્મ થયો, પરંતુ જન્મભૂમિ રંગૂનની આંગળી તો છોડી દસમે વર્ષે જ અને પોતાના દાદા-દાદી સાથે વતન વાંકાનેરના ‘શશી સદન’માં વસી શાળાનું શિક્ષણ પૂર્ણ કર્યું.

આજથી ૬૮ વર્ષ પૂર્વે એક ૧૬-૧૭ વર્ષના આત્મવિશ્વાસથી છલકાતા નવયુવાને કઈ રીતે મુંબઈની વિલ્સન કૉલેજમાં એડમીશન લઈ પ્રથમ વર્ષે જ C. R. ની પદવી પામી હશે અને ગાંધીજી પ્રેરિત તથા શ્રી ઉષાબેન મહેતા દ્વારા પ્રારંભિત સ્વાતંત્ર્ય ચળવળમાં સક્રિય રીતે ભાગ લઈ પ્રભાતફેરી કરવામાં કે ચોપાનિયા વહેંચવામાં અગ્રેસર થયા હશે તે વિચારવાથી આજે પણ રોમાંચ ખડા થઈ જાય છે.

વળી વિચાર આવે કે મહાવીર જૈન વિદ્યાલયમાં ૪ વર્ષ રહીને મુંબઈ યુનિવર્સિટીમાં અંગ્રેજી સાથે બી.એ. થઈને સાફલ્યનો ડંકો વગાડી પછી તે કઈ રીતે પોતાનું સામર્થ્ય ખીલવવા ઠેઠ કલકત્તા ગયા હશે અને ત્યાંથી પૂંઠા અને કાગળની દુનિયામાં આગળ ને આગળ વધી શકાય તેવું કૌશલ્ય મેળવી વાંકાનેરમાં અમારા શ્રેયસ્કર મમ્મીજી અનુપમાબહેન સાથે પરિણીત થઈ પછી કઈ રીતે સન્ ૧૯૫૩થી રાજકોટમાં સ્થિર થયા હશે? બધું એક કથાનક સમું લાગે છે આજે! પોતાનું હીર હોય તો શીલ અને પ્રતિભા કેટલી હદે ખીલી શકે તેનું ઉત્તમ ઉદાહરણ એટલે મુજ સસરાજી પૂજ્ય ભાઈ.

આજથી ૬૦ વર્ષ પૂર્વે સૌરાષ્ટ્રની પ્રથમ એવી કાગળની મીલનું ઉદ્‌ઘાટન કરનાર ઉદ્યોગપ્રધાનશ્રી ઘનશ્યામભાઈ ઓઝા તથા માનનીય મુખ્યપ્રધાન શ્રીયુત્ ઢેબરભાઈને પણ આ નવયુવાન અને તેના પરિવાર ઉપર એટલો નાઝ હતો કે તેમના ઘરે પડોશીના નાતે પૂજ્ય ભાઈ સપરિવાર બેરોકટોક આવનજાવન કરતા.

સમય પસાર થતો ગયો. પરિવારમાં પોતાના અને લઘુબંધુના ચાર-ચાર સંતાનો ઉમેરાયા. ઔદ્યોગિક વિશ્વમાં મોખરાનું નામ થતું ગયું. જ્યારે ઉદ્યોગનો વિકાસ પણ ઝડપી થયો ત્યારે સાથે-સાથે કઈ રીતે અને ક્યારે તેઓ અધ્યાત્મપ્રીતિનાં રંગે રંગાઈને હિમાલય જતા થઈ ગયા તે આજે પણ અમારા માટે એક વિસ્મયરંગ્યુ રહસ્ય જ છે જાણે! તેઓની અધ્યાત્મપ્યાસ જાણે જન્માંતરોથી હતી. એવું લાગે જાણે એક યોગભ્રષ્ટ આત્મા તેની યોગસાધના પૂર્ણ કરવા અહીં ભૂલો ન પડ્યો હોય!

'રાજતરંગિણી'માં કવિ કલ્હણ કહે છે કે:
સાધકો એવા સાગર જેવા હોય છે કે જે વડવાગ્નિની ગરમીથી સંતપ્ત ન થાય અને હિમાલયનાં જળપ્રવેશથી અતિ શીતળ પણ ન થાય. આમ નિરંતર ગંભીર મન ધરાવનાર સાધકો હર્ષ કે વિષાદના સમયમાં એકસમાન જ રહે છે. પૂજ્ય ભાઈ અમોને હરહંમેશ એવા જ રત્નાકર લાગ્યા છે જેઓ સ્થિતપ્રજ્ઞ સાધકની વ્યાખ્યા સિદ્ધ કરે.

પૂજ્ય ભાઈએ ક્યારેય ફકરાઓમાં ગોઠવીને અમોને ઉપદેશ આપ્યો જ નથી. પોતાના જીવનથી જ ઉપદેશ આપનાર એક શ્રુતપુરુષના અમે સંતાનો છીએ તેની સજાગતા અમારામાં તથા અમારા સંતાનોમાં પણ સતત વિસ્તરી છે. વાકેફ છીએ અમો બધા કે પૂજ્ય ભાઈની નવકારની પરિણતિ, ગુણગ્રાહી દ્રષ્ટિ, આંખોમાં પ્રીતિ, વાણીમાં મિષ્ટિ, હિતકારી ને કરૂણાસભર હૈયાની હેલી સૌને આકર્ષે છે. તેઓમાં બહાર દેખાતી નિરાભિમાનીતા અને સાદાઈ તેમનાં આંતરસમૃદ્ધ અસ્તિત્વને જાણે જવનીકામાં ઓઝલ જ રાખે છે.

પિતા કીરચંદભાઈ તથા માતા તારાબેનના આ લાડલા દિકરા બે વર્ષના હતા ત્યારે રંગૂનના ઘરે એકદા બૌદ્ધ લામા ભિક્ષા લેવા પધાર્યા. માતાએ તેમને દિકરાનું ભવિષ્ય પૂછતા તેઓએ સામુદ્રિક લક્ષણો જોઈ ભાવિ ભાખ્યું કે આ બાળક કાં તો ખૂબ મોટો રાજર્ષિ થશે અથવા તો આચાર્યોને પણ અભ્યાસ કરાવે તેવો પ્રખર ચિંતક અને તત્વજ્ઞ વકતા બનશે. ખરે જ અમારા મિત્રો-સ્નેહીઓ, સહકાર્યકરો કે શુભેચ્છકો અમારી અવારનવાર સ્નેહલ ઈર્ષ્યા પણ કરે કે તમે કેવા ભાગ્યશાળી છો કે પૂજ્ય ભાઈને કારણે કેટલાયે મહાન સંતો, રાજકીય નેતાઓ, દાનવીરો, અધ્યાત્મપ્રેમીઓ અને મોટી સંસ્થાઓના હોદ્દેદારો તમારા ઘરે અવારનવાર મુલાકાતો લે છે.

એવા ઘણા ઓછા દંપતિઓ જોવા મળે કે જેઓના રસરુચિ અને જીવનના માર્ગ વર્ષો પછી પણ એકરૂપતા સાધી રહ્યા હોય. અમારા પરિવારમાં જો કે પરમ પૂજ્ય ભાઈ-ભાભી (મમ્મીજી અનુપમાબેન) તથા પૂજ્ય મહેન્દ્રકાકા-ચંદ્રીકાકાકીમાં એવું જ સામ્ય સધાયું છે તે ખરે જ ગૌરવની વાત લેખીએ છીએ. કેટકેટલીયે આરાધનાઓ, યાત્રાઓ, નવપદજીની ઓળીઓ જેવી અનેક તપસ્યાઓ વગેરે એકમેકનાં સહિયારા સાથે કરનાર પૂજ્ય ભાઈ અને મમ્મીજીએ પોતાનાં મંગલ સાહચર્યનાં પરિપાકરૂપે વર્ષીતપ પણ સાથે જ કર્યો.

ઘરમાં પૂજ્ય તારાબા, મમ્મીજી તથા કાકીએ જવાબદારીની ધૂરા એવી સુંદર સલૂકાઈથી સંભાળી લીધી હતી કે તે વખતે સીંચેલા સુધર્મનાં સંસ્કાર, સેવા અને સમર્પણના સંસ્કારવારિથી પરિવારવૃક્ષને આજ સુધી સુદ્રઢ રાખી શકાયું છે. સંપ અને નિ:સ્વાર્થતા દરેક સંતાનની રગેરગમાં સીંચ્યા છે તેઓએ. પરમ પૂજ્ય તારાબાની નરવી નિશ્રામાં પૂજ્ય મમ્મીજી તથા પૂજ્ય કાકીજી બંને બાહ્ય તથા આભ્યંતર એમ બારેબાર પ્રકારના તપમાં પણ અવ્વલ. તેઓ બંનેના સ્નેહ, સંપ તથા સહિયરપણાંના દ્રષ્ટાંતો તો સમાજના દરેક ઘરમાં આજ સુધી દેવાતા આવ્યા છે. તપ પણ તેઓ બંને આયોજનપૂર્વક એવી રીતે હળીમળીને કરે જેથી ઘરનું સમતોલન જળવાઈ રહે.



• જિનભક્તિ અને જીવમૈત્રી એ ભાષા નથી, ભાવ છે.

પૂજ્ય ભાઈ ત્યારે તપના વિષયમાં તાત્વિક રીતે સમજાવતા કે:
સંસાર રૂપી ખારા સમુદ્રમાં તપ દ્વારા વિષય-કષાયની ખારાશને દૂર કરી શુદ્ધ ધર્મરૂપી મિઠાશના વાદળો બંધાય છે અને જિનવાણીરૂપ મેઘજળ વરસતા સર્વ જીવોને અમૃતવર્ષાથી પરિપ્લાવિત કરે છે. જાપની જેમ તપથી પણ બધા જ કરણો એટલે કે મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર શુદ્ધ થઈ શાંત-ઉપશાંત બને છે, ઇન્દ્રિયો નિર્મળ બને છે અને ઉત્કૃષ્ટ તપોમંગલની ગંગોત્રીથી કર્મક્ષય થઈ કલ્યાણનું અવતરણ થાય છે. આત્મદર્શનની તીવ્ર અભિપ્સામાં તપ સહાયક બને છે. તપના ફળરૂપે વિચારોમાં અનેકાંત, વચનમાં અવર્ણવાદ અને વર્તનમાં અહિંસા આવે છે.

ચેતનાના પાંચ સ્તર દ્યુતિમનસ, ઉર્ધ્વમનસ, પ્રજ્ઞામનસ, અધિમનસ, તથા અતિમનસ ધારનાર પંચપદમયી પંચપરમેષ્ઠીઓને નમસ્કાર કરવાથી તપનો શ્રેય માર્ગ ખૂલી જાય છે અને પ્રેય માર્ગ (અહંતા-મમતાથી નિષ્પન્ન સ્વાર્થપ્રેરીત જીવન) આપોઆપ છૂટી જાય છે, કારણકે તેઓમાં પાંચ વિશિષ્ઠ ગુણો સમાયેલા છે:

अ માં સર્વ જીવોનો સ્વીકાર/સત્કાર છે - તેઓ રૂપવાન છતાં શીલવાન છે.
सि માં સૌને સિદ્ધસમ જોવાની ઉદારતા છે - તેઓ સામર્થ્યવાન છતાં ક્ષમાશીલ છે.
आ માં સર્વ સદ્વ્યવહાર છે - તેઓ સંપતિવાન છતાં ઔદાર્યશીલ છે.
उ માં જીવત્વનો વિનય છે - તેઓ જ્ઞાનવાન છતાં વિનયશીલ છે.
सा માં સર્વ જીવોની રક્ષાનો ભાવ છે - તેઓ શક્તિવાન છતાં સહાયશીલ છે.

આમ ઘરમાં તપસ્યાનું સહજ સામ્રાજ્ય સદૈવ પ્રવર્તમાન રહેતું જોવા મળતું, પરંતુ દેવગુરુકૃપાએ તપસ્વીને શાતા એટલી સરસ રહેતી કે બહારના કોઈને ક્યારેય ખ્યાલ પણ ન આવે કે ઘરમાં કોઇ દીર્ઘ તપસ્યા ચાલી રહી છે કે હમણાં જ પૂર્ણ થઈ હશે. જાણે એ પંક્તિ ત્યારે સાર્થક થતી કે: તપ કરીએ સમતા રાખી ઘટમાં!



• નિષ્કામ કર્મ અને નામસ્મરણ એ આઠે કર્મથી છૂટવાની ચમત્કારિક ચાવી છે.

હવે તો સૌરાષ્ટ્રમાં અને ખાસ તો મોરબીમાં કાગળ ઉત્પાદિત કરતી અનેક મિલનું નિર્માણ થયું છે, પરંતુ ૧૯૫૪માં જ્યારે પૂજ્ય ભાઈએ કલકત્તાથી તાલીમ લઈ, રાજકોટમાં વસીને બોર્ડ તથા પેપર મેન્યુફેક્ચરીંગ યુનિટ શરૂ કર્યું ત્યારે એ સૌરાષ્ટ્રની સૌ પ્રથમ પેપર મિલ હોવાનાં કારણે મુખ્ય પ્રધાન ઢેબરભાઈએ જ સૂચન કર્યું હતું કે તમે તેનું નામ રાખોઃ 'સૌરાષ્ટ્ર પેપર ઍન્ડ બોર્ડ મિલ્સ.' ફક્ત બે જ વર્ષમાં ધમધમતી થઈ ગયેલી આ પેપર મિલ ૧૯૫૬માં આવેલા વિનાશક પુરમાં સંપૂર્ણપણે ખલાસ થઈ ગઈ, પરંતુ પૂજ્ય ભાઈએ હિંમત ન હારતાં ફરીથી તેને બેઠી કરી અને સ્વપરાક્રમે તેઓ આગળ વધ્યા.

સન્ ૧૯૬૦માં રાજકોટના લોકસભાના મેમ્બર હતા શ્રી જેઠાલાલભાઈ જોષી, જેઓ સરકારમાં રહી વિકાસનાં કાર્યો કરતા. યુવાનોમાં તેમને અપ્રતિમ શ્રદ્ધા. એકવાર પૂજ્ય ભાઈ ફેક્ટરીમાં પેપર અને બોર્ડનું કામ સંભાળતી વખતે થતી મુશ્કેલીઓના સંદર્ભમાં શ્રી જોષીજી પાસે ગયા અને મુખ્યત્વે આબકારી શુલ્ક (એકસાઈઝ ડયુટી) ને લગતી વાત કરી. શાંતિથી આ પ્રશ્ન સમજીને પછી એક ચિઠ્ઠી લખી આપીને તેઓએ કહ્યુંઃ શશીકાન્તભાઈ, કાયદેસરની માન્યતા પ્રાપ્ત થાય એવી આ બાબત લઈને તમે દિલ્હી જાઓ અને કેન્દ્રીય નાણામંત્રી શ્રી મોરારજીભાઈ દેસાઈને જરૂર મળો.

૩૩ વર્ષનો આ યુવાન તો નીકળી પડયો એકલો જ દિલ્હી જવા. ત્યાંની હોટલ જનપથના એક રાતના ₹ ૫૦ તો ન પોસાય, તેથી શ્રી જોષી સાહેબના જ ફ્લેટમાં ઉતરવાનો પરવાનગી પત્ર પણ સાથે જ લઈને ગયેલા. સવારે ૧૦:૩૦ કલાકે તૈયાર થઈ પૂજ્ય ભાઈ જ્યારે ભલામણ ચિઠ્ઠી હાથમાં લઈ શ્રી મોરારજીભાઈ સમક્ષ પહોંચ્યા ત્યારે તેઓને રેંટિયો કાંતતા જોઈ પૂજ્ય ભાઈ અત્યંત પ્રભાવિત થયા. કામ પૂરૂં થયા પછી મળેલી આઠ મિનિટમાંથી બચેલી બે મિનિટમાં પૂજ્ય ભાઈએ પરહિતચિંતા તથા પોતાના પરગજુપણાંને સિદ્ધ કરતી એવી અનેક વાતો કરી જે ગરીબો તથા પછાત વર્ગના લોકોની સહાયને અનુલક્ષીને હતી.

કાયદા પ્રમાણે પેપર બોર્ડના ઑટોમેટીક પ્લાન્ટની સાથે અમારા 'સન ડ્રાઈડ' (સૂર્યનાં તડકામાં સૂકાતા) પૂંઠા ઉત્પાદકોને પણ આ એકસાઈઝ ભરવી પડે છે તે ખોટું છે તેમ નીડરતાથી પૂજ્ય ભાઈ તેઓને કહી શકયા. લગભગ છ મિનિટની એ વાતચીત પછી નાણામંત્રી શ્રી મોરારજીભાઈ એ મુદ્દા સાથે સહમત થયા અને આ મુલાકાતથી જ ભારતના સમસ્ત પેપર બૉર્ડ ઉત્પાદકોને પાછળથી મોટી રાહત મળી ગઈ.

Industrialist કે Philanthropist બનીને તેમણે યોગ જ સાધ્યો છે, કારણકે બુદ્ધિના વ્યાપારમાંથી સદૈવ મુક્ત રહી ઋતુંભરા પ્રજ્ઞાને પ્રાપ્ત કરી પોતાના જ્ઞાનયોગ કે વચનયોગ દ્વારા એક ચિન્મય પ્રકાશને તેમણે ઠેર ઠેર ફેલાવ્યો છે. કદાચ એટલે જ પૂજ્ય ભાઈ એકલા જ બેઠા હોય તો યે લાગે જાણે સંતોની સભા સમાન.

આજથી ૩૦ વર્ષ પૂર્વે બનેલી એક ઘટનાની ખૂબ સુંદર વાત કરી હતી અમારા ફોતરીના સપ્લાયર અતુલભાઈએ અમને હમણાં જ. એકવાર બોઈલરમાં ઈંધણ માટે વપરાતી મગફળીની ફોતરી ઉતારીને અમારી ફેકટરીમાંથી તેમની ટ્રક પાછી ફરી ગઈ ત્યાં કોઈના ધ્યાનમાં તરત જ આવ્યું કે ફોતરીમાં તો નાની જીવાત પણ સાથે આવી છે. પૂજ્ય ભાઈએ અતુલભાઈને તાબડતોબ પાછા બોલાવીને તે દ્રશ્ય દેખાડ્યું, પરંતુ તેમણે તો ફોતરી પાછી ભરવાની ના પાડી અને કહ્યું કે તમારે ઉતારતા પહેલાં જ માલ ચકાસી લેવો જોઈતો હતો, હવે હું આ ફોતરી પાછી ન સંભાળું.

આ સાંભળતા જ પૂજ્ય ભાઈએ પૂછ્યું: ટ્રક પાછી બોલાવી આ માલ ફરીથી ભરાવવાનું ભાડુ કેટલું થાય? તેઓ કહે કે ₹ ૧૫૦૦. તે જ ક્ષણે તેટલા રૂપિયા તેમને અપાવીને પછી પૂજ્ય ભાઈ કહે કે ભઈલા, હવેથી ટ્રકમાં માલ ભરતા પહેલા જ એ તપાસી લેજો કે જીવાતવાળી ફોતરી તો નથી ને? જીવહિંસામાં મારે કે તમારે ક્યારેય ભાગીદાર ન થવાય. પૂજ્ય ભાઈની અચૂક માન્યતા છે કે: Hands that help are holier than lips that pray.

ત્યારથી અતુલભાઈએ આ વાતનું સતત ધ્યાન રાખ્યું જ છે અને વળી તેઓએ આજ સુધી થયેલી એ જીવહિંસાના પ્રાયશ્ચિત રૂપે રોજ કબૂતરને ચણ, ગાયને રોટલી અને કૂતરાને બિસ્કીટ ખવડાવી જીવમૈત્રીનો યજ્ઞ ૩૦ વર્ષથી અનવરત ચાલુ જ રાખ્યો છે.

જ્યારે એક ઔદ્યોગિક અને આધ્યાત્મિક પુરુષનો સુંદર સમન્વય થાય ત્યારે તેના દ્રષ્ટિકોણમાં 'સર્વજીવહિતાય'ની ભાવના સંમિલિત થતી દ્રષ્ટિગોચર થાય જ. ક્યારેક ઉદ્યોગગૃહોની વાર્ષિક ચર્ચાસભામાં સૂટ-ટાઈમાં સજ્જ ને હેન્ડસમ દર્શાતા પૂજ્ય ભાઈ વિકટ પ્રશ્નોના ઉત્તરો પણ એટલી સહજ સરળતાથી આપતા દેખાય કે તેમની આ ક્ષેત્રની ય ઊંડી સજ્જતા અછતી ન રહે.

અમારા પૂજ્ય દાદાજીના નામ ઉપરથી રચેલા શ્રી કે. ટી. મહેતા ચેરીટેબલ ટ્રસ્ટની મુખ્ય કામગીરીઓ થઈ વર્ષ ૧૯૮૬ થી ૨૦૦૦ સુધીના તેના સક્રિયતાના વર્ષોમાં. અમેરીકા-યુરોપના અનેક ટ્રસ્ટ તથા ત્યાંના સ્થાનિક રહેવાસી કાર્યકરો સાથે પૂજ્ય ભાઈને ઘણો જ ઘરોબો. એ હોદ્દેદારો સાથે ભારતની ગરીબીની, અછતોની અને મૂંગા જીવોના તરફડાટની વાતો પૂજ્ય ભાઈ કરે કે તરત જ સહાયરૂપે ત્યાંથી મિલ્ક પાવડર, વિટામીન-E ની ગોળીઓ, ઘઉંનો લોટ, ઘી, ખાંડ, જૂના કપડાં, મોટી ચાદરો, પગરખાંઓ કે સાડીઓ વગેરેના કન્ટેનરના કન્ટેનરો ભરીને આવ્યા જ હોય.

પૂર્વે આદર્શ શિક્ષક એવા પૂજ્ય મહાદેવાનંદજી સાથે અને શ્રી ભૂપેન્દ્રભાઈ વાઘેલાનાં નેતૃત્વ હેઠળ ટ્રસ્ટ તરફથી રાજકોટ આસપાસના દત્તક લીધેલ ૧૨૦ ગ્રામ્ય વિસ્તારોમાં છાશ કેન્દ્રો સ્થાપવા, દર રવિવારે ૧૫ કપડાઓનું ૧ પોટલું એવા ૧૫૦૦ પોટલા ટ્રકમાં ભરીને ગામડાઓમાં વિતરણ કરવા જવું, ત્યાંના સ્મશાનોમાં લોખંડના ખાટલાની ભેટ આપવી, ચબૂતરાઓમાં ચણની ગુણીઓ આપવી, શાળાઓમાં વૃક્ષારોપણ કરવું, લાયબ્રેરીમાં પુસ્તકો આપવા કે પછી શાળાના ક્રીડાંગણો માટે રમત-ગમતના સાધનો, હીંચકા/લસરપટ્ટી વગેરે ભેટરૂપે આપવા કે બાળકોને સુખડી બનાવીને જમાડવી વગેરે કાર્યોમાં પૂજ્ય ભાઈનું પરોક્ષ યોગદાન તો રહે જ.

ટ્રસ્ટ તરફથી રાજકોટની રાજકુમાર કૉલેજ જેવી નામાંકિત શાળામાં વર્ષે એકવાર આ ગામોના હોંશિયાર બાળકોની શિષ્યવૃત્તિની પરીક્ષાઓ લેવાતી હોય ત્યારે કે પછી અભ્યાસ અને રમતગમતના ઈનામો આપવાનો વાર્ષિક સમારંભ હોય ત્યારે ઘરના વડિલો હાજર રહેવાનો અચૂક પ્રયત્ન કરે જ.


પૂજ્ય ભાઈ તથા પૂજ્ય કાકાની એવી માન્યતા છે કે સમાજે આપણને જે આપ્યું હોય તે ટ્રસ્ટની વિધવિધ પ્રવૃત્તિઓ દ્વારા આપણે સમાજને પાછું આપીએ તે દાન નથી, આપણું પરમ કર્તવ્ય જ છે. અહંનો પ્રલય ન થાય અને આપણે અર્હંમાં લય પામી શકીએ તે માટે આ કર્તવ્યપાલન આવશ્યક છે. રોજીંદા જીવનમાં જે અન્યો માટે વિચારતા નથી અને સ્વયંના જ સુખસગવડમાં રચ્યાંપચ્યાં રહે છે તેઓ માનવભવ હારી જાય છે. સત્સંગ અને સત્કાર્યો આત્મશુદ્ધિના માર્ગે આગળ લઈ જાય છે આપણને. અધ્યાત્મનો પ્રકાશ આપણા વિચારો અને કાર્યોને અજવાળે એ જ તેની ફળશ્રુતિ. ઘણીવાર વિચાર આવે કે ગુરુ મહારાજના આદેશાનુસાર વ્યવસાયમાં થતા નફામાંથી અમુક ટકા શુભ કાર્યોમાં વાપરવાનો સંકલ્પ કરીને પૂજ્ય ભાઈ તથા કાકાએ સર્જેલ આ ટ્રસ્ટ દ્વારા કાર્યો કરતાં અમોને સહજમાં જ કેટલા બધા પૂણ્યાનુબંધી પૂણ્ય ઉપાર્જન કરવાનાં અવસરો પ્રાપ્ત થયાં.

પૂજ્ય ભાઈ કહે છે કે સદાચાર એ તો માનવ જીવનનો પાયો છે અને પરહિતચિંતા એ તેનું પરમોચ્ચ્ શિખર છે. આપણી માનવીય ચેતના આવા કાર્યો દ્વારા જ દિવ્યતાનો સંપુટ પામી ઓપી રહે છે. જીવસેવા એ પ્રભુસેવા છે, કારણકે પ્રભુ અને જીવો અલગ નથી. પ્રભુની આજ્ઞા છે કે તમને જે ગમે છે તે બીજાને આપો. તમને જો અન્ન, વસ્ત્ર, જલ, મકાન આદિ વગર ચાલતું નથી તો તે બધું બીજા જરૂરીઆતમંદને આપવાથી ભવાંતરમાં પણ તમે તેના વગર નહીં રહો. તમને માન-સન્માન ગમે છે તો અન્યોને તે આપવાથી જ મળશે. વળી જે આપો તે નિરાભિમાનીતાથી અને કોઈ પણ જાતની અપેક્ષા વગર, હૃદયપૂર્વક, ભાવપૂર્વક, સહયોગપૂર્વક, વિવેકપૂર્વક.

ઋષિકેશના શ્રી શિવાનંદજી મહારાજના પરમ શિષ્ય અને સેવાભાવી ડૉક્ટર શિવાનંદ અધ્વર્યુજી (બાપુજી) તથા તેમના દ્વારા વિકસીત થયેલ વીરનગર નેત્ર ચિકિત્સાલય સાથે ૩૦ વર્ષના દીર્ઘ સાયુજ્યની અને દિવ્ય જીવન સંઘ, ઋષિકેશ સાથેના સાતત્યની વાતો કહેતાં પૂજ્ય ભાઈની આંખોમાં અવનવી ચમક આવી જતી દેખાય છે. ૮૪ વર્ષની ઉંમરે પોતાની બંને આંખનાં મોતીયાના ઑપરેશન પૂજ્ય ભાઈએ હમણાં જ્યારે  કરાવ્યા ત્યારે તેમણે ઘણા વર્ષો જૂની અનેક વાતો યાદ કરીને કહી. વિના મૂલ્યે શ્રેષ્ઠ સવલતો અને સારવાર પ્રદાન કરતી આ આંખની હૉસ્પીટલ પ્રતિવર્ષ ૧૬૦૦૦ આંખના ઑપરેશન તથા ૧.૫ લાખ દર્દીઓની તપાસ કરનારી વરદાનરૂપ સંસ્થા છે.

પૂજ્ય ભાઈ જ્યારે ૩૨ વર્ષના હતા ત્યારે રાજકોટ રોટરી કલબમાંથી ગઢડા ગામે નેત્ર ચિકિત્સા કેમ્પ યોજાયેલો. અન્ય કાર્યકર્તાઓ સાથે દિવસભર આંખના દર્દીઓને મદદરૂપ થતા-થતા તેમણે જોયું કે વીરનગર નેત્ર ચિકિત્સાલયના મુખ્ય ધરોહર ડૉક્ટર શ્રી શિવાનંદ અધ્વર્યુજી કેટલી કુશળ શીઘ્રતાથી એક પછી એક નેત્રના ઑપરેશન કરી દર્દીઓને હાશકારો અર્પતા હતા. તેમની કર્મશીલતા અને સમર્પિતતા પૂજ્ય ભાઈને અંત:સ્તલપર્યંત એવી તો સ્પર્શી ગઈ કે તેઓ રાત્રે રાજકોટ ઘરે પરત ન આવતાં તેમની સમીપ જ રોકાઈ ગયાં, જે ઘડીકનો સંગ ન બની રહેતાં આજીવન બની રહ્યો. તેઓની આધ્યાત્મિક યાત્રાનાં પગરણ પણ અહીં જ તેમની સાથે મંડાયા. આને પ્રકૃતિની ગોઠવાયેલી માંડણી કહીએ કે પ્રભુ અને ગુરુની કૃપા!

રોટરી કલબ ઑફ રાજકોટમાં એક સક્રિય કાર્યકર તરીકે આગવી છાપ મુદ્રિત કરી ૩૫ વર્ષની વયે તો કલબનાં પ્રેસિડેન્ટ બની ગયેલા પૂજ્ય ભાઈના કાર્યકાળ દરમ્યાન તેમની કલબને આખા જિલ્લાની શ્રેષ્ઠ  કલબનો એવોર્ડ પણ એનાયત થયેલો. એટલે જ ડિવાઈન લાઈફ સોસાયટી (દિવ્ય જીવન સંઘ), ઋષિકેશનું એક બૃહદ્ અધિવેશન રાજકોટમાં જ્યારે યોજાયેલું ત્યારે પૂજ્ય ભાઈએ રોટરી કલબ ઑફ રાજકોટ તથા દિવ્ય જીવન સંઘના અગ્રિમ યુવા કાર્યકર્તા તરીકે તેમાં જોડાઈ ઉત્તમ સેવા આપેલ.



• Purpose of prayer is to express divine spirit, power and perfection in us.

તેમાં એકવાર શિવાનંદ અધ્વર્યુજીએ પૂજ્ય ભાઈને તેઓની સાથે ઋષિકેશ આવવા નિમંત્ર્યા. સ્વામી શિવાનંદજી મહારાજના ઉત્તરાધિકારી શિષ્ય એવા શ્રી ચિદાનંદ સરસ્વતીજીને હિમાચલના ઋષિકેશમાં તેઓ મળ્યા. અધ્યાત્મગુરુ સ્વામી ચિદાનંદજી મહારાજે સન્ ૧૯૧૬માં ચેન્નાઈમાં જન્મીને ૧૯૪૩થી હિમાલયમાં રહી સ્વામી શિવાનંદજી મહારાજ સાથે શિષ્ય તરીકે જોડાઈને ૧૯૪૯માં સંન્યાસ લઈ દિવ્ય જીવન સંઘનાં પ્રમુખ તરીકે પોતાનાં ગુરુનો દિવ્ય સંદેશ વિશ્વભરમાં ચોમેર પ્રસરાવી ૧૯૬૩થી સંઘનું પ્રમુખપદ ધારણ કર્યું અને તેમનાં નેતૃત્વમાં ડિવાઈન લાઈફ સોસાયટીએ ઘણો વિકાસ સાધ્યો.

આ એ જ ચિદાનંદજી મહારાજ હતા જેમનામાં તેમના ગુરુદેવ શિવાનંદજી મહારાજ સ્વયં બુદ્ધની, મધર ટેરેસા સેન્ટ ફ્રાન્સીસની, શ્રી શ્રી આનંદમયી માં સ્વયં નારાયણની અને શ્રી પ્રમુખ સ્વામીજી મહારાજ તેમનામાં પોતાના ગુરુ યોગીજી મહારાજની ઝાંખી કરતા હતા. ૨૮ ઓગષ્ટ, ૨૦૦૮ના પાવન દિવસે ચિદાનંદજી મહારાજે દેહ ત્યાગ કર્યો ત્યારે તેઓની ઉંમર ૯૩ વર્ષની હતી.

આવા ચિદાનંદજી મહારાજે પૂજ્ય ભાઈને ઋષિકેશ આશ્રમમાં પોતાની કુટીરમાં એકવાર બપોરના ખાણાં ઉપર આમંત્ર્યા ત્યારે કુલ છ જણામાં સ્વયં સ્વામી ચિદાનંદજી, બંગાળનાં શ્રી શ્રી આનંદમયી માં, ડૉક્ટર શિવાનંદ અધ્વર્યુજી, પૂજ્ય ભાઈ તથા અન્ય બે સ્વામીજીઓ હાજર હતા. આવા ભાગ્યશાળી પૂજ્ય ભાઈ ત્યારે રોજ છ કલાક ઉપરના પર્વતોમાં જઈ એકાંત ધ્યાન ધરતા. ઋષિકેશમાં સવારે ચા-પાણી કરી લે કે તરત જ સ્વામી શ્રી ચિદાનંદજી પૂજ્ય ભાઈને કહેતા: હવે તમે પહાડમાં ઉપરની તરફ એકાંતમાં જતા રહો અને સ્વરૂપચિંતન કે પ્રભુનું ગુણચિંતન કરો. આ સાંભળી પૂજ્ય ભાઈને કોઈ વિકલ્પો આવતા નહીં. તરત જ આ આજ્ઞાને માથે ચડાવી તેઓ પોતાની કોઈ જરૂરીયાત વિષે વિચાર કર્યા વિના જ એ પથરીલા પહાડની કેડીઓમાં ખોવાઈ જવા તત્પર બની જતા.

અહીં સતત છ/સાત કલાકનો એકાંતવાસ પૂજ્ય ભાઈ ક્યારેક એક કેળુ ખાઈને કે પછી ત્યાં થતી કોઈ મીઠી વનસ્પતિના પાન ખાઈને ગુજારતા ને સાંજે આશ્રમમાં પરત ફરે ત્યારે મરક-મરક થતાં પૂજ્ય ચિદાનંદજી પૂછે: આંતર-જગતમાંથી બાહ્યજગતમાં પાછા ફરવામાં તકલીફ પડી ને? બસ, તો તમે અધ્યાત્મનાં સાચા પંથે જ છો. ૭ વર્ષ સુધી આમ સતત ચાલ્યું. સન્ ૧૯૬૫માં પોતાના ચોથા સંતાનનો જન્મ થયો ત્યારે પણ પૂજ્ય ભાઈને હિમાલયથી ઘરે પહોંચ્યા પછી જ પુત્ર જન્મની વધામણી મળેલ.

એવામાં એક મુલાકાત સમયે સ્વામી ચિદાનંદજી મહારાજે પૂજ્ય ભાઈને એ સાંજે ગંગાકિનારે કહ્યું કે: શશીકાંત! કાલે વહેલી સવારે ૩:૩૦ કલાકે મારી કુટીરમાં મંત્રદીક્ષા લેવા આવજે. પૂજ્ય ભાઈ તો સવારે વહેલા ઉઠી આનંદવિભોર થઈ ગંગામાં ડૂબકી મારી ન્હાઈને તૈયાર થઈ સમય પહેલાં જ તેમની પાસે પહોંચી ગયા ને ૩:૪૫ સુધી રાહ જોઈ. ધ્યાનમાંથી પરવારી સ્વામી ચિદાનંદજીએ પોતાની પાસે બોલાવી પૂછ્યું: તું ધ્યાનમાં કયા મંત્રની સાધના કરે છે? ત્યારે જવાબમાં તેમણે કહ્યું કે:
શ્રી નવકાર મહામંત્રની. આ સાંભળી ચિદાનંદજી મહારાજ બોલવા લાગ્યા...
नमो अरिहंताणं... नमो सिद्धाणं... बहुत अच्छा मंत्र है ये!
ને આમ કહી સ્વામી ચિદાનંદજી મહારાજ ફરી ધ્યાનમાં ઉતરીને મૌન થઈ ગયા.

પૂજ્ય ભાઈ પાછળથી અમને કહેતા હતા કે:
'હું તો રાહ જ જોયા કરૂં કે ક્યારે તેઓ આંખો ખોલે અને મને મંત્રદીક્ષા આપે! મનમાં નક્કી કરી લીધું હતું કે તેઓ જે મંત્ર આપે તે જીવનભર ગોપવી રાખીશ અને તેનું ધ્યાન ધરીશ. લગભગ ૨૦ મિનિટ આમ ને આમ ફરી પસાર થઈ ગઈ. મારી ઉત્કંઠા વધતી જતી હતી. મનની અંદર આનંદ અને આકુળતાનો જાણે સંગમ થતો હતો. ઉત્તરની રાહમાં એ ઉતરતી રાત, બર્ફીલો પવન, વૃક્ષોની ધીમી ફરફરાહટ, એ કૃષ્ણ એકાદશીના ચંદ્રનું આકાશમાં ઢળવું, ઈત્યાદી મારા મનોમસ્તિષ્કમાં કોતરાઈ ગયું છે જાણે હંમેશ માટે.'

ત્યાં જ ધ્યાનમાંથી બહાર આવેલા ચિદાનંદજી મહારાજનો ઘેરો અવાજ સંભળાયો: ‘शशीकांत, तुम्हारे गुरूजी अब राजकोटमें ही पधारे हैं, घर जाओ और तुम्हें उन्हींसे मंत्रदीक्षा धारण करने मिलेगी ।’ પૂજ્ય ભાઈ તો આ સાંભળી અવઢવમાં આવી જઈને મુંઝાયા. નર્વસ પણ થયા. છતાં ઘરે પરત ફર્યા ત્યારે એક બીજી ઘટના તેમની રાહ જોતી હતી.

પૂજ્ય મમ્મીજી તો પૂજ્ય ભાઈને હિમાલય જતા ક્યારેય રોકતા નહીં, પરંતુ અમારા દાદીમા પૂજ્ય તારાબહેનને પોતાનો દીકરો આમ અવારનવાર દર વર્ષે હિમાલયમાં જાય તે બહુ રુચતું નહીં અને જન્મથી મળેલ જૈન ધર્મની તે ઉપાસના કરે તે વધુ ગમતું. આથી જ્યારે વાત જાણી કે એક અધ્યાત્મયોગી ચિંતક પરમ પૂજ્ય શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ માંડવી ચોક દહેરાસર, રાજકોટમાં પધાર્યા છે ત્યારે ત્યાં જઈ વંદન કરી તેમણે કહ્યું કે: હું મારો ખોળો પાથરૂં છું... પણ આપ હિમાલય જતાં મારા દિકરા શશીકાંતને સમજાવો અને તેને આપણા પ્રશસ્ત ધર્મમાં પ્રેરિત કરો.

પંન્યાસશ્રીજી મહારાજે હસતા-હસતા કહ્યું કે ચાર દિવસ પછી એ પરત ફરે ત્યારે મારી પાસે મોકલજો. આથી પહેલા તો પૂજ્ય તારાબા મૂંઝાયા, કારણકે દિકરાની પરત યાત્રા વિશે ક્યારેય તેમને માહિતી હોતી નહીં. પણ એકાએક પૂજ્ય ભાઈને આમ પાછા આવી ગયેલા જોઈ તેમણે તાત્કાલીક વંદન કરવા જવા કહ્યું.

પૂજ્ય ભાઈને આ સાંભળી સરધારના સાધ્વીશ્રી મૃગાવતીજીએ થોડા વર્ષો પૂર્વે કહેલી વાત યાદ આવી ગઈ: જૈન સંપ્રદાયમાં તમારા સંશયો ટાળે તેવા ચિંતક અને અધ્યાત્મયોગી એવા પૂજ્ય ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ વિદ્યમાન છે. તમારા દરેક સંશયો દૂર કરી શકે તેવા એક અદ્‌ભૂત ચિંતક તથા યોગી એવા આ ગુરુદેવશ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધ રૂપી નમસ્કારમંત્રનાં પરમ મહાસાધક તથા આરાધક છે. સાંપ્રત સમયમાં તેમનાં સમા ઉચ્ચકોટીના નિર્વિકલ્પ ગુરુ ભાગ્યશાળીને જ મળે. પરંતુ સમયાંતરે આ વાત પૂજ્ય ભાઈને વિસ્મૃત થયેલી.

આજે પૂજ્ય બા પાસે એ જ નામ સાંભળતાં પૂજ્ય ભાઈ તો તરત ઉપાશ્રયે જવા નીકળ્યા. સાહેબજી તેમને જોઈને કહે: આ તો બહુ સારું થયું છે કે તમે હિમાલય જઈને અને બધું જોઈને આવ્યા છો તો હવે અહીં અંદર ઉતરીને વધુ સારી રીતે આરાધના કરી શકશો. પૂજ્ય ભાઈ એ પછી ત્રણ આખા દિવસ સતત તેમની પાસે ગયા એ દરમ્યાન પંન્યાસજી મહારાજ સાહેબે ઉપદેશનો એક પણ શબ્દ ન બોલતા ફક્ત કહ્યું કે સામેના ખૂણામાં બેસી નવકાર ગણો. અંતે જ્યારે ત્રીજા દિવસે સાંજે પૂજ્ય ભાઈને તેઓએ મંત્રદીક્ષા રૂપે નવકાર આપ્યો ત્યારે તેમને અંદરથી એવું પ્રતીત થયું કે આ કોઈ નોખી માટીના ચિંતકાત્મા છે અને તે જ મારા ગુરુ હોઈ શકે. તેથી પછીના પાંચ વર્ષ પૂજ્ય ભાઈ સતત દર મહિને ગુરુ મહારાજ પાસે રાજસ્થાનમાં કે પછી તેઓ જ્યાં વિચરતા હોય ત્યાં વંદન કરવા ગયાં, જે ક્રમ તેમણે પાછળથી પણ લગભગ જાળવી રાખ્યો.

આજે પણ અધ્યાત્મયોગી પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજીનાં અતરંગ વર્તુળના કૃપાપાત્ર પ્રભાવક આરાધકો તરીકે શ્રી ઋષભદાસજી રાકા, શ્રી સૌરીલાલજી, શ્રી હિંમતભાઈ બેડાવાલા, શ્રી બાબુભાઈ કડીવાલા, શ્રી હીરાભાઈ શાહ, શ્રી ચંદ્રકાતભાઈ શાહ, શ્રી શશીકાંતભાઈ મહેતા, શ્રી સી. કે. મહેતા, શ્રી પ્રાણલાલભાઈ દોશી, શ્રી લલિતભાઈ મહેતા, શ્રી કિરણભાઈ શાહ આદિને મહાપૂણ્યશાળી આત્માઓ તરીકે લેખાય છે.

ગુરુદેવની કૃપાથી પૂજ્ય ભાઈ આજે જ્યારે પણ પ્રવચન આપવા બેસે ત્યારે પોતાની સમક્ષ ગુરુ મહારાજની તસ્વીર મૂકી જાણે તેઓ હાજરાહજૂર હોય તેમ તેમને વંદન કરે. પછી વકતવ્યમાં અવારનવાર તેમનો ઉલ્લેખ કરી કહે કે તેમની જ ટપાલ લઈને હું આજે તમારી પાસે આવ્યો છું. આવી છે તેમની ગુરુ સમર્પિતતાની ઉંચાઈ.

अनेकजन्मसंप्राप्त कर्मबन्धविदाहिने । आत्मज्ञानप्रदानेन तस्मै श्रीगुरूवे नमः ।।
ध्यानमूलं गुरूमूर्तिः, पूजामूलम् गुरूपदम् । मंत्रमूलम् गुरूवाक्यं, मोक्षमूलं गुरूकृपा ।।

યુવાન વયે પૂજ્ય પંન્યાસશ્રીજી મહારાજની નિશ્રામાં પૂજ્ય ભાઈએ પોતાનું જીવન ગોઠવ્યું તે આજ સુધી જાળવી રાખ્યું છે. 'હિમાલયની એ યાત્રાઓ અને તમારી ગમતી સાંધ્ય ગંગા આરતીને ભાઈ તમે miss નથી કરતાં હવે?' તેવા અમારા સવાલના જવાબમાં તેઓ કહે છે કે: ગુરુ મહારાજના મત મુજબ સ્થિર બુદ્ધિ નવકારથી જ પ્રાપ્ત થાય ને સ્થિર પ્રજ્ઞાવાન શ્રાવક સદાકાળ હિમાલયમાં જ વસે છે!

જીવમૈત્રી સંદેશાના વાહક અને તેથી જીવમાત્રને પોતાના સમા જ લેખતા એવા પૂજ્ય ભાઈ કહેતા હોય છે કે કોઈપણ આત્માની પાંચ મૂળભૂત અભિપ્સા હોય છે:

૧. જીવ સદા જીવવા માંગે છે, કારણકે તે સત્ સ્વરૂપ છે.
૨. જીવ સંપૂર્ણ જ્ઞાનથી જ સંતુષ્ઠ થાય છે, કારણકે તે ચિત્ સ્વરૂપ છે.
૩. જીવ સદૈવ આનંદ શોધે છે, કારણકે આનંદ સ્વરૂપી હોવું તે તેનો મૂળ સ્વભાવ છે.
૪. જીવ કોઈને આધીન રહેવા માંગતો નથી, કારણકે તે સ્વયં ઈશિત્વ સ્વરૂપ છે.
૫. જીવ સર્વત્ર પોતાનું પ્રભુત્વ ઇચ્છે છે, કારણકે તેને વશિત્વ પ્રિય છે.

કોઈપણ જીવની પોતાના આ મૂળભૂત લક્ષણોની પુનઃપ્રાપ્તિની ઝંખના જેમનાથી અજાણ નથી એવા પૂજ્ય ભાઈનો સમતામય જીવ વૃત્તિમાંથી બહાર નીકળી અનવરત રીતે વ્રતમાં જ રહેતો હોય તેમાં શું આશ્ચર્ય હોઈ શકે?

समयाए समणो होई बंभचेरेण बंभणो ।
नाणेण ऊ मुनि होई तवेण होई तावसो ॥
–उत्तराध्ययन सूत्र, २५-३२

સમતાથી સાધુ થવાય છે, બ્રહ્મચર્યના પાલનથી બ્રાહ્મણ થવાય છે,
જ્ઞાનપ્રાપ્તિથી મુનિ થવાય છે અને તપશ્ચર્યા કરવાથી તાપસ થવાય છે.
–ઉત્તરાધ્યયન સૂત્ર, ૨૫–૩૨



• નવકાર મંત્રની સાધના અક્ષરબ્રહ્મ દ્વારા પરબ્રહ્મ પ્રગટ કરે છે.

જ્યારે જોઈએ ત્યારે પૂજ્ય ભાઈના આંગળીના ટેરવાં ફરતાં જ દેખાય તેથી અમે એકવાર પ્રશ્ન કર્યો કે ભાઈ, હરહંમેશ નવકાર ગણતા રહેતા ક્યારેક થાકી ન જવાય? તેના જવાબમાં તેઓએ અમને કહેવા એક વાત માંડી:

આજથી ૫૦ વર્ષ પૂર્વે અધ્યાત્મયોગી પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબે પ્રશ્ન કર્યો ૩૫ વર્ષના એક નવયુવકને: 'રોજના કેટલા નવકાર મંત્ર ગણો છો?' યુવકે ઉત્તર આપતા કહ્યું: આપ કહો તે તહત્તિ. પંન્યાસજી મહારાજે બાજુમાં જ બિરાજેલ તેમના શિષ્યરત્ન પૂજ્ય શ્રી વજસેનવિજયજી મહારાજ સાહેબને પૂછ્યું: 'બોલો આ નવયુવકનું શું કરશું?' તેઓ કહે: આપને યોગ્ય લાગે તેમ કરીએ. આથી ગુરુ મહારાજે એ નવયુવકને કહ્યું: 'હાથ જોડો અને નિયમ લો કે રોજની ૧૦૦ બાધાપારાની નવકારવાળી ગણીને પછી જ સવારની ચા પીવાની.'

...અને એ નવયુવકે ત્વરિત નિયમ લઈ લીધો.
ઘરે આવીને તેઓએ દરેકને આ નિયમની વાત કરી. સૌ હર્ષાન્વિત થયા. રાત્રે દસ વાગ્યાથી બે વાગ્યા સુધી નિદ્રાધીન થઈ એ નવયુવકે તો અઢી વાગ્યાથી સવારે નવ વાગ્યા સુધીમાં રોજની ૧૦૦ માળા ગણવાનું શરૂ કરી દીધું. ધીમે-ધીમે ઝડપ વધતી ગઈ. ૧ વર્ષમાં ૩૬ લાખ નવકાર ગણાઈ ગયા અને સાડા ત્રણ વર્ષમાં તો ૧ કરોડ!

રોજનાં ૧૦,૦૦૦ નવકાર ગણનાર એ નવયુવકનું નામ હતું **શશીકાંત મહેતા**.

અમે તો આ વાત સાંભળી થઈ ગયા પૂરેપૂરા અવાચક!
યુવાનીમાં રોજના આટલા નવકાર ગણનાર યુવક વયસ્ક થઈને એ ગણત્રી વધારે તેમાં શી નવાઈ? અમે પૂછીએ આટલા બધા નવકાર ગણવાનો ગર્વ થતો કઈ રીતે તમે અટકાવી શકો છો? તો જવાબમાં ભોળા હાસ્યસહીત સાંભળવા મળે કે કેટલા ગણાયા એ યાદ રાખવું તે પણ એક રીતે પરિગ્રહ જ છે.

આમ વાત પરિગ્રહ સંજ્ઞા તરફ વળી અને તરત જ પૂજ્ય ભાઈને પ્રભુ મહાવીરના દસ મહાશ્રાવકોમાંથી આનંદ શ્રાવકની વાત સ્મૃતિવંત થઈ:

એકવાર આનંદ મહાશ્રાવકને ભગવાન મહાવીરે પૂછ્યું:
'આનંદ, તારી પાસે તારી માલિકીની કેટલી ગાયો છે?'
આનંદ શ્રાવકે પ્રત્યુત્તરમાં કહ્યું: મારી પાસે ૧૦,૦૦૦ ગાયોનું એક ગોકુળ થાય એવા ૧૦,૦૦૦ ગોકુળ છે. પ્રભુએ બીજો પ્રશ્ન કર્યો: 'બીજું તારી માલિકીનું શું છે?' આથી આનંદ શ્રાવકે સવિનય કહ્યું: અનેક વખારો ભરીને અનાજ, ઘી-ગોળના ગાડવાઓ, ઓરડાઓ ભરીને રત્નો, ગામને પાદર દ્રષ્ટિ પહોંચે એટલી ચોપાસ જમીનો, વગેરે મારી માલિકી હેઠળ છે. પ્રભુએ હવે પૂછ્યું: 'આમાંથી આનંદ, તમે પોતે રોજ વાપરો છો કેટલું?' જવાબમાં આનંદ શ્રાવકે તત્કાલ કહેવા માંડ્યું:
દૂધ એક શેર, અનાજ અડધો શેર, ઘી બે શેર, સોનું એક શેર...

આ સાંભળીને ભરી સભામાં પ્રભુ મહાવીરે કહ્યું:
'આનંદ! તું જેટલું વાપરે છે એટલું જ તારું છે, બાકીનો બધો જ તારો પરિગ્રહ છે. બધું છોડી દે અને અપરિગ્રહ સંજ્ઞામાં પ્રવેશી જા. જ્યાં સુધી આ સંજ્ઞા ન આવે ત્યાં સુધી નક્કી રાખ કે તને જે મળે છે તે પૂણ્યથી જ મળે છે, તારી હોંશિયારીથી નહીં.'

આ સાંભળતા જ સંતાનો, પત્ની, સંપત્તિ વગેરે બધું જ છોડી દઈને આનંદ શ્રાવક ગામને પાદર આવેલી ગાયની કોઢમાં પરિગ્રહપરિમાણ વ્રત લઈ કાયોત્સર્ગમાં પ્રવેશી ગયાં અને દુર્લભ માનવભવ સાર્થક કરવામાં લાગી ગયાં... અને આમ સમય જતાં શ્રાવક હોવા છતાં પણ તેઓ અભૂતપૂર્વ એવા અવધિજ્ઞાનના સ્વામી બન્યા.

આ વાત પૂજ્ય ભાઈને અધ્યાત્મના અને ખાસ તો અપરિગ્રહના અનુસંધાનમાં વિશેષ પ્રિયકર છે, તેથી આટલી વાત પૂરી કરી તે દિવસે પૂજ્ય ભાઈએ આગળ કહ્યું:

આખા જગતની જીવરાશિમાં ફક્ત માનવોને ત્યાં જ કોઠાર અને રસોડા છે, બાકી તો બધી જ યોનિમાં બીજા ટંકના અનાજનો પણ પરિગ્રહ નથી. પ્રભુ સૌને જમાડે છે. માનવને એક બાજુ દેહમુક્તિ જોઈએ છે પણ દેહાતીત થવું નથી તે કરુણતા છે! દેહની પ્રમાદપોષક પુષ્ટિ છોડી આત્મપુષ્ટિ માટેનો પુરુષાર્થ આદરવા હવે આપણે મંત્રજાપ તરફ વળવું જ રહ્યું તેમ પૂજ્ય ભાઈનું માનવુ છે.

આટલા નવકાર મહામંત્ર ગણ્યા પછી સુખની સંજીવનીરૂપી ૭ લબ્ધિઓ ભેટ મળે છે:

૧. નિસ્પૃહતાની શ્રીમંતાઈ – No strings.
૨. નિર્વ્યસનતાનો વૈભવ – Luxury of non-addictiveness.
૩. નિરાભિમાનીતાની ઊંચાઈ – Egolessness.
૪. નિરાસંશ પ્રેમની સમૃદ્ધિ – Doubtlessness.
૫. નિરાસક્ત ભક્તિનો આનંદ – Sublime bliss.
૬. નિર્વેરીતાની મહામૂડી – Freedom from feud.
૭. નિરંતર સેવાની આબાદી – Selfless services.

નવકારના જાપથી અરિહંતની ચેતનાને આમંત્રણ મળે છે આપણી સાથે જોડાવાનું. આ મંત્ર ચૈતન્યને પ્રગટાવવા નમો ભાવથી નિકટ જવાય છે, તેની અચિન્ત્ય શક્તિનું દર્શન અને સ્પર્શન થાય છે તથા પરમતત્વમાં શરણાગત થઈને ભળી જવાય છે. આર્હન્ત્ય ચેતના એ અરિહંતોનું પ્રતિષ્ઠાન છે જે સનાતન સર્વજ્ઞ–સર્વશક્તિમાન–સર્વાન્તર્યામિ–સર્વાભિમુખ સર્વ ક્ષેત્ર–કાળવ્યાપી અને શરણાગતવત્સલ છે.

આમ નવકાર એ સંસાર પાર ઉતરવાની આત્માનુસંધાન રૂપી નૌકા જ છે. પ્રભુએ દીધેલ મનુષ્ય દેહાયતનને નવકાર મંત્ર ગણીને વિભૂષિત, સુશોભિત અને સમર્પિત કરીએ તો જ અનેક ભવનો આત્મવિકાસ એક જ ભવમાં શક્ય બને છે. નવકાર જ પથ્થરને અરિહંત કે સિદ્ધની મૂર્તિ બનાવી શકે તેવો એક માત્ર વિદ્યમાન મંત્ર છે.

મંત્રપૂર્તિ કે શાસ્ત્રમૂર્તિ રૂપે શ્રી નવકાર મહામંત્રને પૂજ્ય ભાઈને આ રીતે મૂલવતાં અમે ક્વચિત્ પહેલી જ વાર જોયા હતા. વળી તેમણે આગળ કહ્યું કે જો પાષાણની પ્રતિમાને પ્રભુ બનાવતો આ મંત્ર હોય તો માનવના જીવતા શિલ્પમાં આવૃત્ત પ્રભુજી આપણા આત્માને કેમ પ્રગટ ન કરી શકે? દ્વાદશાંગીના સારરૂપ નવકાર ગણવાથી સાધક સેંકડો જન્મ સંચિત પાપને બે ઘડીમાં લય કરી શકે છે તે વાત નિ:શંક છે.

નવકારનાં પ્રથમ પાંચ પદો પદસ્થ/પીંડસ્થ/રૂપસ્થ ધ્યાનમાં લઈ જાય છે અને ચૂલિકાનું ધ્યાન પરમપદનું ધ્યાન હોવાથી રૂપાતીત ધ્યાનમાં લઈ જવા સક્ષમ છે. એકવાર ધ્યાનસ્થ થતા આવડી જાય તો હવેના વર્ષોમાં રોજ ૫ નિયમ ધારી શકાય:


૧. ફક્ત આજનો દિવસ હું ક્રોધનો ત્યાગ કરીશ.
૨. ફક્ત આજનો દિવસ હું નિશ્ચિંત રહીશ.
૩. ફક્ત આજનો દિવસ હું મારું કામ ઈમાનદારીથી કરીશ.
૪. ફક્ત આજનો દિવસ હું કુદરતની કૃપાનો આભાર માનીશ.
૫. ફક્ત આજનો દિવસ હું જીવમાત્રને પ્રેમ આપી આદર કરીશ.

આ સાંભળીને મને દાદીમા પૂજ્ય તારાબાએ કહેલી એક વાત યાદ આવી ગઈ.
શિવ અને સત્યના કલ્યાણ માર્ગે જ ચાલનાર દાદાજી પૂજ્ય કીરચંદભાઈનું એક અદીઠ, રચનાત્મક ને નૈતિક દબાણ હતું બાળકો ઉપર, જેણે સૌ સંતાનોને જીવનના સાચા માર્ગે વિકાસની યથાર્થતા સમજાવી. આજે પૂજ્ય ભાઈની શક્તિનું મૂળ તેઓની સચ્ચાઈ ને ચોક્કસાઈમાંથી નિષ્પન્ન થયું હશે તેમ અવશ્ય પ્રતીત થાય છે.
'યોગ: કર્મષુ કૌશલમ્' સમું તેમનું જીવન જ સ્વયં એક યોગ છે જાણે.
આવા પરમાર્હત્ શ્રાવકની પૂર્ણત્વને પામવાની અદ્‌ભૂત જીવનયાત્રા કેવળ દર્શનીય જ નહીં, મનનીય પણ હોય તે વાત નિ:શંક છે.

અમને ઘણીવાર વિચાર આવે કે પૂજ્ય ભાઈએ અદ્વિતીય તત્વની વાતો/વિચારો એવા કહ્યા છે કે જો તેમની નિશ્રા ન મળી હોત તો આ બધું જાણવામાંથી સાવ બાકાત રહી જવાત. અમારા આ મહાપૂણ્યોદયની અનુમોદના થઈ જાય એવી જ એક અદ્‌ભૂત વાત કહી તેમણે એકવાર.

કલ્પસૂત્રમાં આવે છે કે અક્ષરો આત્માની શક્તિ રૂપે અંદરથી જ નીકળેલા છે જેના સેવનથી જ્ઞાન પ્રકાશ પામે છે. अ થી ह સુધીનાં વર્ણાક્ષરોની માતૃકાનું સ્મરણ કરવાથી જ્ઞાનઘોધ વહે છે, તેનું ધ્યાન કરવાથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય છે અને છ માસ સુધી સતત તેનું ધ્યાન ધરવાથી તો માતાના ગર્ભમાં ફરી આવવું પડતું જ નથી. આખી માતૃકા એક માત્ર ह માંથી જ બની છે. हનાં પાંચ ભાગોમાંથી જ क થી ज्ञ સુધીની બારાખડી બને છે. ह ને આપણી અંદર રોપવાથી શબ્દ પ્રત્યયમાંથી અર્થ વિસ્ફોટ થઈ હસ્તાંતર પામે છે. યોગશાસ્ત્રમાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીએ પણ કહ્યું છે કે: अ થી ह સુધીના અક્ષરો એ શાશ્વત, સર્વવ્યાપી જ્ઞાનની માતા છે. એનું બહુમાન કરો. રસાસ્વાદ કરો. દુનિયાનું બધું જ જ્ઞાન તેમાં સમાઈ ગયું છે. તેમાંથી જ ગણધરોએ પણ દ્વાદશાંગી રચી છે. અક્ષરમાતૃકા એ કેવળજ્ઞાનના ટૂકડા છે, તેને ધ્યાન દ્વારા સ્ફૂરિત કરો, પ્રસ્ફૂટ કરો અને પછી જૂઓ, જલ થકી વૃક્ષ સંવર્ધન પામે તેમ આત્મા સંવર્ધિત થશે. Union with God-પ્રભુ સાથે એકરૂપતા અનુભવાશે.

જે દિવસ-રાત સંસારનાં પ્રશ્નોનું આપણે ચિંતન કરીએ છીએ તે કનિષ્ઠ છે. તીર્થ સેવન તથા તત્વાર્થ ચિંતન મધ્યમા છે. ઉત્તમ છે ધ્યાન ધારણા અને ઉત્તમોત્તમ છે સહજ સમાધિ. તેના ઉપર કોઈનો પેટન્ટ રાઈટ નથી કે તે કોઈનો વિશેષાધિકાર નથી. આપણે પ્રભુની પૂજા કરીએ ત્યારે તેઓની પદ્માસન સહિતની ધ્યાનમુદ્રા દરરોજ જોઈએ છીએ, પરંતુ એ જાણ નથી કે જિનશાસનનું સંપૂર્ણ ઉપનિષદ પ્રભુના ધ્યાનની એ મુદ્રામાં સમાવિષ્ટ થાય છે.




| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| क | ख | ग | घ | च | छ | ज |
| 1,1,3,4 | 1,4,2,4,1 | 1,1,5 | 1,4,4,1 | 1,1,4,2 | 4,4,5,4 | 1,1,2,4 |
| झ | ट | ठ | ड | ढ | ण | त |
| 1,1,2,3,3,3 | 1,2,4 | 1,2,4,4 | 1,2,4,4 | 1,2,3,4 | 1,3,1 | 1,1,4 |
| थ | द | ध | न | प | फ | ब |
| 1,1,4,5,4 | 1,2,4,5 | 1,1,4,5,4 | 1,1,4,3 | 1,1,3 | 1,3,3 | 1,1,2,4 |
| भ | म | य | र | ल | व | श |
| 5,5,5,1 | 1,5,5,1 | 1,1,4,5, | 1,1,4,5 | 1,1,4,4 | 1,1,4 | 1,2,4,1 |
| ष | स | ह | ए | क्ष | ज्ञ | |
| 1,1,3,1 | 1,1,1,2,4 | 1,2,4,5 | 1,5,5,2,1 | 1,1,5,5,5 | 1,1,2,4,5 | |

● સાચી પ્રાર્થના પોતાના સત્યસ્વરૂપની બહાર કોઈ અન્યને કરવાની હોતી નથી.

પ્રભુની ધ્યાનમુદ્રા કહે છે કે:
૧. હાથેથી કાંઈ કરવા જેવું નથી.
૨. પગેથી ક્યાંય ચાલીને જવા જેવું નથી.
૩. આંખોથી અંદર જ જોવા જેવું છે.
૪. હોઠથી કાંઈ બોલવા જેવું નથી.

આ જાણ્યા પછી આચરણનો વિલંબ એ પ્રજ્ઞાપરાધ છે.
આપણે આપણું મૂળ ઘર જ ભૂલી ગયા છીએ તેથી home sick થતાં જ નથી... અને પાછા વળવાની વિસ્મૃતિ છે, તેથી દેહાધ્યાસનાં કારણે અનંતા ભવો વધ્યા કરે તેવા સમસ્ત કાર્યો કરવામાં આપણે વ્યસ્ત છીએ, મસ્ત છીએ.

We are not mere passengers, we are the messengers of Lord Mahavir.
ભગવાનના દૂત છીએ આપણે સૌ. તો ભગવાને સાડા બાર વર્ષ જે કાયોત્સર્ગ ધ્યાન કર્યું તે પંથે આપણે પણ વિચરણ કરવુ જ રહ્યું. એ માટે આપણા દેહપુરમ્‌નાં દેવને જાગૃત કરવા ન્યાસાખ્ય ભક્તિ કરવાપૂર્વક વજપંજર સ્તોત્રના અંગન્યાસ (દેહને દેવળ કરતી વિદ્યા), કરન્યાસ (કતૃત્વનો નાશ કરતું વિજ્ઞાન) ને માતૃકાન્યાસ (આત્મામાં સ્થિતિ કરતું ઉપનિષદ) મુદ્રા સહિત કરવાથી મંત્રમંડલની સાધના દ્વારા સર્વાંગીકરણો દિવ્ય બનાવવા કાયોત્સર્ગ ધ્યાનમાં પ્રવેશી શકાય છે.
કાયોત્સર્ગ બે પ્રકારના છે:
૧. ચેષ્ઠા કાયોત્સર્ગ: પ્રતિક્રમણમાં થતો પચ્ચક્ખાણ સહિતનો કાઉસ્સગ્ગ.
૨. અભિભવ કાયોત્સર્ગ: ઔદેયિક ભાવ ન આવે ત્યાં સુધીનો પચ્ચક્ખાણ વગરનો કાઉસ્સગ્ગ, જે પ્રભુ મહાવીરે સાડાબાર વર્ષ પર્યંત કરેલ.

ફરી-ફરી એ જોઈ આનંદ થાય કે પૂજ્ય ભાઈ વકતા તરીકે પુરૂં હોમવર્ક કરે છે તેથી જ આમ અવિરત બોલી શકે છે.

પૂજ્ય ભાઈએ કાયોત્સર્ગની વ્યાખ્યા કે સમજ આપતા અનેકવિધ રીતે કહ્યું છે કે:

- કાયોત્સર્ગ એ દોષો કાઢીને પૂર્ણતા પ્રગટ કરવાનું અમોઘ સાધન છે.
- મન, વચન, કાયાના બધા યોગ ભૂલીને સ્વરૂપમાં રહેવુ તે કાયોત્સર્ગ છે.
- આત્માએ શરીર ધારણ કર્યું છે તેથી ઢંકાઈ ગયો છે, તેની પ્રચ્છન્નતા દૂર કરી આત્માને પ્રગટ કરવાનું સાધન એટલે જ કાયોત્સર્ગ.
- કાયોત્સર્ગમાં ritualistic world એ spiritualityમાં પરિવર્તિત થાય છે.
- કાયોત્સર્ગથી ભાવ તથા દ્રવ્ય આરોગ્ય પુષ્ટ બને છે.
- બ્રહ્માંડ સાથે એકતા સ્થાપી સ્વયં સાથે એકરૂપ બનવા માટેની ક્રિયા છે કાયોત્સર્ગ.
- પ્રભુ સાથે તાદાત્મ્ય સાધી તેઓની સઘળી વિરાસત/સમૃદ્ધિને આપણી બનાવવાની અમૃતક્રિયા એટલે કાયોત્સર્ગ.
- પરિઘમાંથી કેન્દ્ર તરફ જવાની યાત્રા એટલે કાયોત્સર્ગ.
- કર્મ સત્તા ન્યાયી છે, ધર્મ સત્તા દયાળુ છે, પ્રભુ સત્તા કૃપાળુ છે - આવા સત્યોનું પ્રગટીકરણ કરાવનાર છે કાયોત્સર્ગ.
- તપ, ત્યાગ ને વૈરાગ્ય બાહ્ય પ્રવૃત્તિઓ માત્ર છે અને અંદરની શ્રીમંતાઈ છે પ્રભુનું શરણ. આવી સમજ આપે છે કાયોત્સર્ગની સંનિધિ.
- સંબંધજગતમાં મૈત્રી, અહિંસા, પરહિતચિંતા, સંવાદિતા અને સ્વરૂપજગતમાં મનોગુપ્તિ - આ વિચાર ઉપર પ્રકાશ પાડનાર જ્ઞાનદિપક છે કાયોત્સર્ગ.
- ૧૪ રાજલોકમાં જન્મ ધરીને પછી ‘ઘરે પરત ફરવું’ એટલે કાયોત્સર્ગ.
- સ્વનો અધ્યાય કરવો એટલે કાયોત્સર્ગ.
- વિચારોનું અનશન, પ્રભુનામનું અશન (આહાર) અને કાયોત્સર્ગનું આસન આત્માની પાંચ મૂળભૂત શક્તિઓને ખીલવે છે:
  સત્-સન્મયત્વ, ચિત્-ચિન્મયત્વ, આનંદ-આનંદમયત્વ, ઈશિત્વ-સ્વાધીનત્વ અને વશિત્વ-પ્રભુત્વ.

કાયોત્સર્ગ વિધાનની પંચપીઠના વિષયમાં પૂજ્ય ભાઈ સમજાવે છે કે ઉપદેશમાર્ગને પૂરક એવા ધ્યાનમાર્ગે આત્મસ્થ થવાની અદ્‌ભૂત સાધના નીચે દર્શાવ્યા પ્રમાણેની આ **કાયોત્સર્ગ વિધાનની પંચપીઠ** દ્વારા થાય છે:

**પ્રથમ પીઠ: સુદર્શન પીઠ**
આ પીઠમાં દાખલ થઈ પ્રથમ વજ્રપંજર સ્તોત્ર અને આત્મરક્ષા મંત્રોથી દેહરૂપી દેવાલયને અભિમંત્રીત કરી દર્શનશુદ્ધિ માટે આપણા દેવત્વને જગાડવાનું હોય છે.

**દ્વિતીય પીઠ: સુશ્રુત પીઠ**
આ પીઠમાં નવકાર મંત્રના ૩૫ વર્ણોના ઉચ્ચાર સાથે ધ્યાન, ह મહાપ્રાણનું ધ્યાન તથા ૧૬ પરમાક્ષરોનું (અરિહંત, સિદ્ધ, આયરિય, ઉવજ્ઝાય, સાહુ) બિંદુધ્યાન સમાવિષ્ટ છે જેનાથી વાક્‌શુદ્ધિ, મનશુદ્ધિ, પ્રાણશુદ્ધિ અને આત્મશુદ્ધિ થાય છે.

**તૃતીય પીઠ: સુમંગલા પીઠ**
આ પીઠમાં પંચપરમેષ્ઠીના મંત્રાક્ષરોથી દેહરૂપી દેવળનો અભિષેક કરાય છે જેથી પંચમહાભૂતોની શુદ્ધિ થાય છે. જે રીતે જિનબિંબોને અભિષેક એ આરાધના છે, તે જ રીતે આ ગંગા-શ્રુત-સૂર્ય-પૂણ્ય-અમૃતસ્નાન દ્વારા સંકલેશરહિત મન, ક્લેશરહિત વાણી અને રોગરહિત કાયા બનવાથી જીવન મંગલ બને છે.

**ચતુર્થ પીઠ: સુરક્ષા પીઠ**
કાયોત્સર્ગના ગર્ભદ્વારરૂપ આ પીઠ કાયોત્સર્ગ યાત્રાનું હાર્દ છે. અહીં દરેક શ્વાસોશ્વાસ સાથે નવકાર મંત્રના અક્ષરોને પરોવવાના છે જેથી સ્થૂળ દેહ, ક્ષેત્ર, કાળ તથા નામ-રૂપની વિસ્મૃતિ થાય છે અને માત્ર અસ્તિત્વનો બોધ શેષ રહે છે. આ પીઠમાં ઈચ્છાનો સ્વાભાવિક ત્યાગ (હેય) થાય છે.

**પંચમ પીઠ: સુમેરુ પીઠ**

આ અનુત્તર ક્રિયા છે. અહીં ચિંતનથી ચિત્ત, મનનથી મન, દર્શનથી દ્રષ્ટિ, શ્રવણથી શ્રવણેન્દ્રિય છોડી શાંત પ્રાણ સાથે જપ કરી અનાહત નાદમાં વિશ્રાંતિ મેળવી અમનસ્કયોગમાં જઈ નિર્વિચાર થવાથી ઉત્તમોત્તમ સહજ સમાધિ લાગે છે.

પૂજ્ય ભાઈ આ સંદર્ભમાં સમજાવતા આગળ કહે છે કે:
સુદર્શન પીઠ - કર્મયોગ છે - કર્તુત્વને દૂર કરે છે.
સુશ્રુત પીઠ - જ્ઞાનયોગ છે - આત્માની જ્ઞાનશક્તિનો વિકાસ કરે છે.
સુમંગલા પીઠ - ભક્તિયોગ છે - દેહકોષોને નિર્મલ કરે છે.
સુરક્ષા પીઠ - ધ્યાનયોગ છે - મંત્રચૈતન્યને સ્ફુલ્લિંગ કરે છે.
સુમેરુ પીઠ - સમાધિયોગ છે - પરમ સમત્વની પ્રાપ્તિ કરાવે છે.

આ પછી આપણા આત્માની અમરતાનું અને પર્યાયોની પામરતાનું જ્ઞાન થાય છે. મૃણમય માટીનો બનેલો દેહ ચિન્મયી બને છે અને પ્રાંતે અપરોક્ષાનુભૂતિ થતા જ આત્મશુદ્ધિ પ્રગટ થાય છે. આમ સૌને ભગવદ્ સ્મરણ, ચિંતન અને ધ્યાન દ્વારા જે અનુભૂતિ કરાવી રહ્યું છે તે કાયોત્સર્ગ વિધાન ખરે જ પારસમણિ સમું છે.

जो सहस्सं सहस्साणं संगामे दुज्जए जिणे ।
एगं जिणेज्ज अप्पाणं एस मे परमो जओ ॥
—उत्तराध्ययन सूत्र, ९-३४

દુર્જેય સંગ્રામમાં દસ લાખ શત્રુઓને માણસ હરાવે તેના કરતા
પોતાના આત્મા ઉપર વિજય મેળવે એ જ પરમ વિજય છે.
—ઉત્તરાધ્યયન સૂત્ર, ૯–૩૪

※

In Navkar dwells His divine presence, which is the source of all peace, all joys, all securities. Let us try to find His presence in us and all our difficulties shall disappear. પૂજ્ય ભાઈના કહેવા અનુસાર આપણે અર્થની ઝાઝી મથામણમાં પડયા વગર જ આ બ્રહ્માંડમાં અનંતકાળથી ઘૂમરાતા અને પડઘાતા નવકાર મંત્રના ૬૮ અક્ષરોમાં જ વિલીન થઈ જઈએ. જ્યારે સમસ્ત પરિવાર એકઠા થઈએ ત્યારે ઘરના લોકોને પમાડવાના નિમિત્તરૂપ આ અવસરે પૂજ્ય ભાઈ ખૂબ રોમાંચિત હોય. આવા જ એક પ્રસંગે તેમણે એક અનુપમ વાત સૌ સમક્ષ મૂકી દીધી:

'નમો અરિહંતાણં'ના સાત અક્ષરો ઉપનિષદના ૭ મહાસત્યોને ઉદ્ઘાટિત કરે છે:

૧. એગે આયા એટલે કે જીવરાશી એક જ છે. આ છે અહિંસાનું ઉપનિષદ.

૨. નમ: બ્રહ્મ: એટલે કે નમસ્કારમાં કર્મનો કાયદો ઉલ્લંઘી જવાની શક્તિ છે. આ છે બ્રહ્મોપનિષદ.

૩. ત્રિકાલ અબાધિત સત્યને પ્રકાશિત કરનાર આત્મા જ સર્વોપરી સત્તા છે. આ છે ઈશોપનિષદ.

૪. અનેકાંત સ્યાદ્વાદ એ સમસ્ત જીવરાશિ સાથે સમન્વય સાધી આપે છે. આ છે શ્રુતોપનિષદ.

૫. પૃથ્વી એ જીવમાત્રનું આગાર છે. આ છે શાંતોપનિષદ.

૬. પરિગ્રહ એ સંસારની સંજ્ઞામાં વૃદ્ધિ કરે છે. આ છે વિશ્વોપનિષદ.

૭. ભોગ-ઉપભોગથી વિરામ પામવાના આદર્શ એ પંચપરમેષ્ઠીઓ છે. આ છે મોક્ષોપનિષદ.

વ્યક્તિથી સમષ્ટિ સુધી પહોંચવાનો રાજમાર્ગ નવકાર છે એમ કહીને તેનું પહેલું પદ સમજાવતા તેઓ કહે કે: 'નમો' અનુરાગ વાચક છે. 'અરિહંતાણં' અનુગ્રહ વાચક છે. અનુગ્રહ તથા અનુરાગ મળીને જ નમસ્કાર બને છે. એ નમસ્કારથી પ્રાપ્ત થતા નિજાનંદને માણીએ તો અનહદમાં જઈ વિરમીએ.



● અરિહંત મારી ચેતનાનું મૂળ છે, તેથી હું સ્વયં ચેતનસ્વરૂપી છું.

જૈનો તરીકે આ રીતે જીવવું તે આસાન છે, કારણકે આપણે ગળથૂથીમાંથી જ અહંના નહીં, અર્હંના સામ્રાજ્યમાં જીવવાનું શીખતા હોઈએ છીએ.

વળી એક સવારે એકાએક પૂજ્ય ભાઈએ વિચારોની નવી જ દિશા ઉઘાડી આપી: પૃથ્વી ઉપરનું જીવન જેમ છે તેમ રહેવા દઈને ફક્ત વ્યક્તિગત મુક્તિની ઈચ્છા એ પણ એક તૃષ્ણા જ છે ને? પ્રથમ અહીંયા જ સ્વયં દિવ્યજીવન જીવીએ અને પછી સમાજમાં દિવ્યજીવનના દિવડા પ્રગટાવીએ. પ્રભુ સર્વત્ર વસે છે. બધામાં પ્રભુ જોતા-જોતા સ્વયં પ્રભુ બની જવાશે. બધું પ્રભુનું જ છે પછી બીજાથી જૂદું રાખવાની શું જરૂર છે? ખરો દ્રવ્ય અને ભાવ સંકોચ આ જ છે.

जिनशासनस्स सार इति आज्ञा । જિનશાસનનો સાર આજ્ઞા છે – નમો ભાવ છે. નમો ભાવ એ વર્તમાન ક્ષણની ઉપાસના છે. નમો અરિહંતાણં એ જીવિત સ્વામી છે. તેનાથી જ અહંનું કોચલું તૂટે અને અર્હંમાં પ્રવેશી શકાય છે. પ્રભુ કૃપા સાધ્ય છે અને સ્વરૂપપ્રાપ્તિ અર્હંની કૃપા સંપૂર્ણ શરણાગતિથી જ મળે. પથદર્શક, પ્રજ્ઞાપ્રકાશક તથા પુરૂષાર્થપ્રેરક એવા કોઈ ગુરુ જ આ મંગલમય નવકારનું રહસ્યોદ્‌ઘાટન કરી શકે છે.

નમો પદ એ મંત્રચૈતન્ય પ્રગટાવવાની ચક્રવર્તી ચાવી છે. નમો ભાવ પ્રથમ બુદ્ધિને બોધિમાં પરિણત કરે એટલે બુદ્ધિનો સાર જાગૃત થતાં ભાવનામાં પર્યવસિત થાય. ભાવનાનો સંપુટ જ્યારે દીર્ઘ બને ત્યારે ભાવના ભાવ બને. ભાવ એટલે મન-વચન-કાયા ત્રણે એકસરખા નમોમય બને. નમો એટલે અહંની શૂન્યતા ને અર્હંની પૂર્ણતા. પૂર્ણતા એટલે જે અવસ્થામાં આત્મા સ્વમાં સ્થિત હોય તે.

નવકાર મંત્રના શબ્દો રસાયણ છે. તેનો જપ એ પરમેષ્ઠીમાં રહેલી આર્હન્ત્ય ચેતના જ છે, જેનું પ્રણિધાન 'નમો' ભાવથી થાય છે. માત્ર શબ્દોનું નિર્વિકલ્પ સ્મરણ સાધકને પોતાના જ આત્મામાં રહેલા પરમાત્માનો સ્પર્શ કરાવે છે.

નવકાર મંત્રના અજપાજાપથી ૭ વિસંવાદો દૂર થાય છે:
- જગત સાથે સહજીવનનો અભાવ મૈત્રી થકી દૂર થાય છે.
- કુદરત પ્રત્યે અનુકંપાનો અભાવ અહિંસા દ્વારા દૂર થાય છે.
- ધર્માચરણનો અભાવ જાપની ભાવક્રિયા દ્વારા દૂર થાય છે.
- પરિવાર સાથેનાં વાદ-વિવાદો ઋણમુક્તિની ભાવનાથી દૂર થાય છે.
- પીંડ સાથે સંયમનો અભાવ તપ દ્વારા દૂર થાય છે.
- સમાજ પરત્વે ઉત્તરદાયિત્વનો અભાવ સેવાભાવ દ્વારા દૂર થાય છે.
- પ્રભુની આજ્ઞાપાલનની અશક્તિ સમર્પણભાવ દ્વારા દૂર થાય છે.

એકવાર સન્ ૧૯૭૬માં પંન્યાસશ્રીજી મહારાજે અમને સપરિવાર બોધ આપેલો તે પૂજ્ય ભાઈની નોંધમાંથી મળી આવ્યો:
'શ્રાવક થઈને તમે સવારે સામાયિક કરી, પ્રભુ પૂજા કરો એટલે બધું પૂરું થઇ ગયું સમજો છો પણ તમારી ભૂલ થાય છે. અહીંથી જ ખરો ધર્મમય દિવસ શરૂ થાય છે. પ્રભુ પૂજા કરીને બહાર નીકળો પછી દિવસ આખ્ખામાં જેટલાં લોકો કે મુંગા જીવો સામા મળે તેની વાઙ્મયી પૂજા કરવી જોઈએ. તેઓને સંભળાય તેમ બોલવું જોઈએ કે: તમારામાં રહેલાં મારા જેવા જ શુદ્ધ ચૈતન્યની હું પૂજા કરું છું. આટલું બોલીને પછી મનથી વિચારવું કે મેં જેની પૂજા કરી તે મારા માટે પૂજ્ય છે તો પછી તેના પરત્વે રાગ-દ્વેષ સંભવી ન શકે, તેની નિંદા તો થઇ જ ન શકે, તેની ઈર્ષ્યા કરવાનો તો સવાલ જ નથી અને તેની પરત્વે ક્રોધ, માન, માયા કે લોભની સંજ્ઞા થકી કોઈ વ્યવહાર શોભનીય નથી. આમ આખો દિવસ તેઓ સર્વે પરત્વે આદરપૂર્ણ શ્રદ્ધેયતા કેળવવાથી વિશ્વશાંતિના મહામૂલા કાર્યમાં આપણે ક્ષણેક્ષણ અમૂલ્ય યોગદાન આપી શકીએ છીએ ને દિવસનો બાકીનો સમય નવકાર મંત્રના ધ્યાનમાં વીતાવી શકાય છે.'

जस्स मणे णमोक्कारो संसारो तस्स किं कुणई?
નવકાર જેના મનને વિષે સ્થિર છે, તેને સંસાર શું કરી શકે?

આ ઉપરાંત પૂજ્ય ભાઈએ ઉમેર્યું કે:
પૂજ્ય શ્રી જિનચંદ્રસૂરિજીએ 'શ્રી વૃદ્ધનમસ્કારફલ સ્તોત્ર'માં કહ્યું છે તેમ પૂણ્યાનુબંધી પૂણ્યવાળા જે આત્માઓએ આ નવકારને પ્રાપ્ત કર્યો છે તેની નરક અને તિર્યંચ ગતિઓ અવશ્ય રોકાઈ ગઈ છે. 'શ્રી ઉપદેશ તરંગિણી'ના એક શ્લોકના અર્થમાં પણ લખેલું મળે છે કે અંત સમયે જેના દસ પ્રાણો પંચનમસ્કારની સાથે જાય છે તે જો કવચિત્ મોક્ષ ન પામે તો પણ અવશ્ય વૈમાનિક દેવ તો થાય જ છે. આમ શ્રી નવકાર મંત્રના પ્રત્યેક અક્ષરને ઉચ્ચ ભાવપૂર્વક મન મારફતે પ્રાણોમાં પધરાવવો જોઈએ.

'ભગવતી પરમૈવ સરસ્વતી' વાકય બપ્પભટ્ટસૂરિ કૃત સિદ્ધસારસ્વતસ્તોત્રમાં આવે છે.
સરસ્વતી એટલે: સર = 'ર'કારેણ સહિત, સ્વ = अहं, તી = इति.
આમ સરસ્વતી શબ્દનો શાસ્ત્રીય અર્થ થાય अर्हं.

॥ वन्दे गुरूणां चरणारविन्दे ॥

આવા જ્ઞાની સારસ્વતોને ત્રિવિધે-ત્રિવિધે ત્રિકાળ વંદનો.

ઋણમુક્તિ, જીવનમુક્તિ અને ભવમુક્તિનાં કારણરૂપ પાપપ્રણાશક શ્રી નવકારમંત્ર એ ભવજલતારક, શિવસુખદાયક, કલિમલદાહક, કર્મવિદારક અને ઉપસર્ગહારક બને છે જો એ સાધકને અનવરત રીતે કંઠધારક હોય તો. એટલે જ એ પરમમંત્રને કામકુંભ, કલ્પતરૂ, ચિંતામણિ કહયો છે.
નમો જાપનું તપ એ હૃદયગુહામાં બિરાજમાન આત્મામાં જ છુપાયેલ પરમાત્માનાં દર્શનની ચાવી છે. 'ત' એ દન્તવ્ય છે. જે તત્વજ્ઞાન જાણીએ છીએ તેને બરાબર ચાવવું (મનમાં ઉતારવું) તે. ચાવ્યા બાદ એ તત્વજ્ઞાન પચે ત્યારે પ્રણવના 'પ' માં પ્રગટ થાય. 'પ' એ ઓષ્ઠવ્ય છે જે બે હોઠથી જ બોલાય. હોઠ બીડાઈ ગયા પછી શબ્દ બોલાતો નથી. પ્રણવ એ મૌનમાં રહેવાનું તપ છે. પ્રણવની અભિવ્યક્તિ એ જાપનું તપ છે. ૬૮ અક્ષરોની અપૂર્વ તેજસ્વી માતૃકાઓની પૂજા તથા સમતા સહિતની તપસ્યા દ્વારા જ સત્યનિષ્ઠ, સ્વરૂપનિષ્ઠ, સદાચારનિષ્ઠ, શાસ્ત્રનિષ્ઠ, શીલનિષ્ઠ પંચપરમેષ્ઠીઓ આ પદ પામ્યાં છે.

નમસ્કાર મહામંત્રના આરાધકની મુક્તિ અહીં જ છે. જીહ્વા ઉપર એકવાર નવકાર મંત્રનો 'ન' બોલાયો પછી એ ક્ષણથી જ સરસ્વતી દેવી આપણા વચનમાં વસી ગયા. તો તત્પશ્ચાત્ આપણે ૭ પ્રકારની વાણીનો ત્યાગ કરવો જ રહ્યો: વ્યથાવાણી, વૃથાવાણી, મૃષાવાણી, મિથ્યાવાણી, કટુવાણી, કુપથ્યવાણી ને કુટીલવાણીનો એવો ઉપવાસ કરીએ કે જેનું પારણું જ ન હોય. મંત્રાક્ષરોમાં જિનનામકતૃત્વ સ્થિત છે. મુખેથી જિનનામરૂપ અમૃતવાણી ઝરતાં પહેલાં આ ૭ વાણીનો ત્યાગ અત્યાવશ્યક છે. વગર ઉછામણીએ મળેલો આ દેહ એ અનાદિ સિદ્ધ દેવત્વનુ જીવંત શિલ્પ છે. એ દેહને ધ્યાનયોગમાં જોડવાથી શાશ્વત દિવ્ય ક્ષણોનું નિર્માણ થાય છે.

સદૈવ સ્મૃતિવંત રહ્યો છે અમારી સ્મરણ સંદૂકમાં એ દિવસ જ્યારે પૂજ્ય ભાઈએ પરમાત્માની વાણીના ૩૫ અતિશયોનું વિવેચન-વિવરણ કરી સૌને અભિભૂત કરેલ. એ સાથે જ આપણી વાણી પણ નિમ્નલિખિત ૩૫ ગુણોવાળી હોવી જોઈએ તે ઉપર પ્રકાશ ફેંક્યો હતો:

સંસ્કારવતી, સ્નિગ્ધ, હૃદયંગમ, વિપર્યાસરહિત, ઉદાત્ત, સાકાંક્ષ, વિભ્રમાદિમુક્ત, ઉપચાર-પરીત, શિષ્ટ, ઉચિત, આશ્ચર્યકારી, મેઘગંભીર, તત્વનિષ્ઠ, અદ્ભૂત્, પ્રતિનાદયુક્ત, મધુર, અપ્રકીર્ણપ્રસુત, નાતિવિલંબીત, રાગયુક્ત, સ્વશ્લાઘારહિત, પરનિંદારહિત, અતિવિચિત્ર વિશેષતાવાળી, મહાર્થ, અવ્યાઘાત, અભિજાત્ય, સત્વમુખ્ય, ખેદરહિત, વર્ણપદાદિવિવિક્ત, અસંદેહકર, પ્રશસ્ય, વિચ્છેદરહિત, અન્યોત્તરરહિત, અમર્મવેધી, ઉદાર અને ધમાર્થસંબદ્ધ.

પૂજ્ય ભાઈ સદૈવ સમજાવે છે કે:
શ્રી નવકાર મંત્ર એ પરમ ગુરુ છે. તેના નિયમિત સેવનથી જીવનમાં જે યોગ જરૂરી હશે તે વધુ સુંદર રીતે સાત્મ્ય ભક્તિથી, જ્ઞાનથી, વૈયાવચ્ચથી, સેવાથી, ધ્યાનથી, દાનવૃત્તિથી, તપ, ત્યાગ અને વૈરાગ્યપૂર્વકની ઉદાર વાણીથી આત્મામાં પ્રગટ થશે.


સૌનું સાંસારીક જીવન રોટી, કપડા, મકાન, નામ, કીર્તિ, સત્તા, સંપત્તિ, કામ અને નિદ્રા સમી ૯ વસ્તુઓમાં જ ખર્ચાઇ જાય છે. માત્ર ભૌતિક સમૃદ્ધિ જ આપણો માપદંડ છે અને અહં આશ્રિત જીવન છે. એ દૂર કરવા ધર્મ પુરુષાર્થ કરવો જ રહ્યો, જેનું અમૃતફળ છે આત્માના શુદ્ધ સ્વભાવનું પ્રાગટ્ય. જો જીવમાત્રનો સત્કાર કરી આવી વાણીનો ઉપયોગ કરીએ તો જીવ-શિવનો અભેદભાવ હાથવેંતમાં છે. સમોવસરણમાં શ્રી અરિહંત પરમાત્માની વાણી સંકલેશશામક, કષાયમોચક, અધ્યવસાયશોધક, સંજ્ઞાજયક, શાંતિપ્રદાયક, અમૃતકારક અને મોક્ષદાયક હોય છે. આવી વાણીના શ્રવણમાત્રથી જ આત્મશુદ્ધિ કરી લીધી છે અગણ્ય આત્માઓએ.

શ્રી નવકાર મંત્રનો એક અક્ષર સાત સાગરોપમનું પાપ નાશ કરે છે, તેના એક પદ વડે પચાસ સાગરોપમનું પાપ નાશ પામે છે અને સમગ્ર નવકાર વડે તો પાંચસો સાગરોપમનું પાપ નાશ પામે છે તેવા ગર્ભિત શાસ્ત્રીય શ્લોકાર્થ 'શ્રી લઘુ નમસ્કાર ફલસ્તોત્ર'માંથી પ્રાપ્ત થાય છે. વળી જે નવ લાખ નવકારને સુવિધિએ ગણે અને શ્રી જિનેશ્વરદેવને વિધિપૂર્વક પૂજે તે શ્રી તીર્થંકર નામગોત્રને બાંધે છે એમ પણ તેમાં કહેલું મળે છે. કેટલી કૃપા હોય છે આવા સદ્ગુરુની જેઓ આપણા આત્માનાં હિતાર્થે પોતાનો સમય આપણને હિતશિક્ષા આપવામાં ગાળે છે.

मुहत्तदुक्खा हु हवंति कंटया अओमया ते वि तओ सुउद्धरा ।
वायादुरुत्ताणि दुरुद्धराणि वेराणुबंधीणि महब्भयाणि ॥
-दशवैकालिक सूत्र, ९-(३)-७

લોખંડનો કાંટો બે ઘડી દુઃખ આપે છે અને તે શરીરમાંથી સહેલાઈથી કાઢી શકાય છે, પરંતુ કઠોર વાણીરૂપી કાંટો સહેલાઈથી કાઢી શકાતો નથી. તે વેરની પરંપરા વધારે છે અને મહાભયાનક હોય છે.
–દશવૈકાલિક સૂત્ર, ૯–(૩)–૭

※



- अहिंसा is the law of the universe.

We have voluntarily refused to do research and development of our inner selves. આમ કહેનારા પૂજ્ય ભાઈને શ્રી અરવિંદનું એક વાક્ય ઘણું પ્રિય છે: "If one wants to raise the standard of living, then first one has to raise the standard of giving."

પૂજ્ય ભાઈએ એકવાર ગુરુ મહારાજની ડાયરી ખોલીને આવા જ અનુપમ બીજા ઘણા સુવાક્યોનું એક સાથે પ્રાગટ્ય કર્યું:

- અનીતિથી કમાયેલું ધન પણ આપણને અભક્ષ્ય લાગવું જોઈએ.
- સાપ કરડે તો આપણને બીક લાગે છે પણ પાપ કરડે તો બીક લાગે છે?
- પરોપકાર જ કરવા જેવો છે તેની જાણ છે, છતાં કોણ વ્હાલું - પરિગ્રહ કે પરોપકાર?
- શાંતિની ઈચ્છા છે? તો ઈચ્છાની શાંતિ કરી?
- 'સમય નથી' એનો અર્થ એટલો જ કે રસ નથી.
- જેટલીવાર ૧૨ નવકાર ગણતા બીજો વિચાર આવે તો ફરી ૧૨ નવકાર ગણી શકાય?
- બધી જ સાંસારીક પ્રવૃત્તિઓમાં મોડું થઈ ગયું તેમ લાગે છે પણ ક્યારેય મનમાં એવો પ્રશ્ન થાય છે ખરો કે મોક્ષ જવામાં બહુ મોડું થઈ ગયું?
- ધનવાન બનવામાં આયખું વેડફીએ છીએ, ગુણવાન બનવા સમય આપીએ છીએ?
- ઈચ્છાપૂર્તિમાં સુખ લાગે છે પણ ઈચ્છાનિવૃત્તિમાં સુખ લાગે છે?
- જીવનમાં ઘણાં પદાર્થો ખૂટે છે તેમ લાગે છે પણ ક્યારેય પરમાત્મા ખૂટે છે તેવો વિચાર આવે છે?
- આપણી પાસેની સંપતિની સંપૂર્ણ માલિકી પ્રભુની જ છે તો આપણે તેનો પરિગ્રહ કરાય જ કઈ રીતે?
- જગત મારો સ્વીકાર કરે તે માટે આપણે આયુષ્ય ખર્ચી નાંખ્યું; જગત્પતિ મારો સ્વીકાર કરે તે માટે શું કર્યું?

...અને પછી પૂજ્ય ભાઈએ પોતાના કેટલાંક ચિંતનાત્મક સૂત્રો વાંચી સંભળાવ્યા:

- વિચારો એ વિભાવ છે. સિદ્ધોને વિચાર નહીં, ફક્ત સ્વરૂપચિંતન જ છે.
- શ્રાવકે નીતિપૂર્વક સમૃદ્ધ રહેવું જ જોઈએ પણ અપરિગ્રહ સંજ્ઞાની સાથે જ.
- વિચારો અને વિકારોરહિત શુદ્ધસ્વરૂપમાં રહેવું તે જ છે તપ.
- પરોપકાર એ પ્રત્યુપકાર છે ને તેથી કરવા જેવો જ છે.
- સામા માણસનો વ્યવહાર જોવાય, પરંતુ પોતાનું મૂલ્ય તો નિશ્ચયથી જ અંકાય.
- અજ્ઞાની માણસને જે કર્મ ખપાવતાં કરોડો વર્ષો લાગે છે, તે જ કર્મો જ્ઞાની પ્રાણ સાથે નવકાર ગણતાં એક શ્વાસમાં ખપાવે છે.
- સુખી માણસનો હાથ ક્યારેય સીધો ન હોય, દાન આપવા તે સદૈવ ઊંધો જ હોય.
- આકૃતિથી નહીં, કૃતિથી માણસ ઓળખાય છે.
- મનથી રક્ષણ આપે તે મંત્ર. દ્રષ્ટિનું રક્ષણ કરે તે યંત્ર. આરોગ્ય અર્પે તે તંત્ર.
- ભય દુરાચારીને જ હોય. સદાચારી અભયમાં જ રાચે.
- જેવું તેવું જોવું નહીં, જ્યાં ત્યાં જાવું નહીં, ગમે તેવું ખાવું નહીં.
- પ્રાણાયામ સાથે નવકાર ગણવાથી સો જન્મોના પાપ ધોવાઈ જાય છે.
- મોક્ષમાં 'આવો' કહેનાર છે પણ 'આવજો' કહેનાર કોઈ નથી.

પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબે પૂજ્ય ભાઈને ઘણાં વર્ષોની સાધના પછી જ્યારે સિદ્ધચક્ર પૂજનો ભણાવવા જવાની તથા સંઘમાં શ્રી નવકાર મંત્ર ઉપર પ્રવચનો આપવા માટેની પરવાનગી આપી ત્યારે નિયમ લેવડાવેલો કે તેઓ ખર્ચરૂપે કે સન્માનરૂપે ક્યારેય કાંઈ પણ સ્વીકાર નહીં કરે, જે નિયમ પૂજ્ય ભાઈએ યથાતથ આજીવન પાળ્યો છે ભલે પછી એના માટે સ્વદેશમાં વિમાન માર્ગે કલકત્તા, દિલ્હી, મદ્રાસ, મુંબઈ કે કોઈમ્બતુર ગયા હોય કે પછી વિશ્વનાં કોઈ પણ દેશોમાં ગયા હોય. હા, તેઓએ શુકન પૂરતું શ્રીફળ સ્વીકારી યજમાનનું મન સાચવી લીધું છે.

कित्तिय वंदिय महिया जे ए लोगस्स उत्तमा सिद्धा ।
आरुग्ग बोहिलाभं समाहिवरं उत्तमं दिंतु ॥

લોગસ્સની આ ગાથામાં સ્ત્રી, પુત્ર, ધનાદિ કોઈની નહીં પણ આરોગ્ય, બોધિલાભ અને સમાધિમરણ એમ ત્રણની જ ઈચ્છા દર્શાવી છે. એ પોતાને મળે તે આશયથી પૂજ્ય ભાઈ પરદેશમાં જ્યાં પણ ગયા હોય, તે દરેક સંઘમાંથી એટલા તો આદર-સન્માન પામ્યા હોય અને દરેકને એટલી તો પ્રીતિ પમાડી હોય કે તેઓ પછી ભારત આવે ત્યારે રાજકોટ પૂજ્ય ભાઈને મળવા આવવાનું અચૂક આયોજન કરે. તેઓ જ્યારે આવવાના હોય ત્યારે પૂજ્ય મમ્મીજી સસ્મિત આવકારવા તૈયાર જ હોય.

પંન્યાસશ્રીજી મહારાજ સાહેબની ગુરુ ભક્તિનાં અર્ધ્યરૂપે જ પૂજ્ય ભાઈ છેલ્લા ૪૦ વર્ષથી નવપદજી યંત્રની પૂજા તથા ધ્યાન નિત્યમેવ સંપન્ન કરે છે. તેઓને નિરંતર મનન અધ્યયન કરતા જોઈ અમે કવચિત્ પૂછીએ કે: ભાઈ, પૂજ્ય ગુરુ મહારાજની આ નોંધપોથીઓનું વારંવાર પરિશીલન શા કારણે? તો તેઓ ઉત્તરમાં કહે કે: ગુરુ મહારાજનાં ચિંતનનો આંતરધ્વનિ ફક્ત મારી ઈન્દ્રિયોને જ નહીં, આત્માને સ્પર્શી જાય છે અને મારો એ પરમ આત્મિક આનંદ હું મારા પ્રવચનો દ્વારા દેશ-પરદેશનાં સૌ ભાવિકજનો સુધી પહોંચાડું છું - વહેંચું છું.

પૂજ્ય ભાઈ કહે છે કે: દેહાધ્યાસ આપણને આપણા મૂળ સ્વરૂપ સુધી જતા રોકે છે... પણ જેમ ઝેર જ ઝેરનું મારણ છે તે રીતે આ દેહ દ્વારા જ દેહનો ઉત્સર્ગ કરવાનો વૈજ્ઞાનિક માર્ગ છે કાયોત્સર્ગ. દેહાધ્યાસમાંથી પાર ઉતરવા માટે પૂજ્ય ભાઈનો એક અત્યંત પ્રિય શ્લોક છે:

मन्त्रं संसारसारं, त्रिजगदनुपमं, सर्वपापारिमन्त्रं, संसारोच्छेदमन्त्रं,
विषमविषहरं, कर्मनिर्मूलमन्त्रम् । मन्त्रं सिद्धिप्रदानं, शिवसुखजननं, केवलज्ञानमन्त्रं,
मन्त्रं नमस्कार-मन्त्रं, जपजपजपितं, जन्मनिर्वाणमन्त्रम् ॥

'કાયોત્સર્ગ વિધાન પૂર્વે વર્ણમાતૃકાઓનું પૂજન શા માટે કરવું જોઈએ?' તેવા અમારા પ્રશ્નના જવાબમાં પૂજ્ય ભાઈ કહે છેઃ બ્રહ્માંડમાં ગૂંજતા નાદને પરાવાણીમાંથી વૈખરીવાણીમાં મૂકીને અરિહંતોએ આપણને નમસ્કાર મંત્ર આપ્યો છે. અરિહંતોની શુદ્ધ ચેતના ઊર્જાથી ભરેલી છે જે આ અક્ષરો સાથે આપણી પૂણ્યચેતનામાં ભળે છે.

સમસ્ત જીવરાશિમાં ભાષા એ એકમાત્ર માનવીઓને જ મળેલ છે. ભાષાના અક્ષરો એ આત્માની જ્ઞાનશક્તિમાંથી આવીને માતૃકાઓ દ્વારા અભિવ્યકત થાય છે, માટે સૌ પ્રથમ આપણે એ વર્ણાક્ષરોનું પૂજન-વંદન કરવા ઘટે. તેનાથી જ રચાયા છે પૃથ્વી ઉપરના સર્વ મંત્રો, શાસ્ત્રો, ગ્રંથો, આગમો, ઈત્યાદી. કલીયુગમાં અલ્પાયુષી માનવી માટે શ્રુતના સારરૂપી પંચમંગલ મહાશ્રુતસ્કંધ સમા નવકાર મહામંત્રની આરાધના એ નિરાધારના પરમ આધારરૂપ પરમ આત્મીય બની રહેવી જોઈએ.

સુશ્રુત પીઠમાં સમજાવ્યા પ્રમાણે માતૃકાનું ધ્યાન નવકાર મંત્રના ૩૫ વર્ણોના ઉચ્ચાર સાથે, ह મહાપ્રાણના ધ્યાન સાથે અને ૧૬ પરમાક્ષરોના બિંદુ તથા વિસર્ગના ધ્યાન સાથે કરવું જોઈએ. માતૃકાનું સ્વતંત્ર સ્મરણ એ આત્મજ્ઞાનને જીવંત કરે છે અને આત્મજ્ઞાન લાધ્યા પછી તો ત્રણ જ વાકયમાં કાયોત્સર્ગ વિધાનની વ્યાખ્યા સમજાઈ જાય છેઃ કાયોત્સર્ગ વિધાન થકી કાયગુપ્તિ (દેહનો દ્રવ્ય સંકોચ), મનોગુપ્તિ (વિચારોનો સંકોચ), વચનગુપ્તિ (વાણીનો સંકોચ) જન્મ લે છે.

જૈન આગમો અનુસાર अ થી ह એ જ્ઞાન માતૃકા છે, ત્રિપદી એ પ્રવચન માતૃકા છે, करेमि भंते એ આજ્ઞા માતૃકા છે, ખામેમિ સવ્વજીવે એ અભય માતૃકા છે, શિવમસ્તુ એ મંગલ માતૃકા છે અને નવકાર મંત્ર એ સિદ્ધ માતૃકા છે.

પૂજ્ય ભાઈએ પિતા તરીકે આપ્યું અમોને ધર્મનું પણ હાર્દ, કર્મ ખપાવી મેળવવા મોક્ષનો માર્ગ અને એ માટે સન્ ૧૯૮૯માં તેમની ષષ્ઠિપૂર્તિ વેળાએ પરિવારજનોએ એકઠા થઈ તેમના આશિષ મેળવી દરેકને અનુભવાતી ગરિમાનુભૂતિ શબ્દોમાં ઢાળીને અમે તેઓને નીચે મુજબ અર્પણ કરેલી:

કોઈના પિતા માત્ર બંગલા આપે, કોઈના ખેતર વાડી,
કોઈના મોટી મિલ સોંપી દે, કોઈના વળી મોટર ગાડી!

કોઈના પિતા માત્ર ધીકતો ધંધો, કોઈના આપે બેંકમાં ખાતુ,
તમો પિતા અમોને હૃદય પણ આપ્યું... રાત ને દિવસ ગાતું!

જૈન ધર્મની કરવા યશોગાથા, ગયા છો તમે દિવ્ય દસે દિશામાં,
તમે પિતાજી આ સાંપ્રતકાળે, છો ચમકતો તારો અમાસી નિશામાં!

અનેકાંતવાદ અને અપરિગ્રહને બેલૂર મઠ સર્વધર્મપરિષદમાં સમજાવ્યા,
ને એ રીતે ઈરિયાવિહી અને કર્મસિદ્ધાંતોને વિશ્વધર્મમાં તમે ચમકાવ્યા.

છે ગર્વ-ખુમારી સર્વ પરિવારજનોને, છીએ તમ આશિષ વડલા તળે,
છો કલગી સમ જિનશાસન મધ્યે, તવ વિ-જ્ઞાન, ધ્યાન ને વાણી બળે.

પૂજ્ય તારાબાની કૂખ ઉજાળી ને કીરચંદભાઈનો તાર્યો પરિવાર,
આવા અનુપમ સવાયા પુત્રરત્નને, અમારા સૌના વંદન વારંવાર.

અમે બધા



• વિચાર સમયમાં જ વહે છે. પ્રેમ વર્તમાનમાં જ રહે છે.

देवपूजा गुरुपास्तिः स्वाध्यायः संयमस्तपः ।
दानं चेति गृहस्थानां षट्कर्माणि दिने दिने ॥ ७/६ ॥ પદ્મનંદિ પંચવિંશતિ.
દેવપૂજા, ગુરુ વૈયાવચ્ચ, સ્વાધ્યાય, સંયમ,
તપ અને દાન એ ગૃહસ્થના નિત્ય ષટ્કર્મ કહ્યા છે.

Life begins at 60 કહેનારા પૂજ્ય ભાઈએ જ્યારે દહેરાસરથી આવીને સવારમાં જ આ શ્લોક સમજાવી ત્રણ સુંદર વાત કહી ત્યારે અમે ખૂબ જ વિચાર સમૃદ્ધ બન્યાં:

- સર્વાત્મભાવ સિવાય પરમાત્મભાવ આવી જ ન શકે. શરીરથી જે બધી ક્રિયાઓ કરીએ છીએ તેની અંતરાત્મભાવ ખીલવવા માટે જરૂર છે, પરંતુ પરમાત્મતત્વને આપણી અંદર પ્રવેશવા કાજે સર્વાત્મભાવ જ આવશ્યક છે. જ્યારે દરેક જીવમાં પરમાત્મા દેખાવાના શરૂ થાય ત્યારે જ સર્વાત્મભાવ આવ્યો કહેવાય અને ભાવ વિના મુક્તિ શક્ય નથી.

- શ્રી અરવિંદ કહે છેઃ ભરતનાટ્યમ એ ફકત નૃત્યનો જ એક પ્રકાર નથી, મુદ્રાઓનું વિજ્ઞાન છે. એ ઉપરથી પૂજ્ય ભાઈ કહે કે વજ્રપંજર સ્તોત્ર, ચૈત્યવંદન, સામાયિક-પ્રતિક્રમણમાં આવતી કાઉસ્સગ્ગ સમી અનેક મુદ્રાઓ ઈત્યાદી પણ મુદ્રા વિજ્ઞાન જ છે જેના થકી પ્રકૃતિમાંથી જે જોઈએ તે પ્રાપ્ત કરી શકાય છે.

- ભૂતકાળ કે ભવિષ્યકાળ જેવો કોઈ કાળ છે જ નહીં. જે છે તે ફકત અને ફકત વર્તમાન સમય છે. જે વીતી ગયેલો સમય છે તેની સ્મૃતિ એ ભૂતકાળના નામથી ઓળખી શકાય. વર્તમાનકાળના સમયમાં આવેલી ક્ષણને આપણે જે રીતે જીવીએ તેનું પરિણામ એ ભવિષ્યકાળ છે. આવનારો સમય એ આજે જીવેલા સમયનું ફકત પ્રતિબિંબ બની રહે છે. આમ સામે ઉપસ્થિત થયેલી ક્ષણ એ જ સાચું જીવન અને તેને કેવી રીતે જીવીએ તે જ જીવન જીવવાની સાચી કળા.

પૂજ્ય ભાઈએ આજે થોડા વ્યક્તિ-વિશેષો સાથેના પોતાના સાયુજ્ય-સમયખંડને અમારી સમક્ષ ખોલ્યો... જાણે અમારો ખોબો વહેલી સવારે કોઈએ પારિજાતના પુષ્પોથી ભરી દીધો! શ્રી કુન્દનિકાબહેન તથા શ્રી મકરંદભાઈ દવે સાથે અધ્યાત્મગોષ્ઠિ કરવા પૂજ્ય ભાઈ ઘણીવાર રાજકોટથી ગોંડલ અને પછી મુંબઈ પણ ગયા છે, જ્યાં બીજા મિત્રો પણ હાજર હોય. મળે એટલે મકરંદભાઈ સૌ પ્રથમ તો એમ જ કહે કે: તમારા નવકાર આગળ મારું બોલવું ચૂપ જ થઈ જાય છે! પણ પછી... ખૂલતું જાય બધાનું ચિંતનવિશ્વ અને પછી ઓગળે ભાવવિશ્વ!

પ્રખર ગાંધીવાદી અને ખાદીધારી શ્રી ધીરુભાઈ મહેતા તથા નંદિનીબહેન સંગે પૂજ્ય ભાઈને છેલ્લા ઘણા વર્ષોથી ઘરોબો છે. શ્રી કસ્તુરબા એજ્યુકેશન ટ્રસ્ટ હેઠળની ૮૦ સંસ્થાઓના પ્રેસીડન્ટ તથા મહાત્મા ગાંધી ઈન્સ્ટીટ્યુટ ઑફ મેડીકલ સાયન્સીઝ, સેવાગ્રામનાં ચેરમેન એવા શ્રી ધીરુભાઈ જ્યારે શ્રી શિવાનંદ અધ્વર્યુજીની પ્રિય એવી વીરનગરની આંખની હૉસ્પીટલમાં ડાયરેક્ટર રૂપે જોડાયા એ પછી તો આ નાતો ઓર નિખર્યો છે. તેઓનાં વિદર્ભ પ્રદેશનાં સામાજિક ઉત્થાન કાર્યોથી તો પૂજ્ય ભાઈ અત્યંત પ્રભાવિત છે.

શ્રી શિવાનંદ અધ્વર્યુજીને આજે પૂજ્ય ભાઈએ સમર્યાં પોતાના અધ્યાત્મવિશ્વના મુખ્ય પ્રવેશદ્વાર રૂપે! તેઓએ જો તેમને હિમાલય પ્રતિ વાળ્યા ન હોત તો કદાચ આ દુનિયાનો ઉઘાડ જ ન થયો હોત તેઓ સમક્ષ! વીરનગરની હૉસ્પીટલમાં પૂજ્ય ભાઈ જ્યારે કોઈ મિટિંગમાં ચર્ચા કરવા ગયા હોય ત્યારે રાજકોટથી સાથે ગયેલા સંતાનો ત્યાંના મોટા રળિયામણા મેદાનમાં રમતા હોય. પૂજ્ય બાપુજીનાં પત્ની પ્રેમસ્વરૂપી જયાબા ત્યારે બાળકોને ભાગ આપી પોતાનું અન્નપૂર્ણાપણું સાબિત કરે. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પ્રાણભાઈ મહેતા પ્રારંભથી જ અત્યંત સક્રિય રીતે જોડાયેલાં. પૂજ્ય ભાઈ અને શ્રી પ્રાણભાાઇ હાલમાં જ્યારે મેળાવો કરે, જુના સુવર્ણ દિવસોને અચૂક સ્મરણમાં લાવે છે.

જો અમે પૂછીએ કે આપણામાં ને પ્રભુમાં શો ફેર? તો પૂજ્ય ભાઈનો ઉત્તર હોય કેઃ Creation can never be inferior to the Creator. If I am an extension of God, તો સર્જન ક્યારેય સર્જનહારથી ઉતરતું ન હોઈ શકે. શક્રસ્તવમાં લખ્યું જ છે કેઃ

जिनोदाता-जिनोभोक्ता जिनः सर्वमिदम् जगत् ।
जिनो जयति सर्वत्र यो जिनः सोहमेऽवच ॥

હું પ્રભુમય છું. હું સ્વયં પ્રભુ રૂપ છું. નામ સ્મરણથી નામી આપણા સાંન્નિધ્યમાં આવે છે અને એકવાર જો union with the Lord સ્થપાઈ જાય પછી તો પ્રભુ સાથેનું એકત્વ જ શેષ રહે છે. એનાથી સમજાઈ જાય છે કે આ સંસાર ભાગવા કે ભોગવવા માટે નથી પણ તેને ભવ્ય બનાવવાનો છે મૈત્રીભાવથી. જીવ માત્ર પરત્વે સ્નેહ એ જ આપણો પરિચય છે. મૈત્રીમાં બ્રહ્મવિહાર કરવો તે જ મુખ્ય ક્રિયા છે, મૂળ ક્રિયા છે, બાકી તો ક્રિયાની ક્રિયા એ સામાચારી છે. પ્રભુ સાથે તાદાત્મ્ય થાય તો એની બધી જ સમૃદ્ધિ/ વિરાસત આપણી બને. પ્રભુ આપણી અંદર પ્રવેશીને ગુપ્ત છે, સુપ્ત છે પણ તે લુપ્ત નથી. પરમાત્મા ક્યાંય બહાર નથી. બધા જ વિગ્રહો છે. Ceaseless prayer કરીએ તો અનુભવીએ કે my kingdom is within. આમ આપણામાં ને પ્રભુમાં કોઈ ફેર નથી.

નમામિ અને ખમામિ એ બંને દેહભાવને મૃતપ્રાયઃ કરતી સંજીવની વિદ્યાઓ છે, જેનાથી ધર્મ ધ્યાનના સુંદર એવા નિમ્નલિખિત છ લક્ષણો પ્રાપ્ત થાય છેઃ

धम्मस्स लक्खणं से अज्जवलहुगत्तमउद्दवुवदेसा ।
उवदेसणा य सूत्ते णिसग्गजाओ रुचिओदे ॥

સરળતા, લઘુતા, નમ્રતા, ઉપશમ, જિનસૂત્રમાં આત્મહિતની બુદ્ધિ
અને અસંગતાની રુચિ એ ધર્મધ્યાનના છ લક્ષણો છે.

અમને સંતાનોને અને અમારી બાળસેનાને ક્યારેક કેન્દ્રની બદલે પરિઘમાં ભ્રમણ કરતાં જોઈને પૂજ્ય ભાઈ અચૂક કહે કે: પૂર્ણમાંથી પૂર્ણ બાદ કરીએ તો પૂર્ણ જ મળે. પૂર્ણત્વને પામવાની આ અદ્‌ભૂત્ જીવનયાત્રા અનેક અજ્ઞાત રહસ્યોના તાળાં ખોલવા માટે છે. જગાડો તૃષા અધ્યાત્મના અમૃત પીવાની અને હવે સાચા માર્ગે વળો. એટલે અમે પૂછીએ: તો પછી સાચો ધર્મ એટલે શું? તો તેઓ કહે: धृ धारयति इति धर्मः । આત્માને દુર્ગતિમાં પડતો બચાવે તેને ધર્મ કહેવામાં આવે છે. જે આચરણથી મનની પ્રસન્નતા વધે, હૃદયનો વિકાસ થાય, જેના અનુસાર ચાલવાથી શ્રેય પ્રાપ્ત થાય, જેના વડે આ લોકમાં ઉન્નતિ અને પ્રાન્તે મોક્ષ મળે તે ધર્મ. 'ज्ञान क्रियाभ्यां मोक्षः' પ્રમાણે જ્ઞાન અને ક્રિયાનો સમ્યક્ સમન્વય તે ધર્મ.

कोहो पीइं पणासेइ माणो विणयनासणो ।
माया मित्ताणि नासेइ लोभो सव्वविणासणो ॥
–दशवैकालिक सूत्र, ८-३७

ક્રોધ પ્રીતિનો નાશ કરે છે; માન વિજયનો નાશ કરે છે;
માયા–કપટ મિત્રતાનો નાશ કરે છે; ને લોભ સર્વનો વિનાશ કરે છે.
–દશવૈકાલિક સૂત્ર, ૮–૩૭

વળી ઉપરના શ્લોકનું વિશ્લેષણ કર્યા પછી પૂજ્ય ભાઈ કહે:
ક્રોધ, માન, માયા અને લોભનો ત્યાગ કરો. સમયને વેડફો નહીં, વાવો.
સ્વરૂપ ભૂલ્યા છો માટે જ મૂલ્યવિહિન ચીજો માટે આયુષ્યનો જુગાર રમો છો.
જ્ઞાનાનુભવનો અવસરોચિત ઉપયોગ જાણનાર આ પરમાર્હત્ શ્રાવક ગુરુદેવનાં કૃપાપાત્ર સાધક હોય તેમાં શી નવાઈ?

આપ છો આત્મલીન આકૃતિ, સુકૃત્યોની જીવંત કૃતિ;
તત્વરૂચિની ઝળકે વૃત્તિ, મૈત્રીભાવની સાતત્ય શ્રુતિ!

પછી તેઓએ મંગલ એવા તેમનાં પ્રિય શ્લોકો અમો સૌને ભાવસભર ગવડાવ્યા જેની સાથે પૂજ્ય ભાઈ પોતે હારમોનીયમ વગાડતા ગયાઃ

જેની આંખો પ્રણય ઝરતી સૌમ્ય આનંદ આપે,
જેની વાણી અમૃત ઝરતી દર્દ સંતાપ કાપે,
જેની કાયા પ્રશમ ઝરતી શાંતિનો બોધ આપે,
એવું મીઠું સ્મરણ પ્રભુનું પંથનો થાક કાપે.

આજે પામ્યો પરમપદનો પંથ તારી કૃપાથી,
મીટયાં સર્વે ભય ભ્રમણના દિવ્ય તારી કૃપાથી,
દુઃખો સર્વે ક્ષય થઈ ગયા દેવ તારી કૃપાથી,
ખુલ્યાં-ખુલ્યાં સકલ સુખનાં દ્વાર તારી કૃપાથી.

જન્મોના જે બહુ-બહુ કર્યાં પાપ તે દૂર થાયે,
ભક્તિ કેરી પ્રભુ ગુણમહીં ચિત્તવૃત્તિ ગુંથાયે,
વિટાયું જે તિમિર સઘળું રાત્રિને વિશ્વમાંહે,
ભાગે છે તે રવિ ઉદયથી સત્વરે તે સદાયે.

થાઓ મારા નમન તમને દુઃખને કાપનારા,
થાઓ મારા નમન તમને ભૂમિ શોભાવનારા,
થાઓ મારા નમન તમને આપ દેવાધિદેવા,
થાઓ મારા નમન તમને ભવોદધિ શોષનારા.

※



- નીજસ્પરૂપ તે જિનસ્વરૂપ. I and Father are one. यो जिनः सोहमेऽव च ।

न द्वेष्यसि - न कांक्ष्यसिना પર્યાય સમા પૂજ્ય ભાઈને ક્યારેય કોઈનો દ્વેષ કરતા કે કોઈ પાસેથી આકાંક્ષા રાખતા જોયા નથી. સામી વ્યક્તિના સારા પાસાને ઉજાગર કરી પ્રોત્સાહન આપવાની કળા હસ્તગત છે તેઓને. સૌ કોઈ પૂર્ણતાના પંથના રાહી છે પરંતુ પૂર્ણ નથી એ તેઓ જાણે જ છે.

મેરા સત્ચિત્ આનંદરૂપ, કોઈ કોઈ જાને રે
જ્ઞાનવચનકા મૈં હું દ્રષ્ટા, મન-વચ-કાયકા મૈં હું સૃષ્ટા,
મૈં અદ્વૈત સ્વરૂપ કોઈ-કોઈ જાને રે!

આ પદ તેઓને અતીવ પ્રિય છે. અપરોક્ષાનુભૂતિના વાહક થઈ બાહ્ય અને આંતર-જગત વચ્ચેના દ્વંદ્વો મિટાવી સંવાદ રચવાનું કાર્ય કરનાર આ ઘડવૈયા પોતાના અને પ્રભુ વચ્ચેના અદ્વૈત સ્વરૂપથી અજાણ નથી.

ज्ञानस्य फलं विरतिः । જ્ઞાનનું ફળ વિરતિ છે.

હિંસા-જૂઠ-ચોરી-અબ્રહ્મ-પરિગ્રહના પાંચ પાપોથી નિવૃત્તિ લઈ તેઓ અરિહંતમય જીવન જીવે છે. છેલ્લા પાંચેક દાયકાથી તો તેમનું આખેઆખું જીવન ભગવદ્મય છે. આ ગાળામાં જ્ઞાનયોગ એવો તો સાધ્યો છે કે વિશ્વના સઘળા યે ધર્મગ્રંથો, શાસ્ત્રો, શિષ્ટ-સાહિત્યના શ્રેષ્ઠ નવનીતનું તેમણે પાન કર્યું છે અને એ રીતે ભીતરના સત્વને 'વિગત જ્વર' એટલે કે રાગ-દ્વેષવિહોણું કેમ રાખવું તેની કળા હસ્તગત કરી છે. નશ્વર ચીજોની પ્રાપ્તિમાં પરમસુખ નથી તે અખિલાઈથી સૌને સમજાવ્યું છે અને તે જ રીતે પરમ ચૈતન્યના એક સ્ફૂલ્લિંગરૂપે પોતાની ચેતનાનો પણ વિકાસ કર્યો છે.

પૂજ્ય ભાઈ અમારી સાથે હોય ત્યારે ય તેમની અંદરનો વાર્તાલાપ જાણે સતત ચાલુ હોય તેમ વરતાય. વાતો ભલે અમારી સાથે થતી હોય પણ ત્યારે અંદર થતું ચિંતન નવી જ અનુપ્રેક્ષાઓ બની પ્ર-બોધરૂપે અમને દિવ્યજીવનની સપ્તપદી રૂપે કહેવા તરત અવતરિત થાય કેઃ સાદા બનો, સંનિષ્ઠ બનો, સમતામયી બનો, સેવક બનો, સત્યશોધક બનો, સાધક બનો, સારા સંત બનો.

જીવનની ચડતી-પડતીમાં અમે ક્યારેક પૂછી બેસીએ:
ભાઈ, અમારી પ્રાર્થનાનો પ્રત્ત્યુત્તર કેમ મળતો નથી? તો એમનો જવાબ હોય:
ગાંડા ભાઈ... તો તો પ્રાર્થના નહીં, તે પત્ર વ્યવહાર થયો કહેવાય.

પ્રાર્થના એટલે તો ચૈતન્ય સંગેની એકાકારીતા. પ્રભુ સાથેની અભિન્નતા. પ્રભુની કૃપા તો એકધારી વરસતી જ હોય છે. આપણે જ તેમની આંગળી છોડી દઈએ તો શું થાય? પ્રભુને પ્રાર્થના કરી સંભળાવવાનું નથી, આપણે તેમને સાંભળવાના છે. આપણા આત્મામાં રહેલ પરમાત્મતત્વ સાથે એકરૂપ થઈ જવાનું છે. પ્રાર્થના આવી રીતે થાય તો આપણો આધ્યાત્મિક પુનર્જન્મ થયો કહી શકાય ને તે પછી સંસાર પ્રતિકૂળ લાગી જ ન શકે. કર્મો તો નડતા જ નથી. તે તો મુનિમજી થઈ ફક્ત હિસાબ જ રાખે છે.
कडाण कम्माणं ण मोकूख अत्थि । પૂર્વે કરેલા કર્મનો ક્ષય કર્યા વગર મોક્ષ નથી.
માટે કપરા સમયે તો ખાસ પ્રભુ સાથે ભાગીદારી કરો ને સ્વયંને જ કહો કે:

God is my source: પ્રભુ મારું મૂળ છે. God is my force: પ્રભુ શક્તિ છે.
God is my course: પ્રભુ માર્ગ છે. God is my resource: પ્રભુ સ્ત્રોત છે.

નવકાર મહામંત્રનાં પદથી અરિહંતોને કરાતી પ્રાર્થના એ સ્વર્ણીય પ્રેમજલ છે, સિદ્ધોને કરાતી પ્રાર્થના એ અમૃતજલ છે, આચાર્યોને કરાતી પ્રાર્થના એ સર્વૌષધિજલ છે, ઉપાધ્યાયોને કરાતી પ્રાર્થના એ શ્રુતજલ છે અને સર્વ સાધુઓને પાંચમા પદ દ્વારા જે પ્રાર્થના થાય છે તે તીર્થજલ છે. આ પંચાભિષેક સર્વ સિદ્ધિપ્રદા છે. પ્રાર્થના એ અપૂર્ણતામાંથી પૂર્ણતામાં લઈ જતો ધોરીમાર્ગ છે. પ્રાર્થનાથી જ અનુભૂતિ થાય છે કે પરમાત્મતત્વ સાથે જે અભેદ થાય છે તે તાત્વિક રીતે આપણે પોતાને જ સ્તવીએ છીએ અને મંત્ર વડે જપીએ છીએ.

...ને આમ અમને મળી જાય અમારો પ્રત્ત્યુત્તર અને સમજાઈ જાય કે જે વેઠે છે તે જ વિકસે છે. પ્રાર્થના જ આપણો કર્મયોગ. એ જ આપણી સિદ્ધિ.

વળી અમ સાથે બેઠેલા બીજા કોઈ જિજ્ઞાસુ પૂજ્ય ભાઈને પૂછેઃ મંત્રોચ્ચારથી શું થાય? તો તેઓ ખૂબ સુંદર સમજૂતિ આપેઃ મંત્રાક્ષરો એ ઊર્જાઘર છે, ઊર્જાસ્ત્રોત છે, સાક્ષાત પ્રભુનો સ્પર્શ છે. તેના સતત જાપથી આપણા કોષોને દિવ્યતાનું દાન મળે છે ને આમ માત્ર ને માત્ર પ્રભુ નામમાં ભીંજાઈ જવું ને તેમાં જ વિલીન થઈ જવું તે કર્મથી આચ્છાદિત માંદા પડેલા આત્માને સાજા કરવાની એક અદ્‌ભૂત ટેકનીક છે. મંત્રાક્ષરો અક્ષરબ્રહ્મ છે. તેના સ્મરણના નિષ્ણાત બનીએ. અક્ષરો આત્માની જ દર્શન ને જ્ઞાનની શક્તિ છે. તે શક્તિનો જેવો ઉપયોગ, તેવી બને છે આપણી કૃતિ.

મંત્રોચ્ચાર એ એક જાતની પ્રાર્થના જ છે. પ્રાર્થના એ ભાવ આરોગ્ય પ્રાપ્ત કરવાનો અજોડ ઉપાય છે. આપણે જેટલી વાર પ્રાર્થના કરીએ છીએ તેટલી વાર આપણો આધ્યાત્મિક પુનર્જન્મ થાય છે. જેમ દ્રવ્ય આરોગ્ય માટે materia medica છે, તેમ ભાવ આરોગ્ય માટે mantra medica છે. પણ અત્યારની આપણા દ્વારા કરાતી પ્રાર્થના એ બાળચેષ્ટા છે. આપણી પ્રાર્થના પ્રભુ સાથે કાં તો આદાનપ્રદાન કે વાર્તાલાપ રૂપે (communication with God) અથવા તો પ્રભુ સાથેની અંગતગોષ્ઠિ રૂપે (communion with God) જ ફક્ત હોય છે પણ ખરેખર તો પ્રભુ સાથેના અનુભવાતા અભેદ, સ્વરૂપઐક્ય કે અદ્વૈત (union with God) રૂપે હોવી જોઈએ.

જગતમાં એક જ સત્તા છે – પ્રભુ સત્તા. તેનાથી કોઈ અન્ય પ્રતિકૂળ, પ્રતિસ્પર્ધી કે પ્રતિબંધક સત્તા (evil power) છે જ નહીં. એ પ્રભુ સત્તા સાથે એકાકાર થવા માટેની hot line એટલે મંત્રજાપ. Abide in the word. મંત્રમાં સમાઈ જવું, કારણકે મંત્રચૈતન્ય એ તપોદ્રષ્ટ છે. મંત્રમાં લીન થઈ જવાથી મંત્રની ચેતના આપણી ચેતના સંગે એકાકાર થાય છે ને પછી સમજાઈ જાય છે કે પરમાત્મા બહાર ક્યાંય નથી. બધા જ વિગ્રહો છે. આપણો આત્મા જ પરમાત્મા છે.
કેવી સુંદર અનુપ્રેક્ષા!

There is no God and Man. God is Man. પ્રભુ વ્યક્તિ દ્વારા જ પ્રગટ થાય છે. આપણી વિશુદ્ધ ચેતના જ સ્વયં પ્રભુ છે... અને ચેતના વિશુદ્ધિ થાય છે પ્રાર્થનાથી, મંત્રજાપથી. આપણને આવતી માંદગી કે દરિદ્રતા વગેરે અભાવો કે આભાસ કે illusion છે. એની સામે પ્રાર્થના illumination છે. પ્રાર્થના દ્વારા વ્યવહારીક જીવનનું મૃત્યુ થાય છે ને દિવ્ય જીવનમાં પુનર્જન્મ થાય છે. It is a civic death and divine birth. પછી તો अहं देहोऽस्मि નહીં, પરંતુ अहं देवोऽस्मि થાય છે.

પ્રાર્થના દ્વારા માંગીએ અને તે મળે ત્યારે તે આપનારને ભગવાન કહેવાય? ના.
જેની પાસે પ્રાર્થના કરવી પડે તે ભગવાન જ નથી. તે તો અહીં જ અને અત્યારે જ હાજર છે, તે પોતાના છે, તે પોતાનામાં છે, તેની નિષ્કારણ કૃપા વરસી જ રહી છે, તેઓ ક્યારેય કાંઈ મુલતવી રાખતા જ નથી. પ્રાર્થનાથી પ્રભુ પીગળતા નથી, પણ આપણી ચેતના પીગળીને પ્રભુમય બને છે. પ્રાણ સાથે અક્ષમાલા મંત્રજાપ કરીએ ત્યારે આપણે સ્વયં બ્રહ્મ બની જઈએ છીએ. All that God is, I am. I am He.

શ્રી નવકાર મંત્રના અક્ષરોને આપણે જોઈએ છીએ, પરંતુ નક્કી જાણો કે આ મંત્રાક્ષરો પણ આપણને જોઈ રહ્યા છે અને સદા મૂક વિનિયોગ કરી સકલ જીવરાશિનું મંગલ અને કલ્યાણ કરી જ રહ્યા છે. તે પ્રગટ પ્રભાવી સાક્ષાત્ મહાચૈતન્ય છે. પૂજ્ય ભાઈ ઘણીવાર પૂછે કે: શું મારા ઉપર વિશ્વાસ રાખી એક ક્ષણ માટે બધું જ ભૂલી આ મંત્રાક્ષરો પાસે અક્ષય દશા માંગી ન શકો? નવકાર મંત્રના અક્ષરો જીવંત છે એ વાત ક્યારેય ભૂલશો નહીં. તે પોતાની દિવ્ય દ્રષ્ટિથી સૌને આશીર્વાદ આપી જ રહ્યા છે. તે દર્શન દ્વિપાક્ષિક છે. શરણાગતિ એ પંચમ પુરુષાર્થ છે તેને સાધી લઈ નવકારના ધ્યાનમાં લીન બનીએ. નવકાર મંત્રમાં રહેલ સંપૂર્ણ યોગમાર્ગમાં પ્રથમ ઈચ્છા, પછી શિક્ષા, દીક્ષા, નિષ્ઠા, પરીક્ષા, પ્રતિક્ષા અને પ્રાંતે પ્રતિષ્ઠા રહેલા છે.

પૂજ્ય ભાઈનું ચિંતન સાંભળતા જ એ જિજ્ઞાસુ સાથે અમારી પણ તૃષા છીપાઈ જાય.

બે હાર્ટ સર્જરી પછી આયખાના નવમા દાયકે અને માત્ર ૨૦% હાર્ટ પમ્પીંગ સાથે પૂજ્ય ભાઈનાં મુખ પર સદૈવ છલકાતો મલકાતો આનંદ જોવો એ અમારો રોજનો વૈભવ છે. તેઓ કહે છે કે: હે પ્રભુ! હવે જેટલા વર્ષો જીવીશ તેમાં તારા જ કાર્યો કરીશ અને જ્યારે દેહથી દિગંત થઈશ ત્યારે તારી જ પાસે આવીશ.

રોબર્ટ ફ્રોસ્ટનું પ્રસિદ્ધ કથન છે: Two roads diverged in a wood and I took the one less travelled by and that made all the difference.

એ જ પ્રમાણે પૂજ્ય ભાઈએ પણ જીવનમાં અલ્પ ખેડાયેલ એવી સ્વયં એ કંડારેલી આગવી કેડી પસંદ કરી. એના મુખ્ય માઈલસ્ટોન્સ બન્યા: શ્રી નવકાર મંત્ર, શ્રી સિદ્ધચક્ર યંત્ર અને કાયોત્સર્ગ ધ્યાનનું તંત્ર, જેના થકી જ તેઓ અન્યોથી અલગ તરી આવ્યા છે અને ૨૦૦ થી પણ વધુ સિદ્ધચક્રજીના જાહેર પૂજનો તથા ૨૦૦૦ થી પણ વધુ જાહેર પ્રવચનો કરવા તેઓ સક્ષમ બન્યા છે.

પૂજ્ય ભાઈને જોઈને સમજાય છે ગ્રીક તત્વજ્ઞાની પ્લોટિનસે કહેલી એક વાત:
'આત્મિક જીવન ઘટનાઓમાં હોતું નથી, એ તો હોય છે પ્રજ્ઞામાં.'
સન્ ૨૭૦માં ૬૬ વર્ષે સ્વર્ગારોહણ પામેલ પ્લોટિનસ અને પૂજ્ય ભાઈના જીવનમાં ઘણું સામ્ય દેખાય. બંનેએ નાનપણથી જ તત્વજ્ઞાન પરત્વે રૂચિ દર્શાવી વિશ્વનાં ઘણા દર્શનોનો અભ્યાસ કર્યો, બંનેએ પોતાનાં વિચારો દર્શાવવા દેશાટન ને પરદેશગમન પણ ઘણી વાર કર્યું અને બંનેને પ્રવચન આપવા પૂર્વે ફક્ત નાની ચિઠ્ઠીઓમાં થોડી નોંધ લઈ જવાની જ આદત. બંનેએ પોતાના વિચારોને પુસ્તકોમાં ક્યારેય સંકેલીને મૂકી ન દીધા, ન બંનેએ તેનું સરખું સંકલન કર્યું. બંનેને સંપાદન કરવું ગમ્યું નથી અને બંનેએ વિશ્વભરમાંથી આદરમાન પામી પોતાનો આગવો જ ચીલો ચાતર્યો છે.

સંસ્કાર વારસામાં મળેલી આ આરાધનાની કેડીએ અમારું પણ શુભ સંચરણ હો!



• ગઈકાલની થયેલી ભૂલ સુધારવા પ્રભુએ આજ આપી છે.

પૂજ્ય ભાઈ રોજ એકવાર તો અચૂક કહે: જૂઓ, આ અનુપ્રેક્ષા તાજી જ આવી છે.

આમ એકવાર અમે ઑફિસેથી પાછા આવીને સાંજે મળ્યા ત્યારે વાતવાતમાં પૂજ્ય ભાઈ કહે કે આજની એક તાજી અનુપ્રેક્ષા આવી છે કે: લાકડીનાં માર કરતા અશુભ વિચારોનો માર માણસને વધુ બેહાલ કરે છે. અમે પૂછ્યું: નેગેટીવીટી કે અશુભ વિચારો ન આવે તે માટે શું કરવું ઘટે? તો તેના જવાબમાં તેમણે થોડા શબ્દોમાં ઘણું કહી દીધું: All problems arise due to the separation from God! જો પ્રભુ સાથે એકાકાર હોઈએ તો કોઈ એષણાઓ બાકી ન હોય, કારણકે પ્રભુ પૂર્ણ છે અને તેની પાસેથી મળતી તેની કૃપા infinite છે. પૂર્ણતા તો અપૂર્ણ કઈ રીતે રહેવા દે આપણને?

મંત્રજાપ દ્વારા આપણે જ્યારે પ્રભુના ગુણોમાં લયલીન બનીએ છીએ ત્યારે આપણું સમગ્ર શરીર અને મન સંતુલિત થઈ જાય છે અને આપણું માણસમાંથી દિવ્યતામાં રૂપાંતરણ થાય છે. એમ જ ધીમે-ધીમે આત્માના શુદ્ધિકરણની પરાકાષ્ઠા આવતા આપણને પૂર્ણ શાંતિ-સમત્વ-એકત્વની અનુભૂતિ થવા લાગે છે. દેહ દેવળ બની જાય છે અને અહંનું કોચલું તૂટી જતાં જ જિનનામકતૃત્વ અને જિનસાંન્નિધ્ય એવું તો પ્રાપ્ત થાય છે કે જેમાં ફક્ત વર્તમાનક્ષણની જ ઉપાસના થવા લાગે છે. હવે જો તમે વર્તમાનમાં જ હો ત્યારે વિચારો જ ન આવે તો પછી...અશુભ વિચારોનો તો અવકાશ જ ન રહે ને? ...ને આ સુણી અમે થઈ જઈએ તુરંત સહમત.

જગત સમસ્તમાં ઈશનો જ વાસ છે. આપણે ઈશ અને જગતને અસ્તિત્વના બે ધ્રુવ સમજીએ છીએ, પરંતુ ઈશની નાભિમાંથી જ જગત નીકળેલું છે.
બંનેનું અદ્વૈત અને અભેદ સમીકરણ એ જીવનના શાશ્વત કોયડાને ઉકેલે છે:
હું કોણ છું? કયાંથી અને શાને માટે અહીં આવ્યો છું? આ અભેદ જ પ્રત્યક્ષ અનુભૂતિ કરાવે છે કે જ્યારે બધું જ ઈશનું છે ત્યારે અન્યની સંપતિની લેશમાત્ર સ્પૃહા કે તૃષ્ણા ન હોય અને તેની ઈચ્છાના ત્યાગમાં જ ભોગનો આનંદ મળે.

॥ आत्मवत् सर्वभूतेषु, यः पश्यती स पश्यती ॥ જગતના કોઈ જીવ સંગે જૂદાઈ નથી. Renaunciation is the basic principle of desirelessness. ભોગ-ઉપભોગથી ઉપશમ પામી માત્ર ઉપયોગવૃત્તિથી જરૂરિયાત મુજબ જ સંસારના પદાર્થો વાપરવા એ નિષ્પરિગ્રહતાની શરૂઆત છે.

शिक्षादानं परेषां हि तेषामेव विराजते । आत्मानमपि ये काले शिक्षयन्ति विचक्षणाः ॥ હિતશિક્ષા તે વિચક્ષણ લોકો જ બીજાને દઈ શકે, જેઓ અવસરે જાતને પણ શીખવી શકે.

શ્રી નવકાર મહામંત્રના જાપ અને કાયોત્સર્ગ ધ્યાન પૂર્વે સાધકે પાળવાની **સાધનાની સપ્તપદીના સાત ચરણ** પૂજ્ય ભાઈએ સમજાવતાં કહ્યું કેઃ

ચરણ-૧

• માત્ર વાર્તાલાપો સાંભળવાથી જીંદગીની કાયાપલટ શકય નથી તે સમજીએ.
• 'સ્વ'ની ગહન તપાસ (હું કોણ છું?) કરીએ.
• શરીર, મન, આંતરિક લાગણીતંત્ર તથા વાણી ઉપર સાધનાલક્ષી શિસ્ત ગોઠવીએ.
• બીજા જીવમાત્રનો વિચાર પહેલા કરીએ.
• વિચાર, વાણી અને વર્તનમાં એકરૂપતા સાધીએ.

ચરણ-૨

• ચીલાચાલુ–ચંચળ–વિક્ષિપ્ત વૈચારિક અશિસ્તથી આપણે મુકત બનીએ.
• જીંદગીના દરેક ક્ષેત્રમાંથી અવ્યવસ્થા દૂર કરીએ.
• સાદું ભોજન લઈએ.
• સ્વચ્છતાના આગ્રહી બનીએ.
• વિરોધાભાસી જીવન વ્યવહારથી મુકત બનીએ.
• પ્રવૃત્તિ એ વ્યવહાર અને વૃત્તિ એ નિશ્ચય માનીએ.
• પ્રભુતા પ્રાપ્ત કરવા પ્રથમ લઘુતા પ્રાપ્ત કરીએ.

ચરણ-૩

- જીવન પૂર્ણ રીતે પવિત્ર છે. Life is absolutly holistic.
- આપણી ચેતનાને ખંડીત ન રાખીએ. આધ્યાત્મિક–વ્યવસાયિક–વ્યવહારિક એવા જીવનમાં ભેદ ન રાખીએ.
- તમામ આયામોમાં મૂલ્યોની પૃષ્ઠભૂમિ સાફ રાખીએ.
- પ્રમાદ–આળસ ખંખેરી નાખીએ.
- ચોક્કસાઈની કળા હસ્તગત કરી કાર્ય મુલત્વી ન રાખીએ.
- જીંદગીથી ભાગી છુટવું એ સાધના નથી, escape route છે.

ચરણ-૪

- શાબ્દિક શુદ્ધતા રાખીએ.
- છેતરપીંડી કરવાનો સમય જ નથી, કારણકે આપણે જીવન સાધક છીએ.
- જીવનની પવિત્રતાને દૂષિત થવા ન દઈએ.
- વાણીવિલાસ તથા હલકી વાણીથી હંમેશા દૂર રહીએ.
- વિદ્યાવ્યાસંગી બનીએ. સાત્વિક વાંચન કરીએ.
- શુદ્ધ શરીર, શુદ્ધ મન, શુદ્ધ વાણીરૂપ જીવનસાધકની ગરિમા જાળવીએ.

ચરણ-૫

- લાગણીતંત્રને જીવંત રાખીએ (emotional wake-up).
- આપણે જે છીએ, તેનો સ્વીકાર કરીએ. કોઈની સાથે સરખામણી ન કરીએ.
- કાલ્પનિક આદર્શો તથા વ્યક્તિપૂજાથી દૂર રહીએ.
- આપણી નબળાઈનો બચાવ ન કરતા દ્રઢતાથી એક પછી એક નબળાઈને દૂર કરીએ.
- નિરાગ્રહી બનીએ. અન્ય પરિચિતો માટે અભિપ્રાયની ગ્રંથિથી દૂર રહીએ.
- ભૂતકાળમાં ન જીવીએ. કશું જ અશક્ય નથી.

ચરણ–૬

- માનસિક સ્તરની સાધના શરૂ કરીએ.
- મહત્વાકાંક્ષાથી પીડાઈએ નહીં.
- વર્તમાનમાં જીવી વર્તમાનને જ સુધારીએ તો ભવિષ્ય આપોઆપ સુધરશે.
- હંમેશા ક્રિયાશીલ બની રહીએ.
- આપણે માનતા હોઈએ કે કોઈપણ વિચાર ખાનગી કે અંગત છે, તો તે ખોટું છે.
- ભાવજગતથી સકળ સૃષ્ટિ સાથે જોડાયેલા છીએ માટે આપણું વૈચારિક જગત સ્વસ્થ–નિર્મળ રાખીએ.

ચરણ–૭

- સંબંધોના જગતમાં મૈત્રી કેળવીએ.
- સંબંધોના જગતથી ભાગવાને બદલે સુયોગ્ય રીતે જીવીએ.
- સાધનાની પૃષ્ઠભૂમિ સંબંધોના જગતને સાત્વિકતાથી જીવવામાં છે. એકવાર મૂલ્યો સાથે બાંધછોડ કરી તો સાધના ઉપર પાણી ફરી વળશે.
- લક્ષ્ય નક્કી કર્યા પછીની તમામ પ્રવૃત્તિઓ એ લક્ષ્યને પહોંચવા સુસંગત બનાવીએ.
- જીવનસાધક બની સાધ્ય માટે સ્પષ્ટ બનીએ.

ભલે પૂજ્ય ભાઈ સર્વવિરતિધર ન બન્યા પરંતુ તેઓ 'નિઃશલ્યો વ્રતી' તો હતા જ તે આ સાત ચરણને સમજીને આજે લાગ્યું. અમારા બાળકને એકવાર શીર્ષાસન કરતા જોઈ પૂજ્ય ભાઈ કહે: જેમ શીર્ષાસન એ દેહ આરોગ્યની પુષ્ટિ કરે છે તેમ નમ એ મનનું શીર્ષાસન છે જે ભાવ આરોગ્યની પુષ્ટિ કરે છે. દેવ અને ગુરુ એ આત્માના માતા-પિતા છે. 'કરેમિ ભંતે' ધર્મની માતા છે જેના દ્વારા સામાયિકની પ્રતિજ્ઞા કરાય છે. આ પ્રતિજ્ઞાના સ્વીકારથી જ તીર્થંકરોને ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે.

॥ नमो तित्थस्स, नमो सुयस्स, नमो बंभिलिवीण ॥

વળી આગળ પૂજ્ય ભાઈ સ્નેહથી કહે:

Live in His Presence = પ્રભુની હાજરીમાં જ જીવો.
I am Peace = હું પૂર્ણ શાંતિમાં છું એમ માનો.
Experience His Power = પ્રભુની શક્તિ અનુભવો.
Be Peace = હું સ્વયં શાંતિ સ્વરૂપ છું એ સમજો.
Experience His Protection = પ્રભુનું સુરક્ષા કવચ મેં પહેર્યું છે એ અનુભવો.
Live in the Present time = વર્તમાન ક્ષણમાં જીવો.
Feel His Perfection and Peace = પ્રભુની પૂર્ણતા ને શાંતિ અનુભવો.

O supreme lord, eternal truth!
Let us obey Thee alone and live according to truth.

શબ્દો એ જ પર્યાવરણ છે.
મૌન એ પ્રકૃતિ છે.
મૌન એ અર્હનું ગર્ભદ્વાર છે એટલું અંતમાં કહી પૂજ્ય ભાઈએ વાત પૂરી કરી.

આપો એવી આશિષ આજે, પૂજ્ય ભાઈ;
દિવ્યતાના પર્યાય બનીએ, જિનગુણ ગાઈ!

।। यतो घर्मः ततो जयः ।।



- Do not give your Visiting card, but show your Vision card.

સં.૨૦૫૫માં નામસ્મરણની સપ્તપદી સમજાવતા પહેલા પૂજ્ય ભાઈએ એક અનુમોદનીય વાત કહી: શ્રી કસ્તુરભાઈ શેઠના દાદાશ્રી શાંતિલાલ શેઠ અમદાવાદ નગરમાં પોતાની હવેલીએથી જ્યારે દહેરાસર જવા નીકળે ત્યારે પાલખીમાં બેસે અને હાથમાં સોનાના થાળમાં સોનામહોરો રાખે. રસ્તામાં તેઓ અનુકંપાદાન કરતા જાય અને વધે તે પ્રભુજીની સામે નૈવેદ્ય રૂપે ચડાવી દે. એકવાર સુલતાનની પત્નીએ એમની પાલખીમાં હાથ લંબાવ્યો. હાથની રેખાઓ ઉપર નજર જતા જ તેઓ સમજી ગયા કે આ સજ્જન નારીની કેટલી લાચારી હશે. તરત જ તેમણે તેણીને આખેઆખો થાળ જ ધરી દીધો. આ હતું આપણા પૂર્વજોનું ઉદારતાભર્યું જીવન! परोपकाराय सतां विभूतयः ।

આવી ઉદારતા પ્રગટ થાય છે નવકારના જાપથી.
જિન સેવા, જન સેવા, જગ સેવા, જલ સેવા, જીવ સેવા, જનની સેવા, જાત સેવા, ઈત્યાદીની ભાવના પણ નવકારની જ દેન છે! નવકાર મહામંત્રના પહેલા પાંચ પદમાં પ્રભુ સાથે આપણે વાત કરીએ છીએ અને છેલ્લા ચાર પદમાં પ્રભુ આપણી સાથે વાત કરે છે, કારણકે છેલ્લા ચાર પદરૂપી ચુલિકા સ્વયં પ્રભુમુખેથી મળેલી છે. આપણે સ્તોત્ર કે સ્વાધ્યાય કરીએ તેમાં ગુણસ્મરણ મુખ્ય હોય છે, પરંતુ કાયોત્સર્ગમાં પ્રભુના નામ સાથે એકતા સાધવાની હોવાથી નામસ્મરણ મુખ્ય બને છે.

નામસ્મરણની સપ્તપદી:
૧. 'નમો અરિહંતાણં' બોલતા જ પ્રભુ આપણી અંદર સંનિધિ કરે છે.
૨. નવકાર મંત્ર શાશ્વત છે અને તેથી જિનનામમાં જિનકતૃત્વની શક્તિ છે.
૩. નામસ્મરણ આપણું પરિત્રાણ-રક્ષણ કરે છે, આપત્તિઓ દૂર કરે છે.
૪. નામસ્મરણથી શરણાગતવત્સલતા ખીલી પરમ પિતા તરફથી વાત્સલ્ય મળે છે.
૫. વિષયોથી સમત્વ મેળવી આપનાર નામસ્મરણ સમોવસરણની સમતા અર્પે છે.
૬. નામસ્મરણથી અભ્યુદય પામી પ્રાંતે મુક્તિ પ્રાપ્ત કરી શકાય છે.
૭. કર્મોને બાળતું ઇંધણ જ છે આ નામસ્મરણ.

श्वासे श्वासे स्मरण कर ले वृथा श्वास ना खोय ।
क्या जाने इस श्वासका फिर आवन होय ना होय ॥

આપણાથી એક શ્વાસનો પણ પરિગ્રહ થઈ શકતો નથી, તો એ શ્વાસનો સદુપયોગ કરવા રોજના ૨૧,૬૦૦ શ્વાસોશ્વાસ-પ્રાણ સાથે નવકાર મંત્રના જાપને જોડી દેવા જોઈએ. પૂજ્ય ભાઈ માને છે કે ધર્મ, વિજ્ઞાન, રાજનીતિ અને સામાજિક ફરજોમાં બંધાઈને આંતરિક કે ચૈતસિક ક્ષિતિજો લંબાવવાનું ભૂલવુ ન જોઈએ. એ એક અલૌકિક સાહસ છે અને ચૈતસિક વિશ્વમાં પ્રવેશ્યા પછી નિર્મળ આનંદ સિવાય કશું જ નથી.

ગણધર શ્રી ગૌતમસ્વામી સૂર્યના કિરણોની મદદ વડે જો અષ્ટાપદ ઉપર અનાયાસ રીતે પહોંચી શકયા તો આપણે પણ નવકાર મંત્રના શબ્દોથી પરમપદ ઉપર પહોંચી શકીએ એમ છીએ. શ્રી શિખરજી સમા તીર્થસ્થળે પહોંચવા ક્વચિત્ ૨૫૦૦ કિ.મી.નો પ્રવાસ કરવો પડે, કિન્તુ શિખરે પહોંચવા માટે તો નવકાર હોઠથી બોલાય અને હૈયામાં સમાઈ જાય એટલી જ જરૂર છે. માટે જ પ્રભુ પ્રાપ્તિને અંતર વગરની યાત્રા કહી છે.

ગુણોના સંક્રમણથી સૌ દિવ્યજીવી, જીવદયા પાળવાથી દીર્ઘજીવી, મૈત્રીરૂપ બનવાથી શત્રુંજયી, નિર્ભયતાથી મૃત્યુંજયી, પરાર્થરસિકતાથી ધનંજયી, અનેકાંતદ્રષ્ટિ પોષવાથી દિગ્વિજયી અને શાશ્વત સ્વરૂપ પ્રાપ્તિથી ચિરંજીવી બની શકીએ એમ છીએ. શાસ્ત્રોક્ત વચનો છે કે સ્વાસ્થ્ય માટે પરહિતચિંતા, સમૃદ્ધિ માટે પરોપકાર, શિવત્વ પામવા પ્રમોદભાવ, સત્યપ્રવેશ માટે પ્રતિજ્ઞાપાલન, શ્રુતસામર્થ્ય માટે પ્રજ્ઞા ખીલવણી આવશ્યક છે. જો સંબંધોમાં મૈત્રી, સાધનામાં રતિ, સમતામાં ધૃતિ, સત્સંગમાં પ્રીતિ, સ્વરૂપમાં સ્થિતિ અને સત્યમાં જ ગતિ હશે તો સિદ્ધિ હથેળીમાં છે. વળી ત્યારે જ નિષ્કામ કર્મયોગમાંથી આપણે નિષ્કર્મ કર્મયોગમાં પ્રવેશી શકીશું.

Be just before generous.
પહેલા પ્રામાણિક બનો, પછી ઉદાર.

જ્યારે પ્રત્યેક જીવનું અન્ય જીવ સાથેનું સગપણ એક ભવ પુરતું નહીં, પરંતુ શાશ્વત છે ત્યારે સર્વ જીવોનું કલ્યાણ કરનારી ક્ષાયિક કરૂણા સેવવી તે ભવસાગર પાર ઉતારનારી નૌકા બની શકે છે. સર્વ જીવો આપણા સમાન જ છે એ વાત જો આપણી અંદર કોતરાઈ જાય તો આપણું સમગ્ર અસ્તિત્વ મૈત્રીભાવ રત બને અને વળી પરમાત્મા અને આપણા જીવનને જોડતી સાંકળ ફરીથી સંધાઈ શકે.

સહુ પોતપોતાના ન્યાયસંપન્ન વ્યવસાયો કરે, પરહિતચિંતાથી વ્યક્તિ પોતાનું જીવન શોભાવે તો સર્વ જીવો ઉર્ધ્વગામી બને. આ સામુદાયિક ચેતનાનું ઉર્ધ્વારોહણ જ સમાજની સામુદાયિક કુંડલિનીનું ઉત્થાન કરવા સક્ષમ છે અને તે માટે સમુહજાપ એક મુખ્ય સાધનરૂપ છે, જે શ્રવણ માંગલ્ય, શ્રુતિ માંગલ્ય, ઉચ્ચાર માંગલ્યરૂપ સર્વ મંગલ માંગલ્ય બની સામુહીક રીતે અખંડ પૂણ્યરાશિનો વિનિયોગ કરે છે.

નવકાર અહંકેન્દ્રિત થયેલી વૈશ્વિક ચેતનાને કે ભૌતિકવાદથી સંપૂર્ણ ભ્રમિત થયેલી સામાજિક ચેતનાને આધ્યાત્મિક ચેતનામાં પરાવર્તિત કરવાનું દિવ્ય કર્મ કરે છે અને પછી તો ફક્ત બાકી રહે છે serve the divine (સાધુપદ), know the divine (ઉવજ્ઝાયપદ), express the divine (આચાર્યપદ), abide in the divine (અરિહંતપદ) અને merge in the divine (સિદ્ધપદ).

પૂજ્ય ભાઈ ખૂબ જોર દઈને કહે છે કે જે નવકાર મંત્રના ૬૮ અક્ષરોમાં પોતાનું અક્ષયપદ જોઈ શકતા નથી એ બધા નિરક્ષર છે. આ નવપદની આરાધનાથી અહંકારરૂપી અંધકાર ઓગળી જાય છે, પરોપકારનો પુરસ્કાર પમાય છે અને પ્રાંતે નમસ્કારથી જ આત્મસાક્ષાત્કાર થાય છે. Think globally એટલે વિશ્વના જીવમાત્રનો વિચાર અને act locally એટલે કર્તવ્યનો સ્વીકાર. પૂજ્ય ભાઈ Art of creation સાથે art of withdrawal માં પણ નિપુણ, તેથી તેઓ ઔદ્યોગિક નિવૃત્તિ પણ જાણે એક ઓરડામાંથી બીજા ઓરડામાં જવા જેટલી સાહજિકતાથી લઈ શકયા.

સન્ ૨૦૦૦માં ઉદ્યોગના એજેન્ડા આકારવામાંથી પૂજ્ય ભાઈએ જ્યારે સંપૂર્ણ નિવૃત્તિ લીધી ત્યારે એક બીજો એજેન્ડા ઘડી કાઢ્યો જે તેમની દાર્શનિકતા પ્રગટ કરે છે:
MAHAVEER'S AGENDA FOR THE SURVIVAL OF THE HUMAN RACE.

લડતી ઝઘડતી દુનિયાને એક દિન મહાવીરે ચિંધ્યા રાહે જવું પડશે...

૧. Need for protection and survival of the animal kingdom.
 પ્રાણી જગતની સુરક્ષા કરવી.
૨. Need for sustainable development with the preservation of the environment. પ્રકૃતિ-પર્યાવરણની સુરક્ષા કરવી.
૩. Limiting the consumerism and its culture and wasteful use of the Earth's resources. ભોગોની સીમા બાંધવી.
૪. Voluntary simplicity in life to be adopted by affluent countries all around the world. સ્વેચ્છાથી સાદાઈ અપનાવવી.
૫. Achieving world peace through friendliness and fraternity towards all. પરસ્પરોપગ્રહાજીવાનામ્ આધારિત વિશ્વમૈત્રી કરવી.
૬. Providing a spiritual base in all economic and social activities.
 તમામ સાંસારીક પ્રવૃત્તિઓમાં આધ્યાત્મિક અનુસંધાન કરવું.
૭. Non-acquisition of wealth.
 પરિગ્રહ પરિમાણવ્રતની ધારણા કરવી.
૮. Propagation of non-violence in actions and thoughts for accepting of various ideologies of truth. અહિંસા/અનેકાંત દર્શનનો સ્વીકાર કરવો.

'નિશા જે સર્વ ભૂતોની, તેમાં જાગ્રત સંયમી;
જેમાં જાગે સકળ જીવો, તે જ્ઞાની મુનિની નિશા.'

જૈન યોગને એક જ શબ્દમાં મૂકવો હોય તો તે 'અપ્રમત્ત યોગ' છે.
પ્રભુ મહાવીરે શ્રી ગૌતમ સ્વામીને કહેલ સંદેશ: 'સમયં મા પમાયએ ગોયમ્'માં આ નિર્દેશ પૂરેપૂરો મળી જાય છે.

૨૦૦૬ના શિશિરની એક સાંજે પૂજ્ય ભાઈએ કહેલું ઉપરોક્ત વાક્ય મારી ડાયરીના પાનામાં આજે વાંચવામાં આવ્યું. એ દિવસે અમે પૂછેલું તેમને કે નવકાર મંત્ર કઈ રીતે બ્રહ્માંડનું ઊર્જાઘર છે? તેના ઉત્તરમાં વાતમાંથી વાત નીકળતી ગઈ અને હું એમ જ સ્ક્રીબલ કરતી ગઈ તેમના મુખ્ય મુદ્દાઓ મારી ડાયરીમાં!

નવકાર મંત્રના સુષમ સ્પંદનો (harmony waves) એ સામુહિક ચેતના (collective consciousness) ને નિર્મળ કરે છે અને બને છે એ બ્રહ્માંડ સમસ્તનું ઊર્જાઘર. રોજ વિચારીએ કે પંચપરમેષ્ઠી મારો શાશ્વત પરિવાર છે. આપણે પ્રભુના મંત્રાક્ષરોમાં લીન બનીએ તો અવશ્ય અવ્યય પદ મળે જ. આ મંત્રને શ્વાસ સાથે ગણવાથી કોષો નિર્મળ થાય અને પૃથ્વી ઉપર જ દિવ્ય મનુકૂળનું અવતરણ થાય. વિચારોનો સદંતર અભાવ એ પરમ ધ્યાન અને ઈચ્છાનો સંપૂર્ણ અભાવ એ તેનું પરમ શુભ ફળ છે. ત્રૈલોક્ય પરિત્રાણ નિસ્તંદ્ મુદ્રા એટલે કે ત્રણ લોકનું રક્ષણ કરવામાં જે સદા યે અપ્રમત્ત છે તે પ્રભુની દુ:ખવિમોચિની શક્તિ સમાયેલી છે નવકાર મંત્રની ચૂલિકાના પ્રથમ બે પદ - એસો પંચ નમુક્કારો, સવ્વ પાવ્વપ્પણાસણોમાં.

નવકારના પહેલા પાંચ પદમાં નમસ્કારયોગ છે, છઠ્ઠા પદ (એસો પંચ નમુક્કારો)માં શરણાગતિ છે. સાતમા પદ (સવ્વ પાવ્વપ્પણાસણો)માં પ્રભુ સ્વયં આપણી સાથે વાર્તાલાપ કરે છે. આઠમા અને નવમા પદ (મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં)માં આપણે પ્રભુ સત્તામાં ઓગળી જઈએ છીએ. આમ નવકારના પ્રથમ પાંચ પદ વંદન-સ્મરણ, છઠ્ઠું પદ શરણ, સાતમું પદ સર્વ પાપોનું શમન અને આઠમા ને નવમા પદ આપણું દિવ્ય રૂપાંતરણ ચરિતાર્થ કરે છે.

પૂજ્ય ભાઈએ તેમની અગણ્ય ડાયરીઓમાંથી શોધીને એકવાર નવકાર મંત્રમાં રહેલ અષ્ટ મહાસિદ્ધિઓ સાવ સાહજિક રીતે અમને સમજાવેલ ત્યારે થયું કે જાણે એક જ જન્મમાં તેમને દસ જન્મોની અનુપ્રેક્ષાઓ-ચિંતનો સાંપડયા છે.

૧. **અણિમા** - નમો

એ સંપૂર્ણ ભાવ સંકોચ છે ને તેનાથી સૂક્ષ્માતિસૂક્ષ્મ અહં શૂન્યતા મળે છે.

૨. **મહિમા** - અરિહંતાણં

એ ત્રિભુવન પૂજ્યતા છે જેનાથી વિષય-કષાયરહિતતા પ્રાપ્ત થાય છે.

૩. **ગરિમા** - સિદ્ધાણં

એ પૃથ્વીનાં ગુરુત્વાકર્ષણની બહારનું ગુરુ પદ છે. તેના ધ્યાનથી 'ગુરુ' પદ મળે.

૪. **લઘિમા** - આયરિયાણં

એ પદમાં પંચાચાર પાલન હોવા છતા લાઘવતા છે.

૫. **પ્રાપ્તિ** - ઉપાધ્યાય

એ પદનાં જપ અને ધ્યાનથી આત્મજ્ઞાન પ્રાપ્તિ થાય છે.

૬. **પ્રાકામ્ય** - સાધુ

એ પદનાં જાપથી કામનાવિહિન સાધકનાં દરેક કાર્યો સિદ્ધ થાય છે.

૭. **ઈશિત્વ** - પંચનમસ્કાર

એ નમસ્કારવાચક પદથી સાધકને ઈશિત્વ સિદ્ધિ અચૂક મળે છે.

૮. **વશિત્વ** - મંગલાણં

એ પદનાં જપ–ધ્યાનથી દેવતાઓ વશ થાય, પ્રાણીમાત્ર વશમાં રહે છે.

કેટલી અદ્‌ભૂત અનુપ્રેક્ષા!

પૂજ્ય ભાઈના વિચારોનું સામર્થ્ય જ્ઞાનમાર્ગે, ભાવનાઓનું સામર્થ્ય ભક્તિમાર્ગે અને પુરુષાર્થનું સામર્થ્ય તેમને કર્મમાર્ગે જોડે છે એમ અનુભવ્યું અમે તે સાંજે. જૈન શાસન એ સુખસમૃદ્ધિનું નહીં, કિન્તુ ખરે જ ગુણસમૃદ્ધિનું શાસન છે. શુભમંગલની ગંગોત્રી બની ચિત્તવૃત્તિને પ્રકાશના પંથે વહેતી રાખવાનું કાર્ય કરે છે શ્રી નમસ્કાર મહામંત્ર.

SEZનો અર્થ આપણે એકંદરે કરીએ: Special Economic Zone. પરંતુ પૂજ્ય ભાઈ જ્યારે કહે કે દરેક શહેરોમાં એક સુંદર SEZ હોવો જોઈએ ત્યારે તેનો અર્થ તેમને એમ અભિપ્રેત હોય કે: SEZ = Sprituality Enlightening Zone. તેઓનું સ્વપ્ન છે કે સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિરાસત સાચવતા શહેરો ભારતની ભૂમી ઉપર જોઈએ જ. ભારતની પ્રાચીન વિરાસત પરત લાવવાનું સ્વપ્ન છે પૂજ્ય ભાઈનું.

પૂજ્ય ભાઈનાં મત અનુસાર એક આદર્શ શહેરની કલ્પના:
૧. સૌ નગરજનો મુંગી જીવસૃષ્ટિની વાચા બને.
૨. સૌ પ્રકૃતિના મહારક્ષક બની કુદરતને બચાવે.
૩. સૌ આપમેળે સાદાઈનો સ્વીકાર કરી મોજશોખ ત્યાગે.
૪. સૌ જીવનમૂલ્યો અને આધ્યાત્મિક સંપદાની રખેવાળી કરે.
૫. સૌ શાકાહારી બની અન્ય જીવોની રખેવાળી કરે.
૬. સૌ 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવના વિકસાવે.
૭. સૌ અનેકાંતવાદને અનુસરી દરેક પ્રકારનાં અભિપ્રાય અને ધર્મને સન્માન આપે.

Jainism is not a religion. It is a way of life and one cannot live Jainism by proxy. ભારતીય સંસ્કૃતિના કિંમતી મૂલ્યો સાથે જ એક શહેરનો વિકાસ શોભે (વિનય). ધરતીનું શોષણ નહીં પણ પોષણ કરતો વિકાસ (no eco-debt) એ જ સાચો વિકાસ છે (વિવેક). વિકાસના ફળ સહુ નગરજનો સુધી અવશ્ય પહોંચે તેવો વિકાસ (વિનિયોગ) જ્યાં થાય તે આદર્શ શહેર કહેવાય તેવું પૂજ્ય ભાઈ દ્રઢપણે માને છે. આવા આદર્શ શહેરો દરેક દેશમાં શક્ય છે. એક તીર્થંકરના આત્માની પવિત્રતા જો સો જોજનમાં પરસ્પર જીવોને મૈત્રીભાવથી ભાવિત બનાવી શકતી હોય તો આવા આદર્શ શહેરના પાંચ હજાર આરાધકો ભેગા મળીને શહેરોની તમામ જીવરાશિ માટે અભયનો શંખનાદ કેમ ન કરી શકે? એમ થવાથી પ્રકૃતિ સાનુકૂળ બને, પર્યાવરણ શુદ્ધ થાય અને જીવમૈત્રી અવિનાભાવી બને.



• Forget all problems. Remember the Lord. Receive His grace. Rejoice.

કોઈપણ શહેર તેમાં રહેતા શ્રેષ્ઠીઓથી જ શોભે છે. પૂજ્ય ભાઈ વાંકાનેર છોડી સપરિવાર જ્યારે રાજકોટ સ્થાયી થયા એ પછી વ્યવસાયમાં પોતાના મામા અને ભાઈજી તથા તેમના પુત્રો સાથે ત્રણ દસકાઓ પર્યંત જોડાયેલા રહ્યા. કયારેય કોઈ સાથે મનદુઃખ નહીં કે ફરિયાદ નહીં. સંપ, પરમ સ્નેહ અને વિશ્વાસની મૂડીથી જ સહુએ સાથે વ્યવસાયમાં પદાર્પણ કર્યું અને સાથે જ વિકાસ પામ્યા. પોતાના કર્મવીર સાથીઓ કે મજૂર કારીગરો પરત્વે પણ સહુનું વર્તન અત્યંત માયાળુ.

પૂજ્ય ભાઈ માને કે આપણામાં રહેલ ગુણો જો અન્યને ગુણ ન કરે તો તેમાં ગુણનું ગુણત્વ જ ન રહે. વર્ષમાં બે વાર થતા કામદાર મિલનમાં પૂજ્ય ભાઈ સાથી કાર્યકરોને અચૂક કહે કે કર્મસત્તા ન્યાયી છે, ધર્મસત્તા દયાળુ છે અને પ્રભુસત્તા કૃપાળુ છે. સાથે કામ કરતાં કદાચ કોઈને મનદુઃખ થાય તો ક્ષમા અને મૈત્રીની ઊર્મિઓ દ્વારા જ દુષ્કૃતની ગર્હા શક્ય બને છે. ભલે કોઈ પણ ધર્મનાં હોઈએ પણ પોતાનાં ઈષ્ટદેવનાં નામનું સ્મરણ, શરણ અને નમન જરૂર આ કાર્યક્ષેત્રમાં અમન લાવે જ.

શાસ્ત્રમાં કહેલા ચાર પુરુષાર્થ આ કાર્યક્ષેત્રમાં કઈ રીતે સિદ્ધ થાય તેની વાત સમજાવતા પૂજ્ય ભાઈએ એક વેળાએ કહેલું કે:
૧. ધર્મ પુરુષાર્થ : સાથી કાર્યકરોને સ્નેહથી સમીપ લાવીને સમાન ગણવા તે.
૨. અર્થ પુરુષાર્થ : અન્ય કર્મચારીઓનું પ્રયોજન સિદ્ધ કરવું તે.
૩. કામ પુરુષાર્થ : અન્ય સાથીઓની ઈચ્છાપૂર્તિમાં આનંદ માણવો તે.
૪. મોક્ષ પુરુષાર્થ : સ્વયં ઈચ્છારહિત બનવું તે.

કર્મપુરુષાર્થમાં સૌ સહભાગી થયા છીએ તે ઋણમુક્તિ કરવા. તો સચ્ચાઈથી, ખંતથી અને પરિશ્રમથી જો 'સહવીર્યં કરવાવહૈ'નું સૂત્ર અપનાવીશું તો જીવનમુક્તિ સહજ પ્રાપ્ત છે તેમ જ્યારે પૂજ્ય ભાઈ કહે ત્યારે સૌને ભાઈચારામાં વૃદ્ધિ થતી અનુભવાય.

આમ પરોપકાર કે પરાર્થવૃત્તિથી જ સાધી શકાય છે મુક્તિનો પુરુષાર્થ, પરંતુ જેમ દટાયા વિના જમીનમાંથી બીજ ઉગતું નથી, સાગરનું ખારું જળબિંદુ મીઠાં વારિ સહિતનું વાદળ વાયા વગર બનતું નથી, ટીપાયા વિના માટીમાંથી પાકો ઘડો બનતો નથી, અગ્નિમાં શેકાયા વિના સુવર્ણ શુદ્ધ થતું નથી, તેમ ઋણમુક્તિ કર્યા વિના જીવનમુક્તિ મળતી નથી. આખું વર્ષ સાથે કામ કરીએ અને એકબીજા માટે અવારનવાર જતું કરીએ તો પ્રકાશ જગતમાં પ્રવેશ મળે, જીવન અમૃતનો સ્વાદ ચાખવા મળે, અહંકારની આહૂતિ આપવાથી યજ્ઞ કર્યાનું ફળ મળે અને પ્રાંતે શાંતિ, સમૃદ્ધિ અને શક્તિનો અણખૂટ પ્રસાદ મળે.

દરેકનું કલ્યાણ ઈચ્છનાર પૂજ્ય ભાઈ અને કાકાની આવી લાગણી પામતા તેમને જોઈને ક્યારેય આશ્ચર્ય ન થાય અમોને કે ૪૦ થી ૪૫ વર્ષ સુધી પોતાનું કાર્યક્ષેત્ર બદલવાનું કેમ અનેક સાથી કાર્યકરોને મન નહીં થયું હોય?

સર્વમાં શિવત્વ જોવું એ પોતાના શિવત્વને અનાવૃત્ત કરતું જીવનવિજ્ઞાન છે.

કર્મયોગની ભાષા, જ્ઞાનયોગનો તર્ક અને ધ્યાનયોગની જાણકારી એ સંબંધ જગત માટે દેહને દેવાયતન બનાવે છે અને શિવમસ્તુ સર્વ જગતઃ એ દરેક કાર્ય શુદ્ધિપૂર્વક કરાવે છે.

शिवमस्तु सर्वजगतः परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखीनो भवन्तु लोकः ॥

સારા યે જગતનું કલ્યાણ થાઓ. બીજા જીવોના હિતમાં સર્વ જીવો લીન રહો.
દોષોનો સર્વથા નાશ થાઓ અને સર્વ ઠેકાણે જીવો સુખી રહો.

૨૭ જૂન, ૨૦૦૩માં પૂજ્ય ભાઈને ૭૫મું વર્ષ શરૂ થનાર હતું, ત્યારે પરિવારના દરેક સંતાનો સપરિવાર ભેગા થયા અને પૂજ્ય ભાઈ પાસેથી અમે હિતશિક્ષા સાંભળી:
'वत्थु सहावो घम्मो'- વસ્તુ (આત્મા)નો સ્વભાવ એ જ ધર્મ છે. પુજાથી સ્તોત્ર, સ્તોત્રથી જાપ અને જાપથી ધ્યાનનું ઉત્તરોત્તર ૧-૧ કરોડ ગણું ફળ કહયું છે. કાયોત્સર્ગ એ ધ્યાનયોગ છે અને કાયોત્સર્ગનું પ્રયોજન છે પાપક્ષય. સકળ જીવરાશિ સાથે આત્મતુલ્ય વ્યવહાર એ વિશેષ શુદ્ધિ કરે છે આપણા જ આત્માની. નવકાર એ અક્ષય પૂણ્યબંધનું કારણ છે.
આ નિમિત્તે વધુ નવકાર ગણવા કટિબદ્ધ થઈ પછી તેમને શબ્દપુષ્પોથી નવાજ્યા:

**પરમ પૂજ્ય ભાઈ,**

જેટલા વ્યતીત વર્ષોને સ્મરીએ છીએ અમે, સમીપ રહેલા જ પ્રત્યક્ષ થાઓ છો તમે.
શાણપણથી આંગળી ચીંધીને પછી અમને ઉગતા જોવા, પાછળ જ ઉભા રહયા તમે!

મુશ્કેલ હશે કેવું ચુપચાપ પાછળ ઉભા રહેવું કે ભૂલો કરતાં અમને નિરખ્યા કર્યાં તમે.
હવે સાચ્ચી દિશા શોધી જ લઈશું તેવી અસીમ શ્રદ્ધા અમારામાં સતત રાખી છે તમે!

આભાર ભાઈ તમારી એ નિષ્ઠાભરી દ્રષ્ટિનો; જે નિરંતર રાખી છે અમ ઉપરે તમે.
શબ્દો જોડણીકોશના પડે અધુરા આજે, સદા સ્નેહથી સન્માનિત થાઓ છો તમે!

છો અશ્રુતપૂર્વ શ્રાવક ને અભૂતપૂર્વ સાધક, વળી અરિહંતના પરમ સેવક છો તમે...
કહીએ કઈ રીતે જે છે અકથનીય, કે પામીએ ગર્વ કેટલો 'પિતા' સંબોધતા તમને!

• જયશ્રી • દિપક • સ્મિતા • શીતલ
તથા અમે બધા




- Stop seeking. Give up the search. God is where we are.

પૂજ્ય ભાઈના ઓરડામાં જે જાય, પુસ્તકોનાં સમૂહો સિવાય અન્ય કાંઈ જોવા ન મળે. પ્રબોધટીકા, યોગશાસ્ત્ર, લલિતવિસ્તરા, અધ્યાત્મસાર, નવપદ પ્રવચનો, શ્રી શત્રુંજય મહાત્મ્ય, ત્રૈલોક્યદિપક મહામંત્રાધિરાજ, ઉપમિતિ ભવપ્રપંચકહા, શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, શ્રી આવશ્યક સૂત્ર, તાત્ત્વિક પત્રવેલી, યોગદ્રષ્ટિ સમુચ્ચય, ધર્મ ચિંતન, ધર્મ અનુપ્રેક્ષા, નમસ્કાર ચિંતન યાત્રા, જપસૂત્રમ્, જ્ઞાનાંજનમ્, સાધના સુધાસિન્ધુ, ધ્યાન વિચાર, જ્ઞાનસાર જેવા અનન્ય આગમો, શાસ્ત્રો ને ગ્રંથો તથા શ્રી અરવિંદ-પૂજ્ય માતાજી, શ્રી વિમલાતાઈ, શ્રી રમણમહર્ષિ, Joel S. Goldsmith લિખિત The infinite wayનાં આધ્યાત્મિક પત્રો, સ્વામી વિવેકાનંદ જેવા અનેક ચિંતનાત્મક ગ્રંથોનાં ઢેર વચ્ચે તેઓ દિવસ-રાતના કોઈપણ સમયે મહર્ષિ સમા બેઠેલા જ દેખાય. સવારે ત્રણ વાગે પણ નિદ્રા ઉડી જાય તો બત્તી જલાવી તરત વાંચવા-લખવાનું શરૂ થઈ જાય. વળી થાકે તો ઘડીક આરામ કરી લે. ચોર્યાસી વર્ષે ને એકલા હોવા છતાં પણ તેઓ હંમેશ કહે કે મને સમય ઓછો પડે છે.

અમે એકદા પૂછ્યું: આજે શું નવા ચિંતનો આવ્યા? તો એના પ્રત્યુત્તરમાં પકિખ-ચોમાસી કે સંવત્સરી પ્રતિક્રમણમાં ચૈત્યવંદનરૂપે બોલાતા ૨૪ તીર્થંકરોની સ્તવનારૂપ શ્રી સકલાર્હત્ સૂત્રની પ્રથમ ત્રણ ગાથાની સુંદર વિવેચના કરતાં કહ્યું કે:

સકલાઽર્હત્પ્રતિષ્ઠાન–મધિષ્ઠાનં શિવશ્રિય:,
ભૂર્ભુવ: સ્વ: ત્રયીશાન-માર્હન્ત્યં પ્રણિદધ્મહે.

સૂત્રની પ્રથમ ગાથામાં પ્રત્યેક જીવમાં રહેલ આર્હન્ત્યનું પ્રણિધાન કરવાનું કહ્યું છે, કારણકે પ્રણિધાન કરવાથી આપણો ભૂલાયેલો આત્મા પુનરપિપુન: સ્મૃતિમાં આવે છે, પ્રભુની દિવ્ય ચેતના પૃથ્વી ઉપર અવતરીત થઈ આપણી સાથે અભેદ અનુભવે છે અને પ્રભુના જ કરણ બની ગયા પછી આપણું સ્વતંત્ર અસ્તિત્વ જ ઓગળી જાય છે. આમ પ્રત્યેક જીવમા રહેલા વિશુદ્ધ ચૈતન્યને આ ગાથા થકી નમન થાય છે.

નામાકૃતિદ્રવ્યભાવૈઃ, પુનતઃ ત્રિજગજ્જનમ્,
ક્ષેત્રે કાલે ચ સર્વસ્મિન્,–નર્હતઃ સમુપાસ્મહે.

શ્રી સકલાર્હત્ સૂત્રની આ બીજી ગાથામાં જીવમાત્રમાં રહેલ આર્હન્ત્યની ઉપાસના કરવાની કહી છે. નામ–આકૃતિ–દ્રવ્યથી પ્રત્યેક જીવ જૂદો છે. તે જૂદા–જૂદા ક્ષેત્રકાલમાં રહેલ છે. દરેક જીવમાં રહેલ આર્હન્ત્યનું દર્શન કરવું અને 'સમુપાસ્મહે' એટલે તેની નજીક જઈ ઉપાસના કરવી. જગતના પદાર્થમાત્ર જીવોની સેવા માટે જ છે. હવે ઉપાસના કેવી રીતે કરવી તે પૂજ્ય ભાઈએ ત્રીજી ગાથા દ્વારા સમજાવ્યું:

આદિમં પૃથિવીનાથ–માદિમં નિષ્પરિગ્રહમ્,
આદિમં તીર્થનાથં ચ, ઋષભસ્વામીનં સ્તુમઃ.

અર્હત્ કે અરિહંતમાં રહેલ આર્હન્ત્યનું પ્રણિધાન કરીને ચિંતન કરવાનું છે કે મારા દેહભાવથી પ્રચ્છન્ન્ કે આવૃત્ત એવી મારી આર્હન્ત્ય ચેતનાનું ઢાંકિલું આચ્છાદન ખૂલતા જ અરિહંતની આર્હન્ત્ય ચેતના મને મારા જેવી એકસરખી જ દેખાશે. મારા અને તીર્થંકરોમાં કોઈ જ ફેર નથી. પરમેષ્ઠી ચેતના એકવાર મારી ચેતનાને સ્પર્શે અને તેમાં પ્રવેશે એટલે શોકમુક્ત, ભયમુક્ત, રોગમુક્ત, રાગમુક્ત, દ્વેષમુક્ત, દોષમુક્ત અને ઋણમુક્ત બની જીવન ઉત્ક્રાંતિને વરે છે.

સકલાર્હત્ સ્તોત્ર દ્વારા ચોવીસે તીર્થંકરોમાં રહેલ આર્હન્ત્યને જૂદા–જૂદા વિશેષણોથી ઉદ્‌બોધિત કરેલ છે. પૂજ્ય ભાઈનું છે ને કેવું સુંદર ચિંતન જે પ્રમાણે તત્વથી જોઈએ તો આપણો દેહ જ દેવાલય છે.

देहो देवालयः प्रोकतं जीवो देवः सनातनः ।
त्यजेदज्ञान निर्माल्यः सोडहं भावेन पूजयेत् ॥

જામનગર સમીપ શ્રી આરાધનાધામ, શ્રી પ્રહ્‌લાદ્ પ્લોટ દહેરાસર-રાજકોટ, શ્રી કસ્તુરધામ-પાલીતાણા આદિ પાવન સ્થાનોમાં તેઓની પ્રેરણાથી નવકાર મહામંત્રની શાશ્વતી પીઠની સ્થાપના પૂર્વે ૬૮ લાખ નવકાર લખેલી પુસ્તિકાઓના ભૂમિગત કરવાના પૂણ્યસમયે પૂજ્ય ભાઈ સૌને પૂજ્ય મુનિરાજશ્રી જંબુવિજયજી મહારાજની જેમ પૂછે: 'નવકાર કાગળમાં જ નહીં, કાળજામાં પણ સાથે સાથે લખાયો છે ને?'

વળી સમજાવે કે આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે:
નવકાર લેખનથી આપણો ઉપયોગ જેટલી વાર પંચપરમેષ્ઠીમાં રહયો તેટલો સમય અશુભ ભાવો અને પાપોનો નાશ થયો. અંતર વગરની આંતરયાત્રા કરવાના અમોઘ સાધનોમાં એક છે કાયોત્સર્ગ અને બીજુ છે શ્રી નમસ્કાર મહામંત્રનું લેખન. એ બંનેથી વર્તમાનક્ષણની જ આરાધના થાય છે. ભૂત ને ભવિષ્ય એ તો મનની જ કલ્પના માત્ર છે. નવકાર લેખનથી પ્રભુનું નામસ્મરણ થાય છે.

વાત તો સાચી જ છે કે પ્રભુની હાજરીમાં ગણ્ય, પરંતુ તેનાં નામથી અગણ્ય આત્માઓ મોક્ષમાં ગયા છે, કારણકે પ્રભુના મંત્રનું લેખન કરતાં તમસ્ ખંખેરાઈ જાય છે અને પ્રભુ નામની જ્યોતમાં આપણાં સ્થૂળ નામરૂપ હોમાઈ જાય છે.
પૂજ્ય ભાઈ કહે છે કે ચાર દુર્લભ વસ્તુઓ આ મંત્રસ્મરણથી સુલભ બને છે:

चत्तारि परमंगाणि दुल्लहाणिह जन्तुणो ।
माणुसत्तं सुई सद्धा संजमम्मि य वीरियं ॥
–उत्तराध्ययन सूत्र, ३-१

મનુષ્યજન્મ, શાસ્ત્રશ્રવણ, ધર્મમાં શ્રદ્ધા અને સંયમ પાલન માટે વીર્ય એટલે કે આત્મબળ આ સંસારમાં જીવને માટે પરમ દુર્લભ છે.
–ઉત્તરાધ્યયન સૂત્ર, ૩–૧

પૂજ્ય ભાઈ એક દ્રષ્ટાંત પોતાના વકતવ્યોમાં કયારેક ટાંકે છેઃ
''મારા પુત્રના એક સહૃદયી મિત્ર છે જે પોતાની વાતના દરેક વાકયમાં 'ભગવાન' શબ્દ જોડીને જ બોલે છે. જેમ કેઃ કેમ છો ભગવાન? કાલે હું અમદાવાદ ગયો હતો ભગવાન. અરે ભગવાન, તમારા બાપુજીને હવે કેમ છે? આજે મગફળીનો શો ભાવ છે ભગવાન? આજે સારો વરસાદ છે ભગવાન, ઈત્યાદી''.

પૂજ્ય ભાઈ સદા કહે છેઃ જે સત્યનિષ્ઠ હોય, જેની નસેનસમાં ભગવાન વસી ગયા હોય તે જ આમ દિવસમાં ૫૦૦ વાર ભગવાનનું નામ બોલી શકે. વળી જે વ્યક્તિ આટલી બધી વાર ભગવાનને હાજરાહજૂર રાખે તે કયારેય ખોટું કામ ન કરી શકે, તેને ભગવાનની આજ્ઞા ઉપર અત્યંત બહુમાન હોય જ. માટે આ ટેવ પાડવા જેવી છે.

સત્ય સ્વયં ઊર્જાનો મૂળ સ્ત્રોત છે. સત્યદર્શન, સત્યજ્ઞાન, સત્યજીવન એ ત્રણે સત્યસ્વરૂપ મહાસત્તા જ છે. કોઈપણ મંત્રનું સામર્થ્ય તેમાં રહેલ સત્યસંકલ્પના કારણે જ હોય છે. પંચપરમેષ્ઠી સ્થિત સાધુઓ સત્યને પ્રયોગમાં મૂકતું દિવ્ય પ્રવેશદ્વાર છે, ઉપાધ્યાયો તો સત્શ્રુતનું જ દિવ્ય નિકેતન છે. આચાર્યોના જીવનમાં જીવાતો વૈભવ જ સ્વયં સત્યનો છે, અરિહંતો એ ૧૪ રાજલોકમાં પ્રસારણ થતો સત્યનો દિવ્ય પ્રકાશ છે અને સિદ્ધો એ પરમ સત્યમાં પ્રતિષ્ઠિત શાશ્વત દિવ્ય જ્યોતિ છે.

તીર્થંકરોએ પોતાના કૈવલ્યદર્શનમાં બ્રહ્માંડના અસ્તિત્વના ભાગરૂપ બ્રહ્મનાદ કે અનાહત નાદને સાંભળી સત્યદર્શનમાં તેની પ્રસૂતિ નવકાર મહામંત્રમાં થતી જોઈ અને આપણા સુધી તે મંત્રને પહોંચાડયો. તેનો અજપાજાપ કરતા-કરતા અક્ષરોની હદ પૂરી થાય ત્યાં અનુભૂતિની અનહદમાં પ્રવેશ થઈ જાય છે ને પછી નક્ષત્ર-કાળને ઉલ્લંઘી જતું સર્વત્ર વિદ્યમાન એક માત્ર અસ્તિત્વ બની રહેવાય છે! When you are in a state of being and your becoming comes to halt, you have conquered time.

જ્યારે પૂજ્ય ભાઈ તથા મમ્મીજીના પરિણયના ૫૦ વર્ષ સંપન્ન થયા ત્યારે પરિવાર સમસ્ત આ રૂડા અવસરને વધાવવા સંમિલિત થયો અને તેમનો પાંચ દાયકા પૂર્વેનો એક સુંદર ફોટો ઉપહાર રૂપે અર્પ્યો. સહજીવનના મહાકાવ્ય સમા આ અવસરે સાથે લખાણ આલેખ્યું કે:

**પરમ આદરણીય પૂજ્ય ભાઈ-ભાભી,**

પ્રણામ.

કોઈ પોતાના જીવનના એકાવનમા વર્ષમાં પ્રવેશ કરે ત્યારે તે વનપ્રવેશ કહેવાય, પણ આ તો સહદાંપત્યજીવનના એકાવનમા વર્ષમાં પ્રવેશ. એ તો આંતરમનપ્રવેશ કહેવાય. આજે એ પ્રવેશદ્વારે અમે શુભેચ્છાઓના તોરણ બાંધી આપના સહજીવનને કંકુઅક્ષતથી વધાવીએ છીએ.

સારસ્વત પૂજ્ય ભાઈ – એટલે સુજનતા, માર્મિકતા એવં ભદ્રતાના પર્યાય. હજારોના ચિત્તને જે ઉજ્જવળ અને ઉદાત્ત કરે તેવી મનોહારી વાણીનાં મૂઠી ઊંચેરા માનવી.

સત્વસમર્થ પૂજ્ય ભાભી – એટલે સાધુતા, ધર્મદ્રઢતા એવં સમર્પિતતાના પર્યાય. અરિહંતની દિવ્ય ચેતનાની આનંદમયી અનુભૂતિ કરનાર સાધક. ભક્તિની મસ્તીમાં મુગ્ધ તેજોમય આતમ.

જીવ ને પુનઃ શિવત્વ સુધી પહોંચાડવાની આ સહજીવન મૈત્રીયાત્રા સદૈવ ઉર્ધ્વગતિ પામી રહી છે ત્યારે અમે પણ સંકલ્પ કરી તમોને અભયવચન આપવા માંગીએ છીએ કે તમારા નિર્મળ સમ્યગ્દર્શન, સિદ્ધાંતનિષ્ઠા, તપ-ત્યાગ અને સ્વાધ્યાયપ્રીતિનાં સમૃદ્ધ વારસાથી અમારા જીવનને પણ અર્થસભર બનાવીશું. તમારા બંનેના આશિષનું અહોભાગ્યવારિ સદૈવ અમ પરે વરસતું રહે. તવ સાયુજ્યનો અદકેરો વૈભવ મુખરિત થયા જ કરે તથા આ નવધાભક્તિથી જિનેશ્વર પ્રાપ્તિ અતિ સુગમ બને. આપ બંનેના ચિરાયુષની પ્રાર્થના કરીએ છીએ ...અને જ્યારે પ્રાર્થનાની આંખ ભીની હોય છે ત્યારે પરમાત્માની આંખ પણ ક્યાં કોરી હોય છે? સુવર્ણ લગ્નદિન મુબારક હો.

**અમે બધા**



- મેળવેલા સુખ કરતા આપેલું સુખ આપણને વધુ સુખી બનાવે છે.

વળી તે દિવસે અમે ભેટરૂપે તેમને અર્પેલા કાવ્યરૂપી શબ્દસુમનો નીચે પ્રમાણે હતા:

પરમાદરણીય વિશિષ્ઠ સુવર્ણ દંપતિ પૂજ્ય ભાઈ તથા ભાભી,

આપ બંને છો સંસ્કારવૈભવનું સુચારૂ કાવ્ય, આપ બંને છો ચૈતન્યનું સુચારૂ મહાકાવ્ય!

પંચદસકા પૂર્વે આવી હતી, જોડી જાડી જાન મજાની મહેતા પરિવારની વાંકાનેરમાં,
રાજવી આંગણુ બન્યું હતું પાવન, વળાવી હતી અનુપમ કન્યકા એક શેઠ પરિવારની.

એ શશીકાંત છે સાર્થકયનું સુચારૂ કાવ્ય, એ અનુપમા છે સાતત્યનું સુચારૂ મહાકાવ્ય!

અજાણ હતા નિયતિના વિશિષ્ઠ હેતુથી કે સુજન્મ પામશે ચતુ:સંતાનો તેમના થકી,
જય અને શ્રી અધ્યાત્મદિપક પ્રગટાવશે અને સ્મિત વેરાશે શીતલ અસ્તિત્વ મહીં!

આપ બંને છો કર્તવ્યતાનું સુચારૂ કાવ્ય, આપ બંને છો તપસ્યાનું સુચારૂ મહાકાવ્ય!

રહો શાશ્વત આ સુદીર્ઘ સમ્યક્ સહવાસ, વહો સ્નેહરત્નાકર અમ સહુ આસપાસ...
રહો સ્વસ્થ ને પ્રસન્ન તમે ચોપાસ, વહો પ્રાર્થના પરમેશ્વરને આજના દિને ખાસ!

આપ બંને છો હૃદય આભૂષણનું સુચારૂ કાવ્ય ને વળી સાયુજ્યનું સુચારૂ મહાકાવ્ય!

સૈકાના દ્વિતીયભાગમાં સહપ્રવેશ મંગલમયી હો.
કીરચંદ તેજપાળ મહેતા પરિવાર
૧૪ મે ૧૯૫૩ – ૨૦૦૩

ત્યારે પૂજ્ય ભાઈએ પણ એક બહુ મોટી વાત લઘુશબ્દોમાં કહી કે:
અમારી આ સંનિધિનો સઘળો યશ તમારા મમ્મીજીને જ જાય છે, કારણકે:
॥ न गृहं गृहमित्याहु गृहिणी गृहमुच्यते ॥ ઘરને ઘર નહીં, ગૃહિણીને ઘર કહેવાય છે.

વળી ઉમેર્યું કે આ પ્રગટાવેલા ૫૦ દિવડા હાથમાં ધરીને તમો બધા અમારી સમીપ આવ્યા અને નમન કર્યું ત્યારે એક વાત યાદ રાખજો કે નમસ્કાર ત્રણ પ્રકારના હોય છે:
૧. નમસ્કાર થાઓ = ઈચ્છાયોગનો નમસ્કાર.
૨. નમસ્કાર કરું છું = શાસ્ત્રયોગનો નમસ્કાર.
૩. તદ્રુપે પરિણમું છું = સામર્થ્યયોગનો નમસ્કાર.

સકલ ક્રિયાનું મૂળ શ્રદ્ધા છે, શ્રદ્ધાનું મૂળ જ્ઞાન છે, જ્ઞાનનું મૂળ ભક્તિ છે અને ભક્તિનું મૂળ ભગવાન છે. ઉપરોક્ત ત્રણે પ્રકારના નમસ્કાર ભગવાનની શ્રેષ્ઠ ભક્તિ છે. અમે સૌએ આ વાત શિરોમાન્ય કરીને તેઓને પુનઃ વંદન કર્યા. વળી પૂજ્ય મમ્મીજીને નવાજતાં તેમણે એક સુંદર શ્લોક રજુ કર્યો:

भारिया धम्मसहाइया धम्मविइज्जिया ।
धम्मानुरागरता समसुखदुःख सहाइया ॥
- उ. पा. ७/२२७

આદર્શ પત્ની ધર્મમાં સહાયતા કરવાવાળી, ધર્મસાથી, ધર્મમાં અનુરાગવાળી
તથા સુખદુ:ખમાં એક સરખી રીતે સાથ આપનારી હોય છે.
- ઉ. પા. ૭/૨૨૭

અમારા જીવનનો બહુ મોટો યથાર્થ બોધ અમે આ નિષ્ઠાવંત યુગલમાંથી જ લીધો છે. એકમેકને કેમ સન્માનીત કરી, વિકસવાની તક આપી અનુકૂળ થવું તે હરહંમેશ ઘરના વડીલોના વર્તન અને વ્યવહારમાંથી જ શીખવા મળતું હોય છે. આપણા ઘરને કઈ રીતે નંદનવન કરી શકાય તે શીખવાની પાઠશાળા દરેકના ઘરમાં જ હોય છે જો એ તરફની દ્રષ્ટિ વિકસાવાય તો. આ જ્ઞાન એ દિવસે વધુ દ્રઢ થયું.

પૂજ્ય ભાઈ પહેલા જ્યારે સિદ્ધચક્ર પૂજન ભણાવતા ત્યારે પોતે જ હાર્મોનીયમ વગાડે. મોટા કેસિયો જ્યારે પાછળથી આવ્યા તે પણ તેઓ સરળતાથી વગાડવા સાથે જ ગાય અને સંપૂર્ણ શુદ્ધ ઉચ્ચારોસહ મંત્રો પણ અસ્ખલિત રીતે બોલે. એ વેળાએ સિદ્ધચક્ર યંત્રમાં રહેલ નવપદજી, માતૃકા, વર્ણાક્ષરો, દેવ-દેવીઓ બધા જાણે ત્યાં કાવ્ય સ્વરૂપે પ્રગટ થતાં હોય તેવું દિવ્ય વાતાવરણ ઉભુ થાય.

આમ ભલે જીવનદ્રષ્ટિ અને જીવનશૈલી થોડી અલગ પણ અહીં અમને પૂજ્ય મમ્મીજી સાથેની તેમની જુગલજોડી જોવી અત્યંત ગમે. પૂજ્ય ભાઈ પૂજન ભણાવતા તેનું રહસ્ય સમજાવે અને બાજુમાં પૂજ્ય મમ્મીજી જેમના ઘરનું પૂજન હોય તેઓના પરિવારજનોને શ્રેષ્ઠ રીતિએ યંત્રનાં વલયોમાં અષ્ટપ્રકારી પૂજાની વિધિ કરાવે. ક્યારેક પૂજ્ય ભાઈ ક્રમમાં કાંઈ ભૂલી જાય તો તેઓની સહધર્મચારિણી જ તેઓને યાદ કરાવે અને પૂજ્ય ભાઈ હસતા-હસતા ધ્વનિવર્ધકયંત્રમાં માફી પણ માંગી લે.

ઓછા સામાને ઘણી લાંબી યાત્રાઓ કરી આ યુગલે દેશ-પરદેશમાં.
ભારત તેમ જ અમેરીકા, લંડન, નૈરોબી, કેન્યા, ટાન્ઝાનીયા, સીંગાપોર, એન્ટવર્પ, જાપાન, દુબઈ, શારજાહ, રિયાધ વગેરે જગ્યાઓએ પૂજ્ય મમ્મીજી ગુજરાતી સાડલો પહેરવો ન છોડે અને કયારેય વાણહ (ચંપલ) ન પહેરે. સાથે મહત્વનું એ કે પતિ તરીકે કયારેય પૂજ્ય ભાઈને તેની લાઘવતા લાગી નહીં અને તેમના સ્વાધ્યાયના, તપના, વ્યવહારીક કે ક્રિયાના સિદ્ધાંતોમાં કયાંય મુખ્યત્વે આડા પણ ન આવ્યા.

પૂજ્ય મમ્મીજી એક જ એવા સંનિષ્ઠ નારીરત્ન હશે કે જે મોટી સભા ગજવીને અને તાળીઓના ગડગડાટ પામીને આવેલા પોતાના પતિને કહી શકતા કે હવે આ બધું મૂકો અને દીક્ષા લઈને આત્મસિદ્ધિ પરત્વે વળો. ૫૪ વર્ષનું એમનું સુસંવાદિત સહજીવન. જેમ આકાશમાં એક વિહંગયુગલ સર્‌સર્‌ ઉડતું જતું હોય તેના લિસોટા ન પડે તેવું સાંસારિક લિસોટા વિનાનું તેમનું ઉત્તમ સહજીવન.

સાધનાપંથની સહયાત્રામાં એક સાધે જ્ઞાનયોગ ને બીજા સાધે ક્રિયાયોગ. જો કે બંને યોગના સહયોગથી જ મોક્ષ મળે તેની સજાગતા ય બંને પાસે ખરી. અનન્ય નિર્ગ્રંથી યુગલ. બંનેનું બહુઆયામી વ્યક્તિત્વ. બંનેમાં વિરક્તિ સાથેની સમરસતા અને રસમયતાનો અદ્દ્ભૂત સંગમ. એકમાં બૌદ્ધિકતા પ્રમુખ તો બીજામાં નૈતિક ભક્તિ. એકમાં તાર્કિકતા આગળ તો બીજામાં શ્રદ્ધેયતા. બંનેમાં પરંપરાનો વિરોધ નહીં ને નવ્ય અભિગમને આવકારવાની આવડતે ય ખરી. તેઓના સહજીવનના સાક્ષી તરીકે આમાં તો અમારો સ્વાનુભવ જ શિવાનુભવ છે તેમ કહી શકાય.

ભક્તિ ભાગીરથી પૂજ્ય મમ્મીજી ૬ મે, ૨૦૦૭ના દિવસે દેહથી દિગંત થયા પછી પરિવાર સમસ્તમાં જાણે પૂર્ણ શૂન્યતા વ્યાપી ગઈ, પણ પરિપકવ પર્ણ કે ફળ કયારેય વૃક્ષમાં પાછું ફરે છે ખરું?

પોતાના આઘાતને કે એકલતાને ખોતરીને કયારેય વધુ ઘેરા બનાવ્યાં નથી એવા પૂજ્ય ભાઈએ એકસમાનતાથી જીવનને સ્વીકાર્યુ છે અને એટલે જ કદાચ તેઓ વિશ્વભરના અધ્યાત્મ સ્નેહીઓ માટે પૂજનીય બની રહયા છે. પોતાનું સહજ એકાંત તેઓએ બહુધા આવકાર્યું છે. કોઈની પાસે અપેક્ષા નહીં ને કોઈની માટે ફરિયાદ નહીં એવી આ વિભૂતિનું વાર્ધકય અનાસક્તિ એવં આત્મમૈત્રી સમા આભૂષણોથી અલંકૃત થઈ આજે શોભી રહ્યું છે.

પૂજ્ય મમ્મીજી ખરે જ હતા એક વિશુદ્ધ ચિદ્રુપરત્ન. તેમનાં પવિત્ર આત્માના પાવક સ્મરણમાં ૭૦ દિન ગુજાર્યા પછી જ્યારે આવ્યો તેઓનો જન્મદિન, પૂજ્ય ભાઈ હતા ઘણા ખિન્ન. સૌને ફરી યાદ આવ્યો એ દિન જ્યારે અમોએ તેમને અંતિમ વિદાય આપી હતી. પૂજ્ય ભાઈએ સજળ નેત્રે તેમની સાથે જીવેલા સમયખંડની અનેક વાતોને સ્મરીને અનોખી રીતે સ્મરણાંજલિ આપી અને અમોએ પૂજ્ય મમ્મીજીના જન્મદિવસે આ રીતે શબ્દાંજલી આપી:

## પરમ વંદનીયા પૂજ્ય મમ્મીજી

નામ જેમનું હતું મધમીઠું અનુપમા, પાંચે પરમેષ્ઠીઓની હતી ખમ્મા ખમ્મા!
જે હતા સમતારસના છલોછલ દરિયા, સૌને સદૈવ સ્નેહવારિ થકી ભીંજવ્યા!
સમીપ હતી શાસનરાગની મૂડી, વળી તત્વરુચી ને સંઘની હતી પૂર્ણ પ્રીતિ!
અરિહંતની કરતાં સદા અનવરત ભક્તિ, અંતઃકરણમાં ઉછળતી અમાપ શક્તિ!

દેહાધ્યાસથી થયા હતા સા..વ અળગા, દરેક ક્ષણે અતિજાગૃત ને સુવ્રતા!
પગલે પગલે દીપતી હતી સાધુતા, જાણે શુદ્ધ ક્રિયામાં પરિરમમાણ શ્રાવિકા!
હતા સ્વયં એક જંગમ પાવન તીર્થ સમા, નખશીખ નીતરતી સહજ સરળતા!
એવા પૂજ્ય મમ્મીજીનો છે આજે જન્મદિન, વરસાવજો આશિષ હે ચોવીશે જિન!

**૧૬ જૂલાઈ, ૨૦૦૭**

:ઉર્ધ્વપથનો પુરુષાર્થ આદરીને અરિહંત સમીપ જનાર પ્રમોદાત્માને સંબોધનઃ

અથ થી ઈતિ - જીવન તમારું સમતા, સેવા ને સન્મતિ.
હે માતા, અમે જોયો મંદિરમાં તમારો મચણા ધર્મ ને ઘરમાં તમારો જયણા ધર્મ. અપેક્ષા ન કોઈથી - ઉપેક્ષા ન કોઈની. તમે હતા દર્પણ જેવા, આવકાર્યા સૌને પણ સંગ્રહ ન કોઈનો. તમે બન્યા અમારા સારથી આ ભવના અને પરભવના પણ. સમતાના મૂર્તિ, કરુણાની અનુભૂતિ ને સહનશીલતાની દેવી. નથી તમારી ઉપમા હે માતા તમે હતા અનુપમ અનુપમા. શ્વાસે શ્વાસે અરિહંતનો ઉત્સવ, ભેટયા મૃત્યુને બનાવી મહોત્સવ. અથ થી ઈતિ આખુ જીવન તમારું... એ જ માર્ગદર્શન અમારું.

**વંદન વંદન વંદન.**

પરમ પૂજ્ય મમ્મીજીના નિધન પછી પૂજ્ય મુનિરાજ ગુરુદેવ શ્રી જંબુવિજયજીના એક પત્રમાં તેમણે પૂજ્ય ભાઈની સંભાળ રાખવા માટે અમોને કરેલી ભલામણ અવશ્ય મનન કરવા યોગ્ય છે:

C/o તપગચ્છ જૈન ઉપાશ્રય,
માંડલ, વાયા-વિરમગામ, પીન: ૩૮૨૧૩૦.

સુશ્રાવક દીપકભાઈ તથા ભારતીબહેન યોગ ધર્મલાભ.

તમારો પત્ર મળ્યો. તમને માતાની સેવાનો ખૂબ-ખૂબ લાભ મળ્યો તે જાણી આનંદ. આવી સેવા જ ઘણાં-ઘણાં પુણ્યો બંધાવીને અણધાર્યું ફળ આપે છે અને જીવન વિકાસમાં ઉત્તરોત્તર પગથીયા ચઢાવીને ઉચ્ચ સ્થાને સ્થાપે છે. માણસ ગયા પછી જ માણસનું અસ્તિત્વ કેટલું મહાન હતું તેમ જ કેટલું બધાને બાંધનારૂં સૂત્ર-તત્વ હતું તે સમજાય છે. Man is known in his absence. હવે તો હકીકતને સ્વીકારીને ચાલવાનું તેમ જ તેમના તથા આપણા આત્માના હિત માટે સતત જાગ્રત રહીને જીવવાનુ અને આરાધના કરવાની. પ્રભુના ધર્મની આરાધના એ જ માનવ જીવનનો સાર છે, આદર્શ છે. અમે અહીં દોઢેક મહિનો રોકાવાની ભાવના રાખીએ છીએ.

શશિકાંતભાઈ એકલા થઈ ગયા. એમને ખાસ ખાસ આશ્વાસન આપવાની જરૂર છે. એમને એકલવાયા જેવું જરાપણ ન લાગે તે રીતે એમની સાર-સંભાળ-પૂછતાછ કરતા રહેશો. આ પત્ર તેમને પણ વંચાવશો.
**દ. જંબૂવિ. નાં ધર્મલાભ.**

આ કૃપાવર્ષા જાણે અસ્ખલિત રીતે અમારા ઉપર વરસે છે તેવું આજે પણ હર ક્ષણે પ્રતીત થાય છે.

# ૧૫




અમારા પરમ પૂજ્ય નાનાજી નટવરભાઈ તથા નાનીજી વજીબેન આપણામાં રહેલ સાત ચક્રો વિશે ઊંડાણમાં સમજવા એકદા પૂજ્ય ભાઈ પાસે સાંજે ચોવિહાર પછી આવ્યા. સૌ ફળીયામાંથી સૂર્યાસ્ત જોઈ રહયા હતા જ્યારે પૂજ્ય ભાઈએ પોતાના જ્ઞાનદિવાકર રૂપી પ્રકાશનાં ઉદયથી સૌને દેદિપ્યમાન કર્યા.

નમસ્કાર મહામંત્રનું ૭ ચક્રોમાં ધ્યાન કેવી રીતે કરવુ તે સમજાવતા તેઓએ કહ્યું કેઃ સૌનું તાત્વિક નમન આર્હન્ત્યમયી ચેતનાને છે, જે સર્વાન્ત્યાંમિ, સર્વાભિમુખ, સર્વક્ષેત્રકાળવ્યાપી, સનાતન શાશ્વત, શરણાગત-વત્સલ છે.

૧. આ ચેતના ઉર્ધ્વથી આવીને સહસ્ત્રાર ચક્રમાં પ્રવેશે છે, જે એક મહાભાવ છે.
૨. આ મહાભાવ આજ્ઞાચક્ર પર પ્રક્ષેપિત થઈ તેની સત્તા સ્વીકારી નીચે ઉતરે છે.
૩. વિશુદ્ધચક્રમાં તે મહાભાવ અંતઃસ્ફૂરણા બની જાય છે.
૪. અનાહતચક્રમાં પહોંચી આ મહાભાવ અનાહત-અજેય-સ્થાયી પશ્યન્તીરૂપ બનીને અનુપ્રેક્ષાનું નવનીત આપે છે.
૫. મણિપુર ચક્રમાં પશ્યન્તી વાણી મધ્યમમાં પ્રવેશે છે અને તે મહાભાવ વિચારોમાં પરિણત થઈ વ્યકત બને છે. અહીંથી વ્યક્તિનાં તથાભવ્યત્વ મુજબ વિચારને પાસા પાડતા હીરાનું દર્શન થાય છે. પુરુષાર્થનું ક્ષેત્ર વધું સ્પષ્ટ બને છે.
૬. આ વિચારને વર્તનમાં પરાવર્તિત કરતું ચક્ર છે સ્વાધિષ્ઠાન ચક્ર, જે વિચારને પોતાનો બનાવે છે.
૭. અંતે મૂલાધારચક્રમાં સમગ્ર ચેતનાનું થયેલું રૂપાંતર સમ્યક્ ચારિત્ર્ય દ્વારા અભિવ્યક્તિ પામે છે.

અને ત્યારે અમે સૌ અહોભાવપૂર્વક પૂજ્ય ભાઈની આ નવકાર મંત્રની તીર્થયાત્રાનું પર્યવસન તત્વયાત્રામાં થતું જોઈ વિચારીએ છીએ કે now it is both: Journey's end and beginning!



- Creation (We) can never be inferior to the creator (God).

પોતાના વેવાઈઓને પૂજ્ય ભાઈ મિત્રો જ માને. તેઓ સંગે સંગોષ્ઠિ કરતા હોય ત્યારે પણ તેમના માનસપટમાં પ્રભુના ગુણ, પ્રભાવ, તત્વ અને રહસ્યનું જ ચિંતન ચાલતું અમે જોયું છે. આવી ગોષ્ઠિઓમાં પોતાના શ્વસુરપક્ષના સ્નેહીજનો વચ્ચે પણ પૂજ્ય ભાઈને અજોડ ચિંતનો વહેતા મૂકતા વારંવાર સાંભળ્યા છે.

परमोच्चक प्रभो सत्य त्वामेव केवलम् ।
अनुवर्तामहै सत्यम् अनुजीवाम केवलम् ।।
O Supreme Lord, eternal truth !
Let us obey THEE alone and live according to truth.
હે સત્ય! હે વીતરાગતા! રાગદ્વેષરહીત આર્હન્ત્ય પરમ સત્ય છે.
હું ફકત તેને જ અનુસરું.

પૂજ્ય ભાઈ ઉપરોક્ત શ્લોક કહી સમજાવે કે બ્રહ્માંડના આવા અનેક સત્યોને ઉદ્ઘાટીત કરતો મંત્ર એ નવકાર મંત્ર છે. તેની સાધના અક્ષરબ્રહ્મથી શરૂ થઈ પરબ્રહ્મ પ્રગટાવે જ છે, કારણકે પ્રભુ કહે છેઃ इह जन्मे जन्मांतरेवा । न मे भक्तः प्रणश्यति ।।
આ ૨૧મી સદીમાં survival of the fittest કે wisest નહીં પણ survival of the purest થશે. પવિત્ર હશે તે બચશે-બચાવશે, જીવશે-જીવાડશે, જીતશે-જીતાડશે.

વળી એકદા ગુરુમહારાજના ચાતુર્માસ પ્રવેશ વેળાએ અમારી વિવિધ પ્રકારની ગહુંલી જોઈ પ્રસન્ન થઈને પૂજ્ય ભાઈ કહે કેઃ स्वस्ति करोतीति स्वस्तिकम् ।
સ્વસ્તિક મંગલનું જ બીજું નામ છે અને ૐકારનું સ્વરૂપ છે, જે એકાક્ષર બ્રહ્મ છે. સ્વસ્તિકના ચિન્હમાં આડી ને ઉભી રેખાઓની મધ્યમાં જે પૂર્ણ બિંદુ છે તે અનુપમ શિવશક્તિ સામરસ્યનું પ્રતિક છે. અહીં ભગવતી એ બિંદુમંડલવાસીનિ દેવી અને ભગવાન એ બિંદુસંશ્રય કહેવાય છે. બિંદુ સર્વાનંદમય ચક્ર છે તેથી તેને બ્રહ્મરંધ્ર પણ કહેવાય છે - જે મંગલની જનની છે.

અમારા મામા-મામી, માસી, બહેન-બનેવી વગેરે સપરિવાર પરદેશ રહે. રાજકોટ અમારી સાથે રહેવા જ્યારે ભારત આવે ત્યારે મનમાં અઢળક પ્રશ્નો લઈને જ આવ્યા હોય. તેઓને અનેક મૂંઝવણો હોય. આવા જ એક ડિસેમ્બર મહિનામાં અમે સૌ 'ભદ્રંકર'ની ઓસરીમાં રાત્રે શાલ ઓઢીને સાથે બેઠા. બધાના મનમાંથી એક પછી એક પ્રશ્નો બહાર આવવા માંડ્યા. પૂજ્ય ભાઈએ સૌની મૂંઝવણો દૂર કરી ત્યારે માગસર વદ આઠમનો ચંદ્ર મધ્યરાત્રિનો સમય દર્શાવતો હતો.

પૂજ્ય ભાઈ દ્વારા અનુભૂત ઉત્તરપ્રાપ્ત લઘુ પ્રશ્નાવલી:

- નમસ્કાર મહામંત્ર એ શું છે?
  નવકાર એ સર્વકાળે, સર્વક્ષેત્રે સાધના દ્વારા સાધ્ય પ્રાપ્તિનું સમર્થ સાધન છે.
- અરિહંતો સાથે આપણો શો સંબંધ છે?
  તેઓ આપણી ચેતનાનું મૂળ છે, જીવનનો સ્ત્રોત છે, સાધનાની શક્તિ છે અને આપણા જીવનનું લક્ષ્ય છે.
- નમસ્કાર મંત્રમાં રહેલ પંચપરમેષ્ઠીને કરાતા વંદનની શું વિશિષ્ઠતા છે?
  શાશ્વત, સર્વમંગલ, સર્વતોભદ્ર એવા પંચપરમેષ્ઠીને વંદન કરવાથી પરિવારમાં પવિત્રતા, પુણ્ય પ્રવૃત્તિ, પરસ્પર સ્નેહ, પરમાત્મ ભક્તિ, પૂર્ણતા તરફની ગતિ એવં જિનરાગમાં વૃદ્ધિ થાય છે.
- પંચપરમેષ્ઠી (अ सि आ ऊ सा) ના ધ્યાનમાં વિલિન થવાથી શું પ્રાપ્ત થાય છે?
  તેઓમાં વિલીન થવાથી નિમ્નલિખિત પંચ દિવ્યો પ્રગટ થાય છે:

  DIVINE LOVE - દિવ્ય પ્રેમ (अ)
  DIVINE LIGHT - દિવ્ય પ્રકાશ (सि)
  DIVINE DELIGHT - દિવ્ય આનંદ (आ)
  DIVINE WEALTH - દિવ્ય સંપતિ (ऊ)
  DIVINE HEALTH - દિવ્ય સ્વાસ્થ્ય (सा)

- રોજબરોજના આચારમાં નમસ્કારને શા માટે પ્રાધાન્ય અપાયું છે?

आचार प्रथमो घर्मः । आचार प्रभवो घर्मः । आचार परमो घर्मः ।

અહંકાર ત્યાં અંધકાર, પરોપકાર ત્યાં પુરસ્કાર, નમસ્કાર ત્યાં સાક્ષાત્કાર.

- મૈત્રીભાવને હું મારામાં કઈ રીતે અવતારિત કરી શકું?

BE ECO-FRIENDLY - પ્રકૃતિ મિત્ર બનીને.

BE CULTURE-FRIENDLY - સંસ્કૃતિ મિત્ર બનીને.

BE SOCIO-FRIENDLY - સમાજ મિત્ર બનીને.

BE NATION FRIENDLY - રાષ્ટ્ર મિત્ર બનીને.

BE UNIVERSE FRIENDLY - વિશ્વના મિત્ર બનીને.

- શાસ્ત્રોક્ત રીતે સાચું સ્નાન શું છે? તે શેની માટે છે?

મંત્ર સ્નાનં - મન શુધ્યર્થે હોય છે.

શ્રુત સ્નાનં - બુદ્ધિ શુધ્યર્થે હોય છે.

ભક્તિ સ્નાનં - ચિત્ત શુધ્યર્થે હોય છે.

મૌન સ્નાનં - આત્મ શુધ્યર્થે હોય છે.

ધ્યાન સ્નાનં - પરમાત્મપદ પ્રાપ્યર્થે હોય છે.

- અમારે પરદેશમાં કેવા રહીને-બનીને જીવવું જોઈએ?

તમે ગમે ત્યાં રહો - કાયસ્થ મટો, ગૃહસ્થ પણ મટો. માર્ગસ્થ રહો, સ્વ-સ્થ રહો, મંત્રસ્થ બનો. સર્વસ્થ, સ્વરૂપસ્થ, સિદ્ધસ્થ બનો.

- સંબંધ જગતમાં કઈ રીતે સુમેળતા સાધી શકાય?

| | | |
|---|---|---|
| WISH WELL | परहितचिंता | INTENTION |
| SERVE WELL | परोपकार | EXTENSION |
| RELATE WELL | प्रमोदभाव | RELATION |
| BEHAVE WELL | प्रतिज्ञा | ACTION |
| SUPREME WELL | प्रशांति | REALIZATION |

※



• પંચપરમેષ્ઠી એ મારો શાશ્વત પરિવાર છે.

પૂજ્ય ભાઈનો ઉપરવાસ-સહવાસ-અંતરવાસ અગણ્ય શ્રમણો સંગે અને તેથી જ કેટકેટલાય સ્થવિરોના ઘરે પાવન પગલાં થયા કરે. ચાતુર્માસ પરિવર્તનો હોય કે પછી પર્યુષણ મહાપર્વમાં કલ્પસૂત્ર કે પારણાને ઘરે પધરાવવાના હોય, પચીસ વર્ષથી પૂજ્ય ભાઈની પ્રેરણાથી શરૂ થયેલ મહાવીર જન્મદિને નીકળનારી જૈનોના ચારે ફિરકાની સમુહ રથયાત્રાની મિટિંગો હોય કે પછી નવા સર્જાનારા આયંબીલ ભવન અને ઉપાશ્રયના પ્લાન અંગે ચર્ચા કરવા સંઘની કાર્યકારી કમિટિના સભ્યોની મિટિંગ હોય - ઘરનું ફળિયું કે આંગણુ સદાયે સ્વાગતોત્ત્સુક જ હોય!

નીચલું-ઉપલું ફળિયું-ઓસરી-અગાસી સહિતના પૂર્વના એ ઘરનું નામ શું રાખવું તે અંગે ખાસ ક્યારેય જાણે ચર્ચા જ ન્હોતી થઈ. બસ, સૌને અણસાર જ હતો કે ઘરનું નામ 'ભદ્રંકર' જ હોય ને! ૧૫ વર્ષો સુધી કબૂતરો માટે રોજની ૧૦૦ કિલો ચણ એ અગાસીએ ઝીલી છે... અને ઝીલ્યું છે શ્રુતસ્નેહી પૂજ્ય ભાઈનું અધ્યાત્મ પણ. એ ઘરના ફળિયાએ રોજ સાંજે પૂજ્ય ભાઇ-ભાભીના સુંદર સહજીવનનો કલશોર પણ માણ્યો છે અને સૌ પરિવારજનોના સામીપ્યનું સુમધુર સંગીત પણ! એ ઓસરીએ બાળકોના જન્મદિનની કેક-કટિંગની સંગે જાળવી રાખી છે સ્મૃતિઓ પૂજ્ય તારાબાના ૯૦ વર્ષ પૂર્ણાહૂતિની ઉજવણીની પણ. ઓસરીમાં ઝૂલતો એ હિંચકો આજે ય હેમખેમ છે ને એટલો જ સંવાદિત રીતે ઝૂલે છે સૌ પરિવારજનો વચ્ચેનો સ્નેહ પણ.

અમારા પૂજ્ય મહેન્દ્રકાકા એટલે પૂજ્ય ભાઈ માટે સર્વસ્વ. એકબીજાને દરેક વાત કહેવી, પૂછવી અને સાંભળવી હોય જ! સન્ ૧૯૮૬, ૨૧ નવેમ્બરના પાવન દિને રાજકોટના પ્રહ્લાદ્ પ્લોટ સંઘના શ્રી મહાવીરસ્વામી નૂતન જિનાલયે પ્રભુ પ્રતિષ્ઠા કરવાનો અનન્ય લાભ અમ પરિવારને મળ્યો. સંઘસ્થવિર આચાર્યશ્રી સિદ્ધિસૂરીજીના પ્રશિષ્ય અને પૂજ્યશ્રી ભુવનવિજયજી મહારાજશ્રીનાં શિષ્ય પરમ પૂજ્ય મુનિરાજશ્રી જંબુવિજયજી મહારાજ સાહેબ, તેમના જ્ઞાનવૃદ્ધ પૂજ્ય બા મહારાજ આદિ ઠાણાની પુનિત નિશ્રામાં આ પૂણ્યાનુબંધી પૂણ્ય ઉપાર્જનનો અવસર ઉજવાયો.

એ ઉજવણી દરમ્યાન પરિવારને સંપ્રાપ્ત થયેલ વેવાઈઓના અભિવાદન પત્રમાં મુખ્યત્વે લખેલ હતું કે: 'શ્રેષ્ઠિવર્ય સ્વ. શ્રી કીરચંદ તેજપાળ મહેતા પરિવારે હંમેશા ધર્મના મંગલ કાર્યોમાં તન, મન, ધનથી સક્રિય લાભ લીધેલ છે. પાલીતાણા સમીપ કીર્તિધામમાં શ્રી મુનિસુવ્રતસ્વામી, કલિકુંડ તીર્થ મધ્યે શ્રી વિમલનાથ સ્વામી તથા રાજકોટ સમીપ રળિયામણા એવા નિકાવા ગામ મધ્યે પ્રભુજીઓની પ્રતિષ્ઠાનો લાભ લેવા ઉપરાંત વાંકાનેરમાં શાશ્વતી નવપદજીની ઓળી તથા પંચાન્હિકા મહોત્સવનો લાભ લીધેલ છે. વળી જિનશ્રુત, સાધુ વૈયાવચ્ચ, સાધર્મિક ભક્તિ અને જીવદયાના વિવિધ અનુમોદનીય લાભો પણ આ પરિવાર દ્વારા લેવાયા છે. વ્યવસાયમાં શ્રી શશિકાંતભાઈ તથા શ્રી મહેન્દ્રભાઈએ નીતિ અને નિષ્ઠાથી, સંપ અને સુમેળથી ઘણી પ્રગતિ સાધી છે. જેમાં ગુણગ્રાહી લઘુબંધુ શ્રી મહેન્દ્રભાઈએ પોતાના મોટાભાઈને વ્યવસાયિક જવાબદારીઓમાંથી વધુ ને વધુ મુક્ત કરી પરિવારને ધર્મ અને લોક કલ્યાણના માર્ગે જવાની પૂરી અનુકૂળતા કરી આપી છે તે પરિવારનું સદ્‌ભાગ્ય છે.'

પૂજ્ય કાકાના સંદર્ભે ઉપરોક્ત વાત અક્ષરશ: ખરી છે. જન્મદાત્રી તારાબા સાથેનું પૂજ્ય ભાઈનું માતાની છેલ્લી ક્ષણ સુધીનું સાહચર્ય જેમ પ્રેરણાદાયી રહ્યું છે, તેવી જ છે આ બંને ભાઈઓની સ્નેહલ જુગલજોડી! પૂજ્ય ભાઈ અધ્યાત્મપુરુષ તરીકે ઘણીવાર જ્યારે રોજબરોજની અમુક સાંસારીક જવાબદારીઓમાંથી અળગા રહ્યા હશે ત્યારે અનેક પ્રસંગોએ પૂજ્ય મહેન્દ્રકાકાએ જ કૃતિશીલ સમરસતા દાખવી દરેક સંબંધોને લીલાછમ્મ રાખ્યા છે. પૂજ્ય ભાઈ સાથે કાકાએ જ આગેવાની લઈ રાજકોટના બે સંઘોમાં 'શ્રી તારાબેન કીરચંદ મહેતા ઉપાશ્રય' નામે ઉપાશ્રયોનો લાભ લઈ માતા-પિતાના સ્નેહ વરદાનને કળશ ચડાવી તેમના સંસ્કાર વારસાને દિપાવ્યો છે. રાજકોટથી ૪ કિ.મી. દૂર અમદાવાદ હાઈવે ઉપર આવેલા નવાગામમાં અમ પૂંઠાનાં કારખાના સમીપ ઉપાશ્રય (નવેમ્બર, ૧૯૯૮), દહેરાસર (ફેબ્રુઆરી, ૨૦૦૦) તથા પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબનું ગુરુમંદિર (જૂન, ૨૦૧૧) સર્જવાનો વિચાર અને પુરુષાર્થ પણ પૂજ્ય કાકાનો જ.

ત્યાંના રજીસ્ટરમાં નવેમ્બર ૨૦૦૫થી લખાયેલી રોજની નોંધ પ્રમાણે નવેમ્બર ૨૦૧૩ સુધીમાં ૨૩૩૨ શ્રમણ-શ્રમણીઓના રાજકોટ વિહાર દરમ્યાન આવતા-જતા રાત્રીરોકાણ, ગોચરી વહોરાવવી કે ચાતુર્માસ પરિવર્તન દરમ્યાનના પ્રવચનો, સંઘભક્તિ અને પ્રભુભક્તિનો લાભ મેળવવા પરિવાર બડભાગી બની શક્યો છે.

રાજકોટ સ્થિત દરેક શ્રમણ ભગવંતોને વંદન કરી, કાંઈ આવશ્યકતા હોય તો તેની પૃચ્છા કરી, તેઓના અનેક નાના-મોટાં કાર્યો કરી પૂજ્ય મહેન્દ્રકાકા દર રવિવારે સાંજે જ્યારે પૂજ્ય ભાઈને ઘરે મળવા આવે ત્યારે આ દસ વર્ષ ફેરનાં બે ભાઈઓની મધુર ગોષ્ઠિ સાંભળવી તે લ્હાવો છે તેવું જરૂર અનુભવાય. બંને ભાઈઓનો અરસપરસનો નિર્વ્યાજ સ્નેહ જોઈ ઉમળકો આવે ને આ વીરાદ્વય માટે પ્રાર્થના થઈ જાય:

।। શતં જીવ શરદઃ ।।

પૂજ્ય ભાઈ અને પૂજ્ય કાકાના મળીને આઠ સંતાનો અને તેઓના વળી અગ્યાર સંતાનો. આમ તો ઓગણીસ બાળકો વચ્ચે ઘેરાયેલા પૂજ્ય ભાઈ અને કાકા જવલ્લે જ જોવા મળે, પરંતુ મળે ત્યારે બંને ભાઈઓમાં એક અદ્‌ભૂત્ સામ્ય જોવા મળે - બંને વડીલો બાળકો સાથે એકદમ બાળકો જ બની જાય અને એવા દ્રશ્યો જોવા મળે જ્યાં એક વડીલ પૂછતાં હોય કેઃ તમારા ટીચરને આજે તમે શું ભણાવીને આવ્યાં? અને બીજા કહેતા હોય કેઃ ચાલો મારી સાથે કેરમ કે બહાર ગ્રાઉન્ડમાં બૅડમિન્ટન રમવા!

પૂજ્ય ભાઈ-કાકાના વડીલ ભગિનીઓ એટલે સૂરજબેન મગનભાઈ શાહ (મોટીબેન) અને અનસૂયાબેન પ્રવીણચંદ્ર શાહ (અનુબેન). આ ચારે ભાઈ-બહેનો વચ્ચે ઝરતો જોયો છે સૌએ અખૂટ અનર્ગળ પ્રેમ! વળી ચારેયના પરિવારો વચ્ચે પણ ઉછર્યો છે અખંડ મૈત્રીભર્યો વ્યવહાર. સૌ ઉત્કંઠીત હોય એકમેકને મળવા ને જીવનની વાતો વહેંચવા! એ સૌ રાજકોટ આવે ત્યારે બંને ભાઈઓના ઘરમાં જાણે ઉત્સવનું ને આનંદભર્યું વાતાવરણ છવાઈ જાય.

બધા ભાણિયાઓ પણ બંને મામા–મામીઓને ખૂબ જ માન આપે જે તેઓને મળેલા પ્રેમનો પ્રતિધ્વનિ હોય. દરેક સંતાનો કે ભાણિયાઓના પરિણય પર્વ આ વડીલોની હાજરીને કારણે જ દીપી ઉઠયા હોય. આવા પ્રસંગોએ પૂજ્ય ભાઈનું તત્વચિંતક તરીકે અને કાકાનું એક ઉદ્યોગપતિ તરીકે ભૂલી શકાય તેવું અત્યંત સરળ ને ગરવું વર્તન હોય. અમારા Gen-Now માટે ખરે જ અનુકરણીય બની રહે તેવા પ્રેક્ષણીય દ્રશ્યોની બૌછાર થાય જ્યારે આવા સ્નેહમિલનો યોજાય. આવા સમયે ચોવિહાર પછી ફળીયામાં આકાશ નીચે બેસીને પૂજ્ય ભાઈને પ્રિયકર એવા અનેક નવકારના શ્લોક સર્વે ભેગા મળીને ગાઈએ તે સહજ ગણાતું.

શ્રી નમસ્કાર મહામંત્રનો મહિમા સૂચવતા પૂજ્ય ભાઈને ગમતા શ્લોકો

સર્વ મંત્ર શિરોમણી, મહામંત્ર નવકાર, સારભુત એ મંત્રને, જપતાં જયજયકાર,
ઉગે સુરજ સુખનો, ન રહે દીનને હીન, જો ગણો નવકારને, તો સુખમાં જાએ દિન.

અવળાને સવળા કરે, સવળા સફળ થાય, જપતા શ્રી નવકારને, દુઃખ સમૂળા જાય.
દુઃખે દિલાસો આપીને, સુખમાં લે સંભાળ, મિત્રધર્મ છોડે નહીં, મહામંત્ર નવકાર.

આ લોક–પરલોકના આપે સુખ નવકાર, શિવ સહુને અલગા કરી શિવપદને દેનાર.
દિવ્ય ઔષધિ જાણજો મહામંત્ર નવકાર, તનમન ને આતમ તણાં મહારોગ હણનાર.

વિકાર બાળે વિલાસ ટાળે મહામંત્રનવકાર, સંયમ રોમે રોમ પ્રગટે જીવનનો શણગાર.
કલ્પતરૂ ચિંતામણી સમ મહામંત્રનવકાર, મંગળ આપે દુઃખડા કાપે ખોલે મુક્તિ દ્વાર.

તીન જોગ તીન કરણથી વંદુ વારંવાર, ખરૂં શરણ એહનું ખરો મંત્ર નવકાર.
વિશ્વાસ નવકારનો જપજો શ્વાસોશ્વાસ, શાશ્વત સુખને આપશે કરી કર્મનો નાશ.

બંને બહેનોના ઘરે જ્યારે પણ કોઈ પ્રસંગ હોય, પૂજ્ય ભાઈ અને કાકા અચૂક હાજરી આપવાનો પ્રયત્ન કરે જ. પ્રવીણફૂઆને જ્યારે પંચદસકા પૂર્ણ થયા ત્યારે તેમના આયુષ્યની સુવર્ણ જયંતીના એ અવસરે પૂજ્ય ભાઈએ ખૂબ જ મનનીય વકતવ્ય આપ્યુ હતું, જેમાં આત્મિક, માનસિક અને અહિંસક વ્યવહાર એવં વ્યવસાયિક વાતમેળાનું સાંમજસ્ય હતું. પૂજ્ય ભાઈએ શુભેચ્છાઓ અર્પતાં પોતાના મિત્ર સમા બનેવીજી માટે સુંદર વિચારો વ્યકત કરતાં કહેલું કે રોગરહિત તન, સંકલેશરહિત મન, કલેશવિહીન વાણી, ભયરહિત જીવન, અન્યાયરહિત સંબંધોસહિત જેમણે જીવનના પાંચ દસકા વિતાવ્યા હોય તેમને માટે જ સમાજ આવી ઉજવણી આયોજિત કરે છે.

Be an Actor not just a spectator in coming years. One contact with a purified soul benefits one more than hundreds books. એક પવિત્ર આત્માનો સંપર્ક સેંકડો પુસ્તકો વાંચવાની ગરજ સારે છે. In coming years, don't just be proxy, be your own research and development. દર્શક જ નહીં હવે આવતાં વર્ષોમાં પ્રદર્શક, પથદર્શક, પરિવર્તક અને પ્રવર્તક બનશું તો જ શોકમુકત, ભયમુકત, રોગમુકત, રાગમુકત, દ્વેષમુકત, દોષમુકત અને ઋણમુકત બનીશું. Show mercy through forgiveness. Have grace through gratitude. Develop identity through surrenderness. આવતા વર્ષોમાં ક્ષમાપનાથી દયાનિધિ, કૃતજ્ઞતાથી કૃપા અને શરણાગતિથી અદ્વૈત સાધજો, કારણકે એ છે મંગલ જીવનયાત્રાની સાધનાત્રયી. પ્રભુ કહે છે કે દિવ્યપ્રેમ અર્પવાથી દિવ્યજીવન મળે છે અને તેના થકી દિવ્ય જગતનાં દર્શન થાય છે. Lastly, give more time to God to return to your divinity.

પોતાના બનેવીની સાથે પૂજ્ય ભાઈએ ત્યાં હાજર રહેલ શ્રોતાઓને પણ આમ કહીને આંતર–તરબતર કરી દીધેલા. I am the infinite that has become the body એમ કહી પૂજ્ય ભાઈએ અંતમાં આવનારા વર્ષોમાં જીવનની સૂરતાનો સૂર્ય ઝળહળે અને આર્હન્ત્યની અનાહત ચેતના તમારામાં વહેલી પ્રજ્જવળે એવા આંતરઉદ્‌ગાર જ્યારે કાઢ્યા ત્યારે હાજર રહેલ શ્રોતામિત્રગણે તાળીઓનાં મધુર ધ્વનિથી બિરદાવ્યા હતા.




પંન્યાસ શ્રી વજ્રસેનવિજયજી
તરફથી

તા.૧૦/૫/૨૦૧૧
કસ્તુરધામ, પાલીતાણા

દેવગુરૂભક્તિકારક, નમસ્કારમહામંત્ર આરાધક,
સુશ્રાવક શશીકાંતભાઈ સર્વપરિવાર જોગ.
ધર્મલાભ.

તમારા કુટુમ્બના સૌ ભેગા થઈ રહ્યા છો ત્યારે અંતરના ભાવો વ્યકત કરવાનુ મન થયું છે. આપણા પૂર્વજોનો ભવ્ય વારસો ચાલ્યો આવે છે કે ખાનદાન ઉત્તમ કુળવાન આત્માઓ કૌટુમ્બીક ભાવથી માતા-પિતા સાથે, ભાઈ-ભાઈ સાથે કે કોઈપણ સંબંધ હોય તેની સાથે મૈત્ર્યાદિ ચાર ભાવનાઓથી ભાવિત હોય છે.

શ્રાદ્ધવિધિગ્રંથમાં પૂજ્ય રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાએ શ્રાવકના કર્તવ્યરૂપે ઔચિત્ય કરવાના કહયા છે તે પ્રમાણે અરસ-પરસની લાગણી ને ઉચિત આચરણથી આલોકમાં પણ સ્નેહની વૃદ્ધિ તથા યશ વિગેરેની પ્રાપ્તિ થાય છે. તમો સૌ ભાઈ-બ્હેન કુટુમ્બ ભેગા થઈ રહયા છો ત્યારે અંતરની અભિલાષા કે સૌ અંતરની આત્મીયતાથી આ માનવભવ - ઉત્તમકુળને સફળ કરો એ જ અંતરની શુભાભિલાષા...!



• Guru is Light and Delight. He has Height, Might and Right. He is Life.

નિર્મળ મન નિર્મળ ગિરા, નિર્મળ આપ શરીર;
એવા સદ્‌ગુરુ ભેટતાં, ભેટે અલખ અમીર.

'સવિ જીવ કરું શાસન રસી'ના ચિન્મય આત્મદ્રષ્ટા એવા અધ્યાત્મયોગી પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબનો સન્ ૧૯૮૦માં જ્યારે અંતિમકાળ હતો ત્યારે પૂજ્ય ભાઈ જેવા અન્ય દરેક નજીકના શ્રાવક વર્તુળમાં જાણે કાલીમા છવાઈ ગયેલી. દરેકના મનમાં એક જ પ્રશ્ન હતો જાણે: હવે પછી આપણા ગુરુ કોણ?

સરવર, તરવર, સંતજન, ચોથા બરસત નેહ...
પરમારથ કે કારણે, ચારોં ધરિયા દેહ!

પરંતુ ગુરુ મહારાજશ્રીના કાળધર્મ પશ્ચાત્ પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મહારાજ સાહેબ તથા આચાર્યશ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ દરેક સમીપવર્તી શ્રમણોએ પંન્યાસજી મહારાજનો વારસો સુંદર રીતે સંભાળી લીધો છે. તેઓની રાહબરી નીચે સંઘના દાનવીર શ્રેષ્ઠિઓ સાધર્મિક ભક્તિ, જીવદયા તથા સાધુ-સાધ્વી વૈયાવચ્ચના ઉત્કૃષ્ઠ કાર્યો કરી રહ્યાં છે. ખરે જ, મહાપુરુષો સ્વયં એક માર્ગ છે.

॥ वन्दे महापुरूष ते चरणारविन्दम् ॥

પૂજ્ય સાહેબજી કહે છે તેમ દેહધારણ કરનારની સમસ્યાઓ છે કે દેહની ક્ષણભંગુરતાનો અનુભવ, રોગ, વૃદ્ધાવસ્થા, ભુખ, પ્રમાદ, દેહનું તમસ્ વગેરે છતા અહંને સાચવવા આપણે કેટલો બધો શ્રમ કરીએ છીએ. મનની સમસ્યાઓ છે ચંચળતા, વિચલિતતા, સ્મૃતિ, તૃષ્ણા, પ્રતિક્રિયાઓ આદિ. મનુષ્યનું આ શરીર સર્વશ્રેષ્ઠ મુલ્યવાન છતાં ક્ષણભંગુર પણ છે. ૧૪ મે, ૨૦૧૧ના દિવસે પૂજ્ય ભાઈના લગ્નદિને અમે સૌ પરિવારજનોએ એકઠા થવાનું વિચાર્યું તે પૂર્વે પૂજ્ય ભાઈએ પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મહારાજ સાહેબને વિનંતી કરેલ કે એક સુંદર સંદેશો લખીને મોકલવા કૃપા કરજો. સમતા તથા અનુકંપાના સાગર એવા સાહેબજીએ અત્યંત કૃપા કરીને શ્રાદ્ધવિધિગ્રંથનો સંદર્ભ ટાંકેલ એક સુંદર પત્ર અમોને વહેલાસર લખીને મોકલી દીધો, જે ભેટ રુપે દરેક પરિવારજનોના ઘરે આજે પણ શોભી રહી છે.

પરમ પૂજ્ય પંન્યાસજી વજ્રસેનવિજયજી, પૂજ્ય આચાર્ય શ્રી હેમપ્રભસૂરીશ્વરજી તથા આચાર્ય શ્રી રત્નસેનસૂરીશ્વરજી આદિની પાવન નિશ્રામાં ૨૫ થી ૨૮ જાન્યુઆરી, ૨૦૧૨ના દિવસોમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘે જામનગર સમીપ આવેલા હાલાર તીર્થ શ્રી આરાધનાધામ મધ્યે આયોજિત કરી પૂજ્ય ભાઈની એક અનોખી કાયોત્સર્ગ શિબિર. અહીં તેઓ વહેલી સવારે નવકાર પીઠમાં ધારણા–ધ્યાન સાથે સામુહિક સામાયિક કરાવતા. વળી મધ્યાહ્ન પૂર્વે સાધના અંગે પરસ્પર સંવાદ અને પ્રશ્નોત્તરી માર્ગદર્શન અર્પી પછી બપોરે કાયોત્સર્ગ વિધાનની સાધનાની સપ્તપદીના સાતે ચરણમાં સ્વની ગહન તપાસ દ્વારા આંતરિક લાગણીતંત્રનું રૂપાંતર કરાવી સૌની ચેતનાને અખંડિત કરી દેતા.

અહીં એક જીવન સાધક કઈ રીતે આધ્યાત્મિક, વ્યવસાયિક અને વ્યવહારિક જીવનમાં અભેદ સાધીને વિક્ષિપ્ત વૈચારિક અશિસ્તથી મુક્ત થઈ શકે તેની કળા શીખી સૌ ધન્ય બન્યા હતા. ત્યાંના ત્રણ દિવસમાં પૂજ્ય ભાઈનો મુખ્ય સુર રહેલો કે ભૂતકાળમાં ન જીવીએ અને વર્તમાનમાં જ કાર્યશીલ રહીએ. રોજના ઓછામાં ઓછા ૨૦ પાનાનું સાત્વિક વાંચન કરીએ તો ૨૦ વર્ષમાં તો ૧,૪૬,૦૦૦ પાના વંચાઈ જાય અને સૌ પંડિત બની જઈએ. નિરાગ્રહી બનીએ. અન્યો માટેનો અભિપ્રાય ન આપીએ. આપણી નબળાઈઓનો બચાવ ન કરતાં દ્રઢતાથી તેનો સ્વીકાર કરી એક પછી એકને વારાફરતી દૂર કરવાનો સંકલ્પ કરીએ તો કશું જ અશક્ય નથી.

સંબંધોના જગતથી ભાગ્યા વિના તેને સુયોગ્ય રીતે જીવીએ તો મૂલ્યો સાથે બાંધછોડ કર્યા વિના દિવ્યતાથી સાધના જીવનના આનંદમય આયામને મેળવી વહેંચી શકીએ. સાધનાની પૃષ્ઠભૂમિ સંબંધોના જગતને સાત્વિકતાથી જીવવામાં છે અને તેનાથી જ દિવ્ય જીવનના આપણા હક્કથી આપણે વંચિત નહીં રહીએ. શુદ્ધ શરીર, મન અને વાણી છે જીવનસાધકની ગરિમા. બસ, પછી એ જ જોવું રહયું કે મહત્વાકાંક્ષાઓથી પીડાયા વગર સરખામણીના ભારમાં દબાઈ ન જઈએ.

જો આપણે માનતા હોઈએ કે આપણો કોઈપણ વિચાર ખાનગી કે અંગત છે તો તે અસત્ય છે. આપણે સૌ ભાવજગતથી સકળ સૃષ્ટિ સાથે એકસૂત્રે જોડાયેલા છીએ માટે આપણું વૈચારિક જગત હંમેશ માટે સ્વસ્થ, નિર્મળ અને હકારાત્મક રાખીએ. સાધ્ય માટે સ્પષ્ટ હશું તો જ આપણી દરેક પ્રવૃત્તિઓ સુસંગત રીતે તે પ્રમાણે ગોઠવી શકીશું.

દરેકની આંતરભૂમિ પ્રકાશિત કરી પછી કાયોત્સર્ગ વિધાનની પાંચ પીઠ સૌને સમજાવી પ્રયોગ દ્વારા સિદ્ધ કરેલ. આ અભૂતપૂર્વ આયોજનથી પૂજ્ય ભાઈ ઘણાં પ્રભાવિત થયા હતાં અને તેથી જ થોડા સમય પછી તેઓ સૌ માટે ઘરે પણ બે વાર બેઠકો કરેલી.

તે પછી ૧૬ નવેમ્બર, ૨૦૧૩ના પૂજ્ય ભાઈએ ગુરુ ભગવંતોના ચરણોમાં એક સુંદર વાત મૂકી કે: નમસ્કાર મહામંત્ર એ eternal scripture એટલે કે સનાતન શાસ્ત્રરૂપ આત્માનું ઉદ્‌ગીથ ને શાશ્વતીનો ગુંજારવ છે. આ ગુજાંરવરૂપી મંત્ર પ્રકૃતિમાં અનવરત રીતે ગૂંજે જ છે જેને આપણે સાંભળવાનો છે. If we listen to that still small voice તો આપણને સંભળાશે કે તત્વમસિ-તે તું જ છે. જેને તું નમે છે, તે તું જ છે.
I and my father are one. All that is His, belongs to me. Siddha is metaphysical being exerting on all physical becoming for nirvana and in the state of divine existence. Nirvana is the disappearance of my false-self. My ultimate aim is living divinely in this world and in my life.

મંત્રચૈતન્ય જ્યારે સાધકના પ્રાણમાં પ્રસરે છે ત્યારે union with lord - પ્રભુ સાથેની એકાત્મકતા પ્રગટ થાય છે. આ જ આત્માનું વિજયી સત્ય છે, પ્રગટપ્રભાવી સત્ય છે, કાલજયી સત્ય છે, મંગલમયી સત્ય છે, મૃત્યુંજયી સત્ય છે, દિવ્ય સત્ય છે અને પ્રાંતે અનાહત સત્ય છે.

॥ મોક્ષમૂલમ્ ગુરુકૃપા ॥



- સ્વનો અધ્યાય એ જ સાચો સ્વાધ્યાય.

# ૧૮



આષાઢસ્ય પ્રથમ દિવસે જ જેમ કોઈ મેઘદૂત ગાઈને સંભળાવે અને નર્યા આનંદનો સાક્ષાત્કાર થાય તેવો જ આનંદ અમોને પૂજ્ય ભાઈને સંઘમાં સામુહિક આરાધના કરાવતા જોઈને સદૈવ થાય છે. મુંબઈ અંધેરી સ્પોર્ટ્સ કલબમાં મે, ૧૯૯૫માં ૪૦,૦૦૦ લોકોની જંગી મેદનીમાં પૂજ્ય ભાઈના નેતૃત્વ હેઠળ શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના થઈ ત્યારે ભારતના અનેક વર્તમાનપત્રોએ તેની ખૂબ જ મોટી નોંધ લીધી હતી અને વિશ્વશાંતિ તરફના આ મોટા પગલાને આવકાર્યો હતો.

વળી સન્ ૨૦૧૩માં શ્રી મુથા પરિવારના અભૂતપૂર્વ ચાતુર્માસમાં શત્રુંજય ગિરિરાજની છત્રછાયા મધ્યે ૫,૦૦૦ ભાવિકોને ૩ દિવસની કાયોત્સર્ગ શિબિરમાં રસ તરબોળ કરી દીધાની અનુપમ વેળાએ બીજાઓને પમાડવાની તેમની ધગશ જોઈ અમારામાં પણ નવીન પ્રાણસંચાર થઈ ગયો. અશક્તિ લાગે કે માંદા પડે ત્યારે ડૉક્ટરોના કે પારિવારિક બંધનોમાં જકડાઈ ન રહેતા પ્રવચન આપવાનો મધ્યમ માર્ગ તેઓને મળી જ રહે છે. બહાર જવાની મનાઈ ફરમાવાય ત્યારે ડૉક્ટરોને પૂછી જ લે: જો હું ઘરે શિબિર કરાવુ તો પછી તો વાંધો નથી ને? અને ડૉક્ટરો તેમની ધર્મ લાગણી જોઈ મૌન થઈ જાય.

...અને એટલે હવે જ્યારે ઘરે જ ત્રણ દિવસની શિબિરો યોજાય છે ત્યારે રાજકોટ ઉપરાંત લંડન, નૈરોબી, મુંબઈ, અમદાવાદ, જામનગર કે પછી શિકાગોથી આવીને ભાગ લેવામાં કોઈ સાધકોને મુશ્કેલી પડતી નથી. અમોને આશ્ચર્ય થતું હોય છે કે કઈ રીતે આ સરસ્વતિસુતને અનેક ધર્મ, પંથ, શાસ્ત્રો કે ગ્રંથોના અવતરણો તેમની જિહ્વાગ્રે જ રહે છે? વળી ગુજરાતી ઉપરાંત અંગ્રેજી અને સંસ્કૃત ભાષાઓ ઉપરનું તેમનું પ્રભુત્વ પણ માન ઉપજાવે તેવું! હા, હિંદીમાં બોલવું પડે ત્યારે ખબર પડી જાય કે મહાવરો ઓછો છે, પરંતુ ક્યાંય અટકી તો ન જ પડે! તેઓ દ્રઢપણે માને છે કે પરમ સંગેનો નાતો તૂટે તો જ અનારોગ્ય આવે અને અમોને એમ કહીને મનાવી લે કે શિબિરો કરવાથી મારો પરમ સાથેનો સેતુ પુનઃ બંધાઈ અને સંધાઈ જાય છે ને મારું આરોગ્ય મને તેથી પાછું મળે છે. અને અમે થઈ જઈએ છીએ આ સાંભળીને ચૂપ!

અમે વિચારીએ કે પૂર્ણત્વ પામવા પમાડવાની તેમની અભિપ્સા તેઓને અપૂર્ણ આરોગ્ય કઈ રીતે આપી જ શકે? આ માટે શિબિરાર્થીઓ પણ ઋણભાવ અનુભવતા.

न हि कृतमुपकारं साधवो विस्मरंति ।
સજ્જન પુરુષો કરેલા ઉપકારને કદાપિ ભૂલતા નથી.

અમે અનેક વાર છાપામાં વાંચતા કે કેરાલાના એક આશ્રમમાં સ્વામી ભૂમાનંદતીર્થજી ગાયત્રીના ૧૦૮ અશ્વમેધ યજ્ઞો કે અનેક વાર વિષ્ણુ સહસ્ત્રનામના સામુહિક જપ વગેરે કરાવે છે. તેથી એકવાર પૂજ્ય ભાઈને અમે આવું કરવાથી થતા લાભ વિશે પૂછ્યું. તો તેમણે ખુબ સુંદર વાત અમ સમક્ષ મુકી: જ્યારે પણ ધર્માચરણની વાત આવે ત્યારે સૌથી પહેલા પર્યાવરણ અને પ્રકૃતિનું રક્ષણ કરવું અનિવાર્ય બને અને તે માટે સાદગી ભરેલું જીવન અને સંવાદિતાની વાત આવે જ.

To save nature is to save man and cosmos.
તિબેટ ભલે નાનો દેશ પણ તેમાંથી નીકળતી નદીઓ ૧.૫ અબજની વસ્તીનો આધાર છે. માટે જ બૌદ્ધ ધર્મની જગત પાસે સૌ પ્રથમ માંગ છે save environment. નવકાર મંત્ર એ પણ પ્રકૃતિ, પર્યાવરણ અને સમાજસુરક્ષા કરી માનવ સંસ્કૃતિને બચાવવાનું વિરલ કાર્ય કરે જ છે તો એના સામુહિક જપ રૂપી વિશ્વશાંતિ જપયજ્ઞના ૧૦૮ અનુષ્ઠાન કેમ ન થઈ શકે?

ટાઈમ્સ ઑફ ઈન્ડિયાના speaking tree વિભાગમાં એકવાર સમાચાર વાંચ્યા કે:
એક જગ્યાએ નાભિમાં ધ્યાન કરવાની એક અઠવાડીયાની લઘુ શિબિરનાં છે ₹ બાવીસ હજાર. પૂજ્ય ભાઈ કહે: જુઓ, આવું પણ હોય છે. દિવ્ય જીવન જીવવાની ઈચ્છા જીવમાત્રના મૂળમાં હોય જ છે. પોતાના મૂળ સ્વરૂપની નજીક જઈએ તેમ પરમ આનંદ આવે તે વાત નિર્વિવાદ છે, કારણકે મૂળને સીંચવાથી આત્માને પોષણ મળે છે.

આજનો આ વૈજ્ઞાનિક યુગ અધ્યાત્મની આપણી તરસને ઓછી ન કરે તે આપણે જ જોવું રહ્યું. સંતુલિત રીતે જીવનનો વિકાસ ભલે સાધીએ, પરંતુ માનવ સંબંધોમાં સંવાદિતા બરકરાર રહે તે ચકાસવાનું કામ પણ આપણું જ છે. નવકાર મંત્રના સમુહ જાપથી આપણી ચેતનામાં ઉત્પન્ન થતાં દિવ્ય પ્રકાશમાં મનને પરોવી દઈએ અને તેનો લય પકડાઈ જાય તો સંવાદિતા અને મુક્તિનો શંખનાદ જરૂર સંભળાય. પંચપરમેષ્ઠીરૂપી તત્વાલંબનથી પ્રકૃતિ પરત્વે પ્રતિબદ્ધતા આવે છે. જીવ ને મુક્ત કરી તે ફરીથી તેને શિવસ્વરૂપ બનાવે છે.

જેનાથી આપણું તથાભવ્યત્વ પાકવા યોગ્ય બને એવા યોગમાં મંત્રબીજોની ઊર્જા આપણને અગ્રેસર કરે છે. મંત્રાક્ષરો મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર આશ્રિત જાગૃત અને છેલ્લે તુરીય અવસ્થા સુધી પહોંચતા દેહરૂપી વૃક્ષને નવપલ્લવિત બનાવી મુક્તિરૂપી સુફળ અર્પે છે. મંત્ર સાથેની મૈત્રી એ બ્રહ્મવિહારરૂપ છે અને તેનાથી મેળવાતી મનોગુપ્તિ એ બ્રાહ્મીસ્થિતિ રૂપ જ છે. એ બંનેનું ફળ મુક્તિ છે.

‘નમો અરિહંતાણં’ના બે શબ્દ અને સાત અક્ષરોની ધ્વનિના સ્ફોટમાત્રથી વ્યાપક, શક્તિસંપન્ન આર્હન્ત્યનું પ્રાગટ્ય થાય છે, જે અહં થી અર્હં સુધી આપણને દોરે છે. અરિહંતો ગુણ પ્રકર્ષવાન, અચિંન્ત્ય શક્તિમાન, સર્વથા પરાર્થરસિક છે. વિશુદ્ધ ચારિત્ર્યની પરાકાષ્ઠાની બધી જ શક્તિ આ સાત અક્ષરોના જાપથી કાળક્રમે સાધકમાં પરાવર્તિત થાય છે, માટે જ આવા અનુષ્ઠાનો સમાજમાં આવશ્યક છે. આમ અમે સામુહિક જાપ અનુષ્ઠાનની ઉપયોગિતા બરાબર સમજી શક્યા.

આજે પામ્યો પરમપદનો, પંથ તારી કૃપાથી;
મિટ્યા સર્વે ભવ ભ્રમણનાં, દુઃખ તારી કૃપાથી.
દુઃખો સર્વે ક્ષય થઈ ગયા, દેવ તારી કૃપાથી,
ખૂલ્યા-ખૂલ્યા સકળ સુખના, દ્વાર તારી કૃપાથી!

થોડા વખત પૂર્વે ૩ દિવસની કાયોત્સર્ગ ધ્યાનની શિબિર પૂજ્ય ભાઈએ શરૂ કરી તેમાં ઉપરોક્ત સ્તુતિ ગાયા પછી હાજર રહેલા ૩૫ સાધકોને એક સુંદર વાત કરેલી:

તેઓ બાળપણમાં જ્યારે વાંકાનેરની શાળામાં અભ્યાસ કરતા ત્યારે હજુ વિજળી આવી ન હતી. સવારે સાડા ચારે ઉઠે ત્યારે જો પૂજ્ય તારાબાએ તેથી વહેલા ઉઠીને ઓરડાની જમીન ઉપર કાજો ન કાઢી લીધો હોય તો બાળકોને પથારીમાંથી ઉઠીને બહાર પગ મૂકવા ન દેવાતા. પૂજ્ય બા પ્રથમ ફાનસ પેટાવીને સંજવારી કાઢે પછી જ ઉઠવા મળે. કેવી જીવદયા! કેવી જયણા!

એ પછી ઘંટી સાફ કરીને દળવાનું ચાલુ થાય. ફાનસના પ્રકાશમાં અભ્યાસના અને અનાજ દળવાના કાર્ય સાથે બાના ભક્તિપદો થકી સંસ્કાર સિંચનનું ત્રીજુ કાર્ય પણ ચાલુ જ હોય. શાળાએથી પાછા ફરી સૂર્યાસ્ત પહેલા વાળુ થઈ જાય પછી ઘરકામ પૂર્ણ થતા જ તરત પૂજ્ય બાપૂજી સાથે ધર્મચર્ચા ચાલુ થઈ જાય! પૂર્વે શ્રાવકની પડિમા આવી હતી. We belong to such rich heritage of Lord Mahavir!
આ સાંભળી અમને પ્રશ્નો થયા:
'એ સમયમાં બધા જ માનવીઓ હળવા કેમ હતા? અત્યારે stress કેમ વધુ છે?'
આ પ્રશ્નોનો ખૂબ માર્મિક ઉત્તર આપ્યો પૂજ્ય ભાઈએ:
ખાલી ઘડો જ્યારે પાણીમાં ડૂબાડીએ ત્યારે તે ભરાયા પછી ય જેટલો સમય પાણીની અંદર હોય એને તકલીફ ન પડે. પણ જેવો ઘડાને જલ બહાર કાઢીએ કે વજન લાગે!
બસ એવું જ છે આપણું પણ.
પરમાત્મ ચેતનામાંથી આપણે આપણા ચેતનવંત આત્માને બહાર કાઢી લીધો છે તેથી આપણે હળવાશ ખોઈ દીધી છે અને સતત ભારમાં રહીએ છીએ.
સ્પર્ધા અને સરખામણી એ એકવીસમી સદીના મહાદુષણો છે.
સૌને બીજાથી આગળ પણ છતાં અળગા રહેવું છે તેને કારણે જ હળવાશ ઊડી ગઈ છે.
Separation from the Lord is the root cause of all stresses and diseases.

રાગથી નીકળી વૈરાગ્યમાં ભળી વિતરાગ સુધીની યાત્રા આપણે સ્વ–પુરુષાર્થથી કરવી જ પડે. વાંકાનેરના એ ઘરમાં જેમ દ્રવ્યસંકોચ અને ભાવસંકોચ હતા તેમ એ સમયની જેમ બહુધા વિષય, કષાય, નિદ્રા, વિકથાદિ પ્રમાદો અને દેશકથા, રાજ્યકથા, સ્ત્રીકથા, ભકતકથાદિ વિકથાના ત્યાગ પણ હતા. તે સર્વ કેમ આ એકવીસમી સદીમાં પણ ન થઈ શકે?

નૂતન માનવના સર્જનનો જ મંત્ર છે નવકાર મંત્ર.
વૈશ્વિકરણ એ સંક્રાંતિની ઘડી છે, આખું યે વિશ્વ જ્યારે global village થઈ એક થવા પ્રયત્નો કરી રહ્યું છે ત્યારે આ સમગ્ર પુરુષાર્થને આધ્યાત્મિક અનુસંધાન આપવાનું કાર્ય આપણે સૌએ જ કરવાનું છે. શ્રેષ્ઠતમ વ્યક્તિગત આધ્યાત્મિક જીવન સાથે સમષ્ટિમાં તેનો પ્રતિઘોષ પડે તેટલા કાર્યરત તો આ દિશામાં રહેવું જ પડે. એક એવી પ્રયોગવીરોની જમાત જોઈએ, જે વ્યક્તિગત અધ્યાત્મની અખિલાઈને જીવનમાં જીવવાની સાથે પોતાનું સમષ્ટિ પરત્વેનું ઉત્તરદાયિત્વ પણ ભજવે.

સમાજની સામુહિક કુંડલિની, જે તદ્દન સુષુપ્ત છે, તેને જાગૃત કરવી જ રહી. ભોગોમાં જ બાંધી રાખતી અધોમુખી ચેતના જો ઉર્ધ્વમુખી નહીં થાય તો સામાજિક જીવન શુદ્ર, શુષ્ક અને સ્તબ્ધ બની જશે. આપણે માત્ર વૈયક્તિક સાધનામાં જ રહીએ તો સમાજ પ્રત્યેની આ અવગણના વધુ નબળા સંજોગોને આહ્વાહન આપવા બરાબર જ થશે. આવો, સૌ પ્રથમ વૃત્તિ અને વાણીનું નિ:શસ્ત્રીકરણ કરીએ. સર્વસ્થ બન્યા વગર સ્વસ્થ કેવી રીતે થવાશે? તીર્થ અને તત્વ – બંનેની જુગલબંધી જ કર્તવ્ય છે. આમ તો વ્યક્તિમાત્ર કેવલી ભગવંત છે પણ આપણે જ્યાં સુધી બાળક છીએ ત્યાં સુધી નવકાર મંત્રના અક્ષરોની વર્ણમાતૃકાના (માતાના) શરણે રહેવામાં જ સુરક્ષા છે. સહેજ યુવાન થઈશું ત્યારે સમજાશે કે નવકાર એ તો સુક્ષ્મ સૃષ્ટિનું અક્ષરધામ છે ને ત્યારે જ આંતર સાથે આર્ષ દર્શન કરવા પામીશું!



- Navkar mantra is the symphony of soul.

દિનાંક ૧૮ ફેબ્રુઆરી, ૧૯૯૬માં જ્યારે સુરેન્દ્રનગરની એમ.પી.શાહ કૉલેજના પ્રાંગણમાં ઉભી કરેલ 'મહાવીર નવકાર વાટિકા'માં ૫૦૦૦ લોકોની વચ્ચે પૂજ્ય ભાઈએ નમસ્કાર મહામંત્રનો મહાયજ્ઞ આરંભ્યો ત્યારે સૌ પ્રથમ તેમણે સૌને આંખો બંધ કરાવીને પોતાના સ્વરૂપની ઓળખ કરાવવા નીચેના મંત્રોને સમુહમાં ગવડાવ્યા:

॥ अमरस्वरुपोऽहं, चिदानंदस्वरुपोऽहं, निर्विकारस्वरुपोऽहं,
चैतन्यरत्नाकर स्वरुपोऽहं, निर्भयस्वरुपोऽहं, ज्ञानप्रकाशस्वरुपोऽहं, निर्मलानंदस्वरुपोऽहं,
अनंतगुणवैभवस्वरुपोऽहं, परमशांतस्वरुपोऽहं, निजपरमेश्वरस्वरुपोऽहं ॥

આનાથી સમસ્ત વાતાવરણ જાણે સંબંધ જગતમાંથી સ્વરૂપ જગતમાં નૈસર્ગિક રીતે જ સરી પડેલું. સૌના અનંતનો, અંતરનો, અલખનો સૂર પ્રગટી ઉઠેલો. સામુહિક આરાધના કરાવતી વખતે એટલે જ પૂજ્ય ભાઈના સ્વયંના મુખ ઉપર અમોએ જોયો છે એક અનોખો ઉઘડતો ઉજાસ ને વિકસતી ચૈતન્યની ક્ષિતિજો.

એક માતાની જેમ જ પૂજ્ય ભાઈ આવા નાજુક સમયે કોમળતાથી જાણે દરેકના હાથ પકડી હળવે-હળવે ધર્માનુરાગનાં માર્ગે ચડાવે. દરેકની અંદરનાં સુષુપ્ત અવસ્થામાં રહેલ પરમાત્માને જાણે જગાડે અને ધીમેકથી પોતાના ગુરુ મહારાજને યાદ કરી દરેકના હૈયામાં જ્ઞાનબોધ-તત્વબોધ ઉત્પન્ન કરાવે. કાર્યક્રમ પૂર્ણ થતા પ્રશંસા થાય કે પ્રસિદ્ધિ મળે ત્યારે સ્થિર પ્રસન્નતાથી અસંગ અલિપ્તભાવે જ્ઞાતાદ્રષ્ટા બની જાણે કોઈ બીજાની વાત થતી હોય તેમ એ વાત બદલાવી નાંખે. ગુરુદેવની કૃપાથી અને તેમની જ સૂક્ષ્મ દ્રષ્ટિ દ્વારા આપણને મૂળ સ્વરૂપની અનુભૂતિ થાય છે, જન્માંતરોના અજ્ઞાન, ભ્રમ, મિથ્યાહંકાર ને વિચારોની મલિનતા દૂર થઈ અનેક જન્મોની યાત્રા ટૂંકાઈ જાય છે તેમ કહી પૂજ્ય ભાઈ પોતાના ગુરુદેવની જ મહાનતા સિદ્ધ કરે.

ध्यानमूलं गुरोमूर्तिः, पूजामूलं गुरोः पदम् ।
मंत्रमूलं गुरोवाक्यं, मोक्षमूलं गुरोः कृपा ॥

પોતાની શિબિરો સંપન્ન થાય પછી થોડા સમયે પૂજ્ય ભાઈ કોઈને ફોન કરીને અચૂક પૂછે કે મેં બતાવેલ સાધના કેટલી આગળ વધી? અને જો નિખાલસ જવાબ મળે કે સંસારના કાર્યોમાં ગૂંથાયા પછી બધું બંધ થઈ ગયું છે ત્યારે દુઃખ થાય પણ ફરિયાદ ન કરે. વળી આવનારી શિબિરોની તૈયારીમાં પહેલાની જેમ જ આઠે પ્રહર વ્યસ્ત થઈ જાય, એમ કહીને કે હશે, એ તો એમ જ હોય. એકવાર સમજ્યા હશે તો એમને આગળ ઉપર કામ આવશે.

શિબિરમાં સૌને આપવાના સાહિત્ય પ્રિન્ટ કરાવવાની સાથે લખવાના નોટપેડ અને પેન પણ અમારી પાસે જ તૈયાર કરાવે. સૌના આવતા પહેલા જ તેઓના સ્થાન ઉપર સમય પહેલા બધું મૂકાઈ જાય તે જોઈને તેઓને ઊંડો સંતોષ થાય. આમ સર્વમંગલની ભાવનામાં જ તેઓનું આત્મમંગલ સમાયેલું રહેતું. શિબિરોમાં પ્રશ્નકર્તાનું નિર્દોષ સ્મિત, યુવાનોનો શ્રદ્ધા પામવા માટેનો તરવરાટ અને પ્રબુદ્ધજનોનું અનુભવમંથન તેઓને સદા આકર્ષે છે.

अयं बंधुरयं नेति गणना लधुचेतसाम् ।
उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ॥
-महोपनिषद

પૂજ્ય ભાઈ આ શ્લોક બોલીને સમજાવે કે:

આ મારો ભાઈ છે અને પેલો નથી એવી વાત શૂદ્ર ચિત્તવાળા કરે છે.
ઉદાર ચરિત્ર ધરાવનાર માટે તો વિશ્વ સમસ્ત એનુ કુટુંબ જ છે.
–મહોપનિષદ

પૂજ્ય ભાઈએ શરૂમાં થોડો વખત તો રાખ્યો પોતાની પાસે મોબાઈલ ફોન, પરંતુ તેનાં ચાર્જીંગ અને તેને સાચવવા વગેરેની માથાકૂટ લાગતા અમોને પરત કરી દીધો. મોબાઈલમાં સેલ્ફી વિશે સમજાવતા તેઓએ એકવાર કહેલું કે આત્માનો સેલ્ફી જોવો હોય તો નવકાર ગણો તો તેમાં જ દેખાશે. પૂજ્ય ભાઈ પાલીતાણા જતા હોય તો વચ્ચે ત્રંબા જેવા ગામડાઓમાં અંદર જઈ જે પરિવાર શ્રમણોને વહોરાવવા વગેરેની સગવડતા સાચવતો હોય તેના ખબરઅંતર પૂછી આર્થિક મદદ આપવા તત્પર રહે.

આવ્યા પછી આમ તો વાત ન કરે કે ન ખબર પડવા દે, પરંતુ અમે ડ્રાઈવરને મોબાઈલ ઉપર પૂછીએ કે કયાં પહોંચ્યા? ત્યારે આવી કોઈ માહિતી મળે. ઘરે આવ્યા પછી પૂછીએ તેનું કારણ તો કહેશે મૂળચંદભાઈને ઘણા વખતથી મળ્યો ન હતો તેથી મળવા ગયેલો.

અમદાવાદમાં સાબરમતી આશ્રમની હૃદયકુંજ તેમને ખૂબ ગમે. તેના ઓટલે બેસી તેઓ સ્વતંત્રતા ચળવળની અનેક વાતો યાદ કરતા. નરસિંહ મહેતાના 'વૈષ્ણવ જન' પદમાં 'મોહમાયા વ્યાપે નહીં જેને...' એ પંક્તિઓ એમને ખૂબ પ્રિય. પૂજ્ય ભાઈ થોડી બદલીને આમ ગાય: 'મોહમાયા વ્યાપે નહીં જેને, દ્રઢ વૈરાગ્ય જેના મનમાં રે, નવકાર સંગ જેને તાળી રે લાગી, સકળ તીરથ તેના તનમાં રે...'

તેઓને ચા જોઈએ વધુ દૂધવાળી પણ છતાં કડક અને મધ્યમ મીઠી. અમારે મોળી બનાવવાની ને પોતાની મેળે આખી સાકર નાખે. અમે દળેલી ખાંડ આપીએ તો કહેશે તેનું માપ ખબર ન પડે. વળી તે ગરમ જોઈએ પણ રકાબીમાં ઠારીને તરત પી લે. બ્રાઉન રાઈસ, આખા ધાનનો ખીચડો કે ઓરમું અને મગની દાળમાં ભાતના મૂઠિયા નાખીને આપીએ તો જાણે છપ્પનભોગ મળ્યા જેટલો આનંદ થાય. આયંબિલની રસોઈ પણ ઘણી ભાવે. કહે મસાલા કે તેલ ન હોય ને એટલે ધાન્યનો જ ખરો આસ્વાદ લઈ શકાય. એક સાથે વધુ ખાઈ ન શકે. ફળો ખાતી વખતે કહેશે હવે એમાં જૂનો મધુર સ્વાદ રહયો જ નથી! ઓર્ગેનીક શાક ને ફ્રૂટ્સ મળે તો આનંદિત થાય.

પોતાનાં પગ ઉપર આવેલા સોજા જોઈને 'લેસીકસ' દવા આપતા તબીબને પૂજ્ય ભાઈ કહે: લીવર કે કીડનીની ફિકર ના કરતા. નવકાર જ આ (અજ્ઞાનના) સોજા ઉતારશે. પૂજ્ય ભાઈની હૃદયરક્ષા કાજે ફક્ત ૧૫ મિનિટના પ્રાત: ને સાંધ્યચલન માટે તબીબો આગ્રહ રાખે, કિન્તુ તેઓને ખાસ ગમે નહીં. અમે કયારેક પરાણે કહીએ તો ચાલે પણ પછી બીજે દિવસે ફરી કહીએ એટલે જવાબ તૈયાર જ હોય કે: સ્વયં મારે મને મળવાનું એટલું બધું જરૂરી છે કે જાત ન મળે ત્યાં સુધી અવિરત અંતર્યાત્રા ચાલુ

રાખવા આજે સવારે ૪ થી ૬ વાગ્યા સુધી મેં ભીતર જ ઘણું બધું ચાલી લીધું છે! ને હસતા-હસતા નીકળી જઈએ તેઓ વગર જ અમે વોક લેવા!

પૂજ્ય ભાઈને યુવાનો અધિક પ્રિય છે તેનું રસપ્રદ તારણ કાઢતા એકદા લાગ્યું કે આજના યુવાનોને સત્ય અને સમાનતા તરફ વધુ શ્રધ્ધા હોવાથી પૂજ્ય ભાઈને તેઓ પોતાના પ્રતીતિજનક એકનિષ્ઠ કર્મ દ્વારા આકર્ષી શક્યા છે અને તેથી જ તેઓમાં ચિરંતન મૂલ્યો રોપવામાં ને પોષવામાં પૂજ્ય ભાઈને અધિક આનંદ આવે છે.

Spirituality should be our way of lifeની ફિલોસોફીમાં માનનારા પૂજ્ય ભાઈ યુવાનોના જીવનને અર્થ મળે અને અધ્યાત્મ સૌનો જીવનમાર્ગ બને તે માટે નિષ્ઠાપૂર્વક પ્રયત્નશીલ રહેતા જ દેખાયા છે. ધર્મનું આંતરિક સ્વરૂપ સૌમાં વિલસે અને માનવીય ચેતના ભાગવદ્ ચેતનામાં રૂપાંતરણ પામે તેવું સદાકાળ તેઓ ઈચ્છતા હોય છે. પૂજ્ય ભાઈ કહે છે તેમ સાધક જ્યારે સાધ્યમાં ઓગળી જાય છે ત્યારે સિદ્ધિ અને સંબોધિ શેષ રહે છે અને સિદ્ધ અશેષ થાય છે.

પૂજ્ય ભાઈ એકવાર કહે: જૈનશાસનમાં અહિંસા પાળવાના સાધનો કેટલા સુંદર છે. રજોહરણ, પૂંજણી, ઓઘો, મુહપત્તિ, દંડાસણ, ચરવળો, મોરપિચ્છ, ચંદરવો, ગરણી, વગેરે. જીવદયા કે જયણાની સાધના એ ત્યાગીની સાધના છે. કીડીથી કુંજર સુધીના જીવોની હિંસાના સાધનો તો વિજ્ઞાન શોધી શકે છે પણ જીવમાત્રની જયણાના સાધનોની ભેટ જૈનશાસને જ જગતને આપી છે. કેવું પરમ સત્ય!

जिणसासणस्स सारो, चउदस पुव्वाण जो समुद्धारो ।
नवकारो जस्स मणे, संसारो तस्स किं कुणइ ॥
જિનશાસનનો સાર અને ચૌદ પૂર્વમાંથી ઉદ્ધરેલો નવકાર
જેના મનને વિષે સ્થિર છે, તેને સંસાર શું કરી શકે?

નિયમ લીધા પ્રમાણે ૧ કરોડ નવકાર ગણવાના પૂર્ણ થયા પછી પૂજ્ય ભાઈએ ફરી એક વાર અધ્યાત્મયોગી પરમ પૂજ્ય શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબને પૂછ્યું: હવે મારે રોજ કેટલા નવકાર ગણવા? તો ગુરુ મહારાજે ક્ષણનાં ય વિલંબ વિના ઉત્તરમાં કહ્યું: 'આખા દિવસમાં જેટલા શબ્દો બોલ તેનાથી ૧ નવકાર વધુ ગણવો.'

પરમ પૂજ્ય વિદુષી સાધ્વીજી શ્રી નંદીયશાશ્રીજીના રાજકોટ ચાતુર્માસ વેળાએ થતી ગોષ્ઠિઓમાં એકવાર પૂજ્ય ભાઈએ ઉપરની આ મનનીય વાત કહી. ગોષ્ઠિ આગળ વધી. સાધ્વીજી મહારાજ કહે કે એટલા બધા નવકાર ગણવા દિવસમાં સમય બચાવવો જોઈએ. તો ૭ બિનજરૂરી પ્રવૃત્તિઓથી–નકામા પદાર્થોથી વિરામ લેવો જ રહ્યો:

૧. નકામી ઘરવખરી (કપડા, વાસણ વગેરે) જરૂરિયાતમંદને દાન દઈ દેવી.
૨. નકામા વિચારો/વિકલ્પોનો તરત જ ત્યાગ કરવો.
૩. બિનજરૂરી ખાવાની વૃત્તિઓ ઉપર કાબુ રાખવો.
૪. બિનજરૂરી વાણીને તત્ક્ષણ વિરામ આપવો.
૫. બિનજરૂરી રીતે બીજાના જીવનમાં ડોકિયા ન કરવા.
૬. બિનજરૂરી કે નિરર્થક સંબંધો ઉપર પૂર્ણવિરામ મૂકવું.
૭. બિનજરૂરી સામાજિક રીતરીવાજોને તિલાંજલી આપવી.

આ સાંભળી પૂજ્ય ભાઈએ આગળ કહ્યું કે આ કર્યા પછી પ્રકૃતિને જીવાડવી, સંસ્કૃતિને જીવવી અને નમસ્કૃતિથી સંસાર જીતવો એ સકલ જીવરાશિને અભય આપતી એક વિજય યાત્રા જ છે જે અશુભોનું નિરાકરણ કરે છે અને આ પૃથુ વિસ્તારે શુભની સંતતિને વિસ્તારે છે. આપણી આધ્યાત્મિક દરિદ્રતાનો ભાવાંક આસમાને પહોંચ્યો છે એમ કહી આગળ વધતી એ ગોષ્ઠિમાં અનેક સૂત્ર સંદર્ભોમાંથી નિપજ્યાં અનન્ય એવા વિચાર મૌક્તિકો, જે ત્યારે જ નોંધપોથીમાં ટપકાવી લીધા.



- Feel grace through gratitude. Feel mercy through Forgiveness.

- જે બન્યું છે તે ન્યાય છે, પરિણતિ કોઈક ભવમાં મળશે.
- વિશ્વમાં બધું જ વ્યવસ્થિત છે એનું ભાન આપણી ફરિયાદોને ભૂંસી નાખે છે.
- પ્રભુની સૌથી મોટી આશાતના છે પ્રભુનું વિસ્મરણ.
- મોહશાસન મળ્યા પછી સુખી થવું શક્ય નથી.
- હિસાબ ચૂકવવો જ છે, કારણકે મોક્ષ રાહ જૂએ છે.
- સમીકરણ પ્રમાણે: દોષ = દુ:ખ, ગુણ = સુખ.
- જિનશાસન એ સુખ સમૃદ્ધિનું નહીં પણ ગુણ સમૃદ્ધિનું શાસન છે.
- જે બનવા યોગ્ય છે તે જ બને છે. પૂણ્યથી વધારે ને સમયથી પહેલા મળતું નથી.
- મને જે મળ્યું છે તેના માટે જ હું યોગ્ય છું, so make the best of it.
- Live in present. Live in His presence. બાકી તારા હાથમાં કંઈ નથી.
- પ્રભુને યાદ કરૂં ત્યારે દુર્ગુણો નિરાશ્રીત બની જાય છે.
- જે મળ્યું છે તેનો ઉત્તમ સદુપયોગ કરો.
- પ્રભુ જેવો જ હું છું. જડની આસક્તિ છોડો.
- જન્મ-મૃત્યુ પરાધીન છે. જીવન સ્વાધીન છે.
- કેવળજ્ઞાનને જન્મોથી યાદ નથી કર્યું છતાં રહ્યું છે. તે ગયું નથી.
- પ્રવૃત્તિ-જે સંજોગોને આધીન છે-તેમાં ધર્મ ક્વચિત્ નહીં હોય તો ચાલશે, કિન્તુ વૃત્તિમાં તો ધર્મ અચૂક આવશ્યક છે.
- જમીનમાં દટાયા વિના બી ઉગતું નથી. સત્કર્મ વાવ્યા હોય તો જ ઉદયમાં આવે.
- જે ભોગવે છે તેની જ ભૂલ છે.
- જેમ તપ્યા વગર જળબિંદુ ફરી વરસતું નથી, ટકોરા માર્યા વગર ઘડો પાકો થતો નથી, તેમ જીવોનું ઋણ ચૂકવ્યા વગર અરિહંત કે સિદ્ધ થવાતું નથી.
- દુ:ખ આપનાર દાનવીર છે એટલે કે પાપ ખપાવનાર છે, સુખ આપનાર લૂંટારો છે એટલે કે પુણ્યનો હ્રાસ કરાવી તે સુખ લેવા ને લૂંટવા જ આવે છે.
- ભૌતિક સુખની ફક્ત ભ્રમણા જ હોય છે.
- શાશ્વત સુખ ફક્ત મોક્ષમાં જ છે.

- જિનશાસન મળ્યા પછી દુ:ખી થવું જ અશક્ય છે.
- જીવ સંગે મૈત્રી અને જડ સંગે અનાસક્તિ તે રાજમાર્ગ છે.
- સામા માણસના આત્મકૃત અસ્તિત્વ જોવાના છે, કર્મકૃત અસ્તિત્વ જોવાના નથી.
- કર્મ આપણને શાંત કાળમાં ખપાવવાની તક આપે છે.
- કર્મસત્તાના બે મહાન ગુણો: તે ભૂલની સજા બતાવ્યા વગર આપે છે તે મોટી કૃપા છે અને તેથી તે આપણી આબરુ બચાવે છે.
- ઉપયોગ આપણો સ્વભાવ ને ઉપગ્રહ આપણું કર્તવ્ય છે.
- આત્મવાર્તા ઘણી કરી, હવે આત્મસ્થ બનીએ.
- શરણાગતિ હંમેશા તત્વની હોય, વ્યક્તિની નહીં.
- જ્યાં ભોગ છે ત્યાં વેદના અને યોગ છે ત્યાં સંવેદના છે.
- પ્રભુ નામસ્મરણમાં જેટલો સમય વ્યતીત થાય તે તાત્વિક મોક્ષ બરાબર જ છે.
- વૈખરીવાણીમાંથી પરાવાણીમાં જવું તે પ્રત્યાહાર છે.
- બધા જ રોગોનું મૂળ કારણ આત્મવિસ્મૃતિ છે.
- શબ્દો વાસી થાય છે પણ મૌન નિત્યનૂતન છે.
- શાંત બની, સ્મૃતિઓને ભૂંસી, સહજાનંદી રહેવાથી સ્વરૂપદર્શન થઈ શકે છે.
- ધર્મમાર્ગમાં કાયોત્સર્ગ એ સ્થિતિરૂપ અને પ્રત્યાખ્યાન એ ગતિરૂપ ગણાય છે.
- સાચી ક્રિયા તો અહંકાર મુક્તિની જ છે.
- જીવનના કેન્દ્રમાં માત્ર ને માત્ર પ્રભુ સ્થાપીએ.
- જપ એ ક્રિયા નથી, પોકાર છે. તે દ્વારા ભગવાન સંગેનું પોતાપણું પ્રગટ થાય છે.
- નવકાર મંત્ર એ માત્ર વિચાર નહીં, સદાચારનું ઉપનિષદ છે.
- મૃત્યુ એ અહંકારનું દીર્ઘ મૌન છે.
- મમત્વના વિસર્જનને મુલતવી રાખવું એ ધીમો આત્મઘાત જ છે.
- સાધના એ પ્રાપ્તિની નહીં, વિસર્જનની કલા છે.
- મોક્ષ એટલે મોહરહિત અને ક્ષોભરહિત થવું, જેમાં મનનું નિસ્તરંગ થવું તે મોહરહિતતા અને કાયાનું નિસ્પંદ થવું તે ક્ષોભરહિતતા છે.

પૂજ્ય ભાઈએ પછી જ્યારે એક વાર્તા કરી ત્યારે શરૂમાં તો હસવું આવ્યું, પરંતુ અંતમાં એક મોટો ધક્કો પણ લાગ્યો હતો. વાર્તા કંઈક આમ હતી:
એક રાજાએ તેના હજુરીયાને વર્ષો પૂર્વે કહેલું કે:
'તારા કરતાં પણ વધુ અજ્ઞાની કે મુરખ મળે તેને આ હેમનો હાર ભેટ આપજે.'
હવે એકદા રાજા અચાનક માંદા પડીને મરણપથારીએ પડયાં. રાજાએ હજુરીયાને બોલાવ્યો અને પૂછ્યું: 'હું વિદાય લઉં છું, તો પહેલા એ કહે કે પેલા હારનું શું થયું?'
હજુરીયાએ રાજાને સામા પ્રશ્નો પૂછવાની પરવાનગી માંગી:
૧. આપ કયાં જઈ રહ્યા છો? રાજા: ખબર નથી.
૨. આપ કયાંથી આવ્યા હતા? રાજા: ખબર નથી.
૩. આપ પાછા કેટલા સમય પછી આવશો? રાજા: ખબર નથી.
૪. શું આપ કાયમ માટે જાવ છો? રાજા: ખબર નથી.
૫. યાત્રામાં તમારી સાથે કોણ આવે છે? રાજા: ખબર નથી.
આ સાંભળી હજુરીયાએ કહ્યું કે: હે રાજન્! આટઆટલા અજ્ઞાનપૂર્વક આપ વિદાય લઈ રહ્યા છો તો આ હાર આપના કંઠમાં જ વધુ શોભશે. અહો, કેવી કરૂણાંતિકા!

આત્મતત્વના સત્(દિવ્ય ચેતના), ચિત્ત(દિવ્ય શકિત), અને આનંદ(દિવ્ય આનંદ) ને બદલે જીવન સમસ્ત દિશાવિહીન અને પુદ્ગલના ક્ષણિક આનંદ મેળવવામાં આપણે ખર્ચી નાખ્યું છે તે પણ કરૂણાંતિકા જ છે ને? આપણે બધા ભૌતિકયુગના અભિશાપમાંથી મુકત થઈને અધ્યાત્મયુગનાં પ્રહરી બનીએ એ માટે ભોગપ્રધાન જીવનને યોગપ્રધાન, યંત્રપ્રધાન જીવનને મંત્રપ્રધાન, પરિગ્રહપ્રધાન જીવનને પરોપકારપ્રધાન, શસ્ત્રપ્રધાન જીવનને શાસ્ત્રપ્રધાન, આરંભ-સમારંભપ્રધાન જીવનને નિરવદ્યપ્રધાન કરીએ. આમ જીવવાથી સ્વરૂપ જાગૃતિ, જીવો સાથે અખંડીત મૈત્રી, પરહિતચિંતા, અનાસકત દિવ્ય કર્મ સહિતનું સદાચારભર્યું જીવન ગોઠવાઈ શકે અને મહત્વાકાંક્ષાના વ્યાધિ, અહંકારની દરિદ્રતા, ઉદરલક્ષી જીવન, અમાપ લોકેષણા, વાણીવિલાસ, કૃતિની પામરતા અને હિંસાપૂર્ણ જીવનમાંથી મુકિત મળી શકે છે.

પૂજ્ય ભાઈ કહે છે કે સવારે આપણે ઉઠીએ ત્યારે પ્રભુ દરેકના હાથમાં એકસરખા ઝગમગતા ૨૪ હીરાઓ આપે છે ને દરેકે નક્કી કરવાનું રહે છે કે એનો કેવો અને ક્યાં ઉપયોગ કરવો? એ ૨૪ કલાકનો સમય જીવનમાં ફરી પાછો તો મળવાનો હોતો જ નથી માટે સમજુ મનુષ્યોએ તે સમયને ધ્યાન અને શાસ્ત્રચિંતનમાં ગાળવો જોઈએ.

૨૮/૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૩ના નવરોજી લેન, ઘાટકોપરના આંગણે પૂજ્ય ભાઈનું બે દિવસનું એક અનોખું નવકાર મહામંત્રધ્યાન અને કાયોત્સર્ગવિધાનનું અનુષ્ઠાન થયેલું, જેમાં તેમણે પ્રયોગાત્મક કાયોત્સર્ગની પ્રક્રિયા બતાવી કહેલ કેઃ પ્રભુ મહાવીરે પૂર્ણ બનવા માટે દીક્ષા લીધી પછી સાડાબાર વર્ષ મૌનપણે કાયોત્સર્ગ જ કર્યો. જો તેઓ એ રીતે આધ્યાત્મિક પુનર્જન્મ પામ્યા હોય તો આપણે કેમ ન પામી શકીએ? સાધનસંપન્ન એવા આપણે હવે સાધનાસંપન્ન થઈને સકલ દ્વાદશાંગીના સારરૂપ ધ્યાનયોગમાં પ્રવેશવાનું છે. 'કરેમિ ભંતે' બોલીને આપણે દેહ પ્રભુને ત્યાં ગીરવે મૂકીએ તો આ દેહદાન પછી સમતા-સમાધિની બહાર નીકળીએ તો વ્રતભંગ થાય છે.

પૂજ્ય ભાઈએ બીજા દિવસે સૌને પોતાના શ્વાસ પર એકાગ્ર કરાવી નિર્વિચાર યોગીની અવસ્થાની ઓળખ કરાવીને શ્વાસ લેતી–મૂકતી વખતે ૧ થી ૧૫ સંખ્યા ગણવાનું કહ્યું, જેનાથી દેહ, ક્ષેત્ર અને કાળ અદ્રશ્ય થઈ જઈ એકમાત્ર આત્મસ્વરૂપમાં પ્રતિષ્ઠિત રહેવાય છે. પછી યોગશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે શ્વાસ અંદર લઈ (પૂરક) તેને રોકાવ્યો (આંતરકુંભક), જેથી પરમાત્માનો સ્પર્શ થાય અને નિર્વિચાર રહી શકાય. પછી શ્વાસને બહાર કઢાવી (રેચક) ફરીથી શ્વાસને બહાર રોકાવ્યો (બાહ્યકુંભક). બાદ પ્રથમ શ્વાસ લેતી વખતે 'નમો અરિહંતાણં' અને મૂકતી વખતે 'સવ્વ પાવ્વપ્પણાસણો', બીજો શ્વાસ લેતી વખતે 'નમો સિદ્ધાણં' અને મૂકતી વખતે 'સવ્વ પાવ્વપ્પણાસણો' એમ બોલાવ્યું. આમ પાંચે પદ વારાફરતી બોલાવ્યા જેથી spiritual health and healing સધાય. કેવું અજોડ ચિંતન!


❈

માર્ચ ૨૦૧૪માં પૂજ્ય ભાઈ પોતાની તબિયત દેખાડવા અમદાવાદ ગયા. બે કલાકમાં ડૉ. તેજસ પટેલે તેમના પરીક્ષણો કરી લીધા પણ બાકીના બે દિવસ તેમણે નગર સ્થિત અનેક પૂજનીય શ્રમણ-શ્રમણી ભગવંતોને વંદન કરવામાં અને ગુરુ મહારાજના ભગવદ્ સંદેશાઓની ટપાલ વહેંચવામાં (વકતવ્ય આપવામાં) પસાર કર્યાં.

પૂજ્ય મુનિરાજશ્રી જંબુવિજયજી મહારાજ સાહેબના નિકટવર્તી શ્રમણભગવંતો પૂજ્ય પુંડરીકરત્નવિજયજી મ.સા. તથા પૂજ્ય જિનેન્દ્રપ્રભાશ્રીજી મ.સા. આદિ ઠાણા સમક્ષ જ્યારે તેઓ ગયા ત્યાં સૌ પ્રથમ તો ૧૪ ભાષા જાણનાર તેમના ગુરુજીને હાર્દિક ગુણાંજલી અર્પી. આગમશાસ્ત્રોના જ્ઞાતા, મુંગા જીવોના ત્રાતા અને સૌના હૃદયમાં પોતાના નિર્દોષ હાસ્યથી છવાતા એવા તેઓ સમીપ અનેક પરદેશીઓ જૈન ધર્મનું હાર્દ સમજવા આવીને દીર્ઘકાળ સુધી ગામડાઓમાં તેમની સાથે જ વસવાટ કરતા. પૂજ્ય ભાઈએ તેમની સાથેનું અતિમૂલ્યવાન સાંન્નિધ્ય, તેમના દર્શન, સ્પર્શ, દ્રષ્ટિ, તેમની વાણીનું શ્રવણ અને તેમની આજ્ઞાનું પાલન જેવી અનેક વાતો સ્મરીને અનુમોદન કર્યું.

ત્યાં તેઓએ વહાવેલ વચનામૃતનો શ્રમણીજી દ્વારા સંગ્રહીત સાર આ મુજબ હતો:

- પ્રભુની ભક્તિ પ્રભુના નામસ્મરણ અને ગુણસ્મરણથી થાય છે. તેમની કૃપા તો ત્રણે લોકમાં ત્રિકાલ અનવરત વહી જ રહી છે, તેથી પ્રભુ પાસે માંગણી કરવી તે પ્રાર્થનાનું અવમૂલ્યન છે. પ્રભુ રીઝતા પણ નથી અને ખીજતા પણ નથી.
- પ્રભુ પરત્વેના ભક્તિભાવમાં વૃદ્ધિ કરે તેવું આપણું એક સૂત્ર છે 'જય વિયરાય'. પ્રભુ કરતા પ્રભુને કરાતી માંગણીને વધારે મહત્વ અપાય છે ત્યારે હું પ્રભુમય છું તે પ્રાર્થનાનો ભંગ થાય છે.
- આવશ્યક નિર્યુક્તિમાં જણાવ્યા પ્રમાણે જે ક્ષણે સાધક કે ભકતનો ઉપયોગ પંચ પરમેષ્ઠીમય બને છે તે જ ક્ષણે પૂણ્ય તથા પાપ એમ બંને કર્મોનો નાશ થાય છે.
- આપણામાં રહેલા દોષો આગંતુક છે, આવીને જવાવાળા છે, કારણકે આપણે પ્રભુનો જ વિસ્તાર છીએ.



- પ્રભુ જ્ઞાનસાધ્ય નથી, ભાવસાધ્ય છે.

- આજ પર્યંત મારા જીવે જગતને પાપનો જ આદર્શ આપ્યો છે એ વિચાર દેહભાવને દૂર કરવાની સંજીવની વિદ્યા છે.
- સર્વ જિનેશ્વરોને વંદન એ તત્વનો સાર છે. સર્વ જીવોને ક્ષમા એ ધર્મનો સાર છે.
- જીવો પરત્વે સેવેલી ઉદાસીનતા જ સંસાર પરિભ્રમણનું મુખ્ય કારણ બને છે.
- જેને સંસાર પાસેથી કાંઈ અપેક્ષા નથી તેઓ માટે સંસાર એ ઉદ્યાન છે.
- આપણી આંતરિક શ્રીમંતાઈને માપવા માટે કોઈ માપદંડ હજુ સુધી શોધાયા નથી.
- પ્રભુનો અનુગ્રહ પ્રાપ્ત ન કર્યો તો ઘણું ચૂકાઈ ગયું.
- પંચપરમેષ્ઠી, દહેરાસર, ઉપાશ્રય એ મંગલની નાટ્યશાળાઓ છે. સૂક્ષ્માતિસૂક્ષ્મ પરિગ્રહ સંજ્ઞા એ અમંગલ છે જે મંગલ પાસે ટકી જ ન શકે. મંગલશ્રેષ્ઠ એવો અરિહંત પ્રભુનો અભિષેક કરતી વેળાએ આપણા જ દુષિત કર્મોનો અભિષેક થાય છે તેમ ચિંતવવું એ એક સાધના જ છે. તેનાથી ભાવસ્વાસ્થ્ય પુષ્ટ બને છે.
- મૈત્રીમાં બ્રહ્મવિહાર કરી જીવમાત્રનું શુભમંગલ થાઓ એમ ચિંતવવું તે ધર્મ છે.
- માંદગી એ ફક્ત વિચારોનું conception છે.
- How can I afford to be sick when God is near me, here with me and hears me? He makes me healthy and provides harmony.
- Spiritual health and healingના પ્રણેતા ડૉ.હ્યુબેને અમેરીકામાં એક વાર પાગલ લોકોના વોર્ડ ઉપર કામ કરવાનું શરૂ કર્યું. તેમણે holistic healingના નિમ્નલિખિત ચાર વિધેયાત્મક વાક્યોના વારંવાર ઉચ્ચારણ કરવા શરૂ કર્યાં:

  ૧. Please forgive me – આપ મને માફ કરો.

  ૨. I am sorry – હું દિલગીર છું.

  ૩. I love you – હું તમને સ્નેહ કરું છું.

  ૪. I thank you – હું આપનો આભાર માનું છું.

  આમ થતા જ અનેકગણી પોઝીટીવ એનર્જી એ વોર્ડ પરિસર ઉત્પન્ન થઈ અને થોડા જ સમયાંતરે બધા દર્દીઓ સાજા થઈ ઘરે ગયા. છે ને આશ્ચર્યની વાત?

ઘણા શ્રમણ-શ્રમણી ભગવંતો જ્યારે વિહાર લંબાવીને પૂજ્ય ભાઈના નવા ચિંતનો સાંભળવા-સમજવા ખાસ રાજકોટ પધારે ત્યારે જતા-જતા અમોને અચૂક કહે કે તમારે તો ઘેર બેઠા ગંગા છે. અમે એનો કંઈક જવાબ આપીએ એ પહેલા જ પૂજ્ય ભાઈ તટસ્થ રીતે ચિંતનની છેલ્લી પોટલી ખોલીને કહેતા સંભળાય કે:

- નવકારમાં બધું છે અને અપેક્ષાએ બધામાં નવકાર છે.
- By being one with ઈશ, all the world is mine without possessing it.
- દેહ છૂટે તે પૂર્વે દેહાધ્યાસને હરાવીશું તો માનવ ભવ સફળ છે.

પરદેશયાત્રામાં પૂજ્ય ભાઈ સૌથી વધુ વખત દુબઈ ગયા છે. એક તો દિકરીનું ઘર અને વળી અત્યંત ભાવિક યુવાધન! તેઓના સાંન્નિધ્યમાં પહોંચવું એ જ પરમ સંતોષ ગણાય એમ કહીને પૂજ્ય ભાઈએ એકદા ત્યાં સાક્ષીરૂપ ઘટનાની વાત કહી:
એકવાર ૩૬૦૦ માણસોની હાજરીમાં પંન્યાસશ્રીજી મહારાજના નવકાર મંત્ર ઉપરના ચાલુ પ્રવચને કોઈ ધનાઢ્ય શ્રાવકે સાહેબજીને પ્રશ્ન કર્યો:
અમારે રોજ કેટલા નવકાર ગણવા જરૂરી છે? ગુરુ મહારાજે ઉચિત ઉત્તર આપ્યો:
'જેની પાસે જેટલા રૂપિયા હોય એટલા નવકાર ગણે અને એટલા નવકાર ન ગણી શકાય તેમ હોય તો વધારાના રૂપિયા મારી પાસે થાપણ તરીકે મૂકી જાય.'

પૂજ્ય ભાઈ ખૂબ જ આદરપૂર્વક ઉપરની બીના યાદ કરીને કહેતા હોય છે કે જેને આવા દેવ, ગુરુ અને મંત્ર મળ્યા હોય તે શું ન કરી શકે?

We all are born for much more higher mission.
નવકાર મંત્રના જાપથી મન નમ થઈને આત્મભાવમાં વિલીન થાય છે. તેનાથી પરમાત્મામાં જાતનો વિન્યાસ થાય છે. શાસ્ત્રોમાં આવે છે કે નવકાર મંત્રના જાપ જ્ઞાન પૃથ્થકરણ કરે. ક્રિયા શુદ્ધિકરણ કરે. ભાવ એકીકરણ કરે. આ રીતે ભાવથી કરાતા જાપ આત્મા અને પરમાત્માનું એકીકરણ કરવામાં પ્રમુખ ભાગ ભજવે છે.


સત્તાથી બધા જ મહાવીર છીએ, ફક્ત સામર્થ્ય પ્રગટાવવાનું છે. એ માટે વિશિષ્ટ કોટીની સાધના એટલે નવકાર મંત્રના સામુહિક રીતે કરાતા જાપ. મંત્રના શબ્દો આપણી ચેતનામાં રસાયણનું કાર્ય કરે છે. શ્રી અરવિંદ, સ્વામી ચિદાનંદજી, શ્રી મહેશ યોગી વગેરે પણ મંત્રની સામુહિક આરાધના ઉપર ઘણો ભાર મૂકે છે.

ગાણિતીક રીતે પૂજ્ય ભાઈનો મત છે કે સામુહિક આરાધનાનું શાસ્ત્રીય ફળ છે કે બે વ્યક્તિઓ જ્યારે સાથે જાપ કરે ત્યારે ગુણાકાર ૧૦ નો થાય છે. દાખલા તરીકે:

૧ + ૧ = ૧૦ વ્યક્તિઓ જેટલા જાપનું ફળ મળે.
૨ + ૧ = ૧૦૦ વ્યક્તિઓ જેટલા જાપનું ફળ મળે.
૩ + ૧ = ૧૦૦૦ વ્યક્તિઓ જેટલા જાપનું ફળ મળે.
૪ + ૧ = ૧૦,૦૦૦ વ્યક્તિઓ જેટલા જાપનું ફળ મળે.
૫ + ૧ = ૧ લાખ વ્યક્તિઓ જેટલા જાપનું ફળ મળે.
૬ + ૧ = ૧૦ લાખ વ્યક્તિઓ જેટલા જાપનું ફળ મળે.

પંચમકાળમાં ચારેબાજુ કઠિન મુસીબતો છે ત્યારે પરમાત્માનું દિવ્ય સામ્રાજ્ય મેળવવા સામુહિક આરાધના કરવી જ રહી. યુરોપમાં એકદા જ્યારે ઉપરાઉપર દુર્ભાગ્યપૂર્ણ બનાવો બનવા માંડયા ત્યારે શ્રી મહેશ યોગીએ વિયેનામાં ૬૦૦૦ માણસોને એક અઠવાડીયા સુધી રોજ બે કલાક સામુહિક મંત્રજાપ માટે ભેગા કર્યા. ત્યારના વર્તમાનપત્રોએ આ મોટા બનાવની નોંધ એ રીતે લીધી હતી કે આ એક જાણે મોટો ચમત્કાર હતો કે એ આખા અઠવાડીયા દરમ્યાન એક પણ કુદરતી કે માનવનિર્મિત દુર્ભાગ્યપૂર્ણ ઘટના બની ન હતી. આ છે સામુહિક મંત્રજાપનું ઊર્જા તેજ.

નમસ્કાર અરિહંતને, વાસિત જેહનું ચિત્ત;
ધન્ય તેહ કૃત પૂણ્ય તે, જીવિત તાસ પવિત્ત.
આર્તધ્યાન તસ નવિ હુએ, નવિ હુએ દુર્ગતિવાસ,
ભવક્ષય કરતાં સમરીએ, લહીએ સુકૃત અભ્યાસ!



- A lonely thought becomes OMNIPOTENT.

પૂજ્ય ભાઈને નૈરોબીથી આવેલા એક શિબિરાર્થીએ એક પ્રશ્ન કર્યો:
સંબંધ જગતમાં રહેતા-રહેતા સ્વરૂપ જગતમાં કઈ રીતે પ્રવેશાય?
પૂજ્ય ભાઈએ તેનો સુંદર જવાબ આપતાં સમજાવ્યું કે આપણી નાભિમાં પરાપૂર્વના દુષ્ટ સંસ્કારો દ્રઢ થઈને બેસી ગયા છે જે જન્મ-જન્માંતર આપણી સાથે જ આવે છે. તેને બાળવા માટેનું તપ છે अ થી ह સુધીના વર્ણોમાં એકાગ્રતાપૂર્વકનું ધ્યાન.

આ વર્ણોના ધ્યાનથી શબ્દ વિસ્ફોટ થતા ઊર્જાનું પ્રાગટ્ય થાય જે પુરાણા સંસ્કારોને બાળી નાખે છે. એ પછી અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહના વર્તુળમાં રહેવાથી પહેલા પંચમહાભૂતની, પછી મનોગત ચેતનાની, પછી દર્શનની અને પ્રાંતે સંબંધોમાં શુદ્ધિ થયા પછી આપણો સ્વરૂપજગતમાં પ્રવેશ થાય છે. આ ઉત્ક્રાંતિ શ્રવણથી, ક્રાંતિ આચરણથી અને શાંતિ ધ્યાનથી પામી શકાય છે. અત્યારના આપણા જીવન ભ્રાંત અને શ્રાંત છે, જ્યારે આપણું લક્ષ્ય હોવું જોઈએ ક્રાંત અને શાંત દર્શનમાં જવાનું. ભ્રાંતિ નિવારણ માટે જિનાગમ, શ્રાંતિ નિવારણ માટે જિન નામ, ક્રાંતિ સર્જન માટે જિન આજ્ઞા અને ધ્યાન સિદ્ધિ માટે જિન ધ્યાન ઉત્તમ છે.

પદસ્થ-પીંડસ્થ-રૂપસ્થ-રૂપાતીત એમ ચારે પ્રકારે ક્રમશઃ ધ્યાન કરવું જોઈએ, જેનાથી સ્વરૂપજગતમાં પ્રવેશ સરળ બને છે. સ્વરૂપના ધ્યાનમાં જવાથી આત્માને પોતાના ઘરમાં વિસામો મળવા જેટલો અનન્ય આનંદ આવે છે.
આ ધ્યાનથી મંત્ર ચૈતન્ય પ્રગટ થતા ૩ મહામૂલી શક્તિઓ ઉત્પન્ન થાય છેઃ
જ્ઞાન શક્તિ - સર્વ જીવો સ્વ-આત્મ સમ ભાસે છે.
ઈચ્છા શક્તિ - સર્વ જીવોની સુખેચ્છા એ સ્વસુખતુલ્ય ભાસે છે.
ક્રિયા શક્તિ - સર્વ જીવો સંગે આત્મતુલ્ય વર્તન કરવાની કૃતિ જાગે છે.
આ પછી આપણા આત્મપ્રદેશોમાં ઠાંસીઠાંસીને ભરેલા પ્રભુ બહાર પ્રગટ થાય છે, જે સ્વરૂપજગતમાં પ્રવેશવાનું અમૃતફળ છે.

શ્રી દલાઈ લામા સંગે પૂજ્ય ભાઈ પાલીતાણા તીર્થધામમમાં જોડાયા હોય ત્યારે કે ગુજરાત રાજ્યના મુખ્યપ્રધાન રૂપે શ્રી કેશુભાઈ પટેલ કે પછી શ્રી જ્યોર્જ ફર્નાન્ડીસ અને સાથે શ્રી જયા જેટલીજી વગેરે ઘરે પધાર્યા હોય... પરિવારની દિકરીના પરિણય પર્વમાં ગુજરાતના ગવર્નર સાથે બીજા મંત્રીશ્રીઓ પધાર્યા હોય કે દિકરીના વર્ષીતપના પારણા પ્રસંગે ઉદ્યોગપતિ શ્રી વિનોદભાઈ અદાણી કે શ્રી નિમેષભાઈ કંપાણી જેવા મહાનુભાવોની વચ્ચે પૂજ્ય ભાઈ હરતા-ફરતા દેખાતા હોય... કયારેય પોતાના સરળ અને સાદગીભર્યા વ્યક્તિત્વમાં જરા યે ફેરફાર ન થવા દે!

પૂજ્ય મમ્મીજી તથા પૂજ્ય ભાઈએ આવા સમયે જીવમાત્રનું કલ્યાણ થાય તેવી અનેક વાતો-વિચારો પદાધિકારીઓ સમક્ષ વહેતી મૂકી છે, જેમાં સંમિલિત છે જૈન શ્રમણ સંઘ માટે દરેક ધોરી માર્ગો સમીપ આવશ્યક એવી વિહારની પગદંડીઓ રચવી, પાંજરાપોળને હંમેશા તરતા રાખવા, સાત ક્ષેત્રોને સદૈવ સમૃદ્ધ રાખવા, ઈત્યાદી.

શ્રેષ્ઠિવર્ય શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ, પદ્મશ્રી કુમારપાળભાઈ દેસાઈ, કવિ રાજેન્દ્ર શુકલ, ચિંતક શ્રી હરિભાઈ કોઠારી, ડૉ. શ્રી બળવંતભાઈ જાની, શ્રી વસંતભાઈ ખોખાણી કે ધીરૂભાઈ ડોબરીયા જેવા અનેક સાક્ષરો અને દાર્શનિકો વચ્ચે પૂજ્ય ભાઈને ખીલતા જોવા એ ખરેખર લ્હાવો છે. મહિને બે વાર માનવચેતના ઉત્થાન કરવા હેતુ આવા વિચારકો સંગે મેળાપ કરવાના આયોજનનું તેમનું ઉત્કટ મન છે.

પૂજ્ય ભાઈ પોતાની ૮૫ વર્ષની ઉંમરે અને ફકત ૨૦% હાર્ટ પમ્પીંગ સાથે જ્યારે અમારી સાથે ૩૦ એપ્રિલ, ૨૦૧૪ના દિને મતદાન કરવા આવ્યા ત્યારે તેમના થનગનાટ, સ્ફૂર્તિ અને ત્રણ પેઢી સાથે મતદાન કરવાનો આનંદ એક બાળક સમાન નિર્મળ હતા! ચૂંટણી પૂર્વે કલેકટર કચેરીમાંથી તેમના ઉપર એક પત્ર આવ્યો તે વાંચીને અમે સૌ પણ ખૂશીથી ઝૂમી ઉઠયા હતા, જેમાં તેમને અમારા મતક્ષેત્રના સૌથી વયસ્ક તથા સૌથી વધુ વાર મતદાન કરનાર જાગૃત નાગરિક તરીકે નવાજ્યા હતા.

બીજા દિને વર્તમાનપત્રોની વેબસાઈટ ઉપર સ-તસ્વીર અંકાયેલું પણ જોવા મળ્યું કે:

**ત્રણ પેઢીનું એકસાથે મતદાન**

ભારતમાતાની ઊંચી છે શાન, જ્યાં ત્રણ પેઢી કરે સાથે મતદાન;
સુખશાંતિનું ગાઓ સહુ ગાન, ભારતમાતાના સૌ ગરવા સંતાન.
જૈન અગ્રણી શશીકાંત મહેતા (ઉંમર વર્ષ ૮૫)
અને પરિવાર

તે પછી શ્રી નરેન્દ્ર મોદી જ્યારે દેશના વડાપ્રધાન બન્યા તે જ દિવસથી તેઓની વેબસાઈટ ઉપર પ્રાઈમ મીનીસ્ટર ઑફિસમાં પહોંચાડવા યોગ્ય અનેક સૂચનો પૂજ્ય ભાઈએ અમને ઈ-મેઈલ કરવા અવારનવાર મોકલ્યા છે, જેમાં રાષ્ટ્રના હિત સાથે જીવમાત્રની કલ્યાણ અને હિતચિંતાની ભાવના ઉભરતી દર્શાય છે.

પૂજ્ય ભાઈ શ્રી મહાવીર જૈન વિદ્યાલય-મુંબઈ, વિલ્સન કૉલેજ-મુંબઈ, કચ્છ સૌરાષ્ટ્ર પ્રોડક્ટીવીટી કાઉન્સીલ-રાજકોટ, રોટરી કલબ ઑફ રાજકોટ, શિવાનંદ આંખની હૉસ્પીટલ-વીરનગર, દિવ્ય જીવન સંઘ-ઋષિકેશ, રાજકોટ નાગરીક સહકારી બેંક, સ્ટેટ બેંક ઑફ સૌરાષ્ટ્ર, શ્રી વીશા શ્રીમાળી જૈન સમાજ-રાજકોટ, શ્રી પ્રહ્લાદ્ પ્લોટ જૈન સંઘ-રાજકોટ જેવી બીજી પણ અનેક નામી સંસ્થાઓ સાથે એક વિદ્યાર્થી તરીકે, એક સાધક તરીકે કે એક પ્રતિષ્ઠિત પદાધિકારી તરીકે સંકળાયેલા, છતાં પોતાની ઔદ્યોગિક સક્રિયતાના વર્ષોમાં ઑફિસેથી ઘરે કોઈવાર રીક્ષામાં આવી ચડે તો રીક્ષાવાળાને દેવાના ₹ ૧૦ પણ તેમના ખીસ્સામાં ન હોય અને અમો બહાર જઈને ચૂકવી આવીએ એવા તેઓ મસ્ત ફકીર જ રહ્યા છે!

પૂજ્ય ભાઈ બી.એ. થયા હોવા છતા કોઈ ડૉક્ટર કે એન્જિનીયર હોય તેમ એમને પ્રયોગોથી બધી વાત સાબિત કરવી ખૂબ ગમે અને અવનવા પ્રયોગો કરતા રહે, જેથી સ્વયં સાધકોને જ અનુભૂતિઓ થાય અને આસ્થામાં વધારો થાય.

‘હવે પ્રવચનો બહુ કર્યાં. પ્રયોગ તરફ વળીએ.’
એમ કહી પૂજ્ય ભાઈએ એક અનોખા પ્રયોગની વાત કહી.
Our body is the temple of God. પ્રભુએ રહેવા માટે કેટલું સુંદર દેહરૂપી દેવળ આપ્યું છે. તે જર્જરિત થઈ ગયું હોવાથી જિર્ણોદ્ધાર માંગે છે, જે આપણી જ અંદરના દિવ્યકોષોની સાધનાથી શક્ય છે. તે માટે એવું ચિંતવન કરીએ કે:

૧. આપણા શિર ઉપર મધ્યમાં રહેલ સહસ્ત્રકમળમાં શ્રી સીમંધરસ્વામી બેઠા છે. તેમની હાજરી આપણા પ્રત્યેક કોષમાં વરતાય છે, કારણકે આ દેહ એક પુરમ્ છે અને આપણા દરેક કોષો તેના નાગરિકો છે.
૨. વજ્રપંજર સ્તોત્રના મંત્રસલીલથી હવે ભાવનાત્મક રીતે પ્રત્યેક કોષને પવિત્ર કરતા કરતા દરેક અંગ પ્રભુને સમર્પિત કરીએ. તેનાથી સંવાદિતા તથા વિચારોમાં વૃત્તિ સાથે એકવાક્યતા આવી રહી છે તેવું અનુભૂત કરીએ.
૩. હવે પ્રાણ સાથે નવકારના મંત્રજાપ શરૂ કરીએ અને ચિંતવીએ કે દેહમાં આ મંત્રજાપ વ્યાપ્ત થવાથી અંદર સામુહિક ઉત્સવ શરૂ થયો છે.
૪. હવે સંગીતના સાત મૂળ સ્વરોની માફક નવકારનાં પ્રથમ પદના સપ્તસ્વર દેહમાં રેલાઈ રહ્યા છે તેવું અનુભવીએ.
૫. આપણા ઉપયોગમાં अ સ્થિર થાય ત્યારે સમજવું કે આગમથી ભાવ નિક્ષેપે આપણે સાક્ષાત્ અરિહંત છીએ.


રોજ આ પ્રયોગ ફક્ત ૧૫ મિનિટ કરવાથી બાકીનો સમય પણ પ્રભુ સાથેની અભેદતા અર્પતો બની રહે છે. વળી આ પ્રયોગથી સ્વયંબોધ થાય છે કે:
अहं એ illusion છે - It generates confusion.
अर्हं એ vision છે - It generates mission in life.
नमो એ illumination છે - It eliminates the ignorance.
ताणं એ realization છે - It demonstrates our devotion.

આ પ્રયોગથી કોષોની, કરણોની, મન-વચન-કાયાની, અંતઃકરણની, કર્મોની અને જીવનની દિવ્યતા આંતર-બાહ્ય વ્યાપે છે ને નિરવ શાંતિનો અનુભવ થાય છે.

વાણીનું, સર્વ પ્રવૃત્તિઓનું, સર્વ ઈચ્છાઓનું મૌન સહજ પ્રગટ થયા પછી જિનેશ્વર સાથેનો સર્વશ્રેષ્ઠ વાર્તાલાપ આરંભ થઈ શકે છે. તેથી સાધક સદાકાળ સત્યુગમાં જ જાણે વિહાર કરે છે ને પ્રાંતે સાધક ઉચ્ચારની વૈખરી, વિચારોની મધ્યમા, ભાવની પશ્યન્તીમાં નહીં, પણ આત્મવાણી એવી પરાવાણીમાં જ ભ્રમણ કરે છે! મૌનમાંથી પ્રભુમિલનમાં સ્થિતિ થતા જ અસત્યને અસત્ય માનવાની વાસુદેવ દ્રષ્ટિ ખૂલે છે અને આ પ્રયોગ એ કર્મોને બાળવાની ભઠ્ઠી અને મોક્ષ મેળવવાની કૂંચી બની રહે છે. અધ્યાત્મના ક્ષેત્રમાં અતિ પ્રશ્નોના જવાબો પામવા જરૂરી નથી. જે સત્ય હકીકત દેખાય તેનો સ્વીકાર કરીએ. લક્ષ્ય નક્કી કરી તેની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરીએ.

આપણા જીવનના મુખ્ય સાત કાર્યો છે:

૧. જીવનને દિવ્ય બનાવવું.
૨. સમાજમાં દિવ્ય જીવનની વ્યવસ્થા સ્થાપવી.
૩. સત્-ચિત્-આનંદ જ શાશ્વત દિવ્યતા આપી શકે છે માટે તેમાં રમમાણ રહેવું.
૪. સંસારથી ભાગી છૂટવા કે ભોગવવા નહીં, પણ સંસારને સત્કર્મોથી ભવ્ય બનાવવા આપણે આવ્યા છીએ તે પ્રત્યેક ક્ષણે સ્મરણમાં રાખવું.
૫. પ્રકૃતિની રક્ષા કરતા-કરતા સામાજિક સંસ્કૃતિમાં દિવ્યજીવનનું અવતરણ કરાવવું.
૬. નવકાર મંત્રના બીજાક્ષરો પોતાનામાં દિવ્ય સંકલ્પો લઈને જ બેઠેલા છે, તેને નામ જપથી પ્રગટ કરવા એ મારું કર્તવ્ય છે તે લક્ષમાં રાખી જાપ કરવા.
૭. સિદ્ધો એ દિવ્યાત્માનું શાશ્વત સ્વરૂપ છે જે આપણે પામવાનું છે એ ભૂલવું નહીં.



- Just be. Listen to that still small voice within you.

# ૨૩



જ્યારે કોઈને કહીએ કે અમે શ્રી શશીકાંતભાઈ મહેતાના સંતાનો છીએ તો તરત પૃચ્છા થાય: કોણ નવકારમંત્રવાળા શશીકાંતભાઈ?

આ સાંભળી ઘણીવાર વિચાર આવે કે લોકો તેમને કેમ આ રીતે જ વધુ ઓળખે છે? તો અમને અંદરથી જ જવાબ મળે કે: કાલજયી એવા સનાતન અને નિત્યનૂતન આ નવકાર મંત્રને પૂજ્ય ભાઈએ પોતાના પ્રત્યેક શ્વાસમાં આજીવન પ્રસ્થાપિત કર્યો છે. પરાવાણીમાંથી ઉદ્ધૃત કરી પોતાની વૈખરીમાં ગ્રહીને સર્વાભિમુખ કર્યો છે. જન્મતા જ સંતાનોના શ્રવણદ્વારમાં તેમણે આ મંત્ર ઉચ્ચર્યો છે ને પંચપરમેષ્ઠીમય બની સ્વરૂપરમણતામયી આ મંત્રને સકલ શ્રી સંઘ સમક્ષ પણ વિસ્તર્યો છે.

તેમણે આ મંત્રાક્ષરોની આર્હંત્યમયી ચેતનાને શબ્દબ્રહ્મથી પ્રગટ કરી અનાદિસિદ્ધ દૈવત્વને પ્રગટ કર્યું છે અને કાયોત્સર્ગ ધ્યાન દ્વારા પ્રભુનુ દાસત્વ સ્વીકારીને સૌને અભેદતાની અનુભૂતિ કરાવી છે. આ અહોભાવ, પ્રેમ, ભક્તિની અલૌકિકતાને કારણે જ તેઓએ વારેવારે સમજાવ્યું છે કે નવકાર મંત્ર એ કામદુહી, કામદાહી, ક્લેષજયી, કર્મજયી, કાલંજયી, વચનાનલથી શુદ્ધ પ્રગટબ્રહ્મ અરિહંતની મૂર્તિરૂપી પ્રભુ જ છે.

નિત્ય આરાધકો એવા અનેક દહેરાવાસી કે સ્થાનકવાસી શ્રમણ-શ્રમણી ભગવંતોએ પણ તેમની પાસેથી નવકાર મંત્ર વિધિસર આરાધતા શીખ્યો છે. અજ્ઞાની, નિષ્પૂણ્યક, નિધર્મક અને દુર્ધ્યાની આત્માઓને પણ પ્રવેશવામાં બાધક નહીં તેવા આ નવકાર ધ્યાનના મંગલ માર્ગે તેઓએ સૌને સાથે રાખીને વિચરણ કર્યું છે. એક બાધાપારાની નવકારવાળી ગણતા અમને દસ મિનિટ થાય ત્યાં તેઓની તો પાંચથી વધારે માળા પૂરી થઈ ગઈ હોય. અમસ્તા યે જ્યારે જૂઓ ત્યારે તેમની આંગળીઓ વેઢા પર ફરતી જ દેખાય. નવકારના નવેરસમાં જાણે ગળાડૂબ જ હોય સદૈવ!

પછી તો તેઓ '**નવકારમંત્રવાળા શશીકાંતભાઈ**' તરીકે ઓળખાય તેમાં શું નવાઈ?

એક મહાતપસ્વી ૭૦ વર્ષના બહેનને સત્તાણુમી આયંબીલની ઓળીની સુદીર્ઘ તપશ્ચર્યાના અવસરે ઉજમણાં રૂપે રાજકોટના શ્રી જાગનાથ સંઘમાં ૯ લાખ નવકારના જાપ સામુહિક રૂપે સંપન્ન કરવાનું આયોજન થયું. પરમ પૂજ્ય આચાર્ય શ્રીમદ્‌વિજય હેમચંદ્રસૂરીશ્વરજીના શિષ્યરત્નો મુનિરાજ શ્રી અભયરત્નવિજયજી તથા મુનિરાજ શ્રી રત્નબોધિવિજયજી મહારાજ સાહેબની નિશ્રામાં દિનાંક ૨૪ મે, ૨૦૧૪ થી ત્રણ દિવસ ૧૫૦ આરાધકોએ એકાસણા કરીને રોજની ૨૦ માળા કરવાની હતી. સવારે સંઘના પ્રમુખશ્રીની સંગતિમાં પૂજ્ય ભાઈએ સૌને નવકારની વિશિષ્ઠ કોટિની સાધના કરાવીને ઉદ્‌બોધનની વચ્ચે-વચ્ચે જ્યારે નવકારની ૩ માળાના સમુહ જાપ કરાવ્યા ત્યારે જાણે ચોથા આરા જેવો માહોલ ખડો થયો.

પ્રથમ દિન:
પંન્યાસજી મહારાજ કહેતા કે નમસ્કાર મહામંત્રની જ્યારે સામુહિક આરાધના થાય છે ત્યારે કોઈ વકતા નથી કે નથી કોઈ શ્રોતા એમ પૂજ્ય ભાઈએ કહી નવાજ્યા કે જેઓ અહીં હાજર છે તે સર્વ આરાધકો નવકારનાં ૬૮ અક્ષરોમાં બિરાજમાન દેવ-દેવીઓ જ છે! જેમ વીસસ્થાનક તપ ઉપવાસ કે એકાસણાથી જાપ સંગે થાય તેમ નવકારશી ને ચોવિહાર સાથે નવકારના દરેક અક્ષર ઉપર ૬૮ દિવસ સુધી રોજ ૧૦ માળા ગણવાથી ૬૮૦ માળા થાય અને નમસ્કાર મહામંત્ર જાપની વિધિસહિતનો તપ પૂર્ણ થાય.

જેના જીવનમાં અરિહંત પરમાત્માનો વિશેષ વાસ છે તેઓ માટે આ સંસાર અસાર નથી. જેણે મહાવીરની પછેડી ને પચ્ચક્ખાણ ધારણ કર્યા છે તેવા આચાર્યો, ઉપાધ્યાયો એવં સાધુઓને નમસ્કાર કરવાથી તમામ પ્રકારની સિદ્ધિઓ મળે, દરિદ્રતા નાશ પામે, કેવળજ્ઞાન પ્રગટાવી પ્રાંતે જન્મનિર્વાણ કરી મુક્તિ અપાવે. નવકારના જાપ શરૂ કરતા પૂર્વે પ્રાર્થના કરવી કે:
'હે નવકાર માતા! આપ અમારી જ્ઞાન, ધ્યાન અને ચારિત્ર કુક્ષી છો. દૈવી ઊર્જાથી ભરેલા આપના અક્ષરોનું ધ્યાન અમારા દેહના કોષોને નિર્મળ કરે! આપના નામના

સ્મરણમાત્રથી આત્માના સંસ્કારો સુદ્રઢ બને! સર્વ જીવોને શાતા ઉપજાવનાર આપ શ્રુતમાતા એવું જ્ઞાનનું અંજન કરો કે જગતથી અમે અંજાઇ ન જઈએ. અમારા ઉપર મંગલનો વરસાદ થાય જેથી અમારા અજ્ઞાનનું ઉચ્ચાટન અને જ્ઞાનનો ઉદય થાય.'

અનંત ચોવીસી નવકારના નવ પદોમાં સમાયેલી છે. તેઓને કરાતું નમન એ તેઓની કૃપાનો સ્પર્શ કરાવે છે. આ ભેટણું એટલે શ્રી નવકાર મંત્ર. જો આપણો ઉપયોગ પંચપરમેષ્ઠીમાં રહે તો ચૂલિકાના અર્થ પ્રમાણે આપણા બધા જ પાપનો નાશ થાય છે અને આપણે સ્ફટિક જેવા નિર્મળ થઈને મોક્ષ પામી શકીએ છીએ. નવકારના જાપથી અનુભૂતિ થાય છે કે પંચપરમેષ્ઠી એ મારું જ વિસ્મરાયેલું સ્વરૂપ છે.

લોકના સમગ્ર શ્રુતમાં જે ૧ લાખ કરોડ × ૧ લાખ કરોડ શબ્દો સમાયા છે તેની પૂજા નવકારના પ્રથમ પાંચ પદના ૩૫ અક્ષરોથી થઈ જાય છે. તેને ભાવથી બોલાતા જબરજસ્ત ક્ષયોપશય થઈને ચેતનાના તણખા અંદરથી ફૂટશે ને કર્મોને બાળી નાખશે.

ભગવાનની જે રીતે નવાંગી પૂજા થાય છે તેમ નવકારના પ્રથમ પાંચ પદના અક્ષરોની પૂજા બિંદુ અને વિસર્ગ લગાવીને નાભિથી બોલવાના ૩૫ દિવસના એક તપમાં:
પ્રથમ દિવસે પ્રથમ પદના પ્રથમ અક્ષર 'ન' ઉપર મંત્ર: નં નમ: એમ જાપ કરી ૧૦ માળા કરવી. બીજે દિવસે મોં નમ:, ત્રીજે દિવસે અં નમ:, ચોથે દિવસે રિં નમ:, પાંચમા દિવસે હં નમ:, છઠ્ઠા દિવસે તાં નમ:, સાતમા દિવસે ણં નમ: મંત્રની ૧૦ માળા કરવી. એ રીતે જ ફરી આઠમા દિવસથી હવે બીજુ પદ શરૂ કરવું.

આમ કરવાથી ચેતનાના ફૂવારા ઉડશે. વળી પૂજ્ય ઉમાસ્વાતિજીએ પણ કહ્યું છે તેમ નવકાર આ રીતે ગણવાથી સર્વપાપારિ મંત્ર, સંસારોચ્છેદ મંત્ર, વિષમવિષહર મંત્ર, કર્મનિર્મૂલ મંત્ર તરીકે સિદ્ધ થાય છે.

દ્વિતીય દિન:
પૂજ્ય ભાઈએ આજે શરૂમાં જ અદ્‌ભૂત વાત કહી. કોઈપણ આરાધના શરૂ કરતા પૂર્વે સૌ પ્રથમ ઉમળકાભર્યો મનોરથ જોઈએ, પછી આરાધના કરતી વખતે આનંદોલ્લાસ અનુભવાતો હોવો જોઈએ અને આરાધના પૂર્ણ થાય પછી તેની વારંવાર અનુમોદના કરવાનું મન થવુ જોઈએ તો તેનો સો ટકા લાભ મળે અને લખલૂટ કર્મ નિર્જરા થાય.

પંચપરમેષ્ઠીના નામસ્મરણ પહેલા જો આપણે 'ક્ષિ પ ૐ સ્વા હા' એમ મુદ્રા સહિત ૯ વાર બોલીએ અને વજ્રપંજર સ્તોત્ર દ્વારા અંતર્બહિન્યાસ કરી પ્રભુ શરણે જઈએ, તો મંત્ર, મુદ્રા અને મંડલના સમુચિત સમર્પણ પછી આપણે કાંઈ કરવાનું રહેતુ નથી. શરીરને 'પુરમ્'ની ઉપમા અપાઈ છે. તે એક નગર છે તેમાં કોષોરૂપી અસંખ્ય નાગરિકો રહે છે પણ પાંચ ઈન્દ્રિયો રૂપી થોડાક આતંકવાદીઓ તેમાં ઘૂસી ગયા છે અને તોફાન કરતાં રહે છે. તેને શાંત કરીને પ્રભુને સમર્પિત થવા માટે છે નવકાર મંત્ર. પુરમ્‌ના આતંકવાદીઓને કહીએ કે ભાઈ! શાંત થા. અંતર્મુખ થઈને જો. તારે જે જોઈએ છે તે તારામાં જ છે. પહેલા આતંક હટાવ, તકવાદીમાંથી સ્વાર્થની તક દૂર કર અને વાદી મટી સંવાદી બન તો પુરમ્‌માં તું જ તારું આદિ પદ પ્રાપ્ત કરી શકીશ.

હે પ્રભુ! હું મારી બુદ્ધિ તમને આપી દઉં છું ને ત્યાં હવે અરિહંતોને બિરાજમાન કરૂં છું (शिरस्कं शिरसि स्थितं). હે પ્રભુ! સિદ્ધોને નમન કરતા મારી પાંચે ઈન્દ્રિયો મુખમાં રહેલી છે તેને ન્યોચ્છાવર કરું છું (मुखे मुखपटं वरं) અને અનુભવું છું કે મારું શરીર નિર્મળ થઈ રહ્યું છે. હે પ્રભુ! જે આચાર્યો પંચાચાર પાળે ને પળાવે છે તેને વંદન કરી નિર્ભયતા પામી મારા આચાર સુધારીને જાણે કાયાકલ્પ થતો અનુભવું છું (अंग रक्षाति शायिनी). હે પ્રભુ! આપના વચનો એ જેમના આયુધ છે એવા ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર કરતા મારામાં પણ એ વચનો પરત્વે શ્રદ્ધા ઉભટે છે (आयुधं हस्तयोर्दढम्). હે પ્રભુ! જેમના પગલા આજીવન ફકત તમારા તીર્થમાં જ પડે છે (मोचके पादयो शुभे) તેવા સાધુઓને વંદન માત્રથી મને આપની આજ્ઞા ઉપર પ્રીતિ જાગે છે.

આ પાંચને નમસ્કાર કરતા હું એવી શિલા ઉપર આરૂઢ થઇ જાઉં છુ કે ઉપરથી વજ્રઘાત થાય તો યે એ શિલા તૂટવાની જ નથી (वप्रो वज्रमयो बहिः). પૂર્વે જેમ દુશ્મનો ફરી-ફરી ચડી ન આવે તે માટે ખીણ ખોદીને અંગારા નખાતા, તે રીતે આટલુ કર્યા પછી વિષય-કષાય રૂપી દુશ્મનો ચડી ન આવે તે માટે હે પ્રભુ! હવે પછી નવકારના સુરક્ષા કવચમાં જ રહું તેવું મને જીવવાનું બળ આપજે.

મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ એ મૂળ ક્રિયા છે અને ૬ આવશ્યકો એ ક્રિયાની ક્રિયા છે. સંબંધોના જગતમાં મૂળ ક્રિયા એ મુખ્ય ભાથું છે. તેને અનુરૂપ રહેવાથી બધા જ પાપનો નાશ થાય છે ને પછી તો મંગલ મોક્ષની માળા જ પહેરવા મળે છે.

પ્રભુના ચાર અતિશયોની જેમ જૈનોને ચાર અતિશયો કેમ ન હોઈ શકે? અપયાપગમ અતિશયની જેમ જૈનો રહેતા હોય તેના ૧૦૦ જોજનમાં મૈત્રીભાવથી દુઃખ, દર્દ, રોગ, ભય, યુદ્ધ આવી જ કેમ શકે? પૂજાતિશયની જેમ પ્રમોદ ભાવનાથી મૈત્રીની પરાકાષ્ઠા સૌમાં કેમ ન અનુભવી શકાય? વચનાતિશયની જેમ કારુણ્યસભર હૃદયથી નીકળતી વાણી સૌને કેમ અશાતા પહોંચાડી જ શકે? અને જ્ઞાનાતિશયની જેમ માધ્યસ્થ ભાવના થકી સમ્યક્જ્ઞાનની પરાકાષ્ઠા ચારેબાજુએ કેમ ન જન્મે?

તૃતીય દિન:

પંન્યાસજી મહારાજ કહેતા કે આ નવકાર મંત્રને જો એક જ સૂત્રમાં બાંધવો હોય તો તેનું પદ છે: 'નમો લોએ મંગલં' અર્થાત્ નવકાર એ ૧૪ રાજલોકમાં પરમ મંગલ છે.
પૂજ્ય ભાઈએ આગળ કહ્યું કે:

નવકારના જાપ કરતાં પહેલા સદૈવ હાથ ધોવા. આગમોદ્ધારક પૂજ્ય મુનિરાજ શ્રી જંબુવિજયજી મહારાજ સાહેબ માળા ગણે ત્યારે હંમેશા બાજુમાં એક ટોકસી રાખેલી હોય તેમાં આંગળી બોળી ચોખ્ખી કરતા. આપણે પણ આ હાથથી આરંભ-સમારંભ થયા હોય તેમાંથી શુદ્ધિ મેળવવા કરાંગુલીઓ પ્રથમ સાફ કરવાનુ વિધાન છે.

અંગુલિઓને શુદ્ધ કરી પાંચ મહાઅક્ષરોને હવે આંગળીઓના ટેરવામાં સ્થાપિત કરવા:

- ह्रॉं - અંગૂઠામાં સ્થાપિત કરવો.
- ह्रीं - ટચલી આંગળીમાં સ્થાપિત કરવો.
- ह्रुं - અનામિકામાં સ્થાપિત કરવો.
- ह्रौं - મધ્યમામાં સ્થાપિત કરવો.
- ह्रः - તર્જનીમાં સ્થાપિત કરવો.

આ બીજાક્ષરો એ સંસાર પાર કરવાના માયા બીજ છે. તે પ્રમાદ ભેદન કરે છે. 'ह' એ મહાપ્રાણ છે. તેનો નાદ અનવરત રીતે આપણી અંદર ચાલી જ રહ્યો છે. શાસ્ત્રોમાં માનવીને તેથી જ હંસગોત્રનો કહ્યો છે. નિશીથસૂત્રમાં કહ્યું છે કે નવકાર બોલતા તું તારા જ આત્માને નમસ્કાર કરે છે. ।। गीतात् परम नास्ति ।। ગીત એટલે કે ૩૫ અક્ષરોની મંત્રસહીતની પૂજા એ આત્માનું ઉદ્‌ગીત છે. સામાયિકની પ્રથમ પાંચ મિનિટ આમ કરવુ. પ્રભુ સાધન સાધ્ય નથી, કૃપા સાધ્ય છે. ભગવાન શરીરના કરણોથી મળતા નથી. જેમ અભેદતા વધુ અનુભવાય એમ કૃપા વધુ મળતી જાય. રોજ પોતાને પૂછીએ કે: દેહની આજ્ઞામાં આપણે છીએ કે આપણી આજ્ઞામાં દેહ છે?

પ્રભુનો અનુગ્રહ જોઈતો હોય તો અનુરાગ વધારીએ. સમગ્ર આત્મપ્રદેશો ઉપર અભ્યુદયના અક્ષયપાત્ર સમો નવકાર છવાય તો જ સંસાર અસાર ન લાગે. સિદ્ધપદમાં જવા વખતે બધા ભાગોળે ભેળા થશું તે રીતે બધા નવકારના સહોદર સાથે જ મુક્તિપુરીમાં વસીશું. લાખ ખાંડી સોનું જેની સામાયિકની તોલે ન આવતું એવા પુણિયા શ્રાવક સમી સામાયિક આપણે કેમ ન કરી શકીએ? આવી સામુહિક આરાધના દ્વારા જ મનના વિકારો દૂર થાય અને પ્રભુ તરફની આજ્ઞારુચિ પ્રગટે.

આમ ત્રણ દિવસની શિબિર પૂરી થઈ ત્યારે લાગ્યું કે પૂજ્ય ભાઈની આવી અનુપ્રેક્ષાઓ વર્તનમાં મૂકીએ તો તો શીઘ્રતયા મોક્ષ સમીપ જ આવી મળે.

※

ના જન્મતો, ના મરતો કદી આ...
ન્હોતો પ્હેલા-ના હશે ભાવિમાં-તેવું કદી ય ના.
નિત્ય, અજન્મ, શાશ્વત પુરાણો એ છે,
દેહ મર્યે મરે નહીં, એનું જ નામ આત્મા.



यद् यद् आचरति श्रेष्ठः ।
लोकः तद् अनुवर्तते ॥



● ॥ नाहं देहः कुतो मृत्यु? ॥

૧૧ જૂલાઈ, ૨૦૧૪.
હા, મને બરાબર યાદ છે કે:
એક મહિના પૂર્વે સવારે મોર્નિંગ વોકમાં નીકળતા પહેલા જ પંચાંગ જોયું હતું:
જે જેઠ સુદ તેરસ, વિક્રમ સવંત ૨૦૭૦, વીર સંવત ૨૫૪૦, ૧૧ જૂન ૨૦૧૪ ને બુધવાર શુભ દિવસ એમ દર્શાવતું હતું.

રેસકોર્સ વોક વે ઉપર ચાલતી વખતે મારી સાથે વિચારો પણ સતત ચાલતા હતા. આ પુસ્તક પૂર્ણ કરીને મારા પતિ દિપકને પ્રિન્ટીંગ માટે આપી દેવાની ડેડ લાઇન હતી ૧૩ જૂન ને શુક્રવાર. તો જ ૨૫ જૂન સુધીમાં આ 'પિતૃછવિ' અમારા હાથમાં આવી શકે. અનેક પરિવારજનો પાસેથી થોડા સમય પહેલા જ પૂજ્ય ભાઇના ૨૭ જૂનના જન્મદિવસની આ સરપ્રાઇઝ ભેટની વાત લખીને પૂજ્ય ભાઈ સાથેની તેમની પાસે રહેલી તસ્વીરો મોકલવા વિનંતી કરતો ઇ-મેઈલ થઇ ગયો હતો. આઠે ભાઇ-બહેનો વચ્ચે ગુપ્ત મંત્રણાઓ શરૂ થઇ ગયેલ કે દુબઇ, મુંબઇ, ચેન્નઇ, અમદાવાદથી કોણ, કયારે, કઇ રીતે રાજકોટ પહોંચી શકશે. કલ્પના કરતા જ અંતરમાં હર્ષ લહેરાવા માંડતો હતો કે બધા સંતાનોને એકાએક આવેલા જોઇ-મળીને અને આ કથનકૃતિની ભેટ પામીને પૂજ્ય ભાઈને કેટલો બધો આશ્ચર્યાનંદ થશે!

ઘરે આવી પૂજ્ય ભાઇ સાથે નવકારશી-ગોષ્ઠિ આદિ સંપન્ન કરી ૯:૩૦ કલાકે તૈયાર થઇ સાતમા માળેથી લીફ્ટમાં સાથે જ ઉતર્યાં, જેમાં પડોશી ઈશ્વરભાઇ પણ સાથે થઇ ગયા. પૂજ્ય ભાઇ પોતાના રોજીંદા હળવા મિજાજમાં બોલ્યા – અરે, હું તો દહેરાસર પૂજા કરવા જાઉં છું પણ આજે તો જો ભારતી, આ ઈશ્વર સામેથી જ મળવા આવ્યા છે. નીચે આવી અમે છુટ્ટા પડીએ તે પૂર્વે મેં તેમને ગાડીમાં બેસાડતા કહ્યું કે: ભાઈ, તડકો બહુ વધે તે પહેલા ૧૦:૩૦ સુધી આવી જશો ને? તેઓ કહે: ભગવાન મારૂં ધ્યાન રાખે છે. ચિંતા ન કર. મને બહુ જ સારું લાગે છે. અત્યારે દહેરાસર જઈને પછી ઉપાશ્રયે સાધ્વીજી મ.સા. પાસે જઈ થોડું પ્રવચન પણ આજે તો આપી શકીશ.

હું ઑફિસે જતા રસ્તામાં વિચારતી જતી હતી કે હમણા-હમણા દાદાજી ઉપર તેઓ મારું બાળક હોય તેટલું બધું વ્હાલ આવે છે તેનું કારણ શું આ સિક્રેટ મિશન સમા પુસ્તક લેખનનો આનંદ હશે? પણ ત્રણ મિનિટમાં તો ઑફિસે પહોંચીને ચેમ્બરમાં જઈ છેલ્લા થોડા દિવસોના નિત્યક્રમ મુજબ તરત જ ચેપ્ટર પૂરું કરવામાં ખોવાઈ ગઈ.

જ્યારે પૂજ્ય ભાઈ ઉપાશ્રયમાં પહોંચ્યા ત્યારે પૂજ્ય આચાર્યશ્રી કલાપૂર્ણસૂરીજીના સમુદાયના છ સાધ્વીજી મહારાજો જાણે તેમની રાહ જોઈને જ બેઠા હતા. તેઓ સર્વે આસનો ઉપર આરૂઢ થઈ આતુરતાથી આ મેધાવી તત્વચિંતકના મુખેથી નીકળતી પરમાત્માની વાણીને એકતાન થઈ સાંભળી રહયા. પણ ત્યારે કોને ખબર હતી કે આ ૩૦ મિનિટની પાવન ક્ષણો પૂજ્ય ભાઈના જીવનનું આખરી વકતવ્ય ઝીલી રહી હતી!

પ્રવચન સમેટી છેલ્લે ઉભા થતા પૂર્વે તેમણે કહ્યું કે: 'મારા મિત્રો જે બધા ઉપર જતા રહયા છે તે મને કહે છે કે શશીકાંત! શું કરે છે હજુ નીચે? ઉપર આવી જા. પણ હું કહું છું કે મારે ઉપર આવવાની હજુ કોઈ ઉતાવળ નથી. હું અહીં રહીને પણ પ્રભુના જ કામ કરું છું, પણ જો પ્રભુનો બુલાવો આવશે તો ક્ષણવારનો ય વિલંબ નહીં કરું. એક વસ્ત્ર બદલીને બીજા પહેરવા જેવી આ સહજ વાત માટે વળી ડર શેનો?'

પૂજ્ય ભાઈએ ઘરે પ્રત્યાગમન કરી, વસ્ત્રો બદલી થોડું વાંચન-લેખન કરી ૧૧:૨૦ કલાકે ઑફિસે ફોન કર્યો ને મારી સાથે સમોવસરણના ચિત્રને લેમિનેશન કરાવવા, શ્રી અરવિંદના 'સાવિત્રી' ગ્રંથની, The infinite wayના પત્રોના અનુવાદની તથા મુંબઈની અમુક તૈયારીઓ, ઈત્યાદીની વાત કરીને પૂછ્યું: અરે ભારતી! વડોદરા તારા મમ્મી કંચનબેનને હવે સારું છે ને? રાત્રે યાદ કરીને ફોનમાં મને તેઓ સાથે વાત કરાવજે. તારા સી.કે.મામા-કાન્તામામી તથા કિશોરભાઈ-ચારુબેન (લીલાવતી હૉસ્પીટલ)ના ઘરે ૧૭ થી ૨૫ જૂન વચ્ચેના મારા મુંબઈના કાર્યક્રમમાં એક દિવસ રોકાવા જવાનો છું. આગળ કહ્યું: હવે હું થોડીવાર સુઈ જાઉં છું.

સાડાબાર વાગ્યે ઉઠીને પછી જમીશ. અને હા, ઉપરોક્ત એક પણ કામની ઉતાવળ નથી. લેમિનેશન પણ કાલે કરાવીશ તો ચાલશે. મને થયું મારી વ્યસ્તતાનો કેટલો બધો ખ્યાલ રાખે છે પૂજ્ય ભાઈ.

ફોન મૂકીને પૂજ્ય ભાઈ થોડો આરામ પામવા સૂવા જનાર હતા. તેઓને ઉપાશ્રયમાં ૩૦ મિનિટ સુધી સારું પ્રવચન આપી શકાયાના આનંદ સાથે સ્હેજ થાક પણ વરતાતો હશે. હું ફરીથી મારા લેખનમાં ડૂબી ગઈ ને ત્યાં ૧૨:૪૫ કલાકે સંદેશો મળ્યો - ઘરે જલ્દી આવો. પાંચ જ મિનિટમાં પહોંચીને જોયું તો કોઈએ મૃત્યુનો પગરવ પણ સાંભળ્યો ન હતો ને છતાં નવકારલયનાં હિમાલયનો થઈ ગયો હતો દેહથી વિલય!

ઓરડામાં દાખલ થતાં જ બિછાનામાં ખૂલ્લી રહી ગયેલી પૂજ્ય ભાઈની બે અમીમય આંખોમાં છલક-છલક છલકાતો સંતોષ, અધખૂલ્લા મુખ ઉપરનું પરમ મધુર સ્મિત, વામ કરાંગુલિઓમાં સ્થિર થઈ ગયેલી નવકાર ગણવાની મુદ્રા, દક્ષિણ કરાંગુલિઓમાં પકડેલી કલમ - આ બધું જોઈને મેં કલ્પના કરી કે સવારે ૧૧:૩૦ કલાકે તેઓ પોતાના ઓરડામાં આરામ કરવા ગયા અને જ્ઞાનસાર વાંચતા નિદ્રાધીન થયા હશે. કલાકેકમાં જ્યારે તેઓ જાગ્યા હશે ત્યારે ઓરડાની ભીંત ઉપર લગાવેલ મોટા પરિમાણના રજત નવકારના ૬૮ અક્ષરોમાં હંમેશની જેમ તેમણે પોતાના મનને જેવું ફરી રમતું કર્યું હશે કે શીઘ્ર તેમને એવી તો અદ્વિતીય અનુપ્રેક્ષા સ્ફૂરી હશે કે બાજુમાં જ રહેલી પોતાની ડાયરી ખોલી તેને ટપકાવી લેવા કલમ હાથમાં પકડી હશે. ...પણ એ અનુપ્રેક્ષા મેળવવા જેટલા આપણે પૂણ્યશાળી નહીં હોઈએ.

૧૨:૩૯ના વિજયમુર્હુતે વિશાખા નક્ષત્રમાં એ અનુપ્રેક્ષાથી પ્રસન્ન થઈને અનંતકાળથી શાશ્વતીમાં નાદરૂપે ગૂંજી રહેલ ૬૮ વર્ણમાતૃકાઓએ સ્વયં પૂજ્ય ભાઈના આયુષ્યના ચરમ સમયે પ્રગટ થઈ પોતાના આ શિશુના સાડાત્રણ કરોડ રૂંવાડામાં ફેલાયેલા મંત્રાક્ષરોને સંવરી, સુંવાળપસહ તેમનાં આત્મપ્રદેશોને હળવેથી સંહરી પછી ત્રીજા જ સમયે તો પંન્યાસજી મહારાજના પાવકાત્મા સમીપ પહોંચાડી દીધા હશે, કારણકે...

તેમના કથનાનુસાર જે આજીવન નવકાર મંત્રને સેવે છે તેને ચરમ ક્ષણોમાં ઈચ્છા મૃત્યુ જ મળે છે. મૃત્યુ જ્યારે સમાધિમય બનવાનું હોય છે ત્યારે એને અનુરૂપ પરિસર કેવું ગોઠવાઈ જાય છે તેની પ્રતીતિ થઈ, જ્યારે નવકાર મંત્રને 'અનસ્ત સૂર્ય'ની ઉપમા આપનાર પૂજ્ય ભાઈ સ્વયં ભાસ્કર રૂપે તેજોવલયમાં આરૂઢ થયા. સાથે જ જાણે એક આખેઆખી નવકાર સેવન-સાધનાની સદી પણ મધ્યાહ્ને આથમી ગઈ!

અંતિમ દિન સમીપ છે તેની જાણે આગોતરી ખબર પડી ગઈ હોય તેમ ફક્ત અઢાર દિવસ પૂર્વે ૨૭ મે ના દિવસે પૂજ્ય ભાઈએ પરમ પૂજ્ય પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી મહારાજનાં વિનીત શિષ્ય પૂજ્ય પંન્યાસ શ્રી વજ્રસેનવિજયજી મહારાજ તથા આચાર્ય શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.ને પૂછેલું કે શું આપ મને હવે આ વયે દીક્ષા આપશો? તેઓએ જેવી હા પાડી કે તરત બીજો પ્રશ્ન કર્યો: પણ હું વિહાર તો નહીં કરી શકું તો કેમ ગોઠવશું? ત્યારે પંન્યાસજી મહારાજે કહ્યું કે કશો વાંધો નહીં. તમારી સાથે અમે બે મહાત્માઓ રાખીને તમને આરાધનાધામ, હાલાર મધ્યે સ્થિરવાસ કરાવીશું.

પૂજ્ય મહારાજ સાહેબના આવા શાતાદાયક શબ્દામૃતથી શાંત થયેલા તેઓએ તરત જ અમને દંપતિને સમીપ બોલાવી આ વાત કહી. અમે તો આશ્ચર્યચકિત થઈ ગયા! આ વયે અને આવી તબિયતે પણ તેઓનો મોક્ષપુરુષાર્થ સાધવાનો આ પ્રયત્ન જોઈ આનંદમુગ્ધ પણ થઈ ગયાં. વળી સાહેબજીની દીક્ષા આપવાની તૈયારી જોઈને પણ તેઓ સર્વ પરત્વે વિશિષ્ઠ માન ઉપજ્યું. પૂજ્ય ભાઈએ તો તરત પોતાના થોડા વસ્ત્રો અને પુસ્તકો આરાધનાધામ તીર્થમાં મોકલાવી દેવા અમોને જાણે ફરમાન જ કાઢ્યું.
કિન્તુ અમારા મોહે જ અમને જાણે અટકાવ્યા.
અમે કહ્યું: ગ્રીષ્મઋતુની આ કાળઝાળ ગરમી થોડી ઓછી થાય એટલે સૌ પ્રથમ થોડા દિવસ અજમાયશ કરવા ત્યાં જઈશું અને પછી આગળ વિચારીશું.
તેઓ અમારું મન રાખવા ત્યારે નાછૂટકે સંમત થઈ પણ ગયા. આજે એ અંતરાય કર્યાનો અફસોસ અને વસવસો અમ અંતરની અંદર ઊંડેથી કોરી ખાય છે.

अधुवं जीवियं नच्चा सिद्धिमग्गं वियाणिया ।
विणियट्टेज भोगेसु आउं परिमियमप्पणो ॥
– दशवैकालिक सूत्र, ८-३४

જીવન ક્ષણભંગુર છે. પોતાનું આયુષ્ય પરિમિત છે.
એવું સમજીને તથા સિદ્ધિમાર્ગને જાણીને ભોગોથી નિવૃત્ત થઈ જા !
– દશવૈકાલિક સૂત્ર, ૮–૩૪

ભાઈ, જીવનના દરેક કાર્યની જેમ આ અંતિમ નિર્ગમમાં પણ આટલી ઉતાવળ કરી?

હંમેશની જેમ તમને ગમતો પેલો ઉકાળેલા પાણી ભરેલો સ્ટીલનો કુંજો આપવા કે સુખડી-થેપલાનું ભાતું બંધાવી દેવા અમે ઉભા ન રાખત...પણ અમારું અંતિમ જીવનભાથું બાંધી લેવા તમને જરાક થોભાવત. ભાઈ, હજી અઢાર દિન પૂર્વે તમે જ કહ્યું હતું સંઘના સર્વ આરાધકોને કે મારી છેલ્લી ઘડીએ મને નવકાર સંભળાવવા જરૂર આવજો તો એ કર્તવ્ય બજાવવા આવત. તમારી છેલ્લી ઘડીએ તમે અમને આમ સાવ દૂર કેમ કરી શકો? ભાઈ, પણ હવે સમજાય છે કે નિ:સંગપણે ને ભર મધ્યાહ્‌ને આમ એકલ વાટ શેને પકડી તમે! હા, છેલ્લો સંદેશો પણ તમે આમ બોલ્યા વગર જ જાણે આપી દીધો કે જીવન ક્ષણભંગુર છે અને મૃત્યુ ક્યારે વિયોગ કરાવશે તેની જાણ નથી, માટે ધર્મ જ કરવા જેવો છે. ફક્ત ધર્મ જ અંતિમ પળે આપણો સંગી થશે.

'જી ભાઈ, આ કાર્ય આજે જ થઈ જશે.' આ વાક્ય હવે રોજ કોને કહીશું ભાઈ?
રોજ ઑફિસમાં હજુ તમારા એ બે-ચાર ફોનના ભણકારા વાગે છે એ સમયનો ખાલીપો હવે શેનાથી ભરીશું ભાઈ? ઘી ના બળતા દીવાની જેમ ચુપચાપ સ્નેહઉજાસ પાથરતા તમારા દિવ્યાત્માને હવે ક્યાં શોધીશું ભાઈ? તવ સ્વરૂપે વિદ્યાની પરબ સમું આજ સુધી હતું ઘરમાં જ હરતું-ફરતું એક વિશ્વમહાવિદ્યાલય... હવે જીવન રહસ્યના અર્ક ક્યાંથી પામશું ભાઈ? જીવતરની સાંજને અઢેલીને બેઠેલા પણ આંતરજાગૃત અકબંધ ખુમારી હવે તમારા જેવા શ્રુતરત્ન સિવાય ક્યાં જોવા પામશું ભાઈ?



• સંચાર કરો સકલ કર્મ શાંત તોમાર છંદ.

એક સહજાનંદીની અનુપ્રેક્ષાઓથી ઉઘડતી અમારી રોજની સવારની રિક્તતા હવે શેનાથી ભરીશું ભાઈ? ફક્ત સિદ્ધગતિ ભણી ગોઠવી આપેલું અમારું ટેલિસ્કોપ હવે અમ જીવન જ્યારે દિશા ચૂકશે ત્યારે કોણ ફરી-ફરી reset કરી આપશે ભાઈ? જીંદગીના હરએક મોડ ઉપર જ્યાં અટકી જઈએ ત્યાં ન પોકારો છતાં હાજર એવી અનાહૂત સહાય હવે કોની પાસેથી પામશું ભાઈ? તમારા જેવું અભિરામ વાર્ધક્ય કેમ પામી શકાય તે હવે ક્યાં શીખવા જઈશું ભાઈ?

પૂજ્ય ભાઈની અંતિમ ક્ષણોની સમાધિની વાત સાંભળી દરેકના હૃદયમાંથી આ ઉદ્‌ગારો અચૂક નીકળ્યા છે કે: 'અમને પણ આવું જ મૃત્યુ મળો!' 'આને જ પંડિત મરણ કહેવાય અને તે સૌને મળો.' પરંતુ શાસ્ત્રોમાં કહ્યા મુજબ આપણી અંતિમ ક્ષણ તો પૂર્વે જીવાયેલા જીવનના સરવૈયાનું પ્રતિબિંબ માત્ર હોય છે. એ ન્યાયે આપણે પણ જો આવું મૃત્યુ જોઈતું હશે તો પૂજ્ય ભાઈની જેમ જ શ્વાસે-શ્વાસે શ્રી નમસ્કાર મહામંત્રને ગૂંથવો જ રહ્યો.

जरा मरण वेगेण, बुज्झमाणाणं पाणिणं ।
धम्मो दीवो, पइट्ठा य, गई सरणमुत्तणं ॥
- उत्तराध्ययन सूत्र

એક એક ક્ષણે વૃદ્ધાવસ્થા એવં મૃત્યુ તરફ તીવ્રગતિથી ધસી જતાં જીવો કાજે ધર્મ જ દ્વીપ છે, ધર્મ જ પ્રતિષ્ઠા છે અને ધર્મ જ શરણ સહારો છે.
- ઉત્તરાધ્યયન સૂત્ર

હવે આપણે ધર્મમય જીવન માટે પ્રાર્થના જ કરવી રહી કે:
હે પંચમંગલ મહાશ્રુતસ્કંધ ત્રૈલોક્ય દીપક નમસ્કાર મહામંત્ર! હે પંચપરમેષ્ઠીઓ અને પ્રભુના સ્વયં મુખેથી નીકળેલી ચૂલિકાના પદોને ધારણ કરનાર ૬૮ વર્ણમાતૃકાઓ! આપને શત-સહસ્ત્ર-લક્ષ નમન હો. આપ જ અમોને એવું વીર્ય ફોરવવાનું સામર્થ્ય અર્પણ કરો કે અમો પણ પૂજ્ય ભાઈની જેમ જ આપનો પ્રતિસમય સ્વાધ્યાય કરી શકીએ, આપને સેવી શકીએ અને પ્રાંતે આપનામાં જ સમાઈ જઈએ.



• ॥ इदं शरीरं देव वीणा ॥ તમે અમારાથી દૂર નથી ગયા, મોક્ષની સમીપ ગયા છો ભાઈ.

પૂજ્ય ભાઈના મુખ ઉપરની અંતિમ દિવ્ય આભા જોતા એવું લાગે કે સરોવરમાં તરતો ઘડો ફૂટી જાય અને ઘડામાંનું જલ જેમ સહજતાથી સરોવરના ઉદધિમાં ભળી જાય તેવી જ રીતે તેમના શરીરમાં રહેલો દૈવી અંશ બ્રહ્માંડના તેજપુંજમાં ભળી ગયો હશે.

આવું જ મંગલ મહોત્સવરૂપી મૃત્યુ અમને મળે ને અંતરાત્માની તેજસ્વિતાને આંચ આવે એવું નાનું સરખું પણ વર્તન અમે ન કરીએ તેવા આશિષ અર્પજો ભાઈ.

અમારા પૂજ્ય ભરતમામાનું આ કથન ખરે જ શતપ્રતિશત સત્ય છે કે:
'મારી મોટી બહેને સમસ્ત જીવન કેમ જીવાય તે શીખવ્યું અને પૂજ્ય ભાઈએ આપણને મૃત્યુને માણીને કઈ રીતે સાર્થક કરાય તે શીખવ્યું.'

આપના જીવનપૃષ્ઠો વચ્ચેથી પસાર થઈને અમે અધ્યાત્મજાગૃતિ અને જીવમાત્ર પ્રત્યેની પ્રીતિના પાઠ શીખીને હવે વધુ સભર બનીએ એમ કરજો ભાઈ. તમારી આ સાત્વિક ને તાત્વિક પિતૃછવિ અમારી આત્મતેજની ચિનગારીને મહાનલમાં ભળતા પૂર્વે સચેત કરશે જ ભાઈ. તવ મહાપ્રયાણે અમે આશ્વાસન મેળવીએ છીએ કે અહીં આ અધ્યાત્મરવિ આથમ્યો છે તો બીજે ક્યાંક ફરીથી જરૂર ઉગ્યો હશે... અન્યોને પ્રકાશિત કરવા! તમે અમારાથી દૂર નથી ગયા, મોક્ષની સમીપ ગયા છો ભાઈ.

ब्रुमहे किमतः परम्? આથી વધારે શું કહીએ? મૃત્યુ તો અવશ્યંભાવી ઘટના છે પણ જ્યારે તે આવે ત્યારે તમારી જેમ જ ખચકાટ વિના સહજપણે આવકારીને તેનો સ્વીકાર કરીએ તેવા આશીર્વાદ અર્પજો ભાઈ. આ વિરહ એક જ વિચારે સહ્ય બને છે કે નવકારની અખંડ સાધનાથી શીઘ્ર ભવવિરહ અવશ્ય મળશે તમોને, જેથી ભળશે આત્મા તમારો શીઘ્રાતિશીઘ્ર સિદ્ધ પરમાત્માઓ સંગે! હવે કહેવું પડશે સર્વને કે:

આંગણામાં ખોલેલી જે નવકાર પરબ, એ નથી હવે અકબંધ...
ને ઓટલામાં રહેલું ગુરૂકુળ હવે થઈ ગયું છે એકાએક જ બંધ!

※



• त्वं कोहम्? देहोस्मि वा देवोस्मि? Our body is the temple of God.

બાંધેલ મૂઠી રાખીને, જીવો જગતમાં આવતા,
ને ખાલી હાથે સૌ જનો, આ જગતથી ચાલ્યા જતા.

પરમ પૂજ્ય ગુરુદેવ પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીના કૃપાપાત્ર શિષ્યોમાંના એક એટલે પૂજ્ય ભાઈ. અજાતશત્રુ ગુરુના આ શિષ્ય પણ તેવા જ હતા તે વાત ૧૩ જૂન, ૨૦૧૪ના શુક્રવારે શ્રી હેમુ ગઢવી હોલ, રાજકોટ ખાતે પરિવાર તરફથી રાખેલ પ્રાર્થનાસભામાં ફરી એકવાર સિદ્ધ થઈ. બહાર રાખવામાં આવેલી સ્ટેન્ડીઝ પાસે જ્યાં પૂજ્ય ભાઈના ફોટા સમીપ દીવા પ્રગટાવેલા, ત્યાં તો લોકો ખમાસમણું દઈ ગોઠણભેર વંદન કરતા જોવામાં આવેલા. ભાવુકોએ કહ્યું તેઓ અમારા ગુરુ અને માર્ગદર્શક હતા. ઘણાએ તેમના ઉપર પૂજ્ય ભાઈનો ખૂબ ઉપકાર છે તે સ્મૃતિવંત કર્યું. ઘણા તો રડતી આંખે અશબ્દ થઈ હાથ જોડી આગળ વધતા હતા.

સ્ટેજ ઉપર બનાવેલ બેકડ્રોપના કેન્દ્રમાં પૂજ્ય ભાઈનો ઊભો ફોટો જોઈ સૌને લાગતું હતું કે હમણાં જ પૂજ્ય ભાઈ એમાંથી બહાર નીકળશે અને સૌને 'શ્રેષ્ઠ મંત્ર નવકાર... મંગલમય નવકાર... મારે તો એક જ છે નવકાર' એમ સમુહમાં ગવડાવવાનું શરૂ કરશે! ગરિમાપૂર્ણ વાતાવરણ મધ્યે શ્રી નવકાર મંત્રના અનેક પદો ગવાતા ગયા અને દરેક બે પદની વચ્ચે પૂજ્ય ભાઈનું જીવન અને કવન આલેખાતું રહ્યું. એવું લાગતું હતું કે જે ભવ્ય વારસો તેઓ મુકતા ગયા છે તે ભરવા માટેની તિજોરી હજુ શોધાઈ નથી.

૧૬ જૂનના પ્રણવાનંદજી સંસ્કૃત ભવન, રાજકોટ મધ્યે પૂજ્ય ભાઈએ જ્યાં વર્ષો સુધી વિવિધ ગ્રંથો ઉપર વિદ્ધત્તાપૂર્ણ વ્યાખ્યાનો આપેલ ત્યાં 'એક સંત સમું જીવન'ના નામે તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. ૨૦ જૂને દુબઈમાં રાખેલી પ્રાર્થનાસભામાં તો લોકો અબુધાબી અને શારજાહથી પણ પધાર્યા. લંડન, આફ્રિકા, શિકાગો આદિ ક્ષેત્રોમાં તો તેમના આત્મશ્રેયાર્થે પ્રાર્થનાસભા ઉપરાંત શ્રી નવકાર મંત્રના સામુહિક જાપના રવિવારીય આયોજનો પણ થયા. ઉપરાંત અનેક સામયિકો/વર્તમાનપત્રોએ ભારત તથા વિદેશમાં પૂજ્ય ભાઈની જીવન ઝરમરને આલેખી ભાવાંજલી અર્પી.

છેદતાં શસ્ત્ર ના એને, બાળી શકે ના કોઈ પાવક,
પાણી શકે ના પલાળી એને, વાયુ ય એને શોષે ના.
આત્મા એક સનાતન સત્ય, નિત્ય સર્વ મહીં વ્યાપક.

દરિયાના મોજાંને જન્મ-મૃત્યુ હોઈ શકે, પણ તેમાં રહેલું જલ તો હોય છે શાશ્વત. પૂજ્ય ભાઈ દેહથી દિગંત થયા અને જે શૂન્યાવકાશ સર્જાયો તે અવર્ણનીય છે. એકાએકના આ વંચિતપણાને જીરવી લઈ બહાર આવવા માટે પરિવારને રૂબરૂ, પત્રો તથા ફોન દ્વારા અગણ્ય સંદેશાઓ મળ્યા જેના દરેક શબ્દ આઘાત, અનુમોદના, અહોભાવ તથા શોકથી મઢેલા હતા, જે પૂજ્ય ભાઈના ભાવજગતની સમૃદ્ધિની ખરી પહેચાન બની ગઈ છે આજે. એ સમયખંડ વાગોળતા સ્મૃતિપટ પર અમારા 'સંગતપર્વ'ના અનેક દ્રશ્યો નજર સમક્ષ તરવરે છે.

શ્રી નમસ્કાર મહામંત્ર ઉપર ડૉક્ટ્રેટ કરવાના અનેક સંપૂટો લગાવાય પછી જે સ્ફૂરે એવા જ ચિંતનો પૂજ્ય ભાઈને સ્ફૂર્યા. તેમનો આ સ્વાધ્યાય ઝીલવા અગણિત શ્રમણ-શ્રમણી ભગવંતો પણ સદાયે તત્પર જ રહેતા. તેમનો મધુર અવાજ, સ્વરભારની પ્રસ્તુતિ અને સૌને પમાડવાની ભાવના અમને મુગ્ધ કરતા. વકતવ્યની વચ્ચે-વચ્ચે મંત્ર ઉપરની ઘણી સ્તુતિઓ, સ્તોત્રો કે મંત્રજાપ જ્યારે લેવડાવે ત્યારે નવા-નવા રાગો પણ તેમની પાસેથી સાંભળવા મળતા. જો સામે નવકારની પીઠ હોય, જૈન શાસનના ચારે ફિરકાના સાધર્મિકો એકસૂત્રે બંધાઈને શ્રોતાગણમાં બિરાજ્યા હોય અને નવકાર મંત્ર, ઈરિયાવહીયં સૂત્ર, ભકતામર સ્તોત્ર કે કાયોત્સર્ગ વિધાન જેવા તેમના પ્રિય વિષયો હોય તો તેમના પ્રવચનો ઓર નિખરી ઊઠતા. તે પુલકિત સ્પંદનો ખોજીએ તો આ કોસ્મીક વર્લ્ડમાં ફેલાયેલા આજે પણ જરૂર મળે જ.

દેશવિદેશમાં તેઓએ અનેક વાર કરાવેલ સ્વાધ્યાય, મહાપૂજનો, સામુહિક જાપ વગેરેમાં તેમની મૌલિક જીવન દ્રષ્ટિ, રસાળ શૈલી, સઘન વિષયવસ્તુ અને નૂતન વિચારધારા સૌને તેમના પરત્વે આકર્ષતા રહેતા.

પરંપરાગત માળખામાંથી બહાર અધ્યાત્મની સૂક્ષ્મ બાબતોની ઝીણવટપૂર્વકની 'ઑફબીટ' છણાવટ વ્યકત કરતા તેઓ. સામેથી આમંત્રણ આપીને ઊભી કરાવે તેઓ શિબિરો જ્યારે - એ ઉપક્રમ અમને ક્યારેક ખટકતો પણ ખરો. પણ 'અધ્યાત્મ એ મદિરા નથી કે બૈઠેબેઠ બિકાય! તેની માટે તો વ્યકિતની રોજીંદી ઘટમાળમાં અંદર જઈ તેમાં અનાદિકાળથી રહેલા ભોગના રાસાયણિક ઘટકોને તોડવા જ પડે. ધન કમાવા પૂણ્ય, પરંતુ ધર્મ કરવા-કરાવવા તો પુરુષાર્થ જ કરવો પડે.'

આવા જવાબ રુપે તેઓનો નિજી દ્રષ્ટિકોણ જ્યારે વ્યકત થાય ત્યારે સરળ શબ્દોમાં રહેલી તેમની વેદના ને વેધકતા અમને ચૂપ કરી દેવા કાફી રહેતી. અધ્યાત્મઋષિ તરીકે તેઓએ એક નવું માપદંડ ઉભું કર્યું અને તેથી જ સૌનો આદર પામ્યા.

સૌને લાગે તેઓ અંગત, છતાં હતા સાર્વત્રિક સ્નેહી, કારણકે પ્રેમના અઢી અક્ષર તેમની બારાખડીમાં સર્વોપરી હતા. અમારામાં જીવનમૂલ્યોના જતન ને સંવર્ધન જોવા માટે સદૈવ તત્પર રહેતા. તેઓએ સમાહર્તા બની અમને બાળકોને અધ્યાત્મ વિશ્વ જોવા આંખો આપી અને છતાં કોઈ શુષ્ક નિવેદનો કર્યા વગર સકળનાં સંદર્ભે ઉડવા સ્વતંત્રતાની પાંખો પણ આપી. તેમની વિવેકદ્રષ્ટિ તો એવી કે વિરાટને બાથમાં લેનાર કોઈ અઘરો વિષય ન સમજાય ત્યારે તરત જ તેને સહેલા પરિપ્રેક્ષ્યમાં ઢાળી દે.

મોરબીનું પુર, કચ્છનો ભૂકંપ, સુનામી, ઉત્તરાખંડ હોનારત વગેરે તેમના અક્ષિજલને બહાર લાવવા અનેકવાર સમર્થ બનેલા. ભારત દેશમાં કેટલાયે ગરીબોને રાત્રે ભૂખ્યા પેટે સૂવું પડે છે તે વાત તેમને વેદના અર્પતી. મુંગા જીવો માટે તો ઊંડી નિસ્બત હતી જ તેઓને. આ બધાના ઉકેલ તથા વિશ્વકલ્યાણ માટે તેમને એક જ માર્ગ દેખાતો: સામુહિક નવકાર મંત્રની સાધના.

ક્યારે સૂણીશું     અશ્રુતપૂર્વ
'નમો અરિહંતાણં'     શ્રાવક હતા તમે
એ શબ્દો હવે?     પૂજ્ય ભાઈ, હા!







- જૈનસંઘની અસ્મિતા પરિઘની સાધનાથી જળવાઈ નહીં શકે, હવે કેન્દ્રમાં જઈએ.

આગે ચોવીશી હુઈ અનંતી, હોશે વાર અનંત;
નવકાર તણી કોઈ આદિ ન જાણે, એમ ભાખે અરિહંત.

અરિહંત પરમાત્મા ભાખી ગયા છે કે અતીતમાં અનંત ચોવીશી થઈ, ભવિષ્યમાં પણ અનંત થશે. છતાં નવકારની શરૂઆત કોઈ જાણી શકતું નથી.

૨૮ જૂન, ૨૦૧૪ની સવારે પૂજ્ય ભાઈની ગુણાંજલી સભામાં શ્રી પ્લોટ જૈન સંઘ સાથે અન્ય રાજકોટના સંઘો જોડાયા અને પ્રારંભમાં સામુહિક નવકાર મંત્રના જાપ થયા. તે પશ્ચાત્ દરેક વકતાઓની અનુભૂતિનો સૂર હતો કે આપણે ભાવિ પ્રજાને ગૌરવભેર કહી શકીશું કે અમો એક વિરલ વિભૂતિ સમા શ્રી શશીકાંતભાઈના સમયના સમકાલીન હતા. વસ્તુપાળની જેમ જ જેમના ગુણસંકીર્તન કરવાનું મન શ્રમણોને પણ થાય તેવા શીલભદ્ર સારસ્વત તથા રાજકોટ નગરને એક આગવી ઓળખ આપનાર હતા તેઓ. જૈન જગત હવે રાંક બન્યું છે ત્યારે લાગે છે કે રાજકોટને અનેક આચાર્યોના ચાતુર્માસો ક્વચિત્ તેઓની હાજરીને કારણે જ સંપ્રાપ્ત થયેલા. આવા ઊંચા ગજાના ગાંભીર્યવાન શ્રાવકો માટે ગીતાર્થ ગુરુઓ પણ યથાર્થ આગ્રહ સેવતા હોય છે. તેમનું આયખું જ જાણે મહામૃતમહોત્સવ હતો. હવે તેમના વગર ઉપાશ્રયો સૂના લાગશે.

એક સત્વશીલ માર્ગદર્શકની વિદાય થઈ છે, પરંતુ ‘મહાવીર કે સંતાન હૈ હમ, મહાવીર કે અનુયાયી હૈ...’ જેવા શાસનગીતના રચયિતા તરીકે પૂજ્ય ભાઈ સદા અમર રહેશે.

તેમના જેવા ઋતંભરી પ્રજ્ઞાવાન ધર્મશ્રેષ્ઠિ શ્રાવકોની આરાધનાનાં સુમાર્ગે આપણે પણ આગળ વધી યશસ્વી બનીએ ને શાસનનો જયજયકાર કરી આપણા મૃત્યુના મંગલ મહોત્સવની તૈયારી જાતે જ કરી, પ્રાંતે તેમના જેવી જ સમાધિ મેળવી નવકાર સંગેનું તેમનું અદ્વૈત અધિષ્ઠાન સર્વ સ્થળોએ વિસ્તારીએ.

તત્પશ્ચાત્ આ સંઘ ઉપર પૂજ્ય ભાઈનું છેલ્લા ૪૦ વર્ષથી અત્યંત મોંઘેરું ઋણ છે તે યાદ કરી તેમણે કરેલી આજીવન નવકારની સાધનાને ચિરંજીવ કરવા ટ્રસ્ટીગણો સાથે સંઘ કમિટીએ નક્કી કર્યા મુજબ પ્લોટ સંઘના પ્રમુખશ્રીએ જાહેર કર્યું કે:

શ્રી શશીકાંતભાઈના મહાપ્રયાણ દિન ૧૧ જૂનને હવેથી **'નવકાર ડે'** તરીકે ઓળખવામાં આવશે. દર વર્ષે તે દિવસે નવકાર મહામંત્રના અલગ–અલગ અનુષ્ઠાનો, સામુહિક જાપ, નવકાર સુલેખન સ્પર્ધા, કવીઝ, વક્તૃત્વ સ્પર્ધા આદિનું આયોજન કરી તેમની સાધનાને બીરદાવવામાં આવશે. પૂજ્ય ભાઈનું શ્રી નવકાર મહામંત્રનું સામીપ્ય, સાયુજ્ય, સારૂપ્ય આ રીતે સદાકાળ સ્મૃતિવંત રહે તેથી રૂડું શું હોઈ શકે?

www.navkarday.com વેબસાઈટ ઉપર તેમના પ્રેરણાદાયી ચિંતનો-અનુપ્રેક્ષાઓ મૂકીને તેમના સ્વરને ય વહેતો રાખવો એ જ અમારું અવતારકૃત્ય બની રહેશે હવેથી. આ 'અધ્યાત્મરવિની પિતૃછવિ'ની e-Book તે વેબસાઈટ ઉપર ઑનલાઈન વાંચવા અથવા ડાઉનલોડ કરવા પણ મળશે.

પૂજ્ય ભાઈએ કહેલું કે સિદ્ધપદમાં જવા વખતે બધા ભાગોળે ભેળા થઈને કોઈ પાછળ રહી તો નથી ગયુ ને તે તપાસીને પછી જ આગળ જઈશું... તો ઈપ્સિત છે કે મોક્ષપર્યંતની અંતહીન કેડીએ અમ જીવનના સારથિરૂપે પુનરપિપુનઃ તેઓને જ પિતા રૂપે પામીએ. તેઓ સાથેના સંપર્ક, સંવાદ અને સંવેગને પુનઃ જીવંત કરી અસ્ખલિત રીતે ભવોભવ સુધી અમે જોડાયેલા જ રહીએ તેવી જિનેશ્વર ભગવંતને પ્રાર્થના સહ પૂજ્ય ભાઈના ચરણકમળોમાં કોટીશઃ પંચાંગ વંદનો.

મળે શું ના વિશ્વે, પિતૃકૃપા આશિષ બળે!
મહાવિદ્યા મંત્રો, સકલજનનાં વાંછિત ફળે.
અહો એ સૌભાગ્ય! સુર પણ નમે આદર કરે...
પ્રભો! દેજો એવી પિતૃકૃપા, મંગલ ભવે!

※

कोटी स्तोत्र सम जपः, कोटी जपः सम ध्यानः ।
कोटी ध्यान सम लय, कोटी लय समः गीत ॥

**૧૧ જૂને પૂજ્ય ભાઈએ પોતાની નોંધપોથીમાં આલેખેલ અંતિમ વિચારમોતીઓ:**

- કાંઈ ન થવું તેનાથી સર્વ કાંઈ થવાય છે. કંઈ થવું એ સર્વથી વિખુટુ પડવું છે. કાંઈપણ ન રહેવું એટલે પરમાત્મ તત્વમાં મળી જવું. નવકાર મંત્રમાં શૂન્ય બનવાની કળા છે, પરમાત્મ તત્વમાં ભળી જવાનું વિજ્ઞાન છે.

- નવકાર મંત્ર એ જીવનનું સમાધિ કાવ્ય છે. સર્વક્ષેત્રમાં, સર્વ કાળે, સર્વ માટે, સાધના દ્વારા, સાધ્યની સિદ્ધિ માટે, સાધક જીવનનું મહાકાવ્ય છે! જીવનમાં સત્ય-શીવ-સૌંદર્યનું ઉદ્‌ગીથ છે.

- નવકાર મંત્ર પવિત્રતાનો અખૂટ ઝરો છે. તેનાથી હૃદય ને બુદ્ધિ પવિત્ર થાય, સત્કર્મો, વાણી, દ્રષ્ટિ, પ્રાણ અને દેહ પવિત્ર બને.

- નવકાર મંત્ર જપનો આરોહણ ક્રમ:
  કૃતિ જપ, રૂચિ જપ, રતિ જપ, ગતિ જપ, લબ્ધિ જપ,
  સ્થિતિ જપ અને સિદ્ધિ જપ.

- ચૂલિકા અભય વચન આપે છે કે મુક્તિ તો તારી દાસી છે.

- આઠ રુચક પ્રદેશો તો પ્રકૃતિની ભીતરમાં રહેલા ભગવાન જ છે.

- ધાતુસામ્ય, વૃત્તિસામ્ય, બુદ્ધિસામ્ય રીતે સમયમાં રહેવું.



- મુંગા નહીં, મૌન બનીએ.

• સમત્વનો ભંગ એટલે સંસાર. સમત્વમાં રહેવું એટલે મોક્ષનો પર્યાય.

• શ્રુતજ્ઞાન વગર ધ્યાનનો સંભવ નથી, પરંતુ કાયોત્સર્ગમાં તો ત્રિગુપ્તિ જ નથી.

• શ્રુત એટલે શું સાંભળવું? અનાહત નાદ.

• વિચારો પરાયા છે. જ્ઞાનનો અગ્નિ આપણો પોતાનો છે.

• આપણે સૌ આપણને મળેલી શ્રેષ્ઠ સંપતિ (મન) પ્રભુને દાનમાં આપીએ.

• સાલંબન ધ્યાનની પરિપકવ અવસ્થામાં મન નિસ્તરંગ ને કાયાનિસ્પંદ થાય છે.

• મન, વચન અને કાયાની તમામ ઘરવખરી ખાલી કરો!

• યોગ છોડી ઉપયોગમાં પ્રાણ સાથે નવકાર મંત્રમાં સ્થિતિ થતા નામાતીત, રૂપાતીત, ગુણાતીત, કાલાતીત, ક્ષેત્રાતીત અને દેહાતીત દશા પ્રાપ્ત થાય છે.

• Still small voice = હંસઃ, આ ગીત એટલે અનાહત નાદ – આત્માનું ઉદ્‌ગીત.

•

त्यागी भद्रः सुकरः उद्युक्तकर्मा च क्षमते बहुकमपि ।
साधुगुरुपुजनरतो लक्षणमेतत्तु पद्मस्य ॥ ५१६ ॥

ત્યાગી, ભદ્ર પરિણામી, નિર્મળ, સરળ, પોતાનું શ્રેય સાધવામાં ઉદ્યમી,
સર્વ પ્રકારે સહનશીલ, ક્ષમાવાન અને ગુરુજનની સેવામાં અનુરક્ત
જેવા લક્ષણો પદ્મલેશ્યાવાળા જીવનાં જાણવા.

घम्मो मंगल मुक्किट्ठं अहिंसा संजमो तवो ।
देवा वि त नमंसंति जस्स घम्मे सया मणो ॥
- दशवैकालिक सूत्र

ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે અને તેનું સાચું સ્વરૂપ અહિંસા, સંયમ ને તપ છે.
આ ધર્મ જેના હૃદયમાં સદા વસે છે તેમના ચરણમાં દેવો પણ નમન કરે છે.
- દશવૈકાલિક સૂત્ર

ગુરુ, મંત્રદેવતા, આત્મા, મન અને આપણા પંચપ્રાણની એકતા થાય ત્યારે જ અંતરાત્માનું સંવેદન થઈને અમુક એવી વિરલ અનુભૂતિઓ થાય છે, જે સાધકે પોતાના જીવનકાળમાં ગુપ્ત રાખવાની હોય છે કે જેથી અહંકાર ન પોષાય તથા તે અનુભવોમાં ઓટ ન આવે તેમ પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીની તાત્વિક પત્રાવલીમાં લખેલું છે.

આજીવન ઈષ્ટને સમર્પિત રહેનારને એવં ભગવાનની અનાદિ સિદ્ધ આજ્ઞાનું પાલન કરીને નમો ભાવમાં અવિરતપણે રહેનારને પારલૌકિક અનુભવો થાય છે તે વાત પૂજ્ય ભાઈએ પણ અમને કહેલી. વળી નાના-મોટા અનુભવો ક્યારેક અમારી સાથે શેર કરે ત્યારે પાછળથી અફસોસ પણ કરે કે આ વસ્તુ કહેવાની ન હોય. અમોને એ પછી પણ ક્યારેક મન થતું કે તેઓ અમને તેમના આ વિશિષ્ટ અનુભવોની આપ-લે કરે તો અમારી શ્રદ્ધા બળવત્તર બને, પરંતુ એવુ વારંવાર ખાસ બનવા પામતું નહીં.

હવે આજે પૂજ્ય ભાઈએ ગ્રહેલા આ શાશ્વત અરિહંતશરણ પશ્ચાત્ તેઓની નોંધપોથીઓમાંથી તેમના જ હસ્તાક્ષરમાં સંપ્રાપ્ત વિશેષતામયી થોડી વિરલ અનુભૂતિઓ સાધકોની પંચપરમેષ્ઠી પ્રતિની શ્રદ્ધેયતામાં વૃદ્ધિ થાય એવા એકમેવ આશયથી અહીં સમાવિષ્ટ કરવી સુયોગ્ય લાગી છે.

**પૂજ્ય ભાઈની આંતરતમ અનુભૂતિઓ કોઈક વાર કાગળમાં કોતરાયેલી જોવા મળી છે:**

૧૬/૫/૨૦૦૦

- હું નિરાશ્રીત હતો. પૂજ્ય પંન્યાસજી મહારાજે આશરો આપ્યો. પૂજ્યશ્રી નવકારના જ પર્યાય હતા. હું તેથી નવકારનો આશ્રિત બની ગયો. જે કાંઈ બોલું છું તે નવકાર જ બોલે છે!

૧/૬/૨૦૦૦

- આજે સવારથી જ નવકાર મંત્રના જાપ શરૂ થતાં દેહાધ્યાસ સંપૂર્ણ છૂટી જતાં સ્પષ્ટ પંચપરમેષ્ઠી જાપ શબ્દોમાં જ દેખાય છે મુજ હૃદય કમળમાં... જાણે કે હું જ પરમેષ્ઠીપદમય આત્મા છું.
- એક-એક દિવસ જાય છે : મૃત્યુ નજીક આવે છે કે મોક્ષ?

૪/૪/૨૦૦૧

- હમણાં ચર્મચક્ષુના સ્થાને શાસ્ત્રચક્ષુ, ધર્મચક્ષુ, પ્રજ્ઞાચક્ષુ, યોગચક્ષુ, પરમાત્મચક્ષુ, આત્મચક્ષુ, દિવ્યચક્ષુ થકી જાણે બ્રહ્માંડનો નવો જ ઉઘાડ થયો.
- વાક્સ્થૈર્ય, મનસ્થૈર્ય, પ્રાણસ્થૈર્ય, ચિત્તસ્થૈર્યના જ કરણો અંતર્મુખ બની આત્માભિમુખ બનાવી આજે જાણે શક્તિપાત કરે છે.

૧૩/૫/૨૦૦૧

- હું દુન્યવી માણસ. નૈતિક જીવન જીવતો માણસ. અધ્યાત્મને વરેલો માણસ. પણ હવે જાણે આજથી અહીંનો રહયો જ નથી.
- આજે એવા જ આશિષ નીકળે છે કે:

  નિ:શલ્યોવ્રતિ ભવ ।

  આત્મપ્રદીપો ભવ ।।

૨૨/૮/૨૦૦૩

• આજે ખબર પડી કે સમ્યગ્-દર્શનની આરાધનાએ મને શું આપ્યું?

જીવનને નિષ્પાપ, નિર્મળ, સાદું અને સદાચારી કર્યું.
વૃત્તિઓને વિશુદ્ધ-વિમળ કરીને વિકારોનું જડમૂળથી ઉન્મૂલન કર્યું.
વ્યવહારને શુદ્ધ અને નિર્દોષ બનાવી નજરને પવિત્ર ને પ્રેમાળ કરી.
સ્પર્શને નિષ્કામ અને નિર્દોષ બનાવી બુદ્ધિને સન્માર્ગે ઉર્ધ્વગામી કરી.
મનને સ્થિર અને સંયમી કરી અંતરને પ્રભુભક્તિથી ભાવિત કર્યું.

૧૭/૧૨/૨૦૦૪

• આજે શ્રદ્ધા થઈ ગઈ કે વિચાર સમયમાં જ વહે છે અને પ્રેમ વર્તમાનમાં રહે છે.
• અનાહત નાદ સતત ચાલે છે પણ રોજીંદા જીવનમાં પડી જતા સંભળાતો નથી.

૨૫/૮/૨૦૦૫

• આજે અરિહંતને હૃદયમાં પધરાવ્યા પછી પ્રભુને જ દેહના માલિકી હક્ક આપીને જગદ્પતિનું દાસત્વ સ્વીકાર્યું તો જાણે જગત ઉપરનું પ્રભુત્વ પામ્યો.

૪/૨/૨૦૦૬

• આજે અનુભવ્યું કે પ્રભુ પૂજા એક મહાવિજ્ઞાન છે. પ્રભુ આજ્ઞામાં જ આત્મરક્ષા છે. શરીરના રૂંવે-રૂંવે અરિહંત છવાઈ ગયા લાગે છે. ગુરુ મહારાજના વચનોનો અભિષેક થતો અનુભવુ છું જ્યારે પ્રભુ સમક્ષ હોઉં છું. સૌને સ્નેહ દેવાનું અને ક્ષમા કરવાનું મન પ્રભુની પૂજા કર્યા પછી વધુ થાય છે. હું જ સ્વયં જાણે પ્રેમસ્વરૂપી બની જાઉં છું. હે પ્રભુ! મારી આ સ્નિગ્ધતા કાયમ રહે તેમ કરજો.

૧૪/૧૦/૨૦૦૬

• આજે સવારે પાંચથી સાડાપાંચની વચમાં તંદ્રામાં જ નવકાર મંત્રના ૬૮ અક્ષર સ્વરૂપ હું બની ગયો. સ્થૂળ શરીર દૂર થઈ ગયું અને નવકાર મંત્રની અસાધારણ ઊર્જાના પ્રકાશમય બની ગયો. તુરંત જ પથારીમાંથી ઉઠી નાદમય અક્ષરોમાં લીન બની પાંચ-દશ મિનિટ બેસી રહયો. ત્યાર બાદ સામે મંદિરમાં ૪૦ લોગસ્સનો કાયોત્સર્ગ કર્યો. સંપૂર્ણ શરણાગતિનો આનંદ માણ્યો! દેહાધ્યાસ નિશ્ચય દૂર થયો. इदं शरीरं देववीणा બની પ્રભુના જ નિર્દિષ્ટ કાર્યો કરવા પ્રબળ પ્રેરણા સ્થિર બની.

૧૧/૦૭/૨૦૦૯

• હમણાં હમણાં સાધનામાં કોઈ ઑર જ આનંદ આવે છે. શંખેશ્વર દાદાની સામે ઉભો હતો. મેં પોતે મને શરીરથી છુટ્ટો પડી આત્મારૂપે પ્રભુના ચરણમાં પહોંચેલો જોયો પછી કેટલીય વાર સુધી આ રીતે મેં મારા શરીરને પ્રભુની સામે ઊભેલું જોયું. લગભગ આખી રાત નવકારના ધ્યાનમાં જ પસાર થઈ.

૨૧/૦૭/૨૦૧૦

• બે દિવસથી દરેક શ્વાસ સાથે નવકારનું જલ્પશ્રવણ થાય છે - નવકાર ગણવો પડતો નથી. એવું લાગે છે જાણે સર્જનહાર જ સર્જનહારને સ્મરે છે. પૂજ્ય જંબુવિજયજીનું અનુભવ વાક્ય ચરિતાર્થ થયું: 'રામ હમારા હમકો જપે, મૈં બૈઠ રહું વિશ્રામ.'

૨૭/૧૦/૨૦૧૦

• વહેલી સવારે સાડાચારથી પાંચ વાગ્યાની વચમાં અત્યંત ઉર્ધ્વગામી યાત્રા શરૂ થઈ, પરંતુ મન, પ્રાણ અને કાયાનાં દોરડાથી બંધાયેલ જીવ કેટલી પણ મહેનત કરે, ઉડી જ કેવી રીતે શકે? તરત જ પ્રાણ સાથે નવકાર શરૂ કર્યા. બધી જ વાસનાનાં ફુગ્ગા ફૂટી ગયા. મનને નિ:શેષ કર્યુ. કાયાને તમામ પંચમહાભૂત બંધનોથી મુક્ત કરી. પંચમહાભૂતો મહાસેવક બન્યા. બસ! હવે દિવ્યતા જ દિવ્યતા! અંતરીક્ષ! વાહ કેટલા સમુંદર! કેટલા દેવલોક! ક્યાંયે અટકવું નથી. તુરત જ અંતરીક્ષમાંથી ધ્વનિ

સંભળાયોઃ તું આવ્યો? ગુરુજી પંન્યાસજી મહારાજ સાહેબ સાથે શત્રુંજય ગિરિરાજના પેટાળમાં જે સુવર્ણ ચૌમુખજી છે ત્યાં સમુહ ચૈત્યવંદન કર્યું. ત્યાં જ આંખો ખુલી ગઈ. સુવર્ણ દિવસ! બસ નવકારમય કાયા!

૩૦/૦૧/૨૦૧૨

- From 4 to 7 am today, I constantly heard the still small voice. It is purely અદ્વૈતાનંદ. I got absolute confidence that He is.

•

આજે તમોને સ્મરીને કરીએ ભાવવંદનો,
બહુમાનથી સમર્પીએ સુરભિત શ્રદ્ધાસુમનો,
સ્મૃતિસંપદામાં તવ પાવન સંસ્મરણો
શાશ્વત, મંગલ, મધુર, સહસ્ત્ર આશીર્વચનો.

•

शास्त्रं बोधाय दानाय धन धर्माय जीवितम् ।
कायः परोपकाराय, धारयन्ति विवेकिनः ॥
- श्री धर्मकल्पद्रुम

વિવેકીજનો શાસ્ત્રને જ્ઞાન માટે, ધનને દાન દેવા માટે,
આયુષ્યને ધર્મ કરવા માટે તથા શરીરને પરોપકાર કરવા માટે જ ધારણ કરે છે.
- શ્રી ધર્મકલ્પદ્રુમ

※


નમો અરિહંતાણં નો ઉચ્ચાર કરતા જ આત્માના અસંખ્ય આત્મ પ્રદેશોમાં અરિહંતભાવનો સ્પર્શ થાય છે. તેની સ્પષ્ટ અનુભૂતિ કરીને, ગુરુકૃપાને ફલિત કરીને શશીકાંતભાઈએ દેશ-વિદેશમાં વસતા હજારો ભાવિકોના જીવનમાં નવકાર મહામંત્રનું ધ્વનિઘોષ જગાડીને નવકારથી સમાધિ ને પોતાના જીવનના અંતિમકાળે જીવી બતાવી.

પં. વજ્રસેન વિજય

પરમ પૂજ્ય, અધ્યાત્મયોગ વંદન

પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીનાં ભાવોને આત્મસાત કરીને વર્તમાન નાં જૈનજગતમાં નમસ્કાર મહામંત્રની અનુપ્રેક્ષાત્મક ચિંતનો પ્રસ્તુત કરવા દ્વારા નવકારની નવી ક્ષિતિજ ઉઘાડનાર ગુરુકૃપા પ્રાપ્ત શ્રાવકરત્ન શશીકાંતભાઈ શબ્દદેહે જીવંત છે.

હેમપ્રભ નાં ધર્મલાભ


नवकार डे
११ जुन
न मो अ रि
हं ता णं न
मो सि द्धा णं न मो
आ य रि या णं न मो उ व ज्झा
या णं न मो लो ए स व्व सा हू
णं ए सो पं च न मु क्का रो स
व्व पा व प्प णा स णो मं ग ला
णं च स व्वे सिं प
ढ मं ह व
ई मं ग लं
नवकार डे
११ जुन
नवकार डे
११ जुन
नवकार डे
११ जुन

# नवकार डे

११ जुन

# શ્રી શશીકાંત કીરચંદ મહેતા

આજથી ૫૦ વર્ષ પૂર્વે પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબએ પ્રશ્ન કર્યો ૩૫ વર્ષનાં એક નવયુવકને:'રોજનાં કેટલાં નવકાર મંત્ર ગણો છો?'યુવકે ઉત્તર આપતાં કહ્યું: આપ કહો તે તહત્તિ.

પંન્યાસજી મહારાજે બાજુમાં જ બિરાજેલ તેમનાં શિષ્યરત્ન એવા પૂજ્યશ્રી વજ્રસેનવિજયજી મહારાજ સાહેબને પૂછ્યું: 'બોલો આ નવયુવકનું શું કરશું?' તેઓ કહે: આપને યોગ્ય લાગે તેમ કરીએ.

આથી ગુરુ મહારાજે એ નવયુવકને કહ્યું:'હાથ જોડો અને નિયમ લો કે રોજની ૧૦૦ બાધાપારાની નવકારવાળી ગણીને પછી જ સવારની ચા પીવાની.'

...અને એ નવયુવકે ત્વરિત નિયમ લઈ લીધો.

ઘરે આવીને તેઓએ દરેકને આ નિયમની વાત કરી. સૌ હર્ષાન્વિત થયાં. રાત્રે દસ વાગ્યાથી બે વાગ્યા સુધી નિદ્રાધીન થઈ એ નવયુવકે તો રાત્રે અઢી વાગ્યાથી સવારે નવ વાગ્યા સુધીમાં રોજની ૧૦૦ માળા ગણવાનું શરૂ કરી દીધું. ધીમે-ધીમે ઝડપ વધતી ગઈ. ૧ વર્ષમાં ૩૬ લાખ નવકાર ગણાઈ ગયાં અને સાડા ત્રણ વર્ષમાં તો ૧ કરોડ!

રોજનાં ૧૦,૦૦૦ નવકાર મંત્ર ગણનાર એ નવયુવકનું નામ હતું શશીકાંત મહેતા.



શ્રી શશીકાંત કીરચંદ મહેતા

અધ્યાત્મરવિની પિતૃછવિ

www.fiestadesigns.in